બ્રહ્મસાન્નિધિ

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના
દિવ્ય સાંનિધ્યની પાવનકારી સ્મૃતિઓ

સન ૨૦૧૪

પૂ. રામચરણ સ્વામી





ગુણાતીતોક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ ।
જનો જાનન્નિદં સત્યં મુચ્યતે ભવ-બન્ધનાત્ ॥

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતે ॥

બ્રહ્મસન્નિધિ

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના
દિવ્ય સાંનિધ્યની પાવનકારી સ્મૃતિઓ

સન ૨૦૧૪

સાધુ પરમાનંદદાસ

પ્રકાશક
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

BRAHMASANNIDHI - 2014 (Gujarati)
(Memories and Messages of Pramukh Swami Maharaj
from the diaries written by Sadhu Parmananddas)

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad – 380 004. India.

1st Edition:
December 2015. Copies: 12,000

ISBN:
978-81-7526-767-1

પ્રથમ આવૃત્તિ :
ડિસેમ્બર ૨૦૧૫

પ્રત :
પ્રત : ૧૨,૦૦૦

કિંમત :
રૂા. ૬૦-૦૦
(સ્વામિનારાયણ અક્ષરપીઠના અનુદાનથી મૂળ કિંમત રૂા. ૮૦-૦૦માંથી ઘટાડેલી કિંમત)

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪

પ્રસ્તાવના

'ધન્ય ધન્ય એ સંત સુજાણને, જેનું ઊલટી પલટિયું આપ, સંત તે સ્વયં હરિ...'

આજથી ૨૦૦ વર્ષ પૂર્વે ભગવાન શ્રી સ્વામિનારાયણના મહાન કવિ શિષ્ય સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ લખેલી આ પંક્તિઓ ગુણાતીત સંતના મહિમાની કેવી અદ્‌ભુત છડી પોકારે છે.

'સંત તે સ્વયં હરિ...' કહીને નિષ્કુળાનંદ સ્વામી હરિનો મહિમા ઘટાડતા નથી, પરંતુ હરિ અને ગુણાતીત સંત વચ્ચેની અનોખી એકતાનો ઉત્સવ ઊજવે છે.

માત્ર નિષ્કુળાનંદ સ્વામી જ નહીં, પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણના સમકાલીન અનેક સંતશિષ્યોએ, અનેક ગદ્ય-પદ્ય રચીને, ભગવાન ને ગુણાતીત સંતની એવી એકતાની અદ્‌ભુત મહિમાછડી પોકારી છે.

ભગવાનનો પ્રત્યક્ષ અને સાક્ષાત્ સંબંધ હોવા છતાં, એ મહાન નિષ્ઠાવાન-સમર્પિત સંતોએ ગુણાતીત સંતનો મહિમા ગાવામાં ક્યાંય સંકોચ કર્યો નથી કે પાછી પાની કરી નથી. કારણ?

કારણ કે સ્વયં ભગવાન સ્વામિનારાયણે અહોરાત્ર એ ગુણાતીત સંતના મહિમાના ઘૂંટ સૌને પાયા છે. વચનામૃતના પાને પાને તેનાં અમૃતબિંદુઓ છલકાય છે.

ભગવાનની એ અમૃતમય પરાવાણી, મહાન પરમહંસોની એ સંતવાણીના શબ્દો અમર છે, તેમ એ મહિમાના ધારક ગુણાતીત સંત પણ અમર છે. આજે પણ એવા અમર ગુણાતીત સંતના સાન્નિધ્ય અને અસ્તિત્વથી આ વસુંધરા ધન્યતા અને કૃતાર્થતા અનુભવે છે. લાખો લોકોના જીવનપ્રાણ એ ગુણાતીત સંત છે – પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ.

આજે ૯૫ વર્ષની ઉંમરે પણ લાખો લોકોનાં હૃદયમાં આધ્યાત્મિકતાની અનોખી અમૃતવેલ સિંચનાર પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ એટલે એક એવું ઋજુ હૃદય, જ્યાંથી જીવ-પ્રાણી પ્રત્યેની નિઃસ્વાર્થ સ્નેહગંગા અહોરાત્ર વહ્યા કરે છે. સતત દાયકાઓ સુધી પોતાની પરવાહ કર્યા સિવાય જગતના હિત માટે, હરિભક્તોનાં સુખ-દુઃખમાં ભાગ લેવા માટે, ભારતીય સંસ્કૃતિના પુનરુત્થાન માટે અવિરત વિચરણ કરીને તેમણે એક અનોખો યુગ સ્થાપ્યો છે. પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રબોધેલી અક્ષરપુરુષોત્તમની શુદ્ધ વૈદિક ઉપાસનાની ધજા જગતભરમાં ફરકાવીને સ્વામીશ્રીએ, પોતાના મહાન ગુરુવર્યો શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજને સાચી ભાવાંજલિ અર્પણ કરી છે.

ઇષ્ટભક્તિ અને ગુરુભક્તિના એક અધ્યાયરૂપે, છેલ્લા દાયકાઓથી ગામડે ગામડે અવિરત વિચરણ કરતા પરમ પૂજ્ય સ્વામીશ્રીનું અવિરત વિચરણ છેલ્લાં ત્રણેક વર્ષોથી વિરામ પામ્યું છે. એમાંય છેલ્લાં બે-અઢી વર્ષોથી તીર્થધામ સારંગપુર ખાતે જ બિરાજમાન રહીને સૌને લાભ આપી રહ્યા છે. સ્વાસ્થ્યની અનેક પ્રતિકૂળતાઓ વચ્ચે મહદ્ અંશે મૌન રહીને દિવ્ય આનંદમાં મગ્ન રહેતા સ્વામીશ્રી, સેવક સંતોના વાર્તાલાપ વચ્ચે ક્વચિત્ ઉચ્ચારે છે ત્યારે તેમાં તેઓની હૃદયભાવનાઓ અને ગહન આધ્યાત્મિક રહસ્યો સહેજે પ્રગટ થાય છે. એ દિવ્ય હૃદયભાવનાઓનું આચમન કરવાનો લાભ સૌ કોઈને પ્રાપ્ત થાય એ માટે આ 'બ્રહ્મસન્નિધિ-૨૦૧૪' આપની સમક્ષ મૂકતાં આનંદ થાય છે.

આ ગ્રંથ તૈયાર કરવાની સેવા કરવા બદલ લેખક પૂજ્ય પરમાનંદદાસ સ્વામીના અમે હૃદયથી આભારી છીએ.

– સ્વામિનારાયણ અક્ષરપીઠ

સ્વામીશ્રી સમક્ષ કીર્તન ગૂંજી રહ્યું હતું :

'કલિ મેં સાચો સતયુગ આયો'

સંતોએ પૂછ્યું :

'કળિયુગમાં સતયુગ કેવી રીતે ?'

સ્વામીશ્રી કહે :

'ભગવાન અને સંત મળે એટલે સતયુગ.'

ક્રમિકા

બપોરનો સમય હતો.

સંતો કહે : 'હવે આપને શું કરવું છે?'

સ્વામીશ્રી કહે : 'ભજન કરવું છે.'

'એ તો આપ અખંડ કરો જ છો. બીજું શું કરવું છે?'

'ભજન જ કરવું છે.' સ્વામીશ્રીનો ઉત્તર અફર હતો.

'પણ બાપા ! આપ સંસ્થાના પ્રમુખ છો

એટલે આપે અગત્યના નિર્ણયો લેવાના છે.'

સ્વામીશ્રી સહસા બોલી ઊઠ્યા : 'આપણે ક્યાં પ્રમુખ છીએ ? ભગવાન છે.'

બ્રહ્મસન્નિધિ



જાન્યુઆરી ૨૦૧૪

તા. ૧-૧-૨૦૧૪, સારંગપુર

સવારે ૧૧:૧૨ વાગે સ્વામીશ્રીએ પોતાના શયન-કક્ષમાંથી સંતોને દર્શન આપ્યાં. સ્વામીશ્રીના હાથમાં ભગવા ને સફેદ રંગના ફુગ્ગા સંતો-પાર્ષદોના પ્રતીકરૂપે આપવામાં આવ્યા. સ્વામીશ્રી ફુગ્ગાના ગુચ્છને કરમાં ગ્રહણ કરીને આમતેમ હલાવવા લાગ્યા. સંતો પણ *'નચાવો એમ અમે નાચશું...'* એવી પ્રતિબદ્ધતા સાથે સ્વામીશ્રીના આ ચરિત્રને આનંદપૂર્વક માણવા લાગ્યા.

૧૧:૧૬ વાગે હરિકૃષ્ણ મહારાજ પધાર્યા. સ્વામીશ્રી હાથ જોડીને દર્શન કરવા લાગ્યા. પછી ચરણારવિંદમાં ગુલાબનું પુષ્પ પધરાવ્યું. ફરી દર્શન કરવા લાગ્યા.

હરિકૃષ્ણ મહારાજ સ્વામીશ્રીના ખોળામાં પધરાવવામાં આવ્યા. ઠાકોરજી સાથે સ્વામીશ્રીનાં દર્શન કરીને સંતો રાજી થયા.

સ્વામીશ્રીએ આજનો બ્રહ્મવિદ્યાનો પાઠ અંગ્રેજીમાં આપ્યો :

B.A.P.S.નો મૌલિક અર્થ કરતાં સ્વામીશ્રીએ લખ્યું : B.A.P.S. – BE A PURE SEVAK. 'સંસ્થાના શુદ્ધ સેવક બનો.'

નિઃસ્વાર્થ ભાવના સાથે વફાદારીપૂર્વક સેવા કરવાનો ઉત્તમ આદેશ આજનો બ્રહ્મવિદ્યાનો ઉપદેશ હતો. સ્વામીશ્રીએ આપેલો આ પાઠ ઉત્સાહથી ઝીલતાં સંતો તાળી પાડી ઊઠ્યા.

•

૧૧:૪૫ વાગે હરિભક્તોને દર્શનનો લાભ આપ્યો. આજે સ્વામીશ્રીનાં દર્શન કરવા માટે 'અખિલ ભારતીય દર્શન પરિષદ'ના પ્રતિનિધિ અને પટના યુનિવર્સિટીના પ્રૉફેસર શ્રી રમેશચંદ્ર સિંહા આવ્યા હતા. તેમની ઇચ્છા વિદેશમાં એક આંતરરાષ્ટ્રીય દર્શન પરિષદ યોજવાની હતી. બી.એ.પી.એસ. સંસ્થાના સહયોગ સાથે લંડન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે આ પરિષદ યોજાય તેવો પ્રસ્તાવ લઈને અત્રે આવ્યા હતા. સાથે સાથે તેની રૂપરેખા અંગે સંતો સાથે ચર્ચા-વિચારણા કરવા પણ આવ્યા હતા. સ્વામીશ્રીનાં દર્શન કર્યાં. ખૂબ ભાવવિભોર થઈ ગયા.

આજે સવારે જ પરિષદનું ધ્યેયવાક્ય શું રાખવું એ અંગે તેઓને સંતો સાથે ચર્ચા થઈ હતી. દર્શન પરિષદ તરફથી 'ગ્લોબલ જસ્ટિસ' એવી થીમ રાખીને કાર્યક્રમ કરવો એવું વિચારાયું હતું; પરંતુ આજે સવારે સ્વામીશ્રીએ આજથી શરૂ થતા પશ્ચિમી નૂતન વર્ષ નિમિત્તે જે ભાવના પ્રગટ કરી હતી તેમાં કહેલું : 'ભગવાન સૌને સુખ-શાંતિ આપે. ભગવાન બધાનું ભલું કરે.'

સ્વામીશ્રીની આ જીવનભાવના સંતનિવાસના નોટિસ-બૉર્ડ ઉપર લગાવવામાં આવી હતી. પ્રૉ. રમેશચંદ્ર તે વાંચીને બહુ પ્રભાવિત થયા. ભદ્રેશદાસ સ્વામીએ તેમને કહ્યું : 'આપણે 'ગ્લૉબલ જસ્ટિસ'નો વિચાર કરીએ છીએ, જ્યારે પ્રમુખસ્વામી મહારાજ 'ગ્લૉબલ પીસ'ની ભાવના વ્યક્ત કરે છે.'

તેઓએ કહ્યું : 'મારા મનમાં પણ એ જ વિચારો ચાલતા હતા કે પ્રમુખસ્વામીજીએ આખી કોન્ફરન્સને એક નવી દિશા આપી દીધી.' અને તેમણે આ 'આંતર-રાષ્ટ્રીય દર્શન પરિષદ'નું ધ્યેય વાક્ય નક્કી કર્યું – *'રિઅલાઈઝિંગ ગ્લૉબલ પીસ.'*

તેમણે એ પણ કહ્યું કે પરિષદના આ હેતુવાક્ય નક્કી કરવા પાછળના આ પ્રસંગની જાહેરાત આંતર-રાષ્ટ્રીય દર્શન પરિષદના પ્રારંભે પણ કરીશું.

અહીંથી જ તેમણે અખિલ ભારતીય દર્શન પરિષદના અધ્યક્ષ પ્રૉ. જયશંકરને ફોન કરીને આ સૂચન

જણાવ્યું. તેઓ તથા અન્ય સભ્યોને એ ગમી ગયું ને સહર્ષ આ વાક્યને થીમ તરીકે સ્વીકારી લીધું.

પ્રૉ. રમેશચંદ્ર પોતાના સ્થાને ઊભા થયા અને હાથ જોડીને સ્વામીશ્રીને પ્રણામ કર્યા. સ્વામીશ્રીએ તેમના પર આશીર્વાદની દૃષ્ટિ કરી. સંતોએ તેમને પુષ્પમાળાથી સત્કાર્યા.

•

તા. ૨-૧-૨૦૧૪, સારંગપુર

આજે સ્વામીશ્રીને ભાગવતી દીક્ષા ગ્રહણ કર્યાને તિથિ મુજબ ૭૪ વર્ષ પૂર્ણ થયાં અને ૭૫મું વર્ષ શરૂ થઈ રહ્યું હતું.

સવારે શણગાર આરતી વખતે મધ્યખંડમાં શાસ્ત્રીજી મહારાજ ગોંડલ અક્ષર દેરીમાં સ્વામીશ્રીને ભાગવતી દીક્ષા પ્રદાન કરી રહ્યા હોય, બાજુમાં યોગીજી મહારાજની ઉપસ્થિતિ હોય તેવું આબેહૂબ દૃશ્ય ખડું કરવામાં આવ્યું હતું. નારાયણમુનિદાસ સ્વામીએ આ માંગલિક પ્રસંગનો મહિમા ગાયા પછી પોતાની લાક્ષણિક શૈલીમાં નવદીક્ષિત નારાયણસ્વરૂપદાસજીના નૂતન નામાભિધાનની જાહેરાત કરી.

બપોરે ૪:૧૧ વાગે સ્વામીશ્રીએ શયનકક્ષમાંથી હરિભક્તોને દર્શન આપ્યાં.

સ્વામીશ્રીના પલંગની પાછળ ગોંડલ અક્ષર દેરીનું મોટું ચિત્ર ગોઠવવામાં આવ્યું હતું.

સ્વામીશ્રીના ગળામાં સુખડની કંઠી પહેરાવવામાં આવી હતી. ફૂલોની કળીનો સુંદર હાર પહેરાવવામાં આવ્યો હતો. પલંગની આગળના ભાગમાં એક બાજુ શાસ્ત્રીજી મહારાજ ને બીજી બાજુ યોગીજી મહારાજની પૂર્ણકદની મૂર્તિઓ પધરાવવામાં આવી હતી. બંને ગુરુશ્રીઓની મધ્યમાં પાટ ઉપર મહાપૂજા ગોઠવવામાં આવી હતી. દીક્ષાપ્રસંગનો માહોલ અદ્‌ભુત ખડો કરવામાં આવ્યો હતો.

૪:૨૬ વાગે સંતોને દર્શન આપ્યાં. સંતોએ આજથી ૭૪ વર્ષ પહેલાં સ્વામીશ્રીને શાસ્ત્રીજી મહારાજે દીક્ષા પ્રદાન કરી હતી તે સમયે નામાભિધાન માટે થયેલી ચર્ચાનો પ્રસંગ ભજવ્યો. નારાયણમુનિ સ્વામીએ પોતાની લાક્ષણિક શૈલીમાં સ્વામીશ્રીને કહ્યું : 'જય સ્વામિનારાયણ... નારાયણસ્વરૂપદાસજી... જય સ્વામિનારાયણ...'

માઈક પરથી કીર્તન ચાલુ થયું : *'હાલો જુવાનડા હરિવર વરવા હેલો પડ્યો...'*

•

તા. ૧૦-૧-૨૦૧૪, સારંગપુર

આજે તારીખ મુજબ સ્વામીશ્રીનો ૭૫મો ભાગવતી દીક્ષા-મહોત્સવ હતો. સાથે સાથે ૨૮ પાર્ષદોને ભાગવતી દીક્ષા પ્રદાન કરવાનો સમારોહ પણ રાખવામાં આવ્યો હતો.

સાંજે બરાબર ૪:૫૦ વાગે સ્વામીશ્રી પોતાના નિવાસસ્થાનની પાછળ આવેલી 'પ્રમુખદર્શન વાટિકા'માં પધાર્યા. સ્વામીશ્રીએ મસ્તકે પાઘ ધારણ કરી હતી. ભાલે તિલક-ચાંદલો શોભતો હતો. ગળામાં તુલસીની માળા ધારણ કરી હતી. ભગવી શાલ ઉપવસ્ત્રની જેમ ઓઢી હતી. ખોળામાં રાખેલા ઓશીકાના શ્વેત કવર ઉપર લાલ અક્ષરોમાં સાધુતાની ખુમારીના પદની સ્મૃતિ કરાવતું *'હાંજી ભલા સાધુ...'* લખાણ શોભી રહ્યું હતું.

સ્વામીશ્રીની આજુબાજુ મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી, વિવેકસાગરદાસ સ્વામી તથા ઘનશ્યામચરણદાસ સ્વામી આસનસ્થ થયા હતા.

સ્વામીશ્રીની જમણી તરફ રૅમ્પ ઉપર નવદીક્ષાર્થીઓ ભગવી ધોતી પહેરીને ખુલ્લા બદને ક્રમબદ્ધ બિરાજ્યા હતા.

આજે આ દીક્ષા-સમારોહના પ્રત્યક્ષદર્શી બનવા માટે જુદાં જુદાં મંદિરોમાંથી મોટી સંખ્યામાં સંતો આવ્યા હતા. હરિભક્તો પણ મોટી સંખ્યામાં ઊમટ્યા હતા. સવારના ૧૧:૦૦ વાગ્યાથી 'પ્રમુખદર્શન વાટિકા' સંતો તથા હરિભક્તોથી ચિક્કાર ભરાઈ ગઈ હતી. દીક્ષાર્થીઓનાં માતા-પિતા અને સંબંધીજનો માટે ખાસ બેઠક વ્યવસ્થા કરવામાં આવી હતી. સ્વામીશ્રીના આગમન પૂર્વે વડીલ સંતોએ કથાવાર્તાનો લાભ આપ્યો હતો.

સ્વામીશ્રી પધારતાં દીક્ષાનો મુખ્યવિધિ શરૂ કરવામાં આવ્યો. સ્વસ્તિવાચન અને સંકલ્પવિધિ બાદ બરાબર ૪:૫૪ વાગે દીક્ષાર્થીઓ એક પછી એક મંચ ઉપર આવવા લાગ્યા. નારાયણમુનિદાસ સ્વામી તેની ઉદ્‌ઘોષણા કરતા જતા હતા.

સ્વામીશ્રી પ્રત્યેક દીક્ષાર્થીને મસ્તકે હાથ મૂકીને હિતોપદેશ આપીને કે પ્રસન્નતા ભરી અમીમય દૃષ્ટિ કરીને સુખ આપતા હતા. દીક્ષાર્થી સંત પણ પોતાના

હૃદયની ભાવનાઓ, પ્રાર્થનાઓ પ્રગટ ગુરુહરિ સમક્ષ કહીને ત્યાગાશ્રમનું આજીવન સંબલ પ્રાપ્ત કરતા હતા. એ દૃશ્ય ખરેખર ભાવવાહી લાગતું હતું.

સ્વામીશ્રીએ પાડેલા નામની જાહેરાત નારાયણમુનિ સ્વામી પોતાની વિશિષ્ટ શૈલીમાં કરતા હતા. સ્વામીશ્રી તેમના લહેકા સાંભળીને હસી પડતા હતા.

'આ સાથે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના ૯૦૬ સંતો થાય છે,' એ જાહેરાતને સૌએ પ્રચંડ તાલીનાદથી વધાવી લીધી. નારાયણમુનિદાસ સ્વામીએ વધુમાં જણાવ્યું કે 'આગામી ફૂલદોલ ઉત્સવમાં ૩૧ સાધકોને ત્યાગાશ્રમની દીક્ષા પ્રદાન કરવામાં આવશે.' આ સાધકો પોતાના સ્થાન પર ઊભા થયા. સ્વામીશ્રીએ તેમના પર દૃષ્ટિ કરી. આવતા વર્ષે બીજા ૩૭ સાધકો પણ દીક્ષા ગ્રહણ કરશે. તેઓ પણ પોતાના સ્થાને ઊભા થયા. સ્વામીશ્રીએ તેમના પર પણ દૃષ્ટિ કરી. સંતો-હરિભક્તોએ તાળીઓના ગડગડાટથી એમને વધાવ્યા.

ખૂબ સારો વિદ્યાભ્યાસ કરીને, પોતાની ઉજ્જ્વળ કારકિર્દી છોડીને નવયુવાન વયે સમાજસેવા, દેશસેવા અને અધ્યાત્મના પંથે મક્કમ ડગ ભરનારા મુમુક્ષુઓનો એક અવિરત પ્રવાહ ચાલી રહ્યો છે, એ ગુણાતીત સત્પુરુષનો ચમત્કાર પ્રત્યક્ષ નિહાળીને સૌ અહોભાવ સાથે ગૌરવની લાગણી અનુભવી રહ્યા હતા.

•

દીક્ષાપ્રસંગ પછી સ્વામીશ્રી શયનકક્ષમાં પલંગ પર બિરાજમાન થયા. ડૉક્ટરોએ સ્વામીશ્રીને તપાસ્યા. અત્યારે સ્વામીશ્રીનું બીપી ૧૧૦ આવ્યું. સભામાં જતાં પહેલાં ૧૨૪ હતું. આથી ડૉ. વ્રજલાલ કહે : 'આ તો ખોટ ગઈ.'

સ્વામીશ્રીએ પૂછ્યું : 'ખોટ શાની ?'

હરિપ્રકાશદાસ સ્વામી સંદર્ભ બદલીને કહે : 'આપ મળ્યા તો ખોટ શાની ?'

સ્વામીશ્રી કહે : 'વાહ !'

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'ભગવાન અને સંત મળ્યા એટલે ખોટ ટળી ગઈ.'

સ્વામીશ્રી કહે : 'બરાબર છે. શાસ્ત્રીજી મહારાજ - જોગી મહારાજ મળ્યા એટલે કાંઈ ખોટ ન રહી.'

સ્વામીશ્રીએ શરીરના સ્વાસ્થ્યની વાતને વાળીને અધ્યાત્મના ઊંડાણમાં ઉતારી દીધી. અલભ્ય લાભના પ્રદેશમાં કોઈપણ પ્રકારની ખોટને માટે 'પ્રવેશ નિષેધ' છે.

•

તા. ૧૧-૧-૨૦૧૪, સારંગપુર

બપોરે ૨:૦૨ વાગે સ્વામીશ્રીએ પોતાના શયન-કક્ષમાંથી હરિભક્તોને દર્શન આપ્યાં.

સ્વામીશ્રીએ ખોળામાં ધારણ કરેલા ઓશીકાના કવર ઉપર *'કોડે કોડે એકાદશી કીજીયે રે...'* એવું લખાણ આજના એકાદશીદિનનું સ્મરણ કરાવતું હતું.

હરિભક્તોનો પરિચય અપાયો. સ્વામીશ્રીએ હરિભક્તો પર કૃપાદૃષ્ટિ કરી. આગળની પંક્તિમાં એક એંશી વર્ષના વૃદ્ધ બેઠા હતા. તેમણે માથે ફાળિયું બાંધ્યું હતું. સફેદ ખમીશ ઉપર કાળી બંડી પહેરી હતી. દેખાવ પરથી જ ગ્રામીણ લાગતા હતા. મૂળી પાસેના ગઢાદ ગામના કોળી જ્ઞાતિના આ ભાવિક ખેતમજૂર છે. નામ તેમનું ઝીણાભાઈ ભગવાનભાઈ કટુડિયા. પાંચ-સાત વર્ષ પહેલાં ચંદ્રહારના કણબી પટેલ પ્રભુભાઈ એમને યાત્રા-બસમાં સારંગપુર લાવ્યા હતા. તે વખતે તેમણે પ્રથમ વાર સ્વામીશ્રીનાં દર્શન કર્યાં હતાં. સ્વામીશ્રીની મૂર્તિ એમના અંતરમાં વસી ગઈ. તેમને થોડા વખત પછી ફરી સ્વામીશ્રીનાં દર્શન કરવાની ઇચ્છા થઈ; પણ અભણ, ગરીબ, કોળી અને વયોવૃદ્ધ વ્યક્તિને કોણ કાન ધરે ? તેમણે ચાર-પાંચ જગ્યાએ જઈને વિનંતી કરેલી : *'મારે પરમુખ સામીનાં દરસન કરવા સે. મને કોઈ લઈ જાવ.'* પણ કોઈ જગ્યાએથી તેમને સહકાર ન મળ્યો. કેટલાંક મંદિરોમાં તેઓ જ્યારે સ્વામીશ્રીનો ફોટો (પૉકેટ કૅલેન્ડર) બતાવતા ત્યારે લોકોએ ઉપહાસ, કટાક્ષ પણ કરેલાં. છતાં દર્શન કરવાની તેમની તમન્નામાં જરાય ઓટ આવી નહોતી. તેમણે ખેતમજૂરીમાંથી બચત કરીને પૈસા એકઠા કરવા માંડ્યા. ૫,૦૦૦ રૂપિયા ભેગા થયા એટલે ફરી સ્વામીશ્રીનાં ચરણોમાં આ ભેટ ધરવાની અભિલાષા જાગી. છેવટે એક દરબારના હૈયે હરિ વસ્યા. તેઓ તૈયાર થયા ને ઝીણાભાઈને સારંગપુર લઈ આવ્યા.

અહીં આવીને તેઓ કોઠારી જ્ઞાનેશ્વરદાસ સ્વામીને મળ્યા. બધી વાત કરી. કોઠારી સ્વામીએ તેમને દર્શન કરવા માટે સૌથી આગળ બેસાડ્યા. અત્યારે સ્વામીશ્રીનાં દર્શન કરતાં તેમની આંખોમાંથી ચોધાર આંસુ વહેતા હતા. હાથ જોડીને અત્યંત ભાવથી દર્શન કરતા હતા. કોઠારી સ્વામીએ સ્વામીશ્રીને બધી વાત કરી. તેમણે

જતન કરીને એકઠી કરેલી ભેટનું કવર દુબળી ભટ્ટના તેર દોકડાની જેમ ઠાકોરજીને ચરણે અર્પણ કરવામાં આવ્યું. અંતર્યામી સ્વામીશ્રીએ તેમના પર રાજીપાની દૃષ્ટિ કરીને તેમનો ભક્તિભાવ અને મનોરથ પૂરા કર્યા.

•

તા. ૧૩-૧-૨૦૧૪, સારંગપુર

આજે બપોરે ૧૨:૫૮ વાગે સ્વામીશ્રીએ પોતાના શયનકક્ષમાંથી હરિભક્તોને દર્શન આપ્યાં.

હરિભક્તોના પરિચયવિધિ દરમ્યાન અમદાવાદથી આવેલા એક ૬૪ વર્ષના ગુણાનુરાગી કલ્પેશભાઈ જેન્તીલાલ શાહને ઊભા કરવામાં આવ્યા. તેઓ બહુ ધાર્મિકવૃત્તિના છે. તેઓ ઘણા સંપ્રદાયોમાં ગયા, ઘણા ધર્મગુરુઓને મળ્યા, પરંતુ શાંતિ ન થઈ. છેવટે સ્વામીશ્રી પાસે આવવાનો સંકલ્પ કર્યો. સ્વામીશ્રીનું નામ તો એમણે ઘણા સમયથી સાંભળ્યું હતું. મોટા સંત છે એવો મહિમા પણ હતો, પરંતુ સંસ્કાર ઉદય ન થયા હોવાને કારણે યોગમાં આવી શક્યા નહોતા. તાજેતરમાં આપણા સંનિષ્ઠ હરિભક્ત દિનેશભાઈના યોગમાં આવ્યા અને તેમને સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વાદ પ્રાપ્ત કરવાની ઉત્કંઠા જાગી. ગઈકાલે રાત્રે જ તેઓ સારંગપુર આવી પહોંચ્યા. સ્વામીશ્રીનાં દર્શને આવતાં પહેલાં તેમણે સંકલ્પ કર્યો હતો કે મારે મારું ૩૫ વર્ષ જૂનું સિગારેટનું વ્યસન સ્વામીશ્રીનાં દર્શન કરીને મૂકી દેવું છે. અત્યારે તેઓ સ્વામીશ્રીનાં દર્શન કરતાં ભાવવિભોર થઈ ગયા હતા. તેમણે સંતોને કહ્યું : 'હું આટઆટલા સંપ્રદાયો અને ગુરુઓ પાસે ગયો પણ કોઈ મારું વ્યસન છોડાવી ન શક્યા, જ્યારે સ્વામીજીનાં દર્શને આવવાના સંકલ્પમાત્રે મને અંદરથી જ વ્યસન મૂકવાની પ્રેરણા થઈ.'

સ્વામીશ્રીએ તેમને દૃષ્ટિ કરી આશીર્વાદ આપ્યા.

•

તા. ૧૪-૧-૨૦૧૪, સારંગપુર

આજે ઉત્તરાયણ પર્વ હોવાથી સ્વામીશ્રી સવારે મંદિરે તથા સ્મૃતિમંદિરે દર્શન કરવા પધાર્યા હતા. 'નારાયણ મંડપમ્'માં ઝોળીપર્વની વિશિષ્ટ સભા યોજાઈ હતી. તેમાં લાભ આપીને સ્વામીશ્રી પોતાના નિવાસમાં પાછા ફર્યા.

૧:૨૩ વાગે બેઠકરૂમમાં આવ્યા. યોગવિવેકદાસ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા! હરિભક્તોને મળ્યા તેમાં મજા આવી?'

સ્વામીશ્રી કહે : 'હા.'

'અમે આપની પાસે ભીક્ષા માગીએ છીએ. આપ અમને શું આપશો? આપની પાસે અમને આપવા જેવું શું છે?'

સ્વામીશ્રી કહે : 'ભગવાન છે. શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજ છે.'

જીવના હૃદયમાં ભગવાન અને સંતનો નિશ્ચય દૃઢ કરાવીને સત્પુરુષ તેને શાશ્વત અભયદાન આપે છે. અક્ષરધામનું અપાર સુખ આપે છે. આનાથી વિશેષ મોટું દાન કયું હોઈ શકે?

•

તા. ૨૬-૧-૨૦૧૪, સારંગપુર

આજે ભારતનો ૬૩મો પ્રજાસત્તાક દિન હોવાથી સવારે વિદ્યામંદિરના પ્રાંગણમાં ધ્વજવંદનનો ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અત્યારે સ્વામીશ્રીના સાંનિધ્યમાં તેની ઝલક પ્રસ્તુત કરવામાં આવી.

સૌને લાભ આપ્યા પછી સ્વામીશ્રી નિજ નિવાસ-સ્થાનમાં પધાર્યા. સ્નાન કર્યા પછી આરામ.

ગોંડલના સંનિષ્ઠ સત્સંગીબંધુ શ્રીકૃષ્ણ પંડ્યાએ આજે મહિલા વિભાગમાં ઉપસ્થિત એક મહેમાનની વિગત જણાવતાં કહ્યું : 'અમેરિકન શ્રીમતી કેઇટી(Kaiti) એટલાન્ટા (યુ.એસ.એ.) પાસે સવાનામાં રહે છે. તેમણે સ્વામી વિવેકાનંદનું સાહિત્ય વાંચ્યું હતું તેમાંથી કાલિકા માતા પ્રત્યે શ્રદ્ધા જાગ્રત થઈ હતી.

એક વાર તેને કાલિકા માતાએ દર્શન આપ્યાં હતાં. ત્યારથી હિન્દુધર્મમાં વિશેષ શ્રદ્ધા દૃઢ થઈ. તેઓ સંપૂર્ણ શાકાહારી બન્યાં.

એક રાત્રે તેમને તથા તેઓના પતિ કે જેઓ ડૉક્ટર છે, તેમને બંનેને રૂમમાં તેજનો સમૂહ દેખાયો. થોડી વાર પછી તેમાં સ્વામિનારાયણ ભગવાને દર્શન આપ્યાં. તેઓને કંઈ સમજાયું નહીં. એટલે આ શું હતું તે જાણવાની જિજ્ઞાસા થઈ. તેમણે ગુગલમાં હિન્દુધર્મની વેબસાઈટોમાં સર્ચ કરવા માંડ્યું. તેમાં બી.એ.પી.એસ.ની વેબસાઈટ પર ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ જોતાં ખાતરી થઈ કે આ જ મૂર્તિ તેજમાં દેખાઈ હતી. તેમણે વિશેષ જાણકારી મેળવી કે બી.એ.પી.એસ.નું મંદિર સવાનામાં પણ છે જ. તેઓ મંદિરે દર્શને ગયાં. રાત્રે જે શ્રીહરિએ દર્શન આપ્યાં હતાં તેમનાં જ પ્રત્યક્ષ દર્શન

કરીને તેઓ ગદ્‌ગદ થઈ ગયાં.

સવાના મંદિરના પૂજારી હેતલભાઈ અને તેમનાં પત્નીને તેઓ મળ્યાં. તેમણે તેમને સંસ્થા અને ભગવાન સ્વામિનારાયણ વિષે જાણકારી આપી. પછી તો એમની સાથે નિયમિત સત્સંગ થવા લાગ્યો. કંઠી ધારણ કરી. નિયમ-ધર્મ પાળવા લાગ્યાં. નિત્યપૂજા કરતાં ચુસ્ત સત્સંગી થઈ ગયાં. નિયમિત રવિસભા ભરે છે. યુવતી મંડળની સભામાં નિરૂપણ કરે છે. એટલું જ નહીં, દર ગુરુવારે મંદિરે આવી સંડાસ-બાથરૂમ સાફ કરવાની સેવા પણ કરે છે!

તેમણે ભારતીય વેશભૂષા અને કપાળમાં કુમકુમનો ચાંદલો પણ ઘણા વખતથી શરૂ કરી દીધો છે.

સંપ્રદાયના જ્ઞાનમાં ઊંડા ઊતરતાં તેમણે ભગવાન સ્વામિનારાયણ વર્તમાનકાળે જેમના દ્વારા પ્રગટ છે તે સ્વામીશ્રીનો મહિમા પણ જાણ્યો. ત્યારથી તેઓની સ્વામીશ્રીનાં પ્રત્યક્ષ દર્શન કરવાની તમન્ના હતી. આજે તે પરિપૂર્ણ થઈ.

તેમને સ્વામીશ્રીને કંઈક ભેટ આપવાનો ભાવ જાગેલો. એટલે એક સુંદર રૂમાલ લાવ્યાં હતાં, જે સ્વામીશ્રીને અર્પણ કરવામાં આવ્યો હતો.

■

તા. ૨૭-૧-૨૦૧૪, સારંગપુર

સવારે વહેલા જાગી ગયા હતા. નિત્યનિયમથી પરવાર્યા બાદ હરિકૃષ્ણ મહારાજનાં દર્શન કર્યાં.

૧૧:૩૦ વાગે વ્હીલચૅરમાં બિરાજીને કાચની બેઠક-રૂમમાં આવ્યા.

હરિપ્રકાશદાસ સ્વામી ગમ્મત કરતાં આડું-અવળું જોવા લાગ્યા ને બોલવા લાગ્યા : 'પ્રમુખસ્વામી ક્યાં છે?' તેઓ ઉપસ્થિત બધા સંતોને પૂછવા લાગ્યા. સ્વામીશ્રી મૂકવદને તેમની સામું જોવા લાગ્યા.

યોગવિવેકદાસ સ્વામી તેમને કહે : 'આટલું ભેગા રહ્યા તો પણ ખબર નથી કે પ્રમુખસ્વામી ક્યાં છે? યાદવો તો નિરંતર અભાગિયા રહ્યા...'

સ્વામીશ્રી તે સાંભળીને હાથનું લટકું કરીને સહેજ મસ્તક હલાવીને કહે : 'આવું છે!'

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'અમે આપની ભેળા રહીને અભાગિયા ન રહી જઈએ, એ માટે આપનું સ્વરૂપ કઈ રીતે ઓળખાય તે કહો.'

તરત સ્વામીશ્રી કહે : 'નિર્દોષબુદ્ધિ રાખે તો.'

સ્વામીશ્રીએ ટૂંકો પણ સચોટ ઉત્તર આપી દીધો.

●

તા. ૨૮-૧-૨૦૧૪, સારંગપુર

આજે રાત્રે સ્વામીશ્રીએ પોતાના શયનકક્ષમાંથી સંતોને દર્શન આપ્યાં હતાં તે વખતનાં દર્શન, ચરિત્રો અને વાર્તાલાપ અત્યંત રસપ્રદ ને સદા સ્મરણીય હતાં. સ્વામીશ્રીનો ભજન કરવાનો ઉમળકો પણ પળે પળે વ્યક્ત થતો જોઈ શકાય છે.

રાત્રે ૭:૦૦ વાગે પડદા ખૂલ્યા ત્યારે સ્વામીશ્રી પલંગ પર બિરાજીને માળાજાપ કરી રહ્યા હતા. મુખેથી ઉચ્ચ સ્વરે સ્વામિનારાયણ મહામંત્રનો ઉચ્ચાર કરી રહ્યા હતા. રૂમમાં ઉપસ્થિત સૌને તે સ્વર સ્પષ્ટ સંભળાતો હતો.

સૌ સંતો પણ સ્વામીશ્રીને અનુસરતાં પોતપોતાના ગળામાંથી માળા કાઢીને ઉચ્ચ સ્વરે મહામંત્ર જપવા લાગ્યા. તત્ક્ષણ માઈક પરથી કીર્તનનાં શબ્દો ગુંજી ઊઠ્યા : *'ખબર છે અમને શાંતિલાલને ભક્તિ બહુ ગમે, ભજન-ભક્તિ ને સેવા કરશું એની જેમ અમે...'*

આ કીર્તનમાં *'હરિના ભજનમાં મસ્ત થઈ ડોલ...'* એ પંક્તિ આવી ત્યારે સંતો તરફ મીઠી નજરે જોયું. જાણે સંજ્ઞાત્મક ઉપદેશ આપતા હતા કે –

'હરિના ભજનમાં મસ્ત થઈ ડોલ...'

૭:૨૨ સુધી સ્વામીશ્રીએ સતત માળાજાપ કર્યો. તે પછી જાતે જ માળા ગળામાં પહેરી લીધી.

આ બાજુ માઈક પર સ્વામીશ્રીના સ્વરમાં જ ધ્વનિ-મુદ્રિત થયેલા 'ૐ સ્વામિનારાયણાય નમઃ' મંત્રજાપનું ગુંજન શરૂ થયું. સૌ સંતો સ્વામીશ્રીના સ્વરમાં પોતાનો સ્વર સંમિલિત કરીને જપયજ્ઞમાં જોડાયા.

મંત્રજાપ પછી સંતોએ મહામંત્રની ધૂન શરૂ કરી. સ્વામીશ્રીના હાથમાં એ સમયે કરતાલ આપવામાં આવી. સ્વામીશ્રી કરતાલ વગાડતાં વગાડતાં 'સ્વામિનારાયણ' મહામંત્ર રટવા લાગ્યા.

થોડી વારે સ્વામીશ્રીના હાથમાંથી કરતાલ લઈને કબાસ આપવામાં આવ્યું. સ્વામીશ્રી તે વગાડતાં વગાડતાં ધૂનગાનમાં મગ્ન થયા. સંતોએ ધૂનની રમઝટ બોલાવી.

સ્વામીશ્રીનો કંઠ સુકાય નહીં તે માટે થોડું જળપાન કરાવ્યું. સ્વામીશ્રીના હરિકૃષ્ણ મહારાજ થાળ આરોગીને આવી પહોંચ્યા. સ્વામીશ્રીએ ભાવથી દર્શન કર્યાં. ખોળામાં

ધારણ કર્યા. સ્વામીશ્રીએ બંને હાથે ઠાકોરજીની થાળી બરાબર પકડી રાખી.

સૌ સંતો ઠાકોરજી સાથે સ્વામીશ્રીનાં દર્શન કરીને બહુ રાજી થયા. ટીપોઈ આવી એટલે હરિકૃષ્ણ મહારાજને સ્વામીશ્રીના પલંગની આગળ ટિપોઈ ઉપર પધરાવ્યા. સ્વામીશ્રી અને બહાર બેઠેલા સંતો બંનેને દર્શન થાય તે રીતે હરિકૃષ્ણ મહારાજને પધરાવવામાં આવ્યા હતા, પરંતુ સ્વામીશ્રીએ તરત હાથના ઈશારાથી હરિપ્રકાશદાસ સ્વામીને સંતો સન્મુખ ફેરવવા જણાવ્યું. તેમણે તે રીતે ઠાકોરજી સંતો સન્મુખ કર્યા, તે જોઈને સંતોષ વ્યક્ત કર્યો.

સ્વામીશ્રીના હાથમાં હવે ખંજરી આપવામાં આવી. ખંજરી વગાડતાં વગાડતાં સ્વામીશ્રી ફરી 'સ્વામિનારાયણ' મહામંત્ર રટવા લાગ્યા.

સ્વામીશ્રી પૂછવા લાગ્યા : 'સંતો (ઠાકોરજીનાં) દર્શન કરી આવ્યા ?'

નારાયણચરણદાસ સ્વામી કહે : 'સંતો તો ક્યારના દર્શન કરી આવ્યા. સંધ્યા આરતી, અષ્ટક અને માનસી કરીને આવ્યા છે.'

ધૂનગાન પૂરું થયું એટલે વિવેકસાગરદાસ સ્વામી સ્વામીશ્રીને કહે : 'સંતોને આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી કહે : 'બહુ સારું છે.'

થોડી વાર પછી ફરી એમણે સ્વામીશ્રીને પૂછ્યું : 'સાધુએ શું કરવાનું ?'

સ્વામીશ્રી કહે : 'સાધુ થવું. સાધુતા રાખવી ને સ્વભાવ મૂકવા. જોગી મહારાજ કહેતા. માટે આપણે સાધુતા રાખવી.'

વિવેકસાગરદાસ સ્વામી કહે : 'સ્વભાવ હેરાન બહુ કરે છે.'

સ્વામીશ્રી કહે : 'સ્વભાવ તો છે જ એવા.'

એક વ્યક્તિ કહે : 'સ્વભાવ કેવી રીતે મૂકવા ? મુકાતા નથી.'

સ્વામીશ્રી કહે : 'મુકાશે.'

'પણ કેવી રીતે ?'

સ્વામીશ્રી ફરીથી એ જ શ્રદ્ધા દૃઢાવતાં કહે : 'મહારાજ-સ્વામીની દયાથી મુકાશે.'

'આ ને આ જન્મે પાર પડી જશે ?'

સ્વામીશ્રી કહે : 'સ્વામીની દયાથી પડી જશે.'

વિવેકસાગરદાસ સ્વામી કહે : 'આપને વિશે નિર્દોષબુદ્ધિની દૃઢતા થાય તેવું કરજો.'

સ્વામીશ્રી કહે : 'યોગીજી મહારાજ - શાસ્ત્રીજી મહારાજના સંકલ્પે સિદ્ધ થશે.'

'એકાંતિક ધર્મ કેવી રીતે સિદ્ધ થાય ? એકાંતિક ધર્મ એટલે શું ?'

સ્વામીશ્રી તરત કહે : 'ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિ.' થોડી વાર અટકીને કહે : 'થશે બધું.'

પછી બોલવા લાગ્યા, 'મહારાજ... મહારાજ... મહારાજ... મહારાજ... મહારાજ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'

નારાયણચરણદાસ સ્વામી કહે : 'બીજું કાંઈ કહેવું છે ?'

સ્વામીશ્રી કહે : 'બસ, એમના (શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજ) જેવું જીવન આપણે કરવાનું...'

વિવેકસાગરદાસ સ્વામી કહે : 'યોગીજી મહારાજની આજે અંતર્ધાનતિથિ છે. યોગીજી મહારાજ આજે તમારા દ્વારા કાર્ય કરે છે.'

નારાયણચરણદાસ સ્વામી કહે : 'શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજ બંને આવી ગયા ?'

સ્વામીશ્રી કહે : 'હં...'

વિવેકસાગરદાસ સ્વામી કહે : 'યોગીજી મહારાજને ધામમાં ગયાને ૪૩ વર્ષ થયાં. એમનો સંકલ્પ હતો કે બધે સત્સંગ થાય.'

સ્વામીશ્રી કહે : 'પાંદડે પાંદડે સ્વામિનારાયણનું ભજન થાય. સ્વામી (ગુણાતીતાનંદ) બોલેલા.'

સંતો કહે : 'બધે સત્સંગ ખૂબ વધ્યો છે. અમેરિકામાં અક્ષરધામ તૈયાર થાય છે. જવું છે ને ?'

સ્વામીશ્રી કહે : 'બરાબર છે.'

વિવેકસાગરદાસ સ્વામી કહે : 'હવે તો તબિયત સારી થાય છે. જવાશે ને ?'

સ્વામીશ્રી કહે : 'જવાશે.'

વિવેકસાગરદાસ સ્વામી કહે : 'સંતો ત્યાં તૈયારી કરે છે. આપે આરતી ઉતારવા જવાનું છે.'

સ્વામીશ્રી કહે : 'હં...'

થોડી વાર શાંત બેઠા. પછી કહે : 'જોગી મહારાજે આપણા માટે બહુ કર્યું છે.' પછી સંતો-હરિભક્તોને કહેતા હોય તેમ બોલ્યા : 'મંદિરે જવું. કથાવાર્તા કરવી.' પછી ફરી મૌન થઈ ગયા.

નારાયણચરણદાસ સ્વામીએ પૂછ્યું : 'બીજું શું કરવાનું છે?'

સ્વામીશ્રી કહે : 'નિયમ-ધર્મ પાળવા. યોગીજી મહારાજની દયા છે. આજ્ઞા પાળવી.'

યોગવિવેકદાસ સ્વામી કીર્તનપંક્તિ બોલ્યા : *'ઉપાસનામાં ગરબડ ગોટા, તે તો થયું ચોખ્ખું ચમ...'* તે ચોખ્ખું ચમ કેવી રીતે થયું?

સ્વામીશ્રી કહે : 'નિયમ-ધર્મ, કથાવાર્તા કરીને હરિભક્તોને બધાને એક-એકને સમજાવતા.'

નારાયણચરણદાસ સ્વામી કહે : 'ઉપાસના કોની કરવાની?'

સ્વામીશ્રી કહે : 'લ્યો.' (હસી પડ્યા.) પછી કહે : 'સ્વામી મૂળ અક્ષર અને મહારાજ પુરુષોત્તમ.'

નારાયણચરણદાસ સ્વામી કહે : 'ઉપાસના કોણે સમજાવી? યોગીજી મહારાજે કે શાસ્ત્રીજી મહારાજે?'

સ્વામીશ્રી કહે : 'બેયે કર્યું છે.'

યોગવિવેકદાસ સ્વામી ફરી કીર્તન કડી બોલ્યા : 'ગુણાતીતાનંદ...'

સ્વામીશ્રીએ કડી ઝીલી લીધી : 'મૂળ અક્ષર.'

યોગવિવેકદાસ સ્વામી કહે : 'સહજાનંદ એક?'

સ્વામીશ્રીએ ફરી કડીની પૂર્તિ કરી : 'પરમેશ્વર.'

થોડી વાર શાંત રહ્યા પછી ફરી સ્વામીશ્રી ગુરુવર્યોનો દાખડો યાદ કરવા લાગ્યા : 'શાસ્ત્રીજી મહારાજ અને યોગીબાપા જે આવે એ બધાને વાત કરે. મંદિરમાં જે આવે તેને કથાવાર્તા કરે. આજ્ઞા-ઉપાસનાની વાત કરે.'

'કોણ કરે?' કોઈએ પ્રશ્ન કર્યો.

સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ.' પછી કહે : 'આજ્ઞા-ઉપાસના મુખ્ય છે.'

સંતોએ પૂછ્યું : 'એમાં બધું આવી ગયું?'

સ્વામીશ્રી કહે : 'હા.'

નારાયણચરણદાસ સ્વામી કહે : 'આપ તો અનાદિના પુરુષ છો છતાં આપને આ લોકની રીતે ઉપાસના કોણે સમજાવી હતી?'

સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજે.'

સ્વામીશ્રી સહજ રીતે બોલવા લાગ્યા : 'શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજે ઉપાસનાનું જ કાર્ય કર્યું છે.'

સંતો કહે : 'પછી એને દેશ-વિદેશમાં ફેલાવવાનું કાર્ય આપે કર્યું.'

સ્વામીશ્રી કહે : 'જે ગણો તે એમણે જ કર્યું.' પછી ફરી કૃપાવચન ઉચ્ચારતાં કહે : 'આપણો મારગ છે તે અક્ષરધામનો મારગ છે.'

નારાયણચરણદાસ સ્વામી કહે : 'અક્ષરધામમાં ગુરુ વિના કોણ લઈ જાય?'

સ્વામીશ્રી કહે : 'ગુરુ જ લઈ જાય.' ફરી કહે : 'શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજ મારગ છે, એમ લોકો સમજી ગયા.'

પછી પોતે વાતનું સમાપન કરતા હોય તેમ નીચી નજર કરીને કહે : 'ચાલો.' સંતોને વિદાય આપતાં જમણો હાથ ઊંચો કરીને 'જય સ્વામિનારાયણ' કહ્યા.

ઉધરસ આવી તેથી થોડી વાર અટક્યા. પછી કહે : 'અક્ષર અને પુરુષોત્તમ, શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજ મળ્યા તે ભગવાનની દયા કહેવાય. આપણો ઉપાસનાનો મારગ છે તે સમજાય તે મહારાજની દયા કહેવાય.'

•

તા. ૨૯-૧-૨૦૧૪, સારંગપુર

બપોરે આરામ બાદ ૧૨:૦૫ વાગે જાગ્યા ત્યારે બહુ ફ્રેશ જણાતા હતા. ડૉ. રાજમયૂરે કહ્યું : 'બાપા! આપને સંસ્કૃતમાં એકથી દસ સુધી ગણતાં આવડે?'

હરિપ્રકાશદાસ સ્વામી તેમને કહે : 'સ્વામીબાપા શાસ્ત્રી છે તો આવડે જ ને!' પછી સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા! આપ શાસ્ત્રી ખરા ને?'

'હા ખરા ને!' સ્વામીશ્રીએ કહ્યું.

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'આપ શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી સંસ્કૃત ભણી ગયા, પણ આપની ઇચ્છા તો અંગ્રેજી ભણવાની હતી ને!'

સ્વામીશ્રી કહે : 'જે આજ્ઞા થાય એ જ ઇચ્છા રાખવી.'

'બાપા! આપ ક્યાં ભણ્યા હતા?'

સ્વામીશ્રી કહે : 'બોચાસણની બાજુમાં.'

સંતોએ પૂછ્યું : 'ભાદરણ અને ખંભાતમાં?'

સ્વામીશ્રી કહે : 'હા.'

ડૉ. રાજમયૂર કહે : 'આપ ભણતા ત્યારે વાંચવાનો સમય કેટલો મળતો?'

યોગવિવેકદાસ સ્વામી કહે : 'ઝોળી માગીને જમવાનું ને પછી ભણવાનું.'

સ્વામીશ્રી કહે : 'બસ. આવું જ હતું. એમાં સમય કાઢવાનો.'

યોગવિવેકદાસ સ્વામી કહે : 'આપ કૌમુદી ભણ્યા હતા ?'

સ્વામીશ્રી કહે : 'લઘુ સિદ્ધાંત કૌમુદી ભણેલો.'

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'બાપા ! આપ વધારે ભણ્યા હતા કે શાસ્ત્રીજી મહારાજ ?'

સ્વામીશ્રી કહે : 'એ તો શાસ્ત્રીજી મહારાજ જ હોય ને !'

હળવા વાર્તાલાપમાં પણ ગુરુની ગૌણતા જરા પણ થવા ન દીધી.

•

રાત્રે શયનકક્ષમાંથી સ્વામીશ્રી સંતોને દર્શન આપી રહ્યા હતા, તે દરમ્યાન સેવકો સાથેની વાતોમાં સ્વામીશ્રીએ અચાનક પૂછ્યું : 'જાહેરાત કરી છે ને ?'

સંતોને ખ્યાલ આવી ગયો કે સ્વામીશ્રી આગામી ઉત્સવોની વાત કરે છે. તેમાં નજીકમાં આવી રહેલા વસંતપંચમી દિને શાસ્ત્રીજી મહારાજની સાર્ધ શતાબ્દી મહોત્સવની ઉજવણીની વાત થઈ રહી છે.

વિવેકસાગરદાસ સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું : 'જવું છે ઉત્સવમાં ? જઈને પાછા આવી જઈશું.'

થોડી ગમ્મતો કરીને અચાનક સ્વામીશ્રીએ પૂછ્યું : 'પણ પત્રિકા ક્યાં છે ?'

ભદ્રેશદાસ સ્વામી મહેળાવના ઉત્સવની આમંત્રણ પત્રિકા લઈને આવ્યા. સ્વામીશ્રીએ હાથમાં લઈને જોઈ.

નારાયણચરણદાસ સ્વામીએ પૂછ્યું : 'વાંચવી છે ? તો ચશ્મા આપું.'

સ્વામીશ્રી તરત કહે : 'લાવો.'

તેમણે સ્વામીશ્રીને ચશ્માં પહેરાવ્યાં એટલે સ્વામીશ્રી ધ્યાનથી વાંચવા લાગ્યા. પત્રિકામાં છાપેલા ફોટા સ્વામીશ્રી નિહાળી રહ્યા હતા. તે જોઈને સંતો સ્વામીશ્રીને ફોટામાં અનુક્રમ વગર વ્યક્તિનિર્દેશ કરીને પૂછવા લાગ્યા : 'આ કોણ છે ?'

સ્વામીશ્રી કહે : 'યોગીજી મહારાજ.'

'આ કોણ છે ?'

સ્વામીશ્રી કહે : 'ભગતજી મહારાજ.'

'આ કોણ છે ?'

સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ.'

'અને આ કોણ છે ?'

સ્વામીશ્રી કહે : 'અક્ષરપુરુષોત્તમ.'

છેલ્લે 'આ કોણ છે ?' પૂછ્યું, તો જવાબ ન આપ્યો.

કોઈ બોલ્યું : 'નારાયણસ્વરૂપદાસ.'

સ્વામીશ્રી કહે : 'હં...'

વિવેકસાગરદાસ સ્વામી કહે : 'કહી નાખો ને નારાયણ'દા છે.'

સ્વામીશ્રી કહે : 'નારાયણદા.'

સેવકોએ સ્વામીશ્રીની આંખોના લૅન્સ કાઢ્યા. તે પછી સ્વામીશ્રીએ સામે ઊભેલા વિવેકસાગરદાસ સ્વામીને કહ્યું : 'જવાનું ગોઠવી દેજો બધું.'

તેઓ કહે : 'હા, સંતોની બસમાં જવાની વ્યવસ્થા બધી ગોઠવી દઈશું.'

સ્વામીશ્રી જમણા હાથનું લટકું કરીને કહે : 'સારું ત્યારે.'

આમ, સૌને દિવ્ય આનંદ ઉપજાવતાં થકાં સ્વામીશ્રી આરામમાં પધાર્યા.

•

તા. ૩૦-૧-૨૦૧૪, સારંગપુર

સાંજે સ્વામીશ્રી પલંગમાં સૂતા હતા. આંખો ખૂલી હતી ! રૂમમાં આછી લાઇટ ચાલુ હતી. સ્વામીશ્રીને જાગતા જોઈને હરિપ્રકાશદાસ સ્વામી નજીક ગયા. સ્વામીશ્રી સાથે વાતો કરવા માંડ્યા. તેમણે સ્વામીશ્રીને કહ્યું : 'યોગીબાપા કહેતા કે સંપ-સુહૃદભાવ અને એકતા રાખો તો આખા બ્રહ્માંડમાં સત્સંગ વધે. તે સાચું કહેતા હશે ?'

સ્વામીશ્રી કહે : 'બાપા કહે તે સાચું જ હોય. એ ખોટું બોલે ? વિશ્વાસ રાખવો પડે.'

પછી કહે : 'એ જ કરવાનું છે.'

•

મોડી રાત્રે ૧૧:૨૮ વાગે શયનકક્ષના પડદા ખૂલ્યા. સંતોને દર્શન થયાં.

ફૅબ્રુઆરી મહિનાનું નવું 'પ્રકાશ' હાથમાં લીધું. ચશ્માં પહેરીને વાંચવા લાગ્યા.

કોઈએ પૂછ્યું : 'શું લખ્યું છે ?'

સ્વામીશ્રી કહે : 'સ્વામિનારાયણ પ્રકાશ.'

પછી સ્વામીશ્રી ટાઇટલ પેઈજ ઉપરનું બધું જ લખાણ મોટેથી વાંચી ગયા.

ટાઇટલ પેઈજ જોયા પછી સ્વામીશ્રી પોતાની લાક્ષણિક અદાથી અંગૂઠા વડે પાનું ખોલવા લાગ્યા. બે પાનાં સાથે આવ્યાં, તો તે બંને અંગૂઠાથી જ અલગ કર્યાં.

પછી અંદરનો એક લેખ ખોલ્યો. લેખના આરંભે છપાયેલો ફોટો જોઈ રહ્યા હતા. નારાયણચરણદાસ સ્વામીએ પૂછ્યું : 'આ કોણ છે ?'

સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ.'

લેખનું શીર્ષક વાંચ્યું : 'ઉપાસનાનો અંતર્નાદ.'

પછી લેખ વાંચવા લાગ્યા. વાંચવામાં સ્વામીશ્રી એકદમ તલ્લીન થઈ ગયા. લેખનું પહેલું પાનું વાંચ્યા પછી ફરી શાસ્ત્રીજી મહારાજના ફોટામાં ઉપરના ભાગમાં ગોલ્ડન સ્ટ્રીપમાં જે લખાણ લખ્યું હતું તે વાંચ્યું.

છેલ્લું ટાઇટલ જોતા હતા. બધા ફોટા જોયા પછી નીચે ફોટાની વિગત જણાવતું લખાણ હતું તે પણ બધું વાંચી ગયા.

'પ્રકાશ' પાછું આપવા જતાં તેની ક્રીઝ તોડીને તેને વ્યવસ્થિત કર્યું. ફરી મુખપૃષ્ઠ જોયું. પ્રકાશ ખોલી તેની અનુક્રમણિકા વાંચી.

માઇક પર કીર્તન વાગવા લાગ્યું. સ્વામીશ્રીએ તેના તાલે કરલટકાં કરી સંતોને સુખ આપવા માંડ્યું.

સંતોએ ભક્તિભાવથી બનાવેલો ગુલાબનો સુંદર હાર સ્વામીશ્રીને અર્પણ કર્યો. તે પછી સ્વામીશ્રીએ સંતો ઉપર ફૂલદડા નાખીને સ્મૃતિ આપી.

સમય થયો એટલે સંતોએ કહ્યું : 'આરામ કરો હવે.'

સ્વામીશ્રી કહે : 'ના. બેઠા છીએ.'

'આરામ તો કરવો પડશે ને !'

સ્વામીશ્રી કંઈ ન બોલ્યા.

ભદ્રેશદાસ સ્વામી કહે : 'ભજન કરવું છે આખી રાત ?'

સ્વામીશ્રી કહે : 'હા, બરાબર.'

સંતો કહે : 'આપને આરામ કરવાનો ટાઇમ થયો ને !'

સ્વામીશ્રી કહે : 'ના ના.'

ભદ્રેશદાસ સ્વામી કહે : 'આપ આરામ કરો. બધા ભજન કરશે.'

સ્વામીશ્રી કહે : 'સંતો ધૂન કરે બે મિનિટ.'

ભદ્રેશદાસ સ્વામી કહે : 'હા કરશે બધા.'

સ્વામીશ્રી કહે : 'બધા સાધુઓ ?'

'હા, બધા સાધુઓ કરશે.'

સંતોએ ઉચ્ચ સ્વરે ધૂન બોલવા માંડી. સ્વામીશ્રી પણ બધાની સાથે તાળી પાડતાં ધૂન બોલવા લાગ્યા.

પોતાની સન્મુખ ઠાકોરજીની મૂર્તિ પધરાવડાવી. સંતો પાસે તેનું પૂજન કરાવડાવ્યું. ત્યારબાદ આરામમાં પધાર્યા.

ભજન પ્રત્યેનો સ્વામીશ્રીનો અનુરાગ આવા કથળેલા સ્વાસ્થ્યમાં પણ કેટલો બધો ઉત્કૃષ્ટ કક્ષાનો જોવા મળે છે !

•

તા. ૩૧-૧-૨૦૧૪, સારંગપુર

સવારે સ્વામીશ્રીના જાગ્યા પછી રૂમમાં ડૉ. વ્રજલાલે સ્વામીશ્રીને 'હૅપ્પી બર્થ ડે' કહ્યું.

સ્વામીશ્રીએ નેત્રની સાને 'કેમ ?' પૂછ્યું.

ડૉ. વ્રજલાલે ખુલાસો કરતાં કહ્યું : 'આજે ૩૧મી જાન્યુઆરી છે. તારીખ પ્રમાણે શાસ્ત્રીજી મહારાજનો જન્મદિવસ કહેવાય. આપ અને શાસ્ત્રીજી મહારાજ એક છો એટલે આપનો પણ બર્થ ડે કહેવાય. આપ અને શાસ્ત્રીજી મહારાજ એક જ છો ને ?'

સ્વામીશ્રી કહે : 'હા, એક જ !'

•

બપોરે સ્નાન પછી પલંગ પર બિરાજ્યા હતા. જ્યૂસ અંગીકાર કર્યા પછી આરામમાં પધાર્યા, પણ ઊંઘ આવતી નહોતી, તેથી ડૉક્ટરોએ કસરત કરાવી. તે પછી સૂતાં સૂતાં વીડિયો નિહાળી. તેમાં કીર્તન આવ્યું : *'કલી મેં સાચો સતયુગ આયો...'*

સંતોએ પૂછ્યું : 'કળિયુગમાં સત્યુગ કેવી રીતે ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાન અને સંત મળે એટલે સત્યુગ.'

એવામાં યોગવિવેકદાસ સ્વામી ઇલેક્ટ્રોનિક સ્ટિક લઈને આવ્યા. તેને હલાવીએ એટલે તેની કક્ષામાં હવામાં અલગ અલગ વાક્યો રચાતાં જાય. તેમાં 'અમે તમને પ્રેમ કરીએ છીએ' એવું વાક્ય આવ્યું.

યોગવિવેકદાસ સ્વામીએ સ્વામીશ્રી પાસે તે વાક્ય બોલાવડાવ્યું.

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'બાપા! આ તો પ્રેમની વાત કરે છે. પ્રેમ કોની સાથે કરવો ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાન સાથે પ્રેમ કરવાનો.'

તેઓ કહે : 'અમે ક્યાં ભગવાનને જોયા છે ?'

સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ જોડે પ્રેમ કરવાનો.'

હરિપ્રકાશદાસ કહે : 'જગતનો પ્રેમ કેવો તકલાદી હોય છે !'

સ્વામીશ્રી તે સાંભળીને હસી પડ્યા. પછી કહે : 'બસ. એવું જ છે. જગતનો પ્રેમ એવો જ છે. ભગવાનનો પ્રેમ સાચો છે.'

•

સંતો સાથે વાતચીત થયા પછી વીડિયો શરૂ થઈ. તેમાં 'ગુરુહરિ દર્શન' ચાલતું હતું. સ્વામીશ્રી પૂજા કરી રહ્યા હોય તેવું દૃશ્ય આવ્યું. તેમાં સ્વામીશ્રીની બાજુમાં હરિપ્રકાશદાસ સ્વામી દેખાતા હતા. તેઓએ ત્યાં જ પૉઝ કરાવડાવીને સ્વામીશ્રીને પૂછ્યું : 'પેલું કોણ છે ?'

અંતર થોડું વધારે ને ચિત્ર સ્પષ્ટ ન હોવાને કારણે સ્વામીશ્રી ઓળખી ન શક્યા. તેઓએ બે-ત્રણ વખત પૂછ્યું, પણ સ્વામીશ્રી ઓળખી ન શક્યા એટલે કહે : 'જે હોય તે, તારે શું છે ?'

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'બાપા! અમને યાદ રાખજો. ભૂલી નહીં જતા.'

સ્વામીશ્રી કહે : 'અમે કોઈને ભૂલતા નથી. જે અમને યાદ રાખે છે તેને અમે યાદ રાખીએ છીએ.'

સ્વામીશ્રીની જ્વરલીલામાં રચાતા મનુષ્યભાવનાં વાદળોને તત્ક્ષણ વિદારી નાખે એવા તેજ-લીસોટા જેવું વાક્ય સ્વામીશ્રીના મુખેથી પ્રસ્ફૂટ થયું.

•

સ્વામીશ્રી ત્રણ મહિના પહેલાંનો વીડિયો નિહાળતા હતા. તે તરફ અંગુલિનિર્દેશ કરીને ડૉ. વ્રજલાલે સ્વામીશ્રીને પૂછ્યું : 'આ કોણ છે ?'

સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ.'

ડૉ. વ્રજલાલે પૂછ્યું : 'આટલા બધા આનંદમાં કેમ દેખાય છે ?'

સ્વામીશ્રી તરત કહે : 'શાસ્ત્રીજી મહારાજ - જોગી મહારાજ મળ્યા એટલે.'

ડૉ. વ્રજલાલે સ્પષ્ટતા કરતાં કહ્યું : '...પણ આમાં શાસ્ત્રીજી મહારાજ - જોગી મહારાજ ક્યાં છે ?'

તેઓ બોલતા હતા તે દરમ્યાન વીડિયોમાં કેમેરે ફરીને હરિભક્તો તરફ ફરવા લાગ્યો હતો. સ્વામીશ્ર હરિભક્તો તરફ નિર્દેશ કરીને કહે : 'જો, આ શાસ્ત્રીજ મહારાજ - જોગી મહારાજ છે.'

સ્વામીશ્રી ઘટ ઘટમાં પોતાના ગુરુવર્યોનાં દર્શન ક છે, તે દર્શન કરીને ડૉક્ટર ધન્યતા અનુભવવા લાગ્યા.

•

રાત્રે ૮:૩૫ વાગે સ્વામીશ્રી પોતાના શયનકક્ષમ પલંગ ઉપર બિરાજીને શ્વસન-વ્યાયામ કરી રહ્ય હતા. તે પછી સંતોને દર્શન આપવા માટેની તૈયાર શરૂ થઈ. સ્વામીશ્રીના ખોળામાં ઓશીકું મૂકતાં પહેલ નારાયણચરણદાસ સ્વામીએ તેના પર અંકિત કરેલું ચિત્ર સ્વામીશ્રીને બતાવ્યું. શાસ્ત્રીજી મહારાજનો હાથ ઝાલીને બે સેવકો ચાલી રહ્યા છે. સાથે યોગીજી મહારાજ પણ ચાલી રહ્યા છે. એ પ્રસિદ્ધ દૃશ્યમાં અંગુલિનિર્દેશ કરીને બતાવતાં સંતોએ પૂછ્યું : 'આ કોણ છે ?'

સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ.'

'પછી આ કોણ છે ?'

સ્વામીશ્રી કહે : 'યોગીજી મહારાજ.'

'અને આ ?'

'નારણ'દા.'

'આ ? માધવદાસ ?'

'હા, માધવદાસ.'

'માધવદાસ કેવા સાધુ હતા ?'

સ્વામીશ્રી કહે : 'સારા હતા.'

'સ્વામીની સેવામાં હતા ?'

સ્વામીશ્રી કહે : 'હા.'

વિવેકસાગરદાસ સ્વામીએ પૂછ્યું : 'મોટા સ્વામીનુ ગામ કયું ?'

સ્વામીશ્રી કહે : 'સાધી.'

આમ, સહજગોષ્ઠિમાં સ્વામીશ્રીએ જૂની જૂની સ્મૃતિઓ તાદૃશ કરી.

•

૮:૪૭ વાગે સ્વામીશ્રીએ સંતોને દર્શન આપ્યાં પછી સ્વામીશ્રીને પલંગમાં પોઢાડવામાં આવ્યા. સેવકોએ આંખમાં ટીપાં નાખીને લૅન્સ કાઢ્યા.

ધર્મચરણદાસ સ્વામીએ એક પત્રની વિગત જણાવીને

સૌરાષ્ટ્રના એક ગામના હરિભક્તને સંતાનપ્રાપ્તિ થાય તેવા આશીર્વાદ માગ્યા.

વિવેકસાગરદાસ સ્વામી કહે : 'દીકરો આપી દેજો એને.'

તરત સ્વામીશ્રીએ કરનું લટકું કરીને 'આપ્યો' એવી સંજ્ઞા કરી.

બ્રહ્મસન્નિધિ



ફેબ્રુઆરી ૨૦૧૭

તા. ૧-૨-૨૦૧૪, સારંગપુર

બપોરે ૨:૦૦ વાગે સ્વામીશ્રી 'પ્રમુખદર્શન વાટિકા'માં સંતો-હરિભક્તોને દર્શન આપી રહ્યા હતા.

એક ભાવિકની વાત કરતાં જ્ઞાનેશ્વરદાસ સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું : 'આ કેતનભાઈ સુરતથી ખાસ આપનાં દર્શન કરવા આવ્યા છે. તેઓ સત્સંગી નથી. તેઓને કોઈ ગંભીર બીમારી હતી તેથી એક મહિનાથી કોમામાં હતા. તેમને તે વખતે આપનાં દર્શન થયાં. એટલે આપની કૃપાથી જ સાજા થયા છે – એવી શ્રદ્ધા બેઠી. સાજા થતાંની સાથે પહેલાં આપનાં દર્શન કરવા આવ્યા છે. એમણે આ પ્રથમ વાર જ આપનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં છે.'

વિશ્રામ અવસ્થામાં પણ સ્વામીશ્રી દિવ્ય દેહે કેટકેટલાં કામ કરતા હશે તે વિચારતાં સૌ અચરજ પામ્યા.

•

તા. ૪-૨-૨૦૧૪, સારંગપુર

રાત્રે ૧૨:૩૦ વાગે પરદેશ પાછા જનારા સંતોને વ્યક્તિગત આશીર્વાદ આપ્યા. સૌ સંતોએ 'અખંડ સાથે રહેજો' એવા આશીર્વાદ માગ્યા.

સ્વામીશ્રી તેઓને કહે : 'ભજન-ભક્તિ-કથાવાર્તા કરજો.'

સ્વામીશ્રીને અખંડ સાથે રાખવાનો 'ઇલમ' લઈને સંતો વિદેશ જવા વિદાય થયા.

•

તા. ૭-૨-૨૦૧૪, સારંગપુર

બપોરે ૨:૫૧ વાગે સંતોને દર્શન આપ્યાં પછી વિવેકસાગરદાસ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું : 'હવે શું કરવાનું ?'

સ્વામીશ્રી કહે : 'ભજન.'

ભદ્રેશદાસ સ્વામી ગમ્મતમાં કહે : 'અઘરામાં અઘરું કામ.'

સ્વામીશ્રીએ ઉત્તર ન આપ્યો. જાણે એમનું એ મૌન એ વાતમાં અસંમતિ દર્શાવતું હતું.

•

તા. ૧૩-૨-૨૦૧૪, સારંગપુર

સાંજે ૪:૩૮ વાગે 'પ્રમુખ ઉદ્યાન'માં યોજાયેલી સંત-સભામાં પધાર્યા. અહીં સ્વામીશ્રીએ સ્વહસ્તે પ્રત્યેક સંત-પાર્ષદ-સાધકને વ્યક્તિગત મોતૈયા લાડુનો પ્રસાદ આપીને કૃતાર્થ કર્યા. સ્વામીશ્રીએ લગભગ ૨૭૫ જેટલી વ્યક્તિઓને હાથોહાથ પ્રસાદી આપીને ધન્ય કર્યા હતા !

છેલ્લે સૌ સંતો સ્વામીશ્રીને પણ પ્રસાદ જમવા આગ્રહ કરવા લાગ્યા. સૌ વતી વિવેકસાગરદાસ સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું : 'આ બધાનો પ્રેમ છે તો આપ જમશો ?'

સ્વામીશ્રીએ તરત સહેજ મસ્તક હલાવીને મરજી દર્શાવી. નારાયણચરણદાસ સ્વામીએ એક ચપટી ભરીને લાડુનો ભૂકો સ્વામીશ્રીના મુખમાં મૂકી આપ્યો. સંતો અત્યંત આનંદમાં આવીને તાલીનાદ કરવા લાગ્યા. સૌએ એક સ્વરમાં ઉપાડ્યું : *'એક જમતાં બોલિયો શંખ, અસંખ્યથી શું સર્યું...'*

વિવેકસાગરદાસ સ્વામી સ્વામીશ્રીને કહે : 'બાપા ! આપ જમ્યા એટલે અનંતકોટિ બ્રહ્માંડો તૃપ્ત થઈ ગયાં.'

શોભિતસ્વરૂપદાસ સ્વામીએ સૌ સંતોનાં અંતરમાં રમતી કૃતાર્થતાની લાગણીને વાચા આપતાં ગાયું : *'આજ આનંદ મારા ઉરમાં, મળી મુને મહા મોટી વાત રે...'* તરત સ્વામીશ્રીએ કરનું લટકું કરીને તેમને પ્રતિભાવ આપ્યો.

તેઓએ આગળ ગાયું : *'રમાડ્યા જમાડ્યા રૂડી રીતશું, મળ્યા વળી વારંવાર રે; હેતે પ્રીતે નિત્યે સુખ આપિયાં, એ તો કહેતાં આવે કેમ પાર રે...'*

સ્વામીશ્રીએ પુનઃ લટકું કરીને જાણે તે વાતમાં

સમર્થન આપ્યું.

સંતો સ્વામીશ્રીએ આપેલા આવા અનવધિકાતિશય સુખથી ગદ્‌ગદિત થઈ ગયા. ઘણાની આંખોમાં હર્ષનાં આંસુ છલકાઈ આવ્યાં.

ભદ્રેશદાસ સ્વામીએ પૂછ્યું : 'બાપા ! ઉત્સવ સરસ થઈ ગયો ને ?'

સ્વામીશ્રીએ પ્રસન્નતાપૂર્વક મસ્તક હલાવીને હા કહી. સંતોને સ્વહસ્તે જમાડ્યાનો સ્વામીશ્રીને આનંદ હતો.

•

તા. ૧૫-૨-૨૦૧૪, સારંગપુર

સાંજે ૫:૫૦ વાગે સ્વામીશ્રી સંતનિવાસનું નિરીક્ષણ કરવા પધાર્યા. 'યજ્ઞપુરુષ આશ્રમ'ની લિફ્ટ દ્વારા પહેલે માળે આવ્યા. અહીંથી સંતનિવાસ તરફ પધાર્યા. પેસેજમાંથી સંતનિવાસના કોર્ટયાર્ડ(પ્રમુખ ચોક)માં દૃષ્ટિ કરી. અહીંથી જ સંતનિવાસના ત્રણેય માળ પર દૃષ્ટિ કરી. તે પછી સદ્. સંત સ્વામીની જૂની રૂમ આગળ પધાર્યા. તેઓની રૂમના જાળીવાળા બારણા ઉપર દૃષ્ટિ કરી. સંતોએ સંત સ્વામી જ્યાં પાટ પર સૂતા તે જગ્યા, બાજુમાં લાકડાનો દાદરો હતો તે જગ્યા વગેરે બતાવી તેઓની સ્મૃતિ કરી. અહીંથી જ દૂર 'યજ્ઞપુરુષ સ્મૃતિ' મંદિર દેખાતું હતું. સંતોએ એ તરફ ધ્યાન દોરી સ્વામીશ્રીને ગુરુસ્મૃતિ કરાવી.

ફરી એના એ રસ્તે પાછા ફરી લાઇબ્રેરી તરફ પ્રયાણ કર્યું. વચ્ચે આવતાં અધ્યાપક સંતોનાં કાર્યાલયો, કૌમુદી ભણતા સંતોની રૂમ, મીટિંગ હોલ પર પણ ઊડતી નજર કરી.

તે પછી વાંચનાલયના હૉલમાં પ્રવેશી સંતો જ્યાં બિરાજીને પુસ્તકવાંચન કરતા હોય છે તેના પર દૃષ્ટિ કરી. પુસ્તકવિનિમય માટેના ટેબલ પાસે વ્હીલચૅર ઊભી રાખવામાં આવી. સ્વામીશ્રીએ વચનામૃત, ગુણાતીતાનંદ સ્વામીનું જીવન ચરિત્ર અને શાસ્ત્રીજી મહારાજના વિસ્તૃત જીવન ચરિત્રને કરમાં ધારણ કરીને તેનું વાંચન કરીને વિદ્યાર્થી સંતોને વિશિષ્ટ સ્મૃતિ પ્રદાન કરી. બાજુમાં આવેલા લગભગ ૩૧,૦૦૦ જેટલાં પુસ્તકોના સંગ્રહસ્થાન પર દૂરથી દૃષ્ટિ કરી.

અહીંથી સ્વામીશ્રી ખુલ્લી અગાશીમાં પધાર્યા. સંતો-સાધકો અને તાલીમ કેન્દ્રના યુવકો એક તરફ ગોઠવાઈ ગયા હતા. સ્વામીશ્રી પધાર્યા એટલે સંતોએ રંગબેરંગી ગુબ્બારા પ્રગટાવીને આકાશમાં તરતા મૂક્યા. સ્વામીશ્રી ગરદન ઊંચી કરીને તેની સામું જોઈ રહ્યા.

સંતોએ ઢોલ વગાડતાં કીર્તનો લલકાર્યાં. સ્વામીશ્રી કીર્તનના તાલે તાળી પાડતાં તેમને સુખ આપવા લાગ્યા. અગાશીની પશ્ચિમ દિશા તરફની પાળી આગળ આવીને અસ્તાચળમાં ઊતરી રહેલા અરુણને નિહાળ્યો.

વ્હીલચૅર ફેરવીને સંતો તરફ કરવામાં આવી. સંતો અગાશીમાં મોટું વર્તુળ રચી રાસ રમવા લાગ્યા. સ્વામીશ્રીના હાથમાં પણ દાંડિયા આપવામાં આવ્યા. સ્વામીશ્રી હળવે હાથે વગાડતાં, રાસ રમતા સંતો તરફ જોઈને તેમને પ્રોત્સાહન આપવા લાગ્યા.

સંતોએ સ્મૃતિ કરી કે ગઈ કાલે પૂનમ હતી. મહા મહિનાની પૂનમે જ શ્રીહરિ પંચાળામાં સંતો સાથે મહારાસ રમ્યા હતા. આજે પ્રગટ ગુરુરૂપ હરિની પાવનકારી નિશ્રામાં સંતો રાસલીલાનું એ જ મહાસુખ માણી રહ્યા હતા.

સ્વામીશ્રી અહીંથી આગળ વધ્યા. સંત કોઠાર પાસેથી પસાર થયા. એક-એક રૂમ આગળ અટકીને સ્વામીશ્રીએ દૃષ્ટિ કરી.

સ્વામીશ્રી સંતસભા માટેના 'નિષ્કુળાનંદ હૉલ'માં આવી પહોંચ્યા. ઠાકોરજીના આસન પાસે સ્વામીશ્રી આસનસ્થ થયા. અધ્યાપક સંતોએ અહીં નિયમિત યોજાતી સંતસભા ને વિશિષ્ટ સભાઓ અંગે સ્વામીશ્રીને માહિતી આપી.

અહીંથી સ્વામીશ્રી ભદ્રેશદાસ સ્વામીના કાર્યાલયમાં પધાર્યા. તેઓ વેદભાષ્ય લખી રહ્યા છે. તેના કાગળ સ્વામીશ્રીને અર્પણ કર્યા. સ્વામીશ્રીએ તે કરમાં ગ્રહણ કરીને પ્રસાદીભૂત કરી આપ્યા. તે પછી સંગીતરૂમ, સંગીત શીખતા સંતો માટેની પ્રેક્ટિસ રૂમોમાં દૃષ્ટિ કરી.

પુનઃ સંતનિવાસની અગાશીમાં આવ્યા. અહીં યુવા તાલીમ કેન્દ્રના યુવકો શિસ્તબદ્ધ ગોઠવાઈને બેઠા હતા. સ્વામીશ્રીએ તેમની મધ્યે જઈને તેમને ગ્રુપફોટો લેવાનો લાભ આપ્યો.

એટલામાં સંતો સૌ આવી પહોંચ્યા. સૌ શિસ્તમાં બિરાજી ગયા. સંધ્યા આરતીનો સમય થઈ ગયો હતો. સ્વામીશ્રીની વ્હીલચૅરની બાજુમાં સજાવેલા ટેબલ ઉપર પંચમૂર્તિ પધરાવવામાં આવી. બરાબર ૬:૪૫ વાગે સંધ્યા

આરતી શરૂ થઈ. તમામ સંતોને આરતી આપવામાં આવી હતી. પ્રત્યક્ષ ગુરુહરિનાં દર્શન કરતાં કરતાં સૌએ આરતી ઉતારવાનો લાભ લીધો. છેલ્લી કડી વખતે સ્વામીશ્રીની વ્હીલચૅર પણ ઠાકોરજીની સન્મુખ ગોઠવવામાં આવી. સ્વામીશ્રીએ પણ આરતી ઉતારવાનો લાભ લીધો.

આરતી પછી સ્વામીશ્રી અહીંથી વિદાય થયા. જૂની લાઈબ્રેરી ને પાઠશાળા હતી તે હૉલમાં પધાર્યા. અત્યારે તે કૉમ્પ્યૂટર રૂમમાં ફેરવાઈ ગઈ છે. સ્વામીશ્રીએ કૉમ્પ્યૂટરો ઉપર દૃષ્ટિ કરી. કૉમ્પ્યૂટર વિભાગના સંચાલક અને કાર્યકર સંતો ઉપર દૃષ્ટિ કરી. સંતોએ – આ ખંડ જૂની પાઠશાળા અને પુસ્તકાલય હતું તે વખતે સ્વામીશ્રી અહીં અનેક વાર પધાર્યા હતા – તેની સ્મૃતિ કરી. બારણાં ઉપર શાસ્ત્રીજી મહારાજ સંતોને ભણાવી રહ્યા છે તે શિલ્પ પણ સ્વામીશ્રીને બતાવીને જણાવ્યું કે આપના જ હાથે તે અહીં પધરાવવામાં આવ્યું હતું.

એ જ રસ્તે પાછા ફરતાં સ્વામીશ્રીની જૂની રૂમ ઉપર દૃષ્ટિ કરાવી.

'યજ્ઞપુરુષ આશ્રમ'ના ઉપરના માળમાં એક રાઉન્ડ લગાવીને લિફ્ટ દ્વારા ગ્રાઉન્ડ ફ્લોર પર આવ્યા. ત્યારબાદ સંતોના દવાખાના આગળ પધાર્યા. બીમાર સંતોની રૂમો નિહાળી. તેમાં સારવાર લઈ રહેલા સંતો ઉપર દૃષ્ટિ કરી. દવાના સ્ટોરરૂમ તથા કન્સલ્ટિંગ રૂમમાં પણ દૃષ્ટિ કરી સંતોના નિરામય સ્વાસ્થ્યની કામના કરી.

અહીંથી જૂના સભામંડપ તરફ પધાર્યા. યોગીજી મહારાજ અને શાસ્ત્રીજી મહારાજની પ્રાસાદિક રૂમોનાં દર્શન કર્યાં. જૂની-જૂની વાતો સંભારી ગુરુસ્મૃતિ કરી.

જૂના સભામંડપમાં ઠાકોરજીનાં દર્શન કર્યાં પછી સભામંડપમાં એક દૃષ્ટિ ફેરવી. સંતોએ વર્ષો પહેલાં સ્વામીશ્રી અને સંત સ્વામી જ્યાં બેસીને ગોષ્ઠિ કરતા તે જગ્યા બતાવીને જૂની સ્મૃતિ તાજી કરાવી.

ગાનાવાળા રણછોડભાઈએ સભામંડપનું કાષ્ઠનું સિંહાસન બનાવ્યું હતું તે યાદ કરાવ્યું. તે પછી સભામંડપની બહાર જ્યાં સ્વામીશ્રી નીચે સૂઈ રહેતા હતા તે જગ્યા જોઈ. વિવેકસાગરદાસ સ્વામીએ યાદ કરાવ્યું કે 'અહીં આપના માટે એક પાટ મૂકવામાં આવી હતી. સંત સ્વામી આપને તેના પર સૂવા માટે આગ્રહ કરતા, પણ આપ સૂતા નહોતા. બે-ત્રણ વર્ષ સુધી એમ ને એમ પડી રહેવા દીધી હતી. નગાસરથી પાટ લાવેલા.'

સ્વામીશ્રી કહે : 'હા.'

પુનઃ સભામંડપમાં પધાર્યા. ઓધાબાપાએ છડી પોકારી. સ્વામીશ્રીએ ઉપસ્થિત હરિભક્તો ઉપર દૃષ્ટિ કરી. ત્યારબાદ 'સર્વસ્વ' તરફ પાછા ફર્યા. અહીં પણ ભોજનખંડમાં પધાર્યા, ત્યારે સંતોએ સ્વામીશ્રી જ્યાં બેસતા તે જગ્યા બતાવી જૂની સ્મૃતિ કરી. બહારની બાજુએ સ્વામીશ્રીના હરિકૃષ્ણ મહારાજ માટે ફ્રૂટની રૂમ બનાવવામાં આવી છે. સ્વામીશ્રીએ તેમાં પધારી ઠાકોરજી માટેની બધી વ્યવસ્થા નિહાળી. તે પછી ઠાકોરજીની રૂમમાં પધાર્યા. અહીંથી સીધા જ રસોડામાં ગયા. કૃષ્ણવલ્લભદાસ સ્વામી ઠાકોરજીના થાળ માટે ભાખરી બનાવતા હતા. સ્વામીશ્રીને પગે લાગી તેઓએ કહ્યું : 'ગરમ ગરમ કાંઈ જમવું છે?'

સ્વામીશ્રી એકદમ હસવા લાગ્યા અને નકારમાં મસ્તક હલાવ્યું. તેઓએ ફરીથી સ્વામીશ્રીને 'જે ઇચ્છા હોય તે બનાવી આપીએ' તેવું કહ્યું, પરંતુ સ્વામીશ્રીએ હસતાં હસતાં અનિચ્છા દર્શાવી.

૭:૧૨ વાગે સ્વામીશ્રી પોતાના નિવાસમાં પધાર્યા.

કોઠારી જ્ઞાનેશ્વરદાસ સ્વામીએ દિલગીરી દર્શાવતાં સ્વામીશ્રીને કહ્યું : 'આપે બહુ ભીડો વેઠ્યો.'

સ્વામીશ્રીએ તરત લહેકાથી કહ્યું : 'એ...મ...?'

સંતો-હરિભક્તો માટે કંઈ પણ કરવું તેને સ્વામીશ્રી આજે પણ ભીડો માનતા જ નથી.

•

તા. ૧૭-૨-૨૦૧૪, સારંગપુર

બપોરે ૩:૩૦ વાગે સ્વામીશ્રી 'પ્રમુખદર્શન વાટિકા'માં સંતો-હરિભક્તોને દર્શન આપવા પધાર્યા.

આજે મહુવામાં નૂતન શિખરબદ્ધ મંદિરમાં મૂર્તિ-પ્રાણપ્રતિષ્ઠા થઈ હોવાથી *'માગો માગો ભગતજી આજ'* આદિ ભગતજી મહારાજના મહિમાનાં કીર્તનો ગૂંજતાં હતાં. સ્વામીશ્રી પણ તેનું મહિમાપૂર્વક શ્રવણ કરતાં સંતો-હરિભક્તોને દર્શનસુખ આપી રહ્યા હતા.

૪:૩૦ વાગે 'પ્રમુખ ઉદ્યાન'માં આવ્યા. મહુવામાં ધામધૂમથી ઊજવાઈ ગયેલા પ્રતિષ્ઠા ઉત્સવની ખુશાલીમાં આજે સ્વામીશ્રીના હસ્તે પ્રસાદીભૂત થયેલા ચૂરમાના લાડુ સૌને આપવાના હતા. ભગતજી મહારાજ પોતાની બાલ્યાવસ્થામાં સાત શેર ચૂરમું જમી ગયા હતા – તે ચમત્કારી ચરિત્રની સ્મૃતિ કરતાં ચૂરમાના લાડુ પ્રસાદ

તરીકે સૌને આપવાના હતા. સ્વામીશ્રીએ પુષ્પ-પાંદડીઓ પધરાવીને લાડુ પ્રસાદીના કર્યા.

સ્વામીશ્રી ધીમે ધીમે ચલનપથ પર આગળ વધીને સંતોના સમૂહ વચ્ચે આવ્યા. માઇક પરથી *'માગો માગો ભગતજી આજ...'* એ કીર્તન વાગી રહ્યું હતું. સૌ સંતો પણ તેની સાથે સાથે કીર્તનગાન કરતાં કરતાં સ્વામીશ્રીનાં દર્શન કરી રહ્યા હતા. સ્વામીશ્રીએ પ્રત્યેક સંત ઉપર સ્નેહદૃષ્ટિ કરી. સંતોએ ભગતજી મહારાજના મહિમાનાં કીર્તનો લલકાર્યાં. સ્વામીશ્રી પણ ઓશીકા પર હળવી થાપ મારતાં કીર્તન શ્રવણ કરતા હતા.

કોઠારી જ્ઞાનેશ્વરદાસ સ્વામીએ સ્વામીશ્રીને પ્રાર્થના કરતાં કહ્યું : 'બાપા! આજે ભગતજી મહારાજના પ્રાગટ્ય સ્થાન મહુવામાં શિખરબદ્ધ મંદિરમાં ધામધૂમથી મૂર્તિપ્રતિષ્ઠા થઈ ગઈ. ડંકો વાગી ગયો. તો આ પ્રસંગે આપનાં ચરણોમાં પ્રાર્થના કે જે રીતે ભગતજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીની અનુવૃત્તિ પાળીને તેમનો અપાર રાજીપો મેળવેલો, એવી રીતે અમે સૌ સંતો પણ આપની અનુવૃત્તિનું પાલન કરીને આપનો અપાર રાજીપો મેળવી શકીએ.' ત્યારબાદ તેઓએ સંતોને પીરસવાના લાડુના પાત્રો પર સ્વામીશ્રીને દૃષ્ટિ કરવા વિનંતી કરી. સ્વામીશ્રીએ લાડુ પર દૃષ્ટિ કરીને તેને પુનઃ પ્રસાદીભૂત કર્યા. ત્યારબાદ સૌ સંતોને તેનું વિતરણ કરવામાં આવ્યું. માઇક પરથી શ્રીહરિની પરિવેશણ લીલાનું પદ રજૂ થયું.

સંતોને મોદક આરોગતા નિહાળીને સ્વામીશ્રી પ્રસન્ન થતા હતા.

•

તા. ૧૯-૨-૨૦૧૪, સારંગપુર

રાત્રે ૯:૨૦ વાગે ભારતના જાણીતા યોગાચાર્ય પૂજ્ય રામદેવજી મહારાજ સ્વામીશ્રીનાં દર્શને પધાર્યા. તેઓએ રૂમમાં પ્રવેશતાં જ સ્વામીશ્રીને હાથ જોડીને નીચા નમતાં કહ્યું : 'પ્રણામ બાપા ! જય સ્વામિનારાયણ બાપા !'

સ્વામીશ્રીએ સસ્મિત તેમનું સ્વાગત કર્યું. સ્વામીશ્રીના પલંગની સામે જ તેમને આસન ઉપર બેસાડવામાં આવ્યા. સંતોએ રામદેવજી મહારાજના યોગ, આરોગ્ય સેવા અને સમાજ ઉત્કર્ષનાં વર્તમાન કાર્યોની સ્વામીશ્રીને જાણ કરી. તે પછી સ્વામીશ્રીએ ઓઢેલી ઊનની ભગવી શાલ વિવેકસાગરદાસ સ્વામીએ તેમને ઓઢાડીને સત્કાર્યા. ઠાકોરજીનો પ્રસાદીનો હાર પહેરાવીને તેઓનું બહુમાન કરવામાં આવ્યું.

વાતચીત દરમ્યાન સંતોએ તેઓશ્રીની સ્વામીશ્રી સાથે થયેલી મુલાકાતોની સ્મૃતિ કરી. તેઓ કહે : 'મુંબઈ, સારંગપુર તથા દિલ્હીમાં સ્વામીજીનાં દર્શન કરવાનો મને લાભ મળ્યો છે.'

સંતો કહે : 'ભારતના ઉત્કર્ષ માટે પૂજ્ય રામદેવજી મહારાજ ખૂબ સારા પ્રયત્નો કરી રહ્યા છે.'

રામદેવજી મહારાજ કહે : 'સ્વામીજીએ મને તેના આશીર્વાદ આપ્યા છે.'

વિદાય થતાં પહેલાં તેઓ સ્વામીશ્રીની સમીપ આવ્યા ને પોતાનું મસ્તક સ્વામીશ્રીના ખોળામાં નમાવ્યું. સ્વામીશ્રીએ તેમના માથા ઉપર હાથ મૂકીને આશીર્વાદ આપ્યા. પછી સ્વામીશ્રીને તેમણે પોતાનો હાથ આપ્યો. સ્વામીશ્રીએ તેમનો હાથ દબાવીને સ્નેહભાવ વ્યક્ત કર્યો.

•

તા. ૨૮-૨-૨૦૧૪, સારંગપુર

બપોરે ૩:૩૫ વાગે સ્વામીશ્રી વ્હીલચૅરમાં બિરાજીને 'પ્રમુખ ઉદ્યાન'માં પધાર્યા. અહીં 'ભારતીય જનતા પાર્ટી'ના વરિષ્ઠ નેતા અને ગાંધીનગર મતવિસ્તારના સાંસદ શ્રી લાલકૃષ્ણ અડવાણી સ્વામીશ્રીના દર્શનાર્થે પધાર્યા. ઈશ્વરચરણદાસ સ્વામીએ પુષ્પમાળા પહેરાવીને તેઓનું બહુમાન કર્યું.

શ્રી અડવાણી સ્વામીશ્રીની સમીપ જઈને નીચા નમી હાથ જોડીને પગે લાગ્યા.

સ્વામીશ્રી તરત હસતાં હસતાં તેમની સામું જોઈને બોલ્યા : 'અડવાણીજી.'

તેઓએ કહ્યું : 'આપકે દર્શન કર કે મૈં ધન્ય હો ગયા.'

સ્વામીશ્રીએ અત્યંત આત્મીયતાથી તેમનો હાથ ઝાલ્યો.

શ્રી અડવાણી કહે : 'આપકે આશીર્વાદ મિલ ગયે. બહુત આનંદ હુઆ. આપકો મિલકર બહુત ખુશી મિલી.' તેઓએ વધુમાં સ્વામીશ્રીને પૂછ્યું : 'આપકી તબિયત કૈસી હૈ ?'

સ્વામીશ્રીએ કહ્યું : 'સારી છે.'

શ્રી અડવાણી કહે : 'આપકી તબિયત અચ્છી હૈ યહ સૂનકર બહુત અચ્છા લગા.'

સ્વામીશ્રીએ પકડેલા હાથની પકડનો નિર્દેશ કરતાં

તેઓ કહે : 'આપકે હાથ મેં બહુત શક્તિ હૈ.'

શ્રી અડવાણીએ સ્વામીશ્રી સન્મુખ સ્થાન ગ્રહણ કર્યું. સ્વામીશ્રીના ડૉક્ટરોએ સ્વામીશ્રીના સ્વાસ્થ્યની વર્તમાન સ્થિતિની તેઓને વાત કરી. આવા નાદુરસ્ત સ્વાસ્થ્યમાં પણ તેઓ સૌને આવું દર્શનસુખ આપી રહ્યા છે, તે જાણીને તેઓ રાજી થયા.

શ્રી અડવાણીના સેક્રેટરી શ્રી ચોપરા સાહેબને પણ સ્વામીશ્રીએ આશીર્વાદથી લાભાન્વિત કર્યા.

અંતમાં, દિલ્હી અક્ષરધામમાં બિરાજેલા ભગવાન સ્વામિનારાયણની ચિત્રપ્રતિમાનો મોમેન્ટો તથા પ્રસાદ સ્વામીશ્રીએ સ્વહસ્તે તેઓને આપ્યા. તેઓએ ઉપકૃત ભાવે સ્વામીશ્રીનો આભાર માનતાં કહ્યું : 'યે મૈં આપકી કૃપા કો લે કે જા રહા હૂઁ.'

સ્વામીશ્રીની વિદાય લેતાં ફરી તેઓ કહે : 'સ્વામીજી ! આપ બિલકુલ સ્વસ્થ હો જાયેં, જૈસે પહલે સબ કો મિલતે થે વૈસે હો જાયેં ઐસી હમ પ્રાર્થના કરતે હૈં.'

બ્રહ્મસાન્નિધિ



માર્ચ ૨૦૧૮

તા. ૧૧-૩-૨૦૧૪, સારંગપુર

આજે બપોરે ભારતના પૂર્વ રાષ્ટ્રપતિશ્રી અને વિશ્વ-પ્રસિદ્ધ વૈજ્ઞાનિક ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ સ્વામીશ્રીનાં દર્શને આવી રહ્યા હતા.

થોડા દિવસો પહેલાં દિલ્હીમાં આત્મસ્વરૂપદાસ સ્વામી સાથે થયેલી વાતચીતમાં એમણે સ્વામીશ્રીનાં દર્શન કરવાની ઇચ્છા પ્રગટ કરી હતી. તેઓને મનમાં એમ હતું કે સ્વામીશ્રી દિલ્હી પધારશે ત્યારે દર્શન થશે; પરંતુ જ્યારે સંતો સાથેની વાતચીતમાં એમણે જાણ્યું કે 'સ્વામીશ્રીનો દિલ્હી આવવાનો કોઈ કાર્યક્રમ નથી. તેઓ તો નાદુરસ્ત સ્વાસ્થ્યને કારણે ગુજરાતમાં સારંગપુર નામના એક નાના ગામમાં આરામ ફરમાવી રહ્યા છે.' ત્યારે તેઓએ સંતોને વાત કરી કે 'જો સ્વામીજી અહીં આવી શકે તેમ ન હોય તો હું ત્યાં એમનાં દર્શન કરવા આવું.'

આમ, સ્વામીશ્રીનાં દર્શન કરવાની એમના અંતરની પ્રબળ ઇચ્છાને કારણે તેમનો ગુજરાત આવવાનો કાર્યક્રમ નક્કી થયો. વિમાન દ્વારા તેઓ અમદાવાદ આવ્યા. ત્યાંથી હેલિકોપ્ટર દ્વારા ૨:૪૦ વાગે સારંગપુર પહોંચ્યા.

હેલિપેડ પર જ વિવેકસાગરદાસ સ્વામી અને સંતોએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. બોટાદના કલેક્ટર શ્રી વિનોદકુમાર વર્મા તથા એસ.પી. શ્રી ચૌધરી સાહેબે પણ તેઓને આવકાર્યા. અહીંથી ખુલ્લી કારમાં બેસીને તેઓ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિરના સંકુલમાંથી પસાર થયા. વિદ્યામંદિરના છાત્રોએ તેમના માર્ગમાં થોડા થોડા અંતરે ઊભા રહીને, સંસ્થાની આવાં વિદ્યાલયો દ્વારા થતી શૈક્ષણિક પ્રવૃત્તિઓ તથા સંસ્કાર-પ્રદાન અને વ્યક્તિત્વ-વિકાસની અનેકવિધ પ્રવૃત્તિઓનો આછો ચિતાર વિવિધ માધ્યમો દ્વારા પ્રસ્તુત કરીને તેઓને વિશિષ્ટ રીતે આવકાર્યા.

૨:૫૦ વાગે તેઓ મંદિરના સ્વાગત કક્ષમાં આવ્યા. અહીં વિવેકસાગરદાસ સ્વામી, આત્મસ્વરૂપદાસ સ્વામી, જ્ઞાનેશ્વરદાસ સ્વામી તથા બ્રહ્મવિહારીદાસ સ્વામીએ તેમને સત્કાર્યા તથા સારંગપુર ખાતે ચાલી રહેલા સંત તાલીમ કેન્દ્રની વિસ્તારપૂર્વક માહિતી આપી. શ્રી કલામ સાહેબે પણ ઊંડો રસ લઈને પ્રશ્નો પૂછીને પોતાની જિજ્ઞાસા સંતોષી હતી. સ્વામીશ્રીના અધ્યાત્મ-ઉત્થાન અને સંસ્કૃતિના વિકાસના આવા નક્કર કાર્યથી તેઓ અત્યંત પ્રભાવિત થયા હતા.

અહીં વાતચીત દરમ્યાન તેઓએ સંતોને પૂછ્યું : 'When will we meet Swamiji?'

સંતોએ કહ્યું : 'ભોજન પછી આપણે સ્વામીશ્રીને મળવા જઈશું.'

૩:૦૭ વાગે તેઓએ બપોરનું ભોજન લીધું. તે દરમ્યાન તેઓએ સ્વામીશ્રીએ સારંગપુરમાં પૂર્વે ઊજવેલા પુષ્પદોલોત્સવની વીડિયો નિહાળી હતી. સ્વામીશ્રી અત્યંત આનંદમાં આવીને સંતો તેમ જ હરિભક્તોને રંગે રંગી રહ્યા છે તે દૃશ્ય જોઈને તેઓ ખૂબ રાજી થયા ને કહે : 'Fantastic... fantastic... Swamiji is very energetic.'

તેઓ એટલા બધા રાજી થઈ ગયા કે સ્વામીશ્રી આ વખતે પણ જરૂર રંગોત્સવ કરશે. (This time also Swamiji will celebrate Holi)

ભોજન પછી જ્યારે તેઓ સ્વામીશ્રીને મળવા આવી રહ્યા હતા, ત્યારે બ્રહ્મવિહારીદાસ સ્વામીએ રસ્તામાં તેમને વાત કરી કે 'સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય સારું નથી, એટલે કદાચ તેઓ તમારી સાથે ઝાઝી વાતચીત નહીં કરી શકે. કદાચ જોઈએ એવો પ્રતિભાવ પણ ન

આપે. કદાચ આરામમાં પણ હોય...'

૩:૪૦ વાગે શ્રી કલામ સાહેબ 'પ્રમુખ ઉદ્યાન'માં સ્વામીશ્રી પાસે આવ્યા.

સ્વામીશ્રી ઉદ્યાનમાં અષ્ટકોણ આકારની સુશોભિત છત્રી નીચે બિરાજ્યા હતા. શ્રી કલામે નીચા નમી સ્વામીશ્રીને પ્રણામ કર્યા.

સ્વામીશ્રીએ ગુલાબ-મોગરાનો સુંદર હાર તેમને પહેરાવીને સત્કાર્યા. સ્વામીશ્રીએ હસતાં હસતાં લંબાવેલો હાથ તેઓએ પોતાના બંને હાથે પકડી લીધો. તેઓ હસતાં હસતાં કહે : 'આપને મળીને ઘણો આનંદ થયો. હું આપના ગુરુ શાસ્ત્રીજી મહારાજનાં દર્શન (સભા-મંડપમાં) કરીને આવું છું.'

સ્વામીશ્રી તે સાંભળીને રાજી થયા.

તેઓની સાથે આવેલા તેઓના પરમ મિત્ર અને ભારતના જાણીતા વૈજ્ઞાનિક ડૉ. વાય. એસ. રાજને પણ સ્વામીશ્રીના આશીર્વાદ લીધા. તેઓને પણ પુષ્પમાળા પહેરાવીને સ્વામીશ્રીએ સત્કાર્યા. સ્વામીશ્રીના દીર્ઘાયુની કામના કરતાં શ્રી રાજન કહે : 'આપે સો વરસ સુધી રહેવાનું છે. આપ નાના હતા ત્યારે ક્રિકેટ રમતા ને? તેની જેમ સેન્ચુરી (સો વરસ) વિના છોડવાનું નથી.'

શ્રી કલામ સાહેબ સાથે આવેલા તેમના મિત્ર અને ખ્યાતનામ લેખક શ્રી અરુણ તિવારીએ પણ સ્વામીશ્રીના આશીર્વાદ લીધા. તેમને સ્વામીશ્રીએ પુષ્પમાળાથી સત્કાર્યા. શ્રી તિવારીએ પરંપરાગત રીતે સ્વામીશ્રીને સાફાનું વસ્ત્ર ઉપહાર રૂપે અર્પણ કર્યું.

શ્રી કલામના સેક્રેટરી શ્રી પ્રસાદે પણ સ્વામીશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા. સ્વામીશ્રીએ તેમને પણ પુષ્પમાળા પહેરાવી.

શ્રી કલામે સ્વામીશ્રીને શાલ અર્પણ કરીને સત્કાર્યા. ત્યારબાદ સ્વામીશ્રી સન્મુખ ગોઠવવામાં આવેલા આસન પર તેઓ બેઠા.

તેઓ સ્વામીશ્રી સાથે વાત કરવા જતાં ઊભા થઈ ગયા. સ્વામીશ્રીની પાસે આવી સ્વામીશ્રીનો હાથ શોધીને પકડ્યો. પછી કહે : ''દિલ્હી અક્ષરધામ વિશે મેં મારા અનુભવ પ્રમાણે લખ્યું છે. મારા અંતરની વાત લખી છે. અક્ષરધામમાં આવતાં પહેલાં બે અમેરિકન કુટુંબોને હું મળ્યો છું. તેમના અનુભવની વાત મેં તેમાં લખી છે. એ કુટુંબોએ મને વાત કરી કે 'અક્ષરધામમાં અમે આવ્યા તે અમે અમારા ઘરમાં આવ્યા છીએ એવું અમને લાગ્યું છે. અમે આપના બહુ આભારી છીએ કે આપે બહુ જ મોટી સંસ્થા બનાવી.' તેઓ અક્ષરધામમાંથી વિદાય થઈ રહ્યા હતા ત્યારે એવો એમને અનુભવ થયો કે જાણે તેઓ પોતાની માતાથી વિખૂટા ન પડતા હોય?''

શ્રી કલામે પોતાના ભોજન દરમ્યાન જોયેલી ફૂલદોલ ઉત્સવની વીડિયોને યાદ કરતાં સ્વામીશ્રીને કહ્યું: 'આપ ફૂલદોલ ઉત્સવમાં ભાગ લો છો, તેનાથી લોકો કેટલા બધા રાજી થાય છે! આ ઉત્સવને મોટા પાયે કરો તો આખા બ્રહ્માંડમાં તે ફેલાઈ જાય.'

શ્રી કલામે સ્વામીશ્રીએ ગળામાં પહેરેલી માળાનો સ્પર્શ કરીને તેની ઇચ્છા પ્રગટ કરી. સ્વામીશ્રી તરત હસી પડ્યા. સંતોએ સ્વામીશ્રીના ગળામાંથી માળા કાઢી આપી. શ્રી કલામ સાહેબને આપવા માટે સ્વામીશ્રીના હાથમાં માળા આપવાનો પ્રયત્ન કર્યો, પરંતુ સ્વામીશ્રીએ શ્રી કલામ સાહેબનો હાથ પકડી રાખ્યો હતો તે બંને હાથે જરા વધુ મજબૂત પકડ્યો. થોડી વાર પછી એકદમ મુક્ત હાસ્ય રેલાવીને સ્વામીશ્રીએ તેમનો હાથ છોડ્યો. સંતોએ સ્વામીશ્રીના હાથમાં માળા આપી. શ્રી કલામે મસ્તક નમાવ્યું. સ્વામીશ્રીએ તેમના કંઠમાં માળા પહેરાવી દીધી. તે પછી ફરી સ્વામીશ્રીએ તેઓનો હાથ ઝાલ્યો. શ્રી કલામ કહે : 'જુઓ, એમને મારા માટે પ્રેમ છે. તેઓએ હાથ મજબૂત પકડ્યો છે.'

સ્વામીશ્રીનો અત્યંત સ્નેહભર્યો સ્પર્શ કોઈ દિવ્ય અને અકથ્ય અનુભૂતિથી તેઓને તરબતર કરી રહ્યો હોય એવું તેમના મુખમંડલ પરથી ઉપસ્થિત સૌ કોઈ અનુભવી શકતું હતું.

શ્રી કલામ કહે : 'આપે એટલી મોટી સંસ્થા બનાવી છે કે કરોડો લોકો તેનાથી લાભાન્વિત થયા છે, કરોડો લોકો આપના કાર્યથી રાજી થયા છે. યુવાનો ને વડીલો સૌ આપના કાર્યથી રાજી છે. આપે જે કાર્ય કર્યું છે તે અમે અખંડ યાદ રાખીશું.'

સ્વામીશ્રીએ ઝાલી રાખેલો હાથ બતાવતાં શ્રી કલામને બ્રહ્મવિહારીદાસ સ્વામી કહે : 'આ સ્વામીશ્રીની આપના પ્રત્યેની સ્નેહની નિશાની છે.'

સંતો સાથેની વાતચીતમાં જ્યારે તેઓએ જાણ્યું કે 'સ્વામીશ્રી છેલ્લા કેટલાય મહિનાઓથી અન્ન જમતા નથી, માત્ર પ્રવાહી ગ્રહણ કરે છે;' ત્યારે લાગણીપૂર્વક

તેઓ સ્વામીશ્રીને કહેવા લાગ્યા : 'સ્વામીજી ! આપે જમવું પડશે.' સ્વામીશ્રીએ તે સાંભળીને પ્રત્યુત્તર રૂપે આછું સ્મિત કર્યું.

શ્રી કલામ સાથેના વાર્તાલાપ દરમ્યાન હરિકૃષ્ણ મહારાજ પધાર્યા. સ્વામીશ્રીએ ભાવથી દર્શન કર્યાં. હરિકૃષ્ણ મહારાજના વાઘામાં અંગ્રેજીમાં 'Eternal' લખ્યું હતું. સ્વામીશ્રીએ ખોળામાં ધારણ કરેલા ઓશીકાના કવર ઉપર પણ એ જ રીતે 'Eternal' લખ્યું હતું. સંતોએ તે તરફ સ્વામીશ્રી ને શ્રી કલામ સાહેબનું ધ્યાન આકૃષ્ટ કરતાં કહ્યું : 'ભગવાન અને ગુણાતીત સંત શાશ્વત છે. એમની સાથેનો આપનો સંબંધ પણ શાશ્વત છે.

સ્વામીશ્રી અને શ્રી કલામ સાહેબ પરસ્પર એકબીજા સામું જોઈને હસી પડ્યા.

શ્રી તિવારીને નજીક બોલાવી વાત કરતાં સંતોએ કહ્યું : 'બાપા ! શ્રી કલામ સાહેબ અને શ્રી તિવારી બંને સાથે મળીને આપની સાથે થયેલા દિવ્ય અનુભવોને આલેખતું એક પુસ્તક લખવાના છે.'

શ્રી તિવારીએ સ્વામીશ્રીના એ માટે આશીર્વાદ લીધા. સ્વામીશ્રીએ તેમને પણ માળા પહેરાવીને આપી. શ્રી કલામને માથે હાથ મૂકીને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા.

સ્વામીશ્રીએ તેઓને દિલ્હી અક્ષરધામનો ફોટો, સૂકો મેવો ને મીઠાઈની છાબ તથા ફૂલોની છાબ સ્મૃતિ-ભેટ રૂપે આપ્યાં. વિવેકસાગરદાસ સ્વામીએ સ્વામીશ્રીનો ફોટો તેઓને અર્પણ કર્યો.

આત્મસ્વરૂપદાસ સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું : 'સાહેબનો સંકલ્પ છે કે ૨૦૨૦ની સાલ સુધીમાં ભારત દેશ વિકસિત દેશ તરીકે વિશ્વમાં ઊભરી આવે. તેમનો આ સંકલ્પ પૂરો થાય એવા આશીર્વાદ આપો.'

સ્વામીશ્રીએ પોતાના બંને હાથ શ્રી કલામના મસ્તકે મૂકીને તેમનો આ સંકલ્પ પૂર્ણ થાય તેવા આશીર્વાદ પાઠવ્યા.

સ્વામીશ્રી ત્યારબાદ પોતાના શયનકક્ષમાં પધાર્યા. અહીંની કાચની વિશાળ બારીમાંથી શ્રી કલામ સાહેબની સાથે આવેલા મહાનુભાવોને સ્વામીશ્રીએ દર્શન આપ્યાં. સંતોએ તેમને પુષ્પમાળાથી સત્કારી પ્રસાદ આપ્યો. શ્રી કલામ પણ અહીં આવીને બિરાજી ગયા. સંતોએ – 'સ્વામીશ્રી અહીંથી સંતો-હરિભક્તોને દર્શન આપતા હોય છે' તે વાત જણાવી.

સ્વામીશ્રીએ કરકમળોમાં ધારણ કરેલી છડી શ્રી કલામ સાહેબને સ્મૃતિભેટ રૂપે આપવામાં આવી. તેઓએ અહોભાવ સાથે સ્વામીશ્રીની આ કૃપાપ્રસાદી ગ્રહણ કરી.

૪:૧૦ વાગે શ્રી કલામ 'યજ્ઞપુરુષ મંડપમ્'માં યોજાયેલી સભામાં પધાર્યા. સંતો, હરિભક્તો અને વિદ્યા-મંદિરના બાળકોથી સભાગૃહ ચિક્કાર ભરાઈ ગયો હતો.

શ્રી કલામે સભાને સંબોધતાં કહ્યું : 'હું (હમણાં) મહાપ્રમુખ સ્વામીને મળીને આવ્યો છું.

મને ખ્યાલ છે કે અક્ષરધામની ડિઝાઈન (પ્લાન) તેમણે મને બતાવી હતી. એ વખતે મેં વિચાર્યું નહોતું કે આ અક્ષરધામનાં દર્શને લાખો-કરોડો લોકો આવશે. તેઓએ અક્ષરધામ કેવી રીતે બનાવ્યું તે પણ મેં જોયું.'

તાજેતરની સ્વામીશ્રીની મુલાકાતને સંભારતાં તેઓ કહે : '(અમે મળ્યા, ત્યારે) તેઓ હસ્યા. જ્યારે પ્રમુખસ્વામી હસે છે ત્યારે આખું વિશ્વ હસે છે. (When Swamiji smiles, the whole world smiles.)'

સ્વામીશ્રીએ વિશ્વને આપેલી અનેક અણમોલ ભેટને યાદ કરીને તેઓએ કહ્યું : 'જે આપે છે તે સંત છે.'

આ પ્રસંગે શ્રી કલામે સભામાં ઉપસ્થિત વિદ્યા-મંદિરનાં બાળકોને પણ સંબોધ્યા હતા. પોતે વાંચેલા સ્વામીશ્રી વિષેના વાક્યને વિદ્યાર્થીઓ સમક્ષ બોલતાં કહ્યું : 'Maha Pramukhswamiji has a heart where in the whole world can live.' આ વાક્ય તેમણે બાળકો પાસે પણ બોલાવડાવીને તેમને ઘૂંટાવ્યું.

સભા પછી મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરીને ૫:૧૫ વાગે તેઓ સ્વામીશ્રીનાં દર્શન, સ્પર્શ ને સ્નેહની એક અવિસ્મરણીય સ્મૃતિ લઈને અત્રેથી વિદાય થયા હતા.

એ જ રાત્રે શ્રી કલામે સ્વામીશ્રી સાથેના પોતાના અનુભવને વાચા આપતા પુસ્તકના લેખન અંગે શ્રી અરુણ તિવારી સાથે એક કલાક ચર્ચા કરી હતી. છેલ્લે તેઓએ કહ્યું : 'Tiwari, If we do not complete the book on Pramukh Swami, and hand it to him, it will be our bigest mistake.'

સ્વામીશ્રીના કથળતા સ્વાસ્થ્યને અનુલક્ષી વહેલામાં વહેલી તકે આ પુસ્તકનું લેખન કરીને સ્વામીશ્રીનાં પુનીત કરકમળોમાં તે અર્પણ કરવા માટે તેઓ જેટલા તત્પર

અને ઉત્સુક હતા, તે તેઓની સ્વામીશ્રી પ્રત્યેની લાગણી અને મૈત્રીના ઊંડાણને અભિવ્યક્ત કરી રહી હતી.

•

તા. ૧૭-૩-૨૦૧૪, સારંગપુર

સ્વામીશ્રીના સાંનિધ્યમાં દર વર્ષે સારંગપુર ખાતે ફૂલદોલ ઉત્સવ શાનદાર રીતે ઊજવાય છે. દેશ-વિદેશથી પધારતા લાખો ભક્તો સ્વામીશ્રીના રંગે રંગાવા માટે ઊમટતા હોય છે. આ વર્ષે પણ એ જ રીતે આ ઉત્સવનું ભવ્યતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. સ્વામીશ્રીના નાદુરસ્ત સ્વાસ્થ્યને કારણે, તેઓશ્રી ઉત્સવ-સ્થળે પધારશે કે નહીં? તેની અવઢવ સૌ મનમાં અનુભવી રહ્યા હતા, પરંતુ પોતાના લાડીલા ભક્તોના મનોરથ પૂર્ણ કરવા સ્વામીશ્રી પોતાના સ્વાસ્થ્યની પણ દરકાર કર્યા વિના તેઓને દર્શનસુખ આપવા ને રંગે રમાડવા તત્પર થઈ ગયા.

સાંજે ૫:૪૧ વાગે પુષ્પદોલોત્સવ સ્થળે જવા પ્રયાણ કર્યું. સ્વામીશ્રીની વ્હીલચૅર વાનમાં ગોઠવવામાં આવી. વિદ્યામંદિરની પાછળ આવેલી વાડીમાં આ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આજ સવારથી જ ઉત્સવનો લાભ લેવા ઊમટેલા હરિભક્તો મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરીને આતુરતા-પૂર્વક સ્વામીશ્રીનાં દર્શન અને ઉત્સવનો આનંદ લૂંટવા ઉત્સુક બન્યા હતા.

બપોરે ૩:૩૦ વાગ્યાથી ઉત્સવ-સ્થળે સૌને પ્રવેશ અપાયો. સંતો ને સ્વયંસેવકોની સૂચના અનુસાર હરિભક્તો પોતાનું સ્થાન ગ્રહણ કરતા હતા. ખુલ્લા આકાશ તળે હકડેઠઠ બેઠેલા માનવ મહેરામણની સામે વિશાળ મંચ શોભી રહ્યો હતો. આ વર્ષે પુષ્પદોલોત્સવનો મધ્યવર્તી વિચાર હતો – 'યજ્ઞપુરુષના રંગે.' ઉત્સવમંચ પર પણ આ વિચાર સાથેનું સુશોભન ઓપી રહ્યું હતું. શાસ્ત્રીજી મહારાજે પ્રગટ થઈ ઉપાસનાનાં મંદિરો રચ્યાં ને શ્રીહરિ પ્રબોધિત ઉપાસનાના રંગો સર્વત્ર પ્રસરાવ્યા હતા. મંચ ઉપર પણ બરાબર મધ્યમાં ૧૭ ફૂટ ઊંચી શાસ્ત્રીજી મહારાજની ભવ્ય પ્રતિમા સૌ ભક્તો પર આશિષ વરસાવી રહી હતી. એમાંથી સ્ફૂટ થતી ઉપાસનાના ઘેરા રંગોની ધારા સૌનાં હૈયાંને ઉપાસનાના રંગે રંગવા વહી રહી હતી. પાર્શ્વભૂમાં શાસ્ત્રીજી મહારાજે રચેલાં ઉપાસનાનાં મંદિરોનાં પ્રતીકો, યાવત્ચ્ચદ્રદિવાકરૌ આ અવનિ પર શુદ્ધ ઉપાસનાની ધજાઓ લહેરાતી રહેશે તેનો અર્થ સૂચિત કરતાં હતાં.

બરાબર ૫:૦૦ વાગે ઉત્સવસભાનો આરંભ થયો. આજની ઉત્સવસભામાં 'શાસ્ત્રીજી મહારાજ સાર્ધ શતાબ્દી મહોત્સવ' ઉપક્રમે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સમગ્ર વર્ષ દરમ્યાન યોજાનાર વિશિષ્ટ કાર્યક્રમો તથા યોગયજ્ઞ વિષયક પ્રવચનો વરિષ્ઠ સંતોએ પ્રસ્તુત કર્યાં.

બરાબર ૬:૧૨ વાગે સ્વામીશ્રી મંચ પર દશ્યમાન થયા. સ્વામીશ્રીએ મસ્તકે શાસ્ત્રીજી મહારાજ જેવી પાઘ ધારણ કરી હતી. ભાલે કેસર-ચંદનની આડ વચ્ચે તિલક-ચાંદલો શોભતો હતો. ગળામાં તુલસીની માળા ધારણ કરી હતી. ઉપવસ્ત્રની ખોલેલી પાટલીની સોળ સુંદર ભાત ઉપસાવતી હતી. આછા ભગવા વસ્ત્રથી છેક ચરણ સુધીનો ભાગ ઢંકાયેલો હતો. ખોળામાં રાખેલા ઓશીકાના કવર ઉપર શાસ્ત્રીજી મહારાજે રચેલાં ઉપાસના-મંદિરોના પ્રતીકરૂપ મંદિરની આઉટલાઇન ઉપસાવી હતી. સાથે સાથે આજના રંગોત્સવને અનુલક્ષીને વિવિધ રંગોની છોળોથી તેને ભાતીગળ કર્યું હતું.

સ્વામીશ્રીની જમણી બાજુએ સુવર્ણરંગી, સુંદર નકશીકામવાળું સિંહાસન હતું. તેના પર હરિકૃષ્ણ મહારાજને પધરાવ્યા હતા. હરિકૃષ્ણ મહારાજનું આસન પણ સુંદર કોતરણીવાળા સુવર્ણરંગી ગજરાજોથી અલંકૃત હતું. હરિકૃષ્ણ મહારાજનાં કરકમળોમાં નાની ને નાજુક પિચકારી આપવામાં આવી હતી. સ્વામીશ્રીનાં કરકમળોમાં પણ નાની નકશીદાર સુવર્ણરંગી પિચકારી આપવામાં આવી.

મંચ પર સ્વામીશ્રીનાં દર્શન થતાં જ ભક્ત મહેરામણે પ્રચંડ તાલીનાદ, જયનાદો અને હર્ષોલ્લાસથી ગગન ગજાવ્યું. નાજુક સ્વાસ્થ્યને કારણે સ્વામીશ્રી ઉત્સવ સભામાં આવશે કે નહીં આવે? એવી મનમાં ઊંડે ઊંડે પણ અવઢવ અનુભવતા આ ભક્તોએ, જ્યારે પોતાના પ્રાણપ્યારા ગુરુહરિને પ્રત્યક્ષ નયણે નીરખ્યા ત્યારે તેમના આનંદની કોઈ સીમા ન રહી. કેટલાય ભક્તોની આંખોમાં હર્ષનાં આંસુ છલકાઈ આવ્યાં. છેલ્લા અઢી કલાકથી વધારે સમયથી આ ભક્તો ગુરુહરિના પાવનકારી રંગે રંગાવાના અવસરની રાહ જોઈને ચાતક નજરે પ્રતીક્ષા કરી રહ્યા હતા, તે સુવર્ણ પળ આવી પહોંચી હતી.

સ્વામીશ્રીએ સૌપ્રથમ કરમાં ગ્રહણ કરેલી નાની નકશીદાર પિચકારી વડે હરિકૃષ્ણ મહારાજને કેસર-મિશ્રિત જળથી અભિષિક્ત કર્યા. ત્યારબાદ ૬:૧૫ મિનિટે રંગોત્સવનો શુભારંભ કર્યો. પોતાની બંને બાજુએ સુશોભિત પિચકારી આકારના રિમોટને કરમાં ગ્રહણ કરીને સ્વામીશ્રીએ હરિભક્તો પર રંગવર્ષા શરૂ કરી. મંચના અગ્ર ભાગમાં મૂકવામાં આવેલી ૬ પિચકારીઓમાંથી ૪૦ ફૂટ સુધી દૂર જતા રંગના ફુવારાઓએ સર્વત્ર રંગની બોછાર કરી દીધી. હરિભક્તોનો વિશાળ સમૂહ મંચ સમીપે આવીને પ્રાસાદિક રંગે રંગાવા લાગ્યો. નાનાં ભૂલકાંઓથી માંડીને વયોવૃદ્ધ હરિભક્તોના અંતરમાં ભક્તિતણાં પૂર ઊમટ્યાં હતાં. સૌ કોઈને હૈયે હરખની હેલી ઊમટી હતી. સ્વામીશ્રીએ એક પછી એક વડીલ સંતોને પણ રંગ છાંટીને અદ્‌ભુત સ્મૃતિ આપી. ઊપડતી લયનાં કીર્તનોના તાલે નાચગાન કરતાં સૌ કોઈ આજના ઉત્સવને મન ભરીને માણતાં માણતાં આગળ વધી રહ્યા હતા.

૭:૦૪ સુધી રંગોત્સવનો લાભ આપ્યો. અર્થાત્ એક કલાક સુધી રંગવર્ષા કરીને સ્વામીશ્રીએ સૌને બ્રહ્મરસમાં તરબોળ કરી દીધા.

કુલ ૮૭,૦૦૦ હરિભક્તો(સ્વયંસેવકો સહિત)એ સભાનો લાભ લીધો હતો. ૪૬,૦૦૦ પુરુષોએ સ્વામીશ્રીના હસ્તે રંગાવાનો લાભ લીધો હતો.

૭:૫૫ વાગે સ્વામીશ્રી રૂમમાં પધાર્યા. 'સ્વામીશ્રી ઉત્સવમાં પધારશે કે નહીં પધારે ?', 'પધારશે તો પાંચ-દસ-પંદર મિનિટ દર્શનલાભ આપીને વિદાય થઈ જશે...' એવી અનેક અવધારણાઓનો છેદ ઉડાડીને, સ્વામીશ્રીએ પોતાના નાદુરસ્ત સ્વાસ્થ્યની પણ કોઈ પરવા ન કરીને પોતાના પ્રેમીભક્તોના લાડકોડ પૂરા કર્યા !

•

તા. ૧૮-૩-૨૦૧૪, સારંગપુર

૧૧:૦૫ વાગે સ્વામીશ્રી 'પ્રમુખદર્શન વાટિકા'માં યોજાયેલી સંતોની વિશિષ્ટ સભામાં પધાર્યા. રેમ્પ ઉપર પ્લાયવુડની પેનલ ગોઠવીને સુંદર સજાવટ કરી હતી. પેનલ પર સુંદર કોતરણીવાળા પથ્થરની ડિઝાઇન છાપવામાં આવી હતી. તેના મધ્ય ભાગમાં લાલ રંગના ઝૂલવાળા પડદાની પીછવાઈ હતી. સ્વામીશ્રીની વ્હીલચેર તેની આગળ ગોઠવવામાં આવી. સ્વામીશ્રીના આસનની જમણી તરફ સુંદર કોતરણીવાળા આસન પર હરિકૃષ્ણ મહારાજને પધરાવવામાં આવ્યા હતા. સ્વામીશ્રીની જમણી બાજુએ પિચકારી આકારનું રિમોટ ગોઠવવામાં આવ્યું હતું.

સ્વામીશ્રીના મંચ ઉપર ગોઠવાયા પછી નારાયણ-મુનિદાસ સ્વામીએ ઉદ્‌ઘોષણા કરતાં કહ્યું : 'બાપા ! જય સ્વામિનારાયણ. સ્વામીબાપા આજે આપણને સૌને આત્મા-પરમાત્માના રંગે, શાસ્ત્રીજી મહારાજના રંગે રંગવાના છે. બરાબર ને સ્વામીબાપા ?'

સ્વામીશ્રીએ તરત મંદ સ્મિત કરીને હા કહી. સંતો તે નિહાળીને અત્યંત રાજી થઈ તાળી પાડી ઊઠ્યા. તે સાથે તરત જ માઇક પરથી *'આજ મારે ઘેર, થાય લીલા લહેર...'* કીર્તન વાગવું શરૂ થયું. ૧૧:૧૦ વાગે રંગોત્સવનો આરંભ થયો. પ્રથમ મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી, કોઠારી સ્વામી, ત્યાગવલ્લભ સ્વામી, ઈશ્વરચરણ-દાસ સ્વામી, વિવેકસાગરદાસ સ્વામી, ઘનશ્યામચરણદાસ સ્વામી આદિ વરિષ્ઠ સંતો અને વડીલ સંતો આવ્યા. સ્વામીશ્રીએ તેમને સારી પેઠે રંગ્યા. સ્વામીશ્રીના રંગે રંગાતાં કોઠારી સ્વામી તો આનંદમાં આવી મુજરા કરવા લાગ્યા. આચાર્ય સ્વામી પણ પોતાની લાક્ષણિક શૈલીમાં નૃત્ય કરવા લાગ્યા. ત્યારબાદ એક પછી એક સંતો, પાર્ષદો ને સાધકો લાઇનમાં સ્વામીશ્રીની સન્મુખ આવવા લાગ્યા. સ્વામીશ્રી તે સૌને પોતાના પ્રેમરંગથી રંગીને કૃતાર્થ કરી રહ્યા હતા. સૌ સંતો પણ સ્વામીશ્રીના રંગથી રંગાઈને પોતાને કૃતકૃત્ય માનતા હતા. સ્વામીશ્રીએ જમણા હાથે ઝાલેલી પિચકારી ક્યારેક આમ-તેમ હલાવીને, તો ક્યારેક ઊંચી કરીને દૂર બેઠેલા સંતો પર રંગની ધારા વહાવીને આનંદ કરાવતા હતા.

૧૧:૨૫ વાગે સૌ સંતો રંગાઈ ગયા હતા, છતાં સ્વામીશ્રીની રંગની ઝડી અવિરત ચાલુ હતી. સૌ સંતો ફરી પિચકારીની ધારા આગળ આવીને આનંદ વ્યક્ત કરવા લાગ્યા. માઇક પર પણ એક પછી એક કીર્તનની રમઝટ જામતી હતી. સૌને સુખસાગરમાં તરબોળ કરીને રંગોત્સવ પૂરો કર્યો.

સમાપનમાં *'આનંદ ઉત્સવ થાય છે રે, દાદા તણે દરબાર...'* કીર્તન વાગવું શરૂ થયું. સ્વામીશ્રીના હાથમાં લાલ રંગની છડી આપવામાં આવી હતી. સ્વામીશ્રી તે ઉપર-નીચે હલાવવા લાગ્યા ને સૌનાં હૈયાં ફરી હિલોળે

ચઢ્યાં. ઘનશ્યામબાપા મુજરા કરવા લાગ્યા. સ્વામીશ્રી તેમની સામું જોઈને મંદ મંદ હસવા લાગ્યા.

કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ સૌ સંતો વતી સ્વામીશ્રીને પ્રાર્થના કરી. ત્યારબાદ સ્વામીશ્રીએ મહંત સ્વામી, કોઠારી સ્વામી, ઘનશ્યામચરણદાસ સ્વામી આદિ સંતો ઉપર દડા નાંખીને તેમને આશીર્વાદ આપ્યા. આ પ્રસંગે તમામ સંતો વતી વડીલ સંતોએ વિવિધ કલાત્મક હાર તથા ચાદર સ્વામીશ્રીને અર્પણ કરીને સત્કાર્યા.

•

તા. ૨૭-૩-૨૦૧૪, સારંગપુર

ગઈકાલે સ્વામીશ્રીને શરદી અને કફની તકલીફ હોવાને કારણે ડૉક્ટરોએ સારવાર કરીને આખો દિવસ સ્વામીશ્રીને વિશ્રામ કરાવ્યો હતો.

આજે સવારે સ્વામીશ્રી વહેલા જાગ્યા. બી.પી. મપાયાં પછી નિત્યકર્મથી પરવાર્યા. મહંત સ્વામી આજે વિદાય થતા હોવાથી સ્વામીશ્રીને મળવા આવ્યા. સ્વામીશ્રી તે વખતે પલંગમાં જમણે પડખે સૂતા હતા. મહંત સ્વામી પગે લાગ્યા એટલે સંતોએ વાત કરી : 'બાપા ! મહંત સ્વામી નીકળે છે.'

સ્વામીશ્રીએ મહંત સ્વામી સામું જોયું અને પૂછ્યું : 'ક્યાં જવાના છો ?'

તેમણે પોતાના વિચરણનો કાર્યક્રમ સ્વામીશ્રીને જણાવ્યો.

સ્વામીશ્રી કહે : 'ક્યારે જવાના છો ?'

તેઓ કહે : 'હમણાં જ નીકળીએ છીએ.'

સ્વામીશ્રીએ રાજી થતાં તેમને આશીર્વાદ આપ્યા.

ત્યારબાદ નારાયણમુનિદાસ સ્વામી પણ સ્વામીશ્રીને પગે લાગતાં બોલ્યા : 'બાપા ! હું પણ અમદાવાદ જાઉં છું.'

સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : 'શું લેવા જાવ છો ?'

તેઓ કહે : 'મીટિંગ છે એટલે.'

સ્વામીશ્રી કહે : કેટલા દિવસ માટે ?'

તેઓ કહે : 'બે-ત્રણ દિવસ થશે. પછી પાછો આવી જઈશ.'

સ્વામીશ્રી કહે : 'સારું.'

એમને આશીર્વાદ આપ્યા બાદ વિવેકસાગરદાસ સ્વામી સ્વામીશ્રીની નજીક આવ્યા અને કહે : 'બાપા ! હું મહુવા જઈ આવ્યો.'

સ્વામીશ્રી રાજી થતાં કહે : 'આપણે એકાદ વખત જવું છે.'

ગુણાતીત ગુરુવર્યના જન્મસ્થાનનો દર્શન-મહિમા સ્વામીશ્રીના મુખેથી સહેજે સરી પડ્યો.

ઘણા દિવસોથી બહુધા મૌન રહેતા સ્વામીશ્રીને આ રીતે વાર્તાલાપ કરતાં નિહાળીને સૌને વિશેષ આનંદ થયો, અને ખાતરી પણ થઈ કે બહારથી મૌન સેવતા સ્વામીશ્રી જ્યારે એમની ઇચ્છા હોય છે ત્યારે, એમને જે અને જેટલું કહેવું હોય તે કહે જ છે.

•

તા. ૩૦-૩-૨૦૧૪, સારંગપુર

સવારે સ્વામીશ્રીએ નિત્યકર્મથી પરવાર્યા પછી પોતાના શયનકક્ષમાંથી હરિભક્તોને દર્શન આપ્યાં.

પડદો બંધ થયા પછી સેવક સંતોએ થોડી ગમ્મત કરીને સ્વામીશ્રીને હસાવ્યા. નારાયણચરણદાસ સ્વામીએ સ્વામીશ્રીનાં કરકમળોમાં માર્ચ મહિનાનું 'સ્વામિનારાયણ પ્રકાશ' આપ્યું. તેમાં પહેલા જ લેખનું શીર્ષક વાંચતાં સ્વામીશ્રી બોલ્યા : 'આ છે બ્રહ્મની સ્થિતિ.'

સ્વામીશ્રીના મુખની વાણી સાંભળી સૌ રાજી થયા.

૧૧:૦૦ વાગે શયનકક્ષનો પડદો ખોલી નાખવામાં આવ્યો. દર્શન માટે સંતો બેઠા હતા. સ્વામીશ્રીને 'સ્વામિનારાયણ પ્રકાશ' વાંચતા જોઈને સૌ રાજી થયા.

નારાયણચરણદાસ સ્વામીએ પાનાં ફેરવીને કોલકાતામાં થયેલી મૂર્તિપ્રતિષ્ઠાનો લેખ કાઢી બતાવ્યો. સ્વામીશ્રીને પૂછ્યું : 'શું લખ્યું છે ?' તરત સ્વામીશ્રીએ લેખનું શીર્ષક વાંચ્યું : 'પૂર્વ ભારતમાં સ્વામિનારાયણીય શુદ્ધ ઉપાસનાનો સોનલ સૂરજ ઊગ્યો.'

સ્વામીશ્રીએ ત્યારબાદ 'સ્વામિનારાયણ પ્રકાશ'નું ટાઇટલ પેજ નિહાળ્યું.

નવા આવેલા સંતોનો પરિચય થઈ ગયા પછી ફરી સ્વામીશ્રીના હાથમાં અંગ્રેજી 'બાળપ્રકાશ' આપવામાં આવ્યું. સ્વામીશ્રીએ તેના છેલ્લા ટાઇટલ પર લખેલા અંગ્રેજી લખાણમાંથી 'Yog-yagna Niyam' તથા 'Shashtriji Maharaj' એટલું વાંચી બતાવ્યું. સંતો તે સાંભળીને રાજી થયા.

સ્વામીશ્રીના હાથમાં પછી 'Swaminarayan Bliss' આપવામાં આવ્યું. સ્વામીશ્રીએ તેમાં જામનગર તથા મહુવા શિખરબદ્ધ મંદિરના ફોટા નિહાળ્યા. મુખ-

પૃષ્ઠ બતાવીને સંતોએ પૂછ્યું : 'શું લખ્યું છે આ?' સ્વામીશ્રીએ તરત વાંચ્યું : 'Swaminarayan Bliss.'

•

તા. ૩૧-૩-૨૦૧૪, સારંગપુર

સવારે ૧૧:૩૨ વાગે સ્વામીશ્રીએ પોતાના શયન-કક્ષમાંથી હરિભક્તોને દર્શન આપ્યાં.

સ્વામીશ્રીએ ચશ્માં ધારણ કર્યાં હતાં. ખોળામાં ફરવાળું ભગવા રંગનું ઓશીકું મૂક્યું હતું. પીચ કલરના બેડસેટમાં કાષાય વસ્ત્રધારી સ્વામીશ્રી અત્યંત શોભતા હતા.

૧૧:૪૭ વાગે બીજી બેચમાં સારંગપુર વિદ્યા-મંદિરના ધોરણ ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓ દર્શન માટે બેઠા હતા. તેઓનાં જી.ઈ.ઈ.નાં ફોર્મ સ્વામીશ્રીએ પ્રસાદીનાં કર્યાં.

નારાયણચરણદાસ સ્વામીએ પૂછ્યું : 'બાપા! આપણા વિદ્યાર્થીઓ બોર્ડમાં નંબર લાવશે ને?'

સ્વામીશ્રીએ મસ્તક હલાવીને હા કહી.

વિવેકસાગરદાસ સ્વામીએ કહ્યું : 'પહેલો નંબર આપણા વિદ્યાર્થીનો હોવો જોઈએ.'

સ્વામીશ્રીએ મસ્તક હલાવીને તેમની વાતમાં પણ સમર્થન આપ્યું. બધા વિદ્યાર્થીઓ ખૂબ સારા માર્ક્સ સાથે પાસ થાય તેવા આશિષ આપ્યા.

•

રાત્રે ૧૧:૧૨ વાગે પણ સંતોને શયનકક્ષમાંથી દર્શન આપ્યાં. માઈક પર ચોસઠપદીમાંથી *'એવા ધામને પામવા કાજ...'* એ પ્રાપ્તિની ખુમારીનાં પદ વાગી રહ્યાં હતાં. તેનું શ્રવણ કરતાં સંતો પ્રગટ ગુરુરૂપ હરિનાં દર્શન કરવામાં તલ્લીન થયા હતા.

ભદ્રેશદાસ સ્વામીએ વાત કરી કે ફૂલદોલ ઉત્સવ અને દીક્ષા મહોત્સવની સેવાઓ પૂરી થયા પછી હવે આપણો વિદ્યાભ્યાસ શરૂ કરવામાં આવ્યો છે, તો આજના દિવસનો છેલ્લો વર્ગ સ્વામીશ્રી લેશે.'

તેમની જાહેરાત પૂરી થતાં સંતોએ *'શીદને રહીએ રે કંગાલ રે સંતો...'* કીર્તન ઉપાડ્યું. તે દરમ્યાન સ્વામીશ્રીની પાસે સ્લેટ લાવવામાં આવી. તેમાં લખ્યું હતું – *'જ્યારે મળ્યો મહામોટો લાભ...'* તે લાભ કયો? તે પ્રશ્ન લખીને નીચે ત્રણ વિકલ્પો મૂકવામાં આવ્યા હતા :

(૧) ધન,

(૨) કીર્તિ,

(૩) મહારાજ-સ્વામી અને ગુરુહરિ.'

સ્વામીશ્રી આગળ સ્લેટ ધરીને ઉત્તર જણાવવા સ્વામીશ્રીના હાથમાં પેન આપવામાં આવી. સ્વામીશ્રીએ લખાણ વાંચ્યા પછી ત્રીજા વિકલ્પ ઉપર નિશાની કરી. તરત સંતોને તે સ્લેટનું લખાણ બતાવીને સ્વામીશ્રીએ કરેલી નિશાની પણ બતાવી. સંતો તે નિહાળીને રાજી થયા. 'મહારાજ-સ્વામી અને ગુરુહરિની પ્રાપ્તિ થઈ છે એ જ મહામોટો લાભ મળ્યો છે' – એવો પાઠ સ્વામીશ્રી થકી ગ્રહણ કરી ધન્યતા અનુભવી.

બ્રહ્મસન્નિધિ



એપ્રિલ ૨૦૧૭

તા. ૨-૪-૨૦૧૪, સારંગપુર

બપોરે ૧૨:૪૫ વાગે હરિભક્તોને સ્વામીશ્રીનો દર્શન-લાભ પ્રાપ્ત થયો. સ્વામીશ્રી શયનકક્ષમાં પલંગમાં અઢેલીને બિરાજ્યા હતા.

કીર્તનોની રમઝટ વચ્ચે સ્વામીશ્રીએ હરિભક્તોને દર્શનસુખ પ્રદાન કર્યું. પડદો બંધ થયા પછી યોગવિવેક-દાસ સ્વામી સ્વામીશ્રીની નજીક આવ્યા ને પૂછ્યું : 'બાપા ! કંઈ કહેવું છે ?'

સ્વામીશ્રી સહજ રીતે બોલ્યા : 'બધા સુખી થાય.'

*'સર્વેત્ર સુખિનઃ સન્તુ'*ની વૈદિક ભાવના સ્વામીશ્રી આજીવન જીવતા આવ્યા છે, તેનો ધ્વનિ આજે પણ એમના હૃદયમાં ગુંજી રહ્યો છે – તેની અનુભૂતિ કરાવતું આ વાક્ય સાંભળી સૌ રાજી થયા.

થોડી વારના વિશ્રામ પછી સંતો રૂમમાં દાખલ થયા. ભદ્રેશદાસ સ્વામી જરા ગમ્મતના સ્વરમાં સ્વામીશ્રીને ઉદ્દેશીને બોલ્યા : 'અંદર આવીએ ? ઘરધણી કોણ છે ?'

તરત સ્વામીશ્રી કહે : 'મહારાજ.'

નારાયણચરણદાસ સ્વામી કહે : 'એ શ્રીજીમહારાજ આપનામાં અખંડ રહ્યા છે, એટલે ઘરધણી આપ પણ કહેવાઓ ને ?'

સ્વામીશ્રી સહેજ મસ્તક હલાવીને બોલ્યા : 'ના.' (મહારાજ જ કહેવાય).

સ્વામીશ્રીના એકાક્ષરી ઉત્તરમાં શ્રીહરિ પ્રત્યેની તેમની દાસત્વભક્તિનાં દર્શન થતાં હતાં.

•

૧:૩૦ વાગે સંતોને દર્શન આપ્યાં. અત્યારે વિદ્યાર્થી સંતો સામે બેઠેલા હોવાથી વિદ્યાભ્યાસનો માહોલ સર્જાયો હતો. માઇક પર પણ *'ભણવાના અમે ભણવાના...'* એ બાળગીત વાગતું હતું. સ્વામીશ્રીના કરમાં અધ્યાપકની સ્ટિક આપવામાં આવી. સ્વામીશ્રી તે ઉપર-નીચે હલાવતાં જાણે અધ્યાત્મશિક્ષાના વર્ગ લેવા સજ્જ બન્યા હતા.

સ્વામીશ્રીના હાથમાં એક સંતની માળા પ્રસાદીની કરવા આપવામાં આવી. સ્વામીશ્રીએ તરત માળાજાપ ચાલુ કરી દીધો. જેમને રોમે રોમમાં અખંડ ભજન થઈ રહ્યું છે, જેઓ સદા ભજનાનંદી છે તેવા સ્વામીશ્રી, સ્થૂળ ભજનની પણ એકેય તક શી રીતે જતી કરે ? આ ઉંમરે અને આવી તબિયતે પણ એમનો ભજન કરવાનો ઈશક જોઈને નવયુવાન સંતો અમૂલ્ય પ્રેરણાનો પાઠ શીખ્યા.

•

તા. ૩-૪-૨૦૧૪, સારંગપુર

બપોરે ૨:૪૦ થી ૩:૧૫ દરમ્યાન સ્વામીશ્રીએ 'અક્ષર ઝરૂખે' પધારીને સંતો-હરિભક્તોને દર્શન આપ્યાં. અત્યારે ભર બપોરે પણ 'પ્રમુખદર્શન વાટિકા' સંતો-હરિભક્તો અને વિદ્યામંદિરના બાળકોથી ચિક્કાર ભરાઈ ગઈ હતી. સૌને તડકા અને ગરમીથી રાહત મળે તે માટે ઠેર ઠેર કૂલર તથા ફોગર (fogger) મૂક્યાં હતાં. જોકે સૌને સ્વામીશ્રીનાં દર્શનસુખની મીઠી છાયા મળતાં તન-મનમાં ટાઢક અનુભવાતી હતી.

૩:૧૫ વાગે સ્વામીશ્રી પોતાના નિવાસમાં પધાર્યા.

સ્વામીશ્રી કાચની બેઠકરૂમમાં આવ્યા. ૩:૩૦ થઈ હતી. કોઈ બોલ્યું : 'સંતોને માનસી કરવાનો સમય થવા આવ્યો છે.'

હરિપ્રકાશદાસ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું : 'માનસી કોની કરવાની હોય ?'

પરમાનંદદાસ સ્વામીએ સ્વામીશ્રી તરફ આંગળી ચીંધીને કહ્યું : 'આ પ્રત્યક્ષ સ્વરૂપની.'

સ્વામીશ્રી તેઓની સામું જોઈ રહ્યા, પણ કંઈ બોલ્યા નહીં. એટલે નારાયણચરણદાસ સ્વામી કહે : 'એ

બરોબર કહે છે. પ્રગટની જ હોય ને! આજે મહારાજ સંત દ્વારા પ્રગટ છે. માટે એમની જ માનસી કરવાની હોય ને?'

સ્વામીશ્રીએ મસ્તક હલાવીને હા કહી.

•

તા. ૭-૪-૨૦૧૪, સારંગપુર

સવારે ૧૦:૩૦ વાગે સ્વામીશ્રીએ 'પ્રમુખદર્શન વાટિકા'માં પધારી સંતો-હરિભક્તોને દર્શન આપ્યાં. ત્યારબાદ પોતાના નિવાસમાં આવ્યા. હરિભક્તોની વસ્તુઓ પર પુષ્પ છાંટીને પ્રસાદીની કરી.

જ્ઞાનેશ્વર સ્વામીએ સ્વામીશ્રીના એક ફોટાને આગળ ધરતાં કહ્યું : 'રાજપીપળાના ક્ષત્રિય ભાવિક શ્રી ખુશાલસિંહને આપે સ્વપ્નમાં દર્શન દીધાં હતાં. તેમણે પ્રસાદીનો કરાવવા માટે મોકલેલો આ ફોટો છે.'

સ્વામીશ્રીએ તેના પર પુષ્પો છાંટ્યાં.

નામ તેમનું ખુશાલસિંહ દીપસિંહ સોલંકી. તેઓએ સ્વમુખે કહેલી સ્વામીશ્રીના દિવ્ય અનુભવની વાત યથાવત્ અહીં મૂકું છું...

''સ્વામીજી ! હું રાજપીપળામાં આવેલી 'મૉડલ બોયસ સ્કૂલ નંબર - ૩'માં પ્રિન્સિપાલ હતો. અત્યારે નિવૃત્ત છું. ૧૯૯૯માં મને ગુજરાત સરકારે 'શ્રેષ્ઠ શિક્ષક'નો ઍવોર્ડ રાજ્યપાલને હસ્તે એનાયત કર્યો હતો. ૨૦૦૦ની સાલમાં મને દિલ્હીમાં રાષ્ટ્રપતિશ્રીના હસ્તે 'શ્રેષ્ઠ શિક્ષક'નો ઍવોર્ડ અને સન્માન પ્રાપ્ત થયાં હતાં. જીવનભર પ્રામાણિકપણે થઈ શકી તેટલી શૈક્ષણિક સેવા કરી છે. જરૂરિયાતમંદ બાળકોને નિઃસ્વાર્થભાવે મદદ કરી છે.

મને આજથી સત્તર દિવસ પહેલાં મળસ્કે (વહેલી સવારે) એક સ્વપ્ન આવ્યું. તેમાં પ્રમુખસ્વામીજી યજ્ઞ કરી રહ્યા હતા તેવાં દર્શન થયાં. યજ્ઞ કરતાં કરતાં સ્વામીજી ઊભા થયા અને મારી પાસે આવ્યા. મને પ્રેમથી ભેટ્યા અને કહ્યું : 'ખુશાલસિંહ ! મારે યજ્ઞ કરવા માટે ૩,૬૦૦ રૂપિયાની જરૂર છે.'

મેં હાથ જોડીને કહ્યું : 'હું ૫,૦૦૦/- રૂપિયા આપીશ.'

બસ, આટલી વાત થઈ ને મારી આંખ ઊઘડી ગઈ.

લગભગ ૧૫-૨૦ વર્ષ પહેલાં પ્રમુખસ્વામીજી રાજપીપળા પધાર્યા હતા ત્યારે મને એમનાં દૂરથી દર્શન થયાં હતાં. એટલે સ્વપ્નમાં દર્શન થયાં ત્યારે હું એમને તરત ઓળખી ગયો. હું જાગ્યો ત્યારે અત્યંત રોમાંચિત હતો. મનમાં આનંદ અને આશ્ચર્યના મિશ્ર ભાવો હતા.

મેં મારાં પત્ની અને પુત્રને આ સ્વપ્નની વાત કરી. તેઓ તો રાજી થતાં કહે : 'બહુ નસીબદાર હોય તેને સ્વામીજી સ્વપ્નમાં દર્શન આપે.'

ઘરના બધા સભ્યોને થયું કે સ્વામીજીનો આવો સંકલ્પ છે તો આપણે સ્વામીજી પાસે જવું જોઈએ. એમને ભેટ મૂકીને એમના આશીર્વાદ લેવા જોઈએ.

હું રાજપીપળામાં આવેલા મંદિરમાં ગયો. ત્યાંથી ભરૂચ મંદિરનો સંપર્ક કરીને, સ્વામીજી હાલ ક્યાં છે તે માહિતી પ્રાપ્ત કરી. ગઈકાલે હું મારા પરિવાર સાથે સારંગપુર આવ્યો. મેં સ્વામીજીને સ્વપ્નમાં વાત કરી હતી તે પ્રમાણે આજે સવારે ૫,૦૦૦/- રૂપિયા ભેટ લખાવીને કોઠારી સ્વામીને મળ્યો. બુકસ્ટોલમાંથી રૂા. ૨૫૦/-નો પ્રમુખસ્વામીજીનો ફોટો લીધો છે. આ ફોટો હું ઘરે લઈ જઈશ – નિત્યદર્શન કરવા માટે.

થોડી ક્ષણો પહેલાં જ સ્વામીજીનાં પ્રત્યક્ષ દર્શન થયાં. ખૂબ આનંદ થયો. મારી અલ્પ ભેટ સ્વીકારી એ બદલ મનોમન મેં એમનો આભાર માન્યો.''

ખુશાલસિંહની વાત સાંભળ્યા પછી થયું : દરરોજ સ્વામીશ્રીનાં દર્શન કરવા માટે સેંકડો લોકો આવે છે. તેમાં આવા ખુશાલસિંહ જેવા કેટકેટલા ભક્તો અને ભાવિકો હશે જેઓ સ્વામીશ્રીના આવા દિવ્ય અનુભવ મેળવીને જીવનભરનું દિવ્ય ભાથું ભરીને જતા હશે! સ્વામીશ્રી ભલે નાદુરસ્ત સ્વાસ્થ્ય અને વૃદ્ધાવસ્થાને કારણે સ્થૂળ દેહે વિચરી શકતા નથી, પરંતુ દિવ્ય દેહે વિચરણ કરીને 'પગવાળીને ન બેસવા'ની પ્રતિજ્ઞાનું અક્ષરશઃ પાલન, આજે પણ એવું ને એવું જ કરી રહ્યા છે!

•

તા. ૧૧-૪-૨૦૧૪, સારંગપુર

સવારે નિત્યનિયમથી પરવાર્યા પછી સંતો-હરિભક્તોને દર્શન આપવાના હતા તે પૂર્વે સ્વામીશ્રી રૂમમાં ઉપસ્થિત સંતોને કહે : 'ચાલો, તો બધાને આશીર્વાદ આપીએ.' એમ કહી આશીર્વાદ આપવા હાથ ઊંચો કર્યો. એક પછી એક સંતો સ્વામીશ્રીના ખોળામાં મસ્તક નમાવતા ગયા અને સ્વામીશ્રી તેમના માથા પર હાથ મૂકી આશીર્વાદ આપવા લાગ્યા.

આ જોઈને નારાયણચરણદાસ સ્વામી બોલ્યા :

'જેને જોઈએ તે આવો મોક્ષ...?'

'માગવા રે લોલ...' એમ કહી સ્વામીશ્રીએ અધૂરી કડી પૂરી કરી.

હરિપ્રકાશદાસ સ્વામીએ પૂછ્યું : 'મોક્ષ બધાને આપશો ?'

સ્વામીશ્રી કહે : 'હા.'

'પરંતુ મોક્ષની કિંમત શું લેશો ?'

'સારો અભ્યાસ કરવો એ.'

નારાયણચરણદાસ સ્વામી કહે : 'અભ્યાસ તો જ્યાં સુધી જીવીએ ત્યાં સુધી ચાલુ રહે ને !'

સ્વામીશ્રી મસ્તક હલાવીને કહે : 'હા, અભ્યાસ બરાબર કરવાનો.'

એવામાં સ્વામીશ્રીને ઉધરસ આવી. નારાયણચરણદાસ સ્વામી કહે : 'આ ઉધરસ ક્યાંથી આવે છે ? રાત્રે ખૂબ તકલીફ પડી છે.'

હરિપ્રકાશદાસ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું : 'એમ ? રાત્રે ખૂબ તકલીફ પડી ?'

સ્વામીશ્રી કહે : 'ના ના. કાંઈ તકલીફ નથી.'

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'આટલી બધી તકલીફ છે. ઉધરસ કેટલી બધી આવે છે !'

સ્વામીશ્રી ફરી એ જ વાત દોહરાવતાં કહે : 'કાંઈ તકલીફ નથી. એ તો આવે.'

આટલું બોલ્યા, ત્યાં તો ફરી ઉધરસ આવી. છતાં સ્વામીશ્રીના મુખ પરથી લાગતું હતું કે એમને મન તકલીફ જેવું કંઈ હતું જ નહીં.

•

પડદા બંધ થયા પછી નારાયણમુનિદાસ સ્વામીએ વાત કરી કે ઇન્ડોનેશિયાના મુખ્ય હરિભક્ત શ્રી શિરીષભાઈ ત્રિવેદી તરફથી પાંચ દિવસની ઉપાસના-વિષયક પારાયણ ચાલે છે. તેનો આજે ત્રીજો દિવસ હતો.

આ સાંભળી યોગવિવેકદાસ સ્વામી નજીક આવ્યા ને ગાવા લાગ્યા : *'અક્ષરપુરુષોત્તમ દયાળુ પ્રભુ ! અક્ષર...?'*

સ્વામીશ્રી પંક્તિ પૂરી કરતાં કહે : *'પુરુષોત્તમ.'*

'ઉપાસનામાં ગરબડ ગોટા, એ તો થયું ચોખ્ખું...?'

સ્વામીશ્રી કહે : *'ચમ...'*

'સર્વે જગાએ જોયું તપાસી, પ્રગટની નહીં...?'

સ્વામીશ્રી કહે : *'ગમ...'*

સ્વામીશ્રી એકદમ સચોટ પાદપૂર્તિ કરતા હતા, તે સાંભળીને સૌ ખૂબ રાજી થયા.

•

૧૧:૨૨ વાગે સંતોને દર્શન આપ્યાં. પડદા ખૂલ્યા એવા સંતોને જોઈને સ્વામીશ્રી અત્યંત પ્રસન્ન વદને જમણો હાથ ઊંચો કરીને સૌ સંતોને આશીર્વાદ આપવા લાગ્યા.

થોડી વાર પછી સ્વામીશ્રીના પલંગના જમણે ખૂણે એક આસન સજાવીને તેના ઉપર કાષ્ઠનું સુવર્ણરંગી કલાત્મક પારણું ગોઠવવામાં આવ્યું. તેમાં સ્વામીશ્રીના હરિકૃષ્ણ મહારાજ પધરાવ્યા હતા.

માઇક પરથી *'વરતાલ ગામે ફુલવાડીએ રે...'* એ કીર્તન વાગવા લાગ્યું. સ્વામીશ્રીના હાથમાં હીરની દોરી આપવામાં આવી. સ્વામીશ્રી હળવે હળવે હરિકૃષ્ણ મહારાજને હિંડોળે ઝુલાવવા લાગ્યા. સ્વામીશ્રી એકધારું લયબદ્ધ ઝુલાવી રહ્યા હતા, તે જોઈને મારા મુખમાંથી સહજ રીતે ઉદ્ગાર સરી પડ્યો : 'અરે વાહ ! બહુ સરસ !'

સ્વામીશ્રી તે સાંભળી મારી સામું મુખ ફેરવી હસી પડ્યા.

બપોરના બરાબર બાર વાગ્યા હતા. સંતોને જમવાનો સમય થયો હતો. સ્વામીશ્રીએ બ્યુગલ વગાડીને તથા 'વાસુદેવ હરે...' બોલીને સંતોને જમવા જવાનો આદેશ આપ્યો.

ભદ્રેશદાસ સ્વામી ગમ્મતમાં કહે : 'દેહ ખોટું કરીને બધા જમે – એમ કહો.'

સ્વામીશ્રી તરત કહે : 'ના ના.'

નારાયણચરણદાસ સ્વામી કહે : 'મહારાજને યાદ કરીને જમવાનું, કેમ ?'

સ્વામીશ્રી કહે : 'હા.'

'આપ પણ બદામપૂરી જમશો ને ?'

'ના.'

'બધાનો પ્રેમ જમશો, કેમ ?'

'હા.'

'બટાકા જમશો ?' યોગવિવેકદાસ સ્વામીએ ઠાવકું મોઢું કરીને પૂછ્યું.

સ્વામીશ્રી તે સાંભળીને એકદમ હસી પડ્યા.

એક પછી એક ગમ્મતો થતી ગઈ ને સ્વામીશ્રીની હાસ્ય રેલાવતી મુખમુદ્રા નિહાળીને સંતો પણ અતિ

પ્રસન્ન થતા હતા.

કોઈ બોલ્યું : 'બાપા ! જમવું છે ?'

સ્વામીશ્રી કહે : 'સંતોને બધાને જમાડજો. હરિભક્તોને જમાડજો.'

'બીજાને જમાડીને તૃપ્તિ પામવી' એ સ્વામીશ્રીનો નૈસર્ગિક ગુણ સહેજે પ્રગટ થઈ આવ્યો.

•

તા. ૧૩-૪-૨૦૧૪, સારંગપુર

બપોરે ૧૨:૧૦ થી ૧૨:૩૦ વાગ્યા સુધી સંતોને દર્શન આપ્યાં. નારાયણચરણદાસ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું : 'સંતોને હવે જમવા મોકલવા છે ?'

સ્વામીશ્રીએ લહેકાથી, 'વાસુદેવ હરે... સ્વામિનારાયણ હરે...'નો સાદ કરી સંતોને ભોજન માટે જવાનો આદેશ આપ્યો. દરેક મંદિરમાં પરંપરાથી જે લઢણમાં સંતો-હરિભક્તોને ભોજનનો સાદ કરવામાં આવે છે, તે જ પ્રમાણે બોલીને સ્વામીશ્રીએ સૌને વિશિષ્ટ સ્મૃતિ આપી. એટલું જ નહીં, તેમાં 'વાસુદેવ હરે'ના સ્થાને 'સ્વામિનારાયણ હરે...' ઉચ્ચારીને આ પરંપરામાં ઈષ્ટ-અસ્મિતાનો રંગ ઉમેર્યો.

વિવેકસાગરદાસ સ્વામીએ 'હવેથી સ્વામીશ્રીએ જે પ્રમાણે સુધારો કર્યો, તે મુજબ જ સૌએ બોલવું' એવી માઈક પરથી જાહેરાત કરી.

•

તા. ૧૪-૪-૨૦૧૪, સારંગપુર

સાંજે ૬:૦૦ વાગે જાગ્યા. તે વખતે સ્વામીશ્રી કંઈક સ્વગત બોલતા હતા.

સંતોએ પૂછ્યું : 'બાપા ! કંઈ તકલીફ છે ?'

સ્વામીશ્રી કહે : 'કંઈ તકલીફ નથી.'

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'બાપા ! આપ કહેશો એમ જ અમે કરીશું. બધા સંતો પણ આપ કહો એમ જ કરે છે. આપે જેમ વિચરણ કર્યું છે તેમ આપનામાંથી પ્રેરણા લઈને સંતો પણ ગામડે ગામડે વિચરણ કરે છે. સત્સંગ વધારે છે.'

સ્વામીશ્રી કહે : 'આપણે ક્યાં કાંઈ કર્યું છે ? શાસ્ત્રીજી મહારાજ - જોગી મહારાજે કર્યું છે.'

એટલું બોલ્યા ત્યાં ઉધરસ આવી.

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'ઉધરસ ઘણી આવે છે. ભગાડી દો ને !'

સ્વામીશ્રી કહે : 'કેવી રીતે જાય ?'

'ડૉક્ટરને કહીએ.'

'એને શું કહેવાનું ? પ્રાર્થના કરીએ.'

'તો પછી પ્રાર્થના કરીએ ?'

'શાસ્ત્રીજી મહારાજ - જોગી મહારાજને પ્રાર્થના કરીએ.'

'પ્રાર્થના કરીએ તો નીકળી જાય ?'

સ્વામીશ્રી એકદમ મક્કમતાથી બોલ્યા : 'નીકળી જ જાય.'

આમ, 'પ્રાર્થના દરેક દુ:ખ-દર્દના નિવારણમાં અમોઘ શસ્ત્ર છે, પ્રાર્થનાથી કાર્ય અવશ્ય સિદ્ધ થાય છે,' તેવી ભગવાન પ્રત્યેની શ્રદ્ધા દૃઢ રાખવાનો સ્વામીશ્રીએ નિર્દેશ કરી દીધો.

•

તા. ૧૬-૪-૨૦૧૪, સારંગપુર

આજે સૌને સ્વામીશ્રીનાં – ભોજન કરતા હોય તેવાં – દર્શન થવાનાં હતાં. પ્રારંભમાં સૌ સંતો સમૂહમાં 'શ્રીમદ્ સદ્ગુણ...' શ્લોક બોલ્યા. તે પછી થાળગાન કર્યું.

સ્વામીશ્રીની સમક્ષ બદામપૂરીની ડિશ લાવવામાં આવી. તેમાંથી એક નાની કણી જેટલો ટુકડો સ્વામીશ્રીએ કરમાં ગ્રહણ કર્યો અને ધીમે રહીને મુખમાં મૂક્યો. પછી ચાવતાં ચાવતાં સ્વામીશ્રી સંતો તરફ દૃષ્ટિ ફેરવવા લાગ્યા. સંતો બહુ રાજી થતા હતા. સ્વામીશ્રી જેમ જેમ ગ્રાસ ગ્રહણ કરતા ગયા તેમ તેમ સંતો હર્ષના ઉદ્ગારો વ્યક્ત કરીને વધુ ને વધુ પ્રસન્નતા દર્શાવતા ગયા.

પાંચ ટુકડા ગ્રહણ કર્યા પછી સ્વામીશ્રીએ જાતે જ પત્તરને ઠેલતાં પૂરું કરવાનો સંકેત આપ્યો.

ભદ્રેશદાસ સ્વામી રમૂજ કરતાં કહે : 'બસ, હવે આપનાં અધૂરાં કામ અમે પૂરાં કરીશું.'

સ્વામીશ્રી તે સાંભળીને એકદમ હસી પડ્યા.

બગીચામાં બિરાજેલા સંતો સ્વામીશ્રીએ થોડું પણ ભોજન અંગીકાર કર્યું તેની ખુશાલીમાં *'આજ મારે ઘેર થાય લીલા લે'ર...'* ગાવા લાગ્યા.

સંતોએ આગ્રહ કરીને છઠ્ઠો ટુકડો આપ્યો. સ્વામીશ્રીએ પ્રથમ સહેજ મુખમાં લીધો. ત્યારબાદ સ્વામીશ્રીએ કરનું લટકું કરીને સંતોને જય સ્વામિનારાયણ પાઠવ્યા. જળપાન કર્યાં પછી સ્વામીશ્રી શયનકક્ષ તરફ સિધાવ્યા.

રૂમમાં હરિપ્રકાશદાસ સ્વામી સ્વામીશ્રીને કહે : 'બાપા! આજે આપ થોડું પણ જમ્યા. બધાયને આનંદ આનંદ થઈ ગયો.'

સ્વામીશ્રી કહે : 'હું ક્યાં જમ્યો છું?'

તેઓ કહે : 'આપને તો ક્યાં ભૂખ જેવું છે જ! આ તો અમને બધાને લાભ મળે એટલા માટે આપ જમ્યા.'

સ્વામીશ્રી કહે : 'પણ ક્યાં જમ્યા જ છીએ?'

તેઓ કહે : 'હમણાં તો આપે બદામપૂરી અંગીકાર કરી. કેટલી સરસ બદામપૂરી ખાધી!'

સ્વામીશ્રી કહે : 'આપણે ક્યાં જમ્યા છીએ? ઠાકોરજી જમ્યા છે.'

આમ, સહજ વાતમાં સ્વામીશ્રીએ પોતાની શ્રીહરિ પ્રત્યેની એકાત્મતાને પ્રકટ કરી દીધી.

•

તા. ૨૦-૪-૨૦૧૪, સારંગપુર

બપોરે ૧:૩૦ વાગે સ્વામીશ્રી 'અક્ષર ઝરૂખે' પધાર્યા. બપોરનો પ્રખર તાપ હોવાને કારણે સ્વામીશ્રીને સન-ગ્લાસ પહેરાવ્યા હતા. સ્વામીશ્રીએ કરમાં માળા ધારણ કરી હતી. હાથ જરા ઊંચો રાખીને સ્વામીશ્રી માળાજાપ કરી રહ્યા છે તે સૌને સ્પષ્ટ દેખાતું હતું.

૧,૫૦૦ શિબિરાર્થી યુવા-યુવતીઓ ઉપરાંત આજે રવિવાર હોવાથી હરિભક્તો પણ મોટી સંખ્યામાં આવ્યા હતા. આથી 'પ્રમુખદર્શન વાટિકા' હરિભક્તોથી ખીચોખીચ ભરાયેલી હતી. માઇક પરથી એક પછી એક વાગતાં કીર્તનોના તાલે તાલીનાદ કરી, સ્વામીશ્રીનાં દર્શનમાં ઓતપ્રોત થયેલાં આ ભક્તોને ચૈતરની બપોરનો પ્રખર તાપ પણ જરાય સંતાપ આપી શકતો નહોતો. મુંબઈ જેવા મહાનગરનાં અને વિદેશની ધરતી ઉપર દોમદોમ સુખ-સાહેબીમાં ઊછરેલાં કોટીપતિનાં નાનાં નાનાં ભૂલકાંઓને, પગમાં ડામ દેવાય એવી તપેલી ફ્લોર પર, ઉઘાડે પગે નૃત્ય કરતાં જોઈને સૌ હેરત પામતાં હતાં. ગરદન ઊંચી કરીને ઝરૂખામાં બિરાજેલા સ્વામીશ્રી તરફ દૃષ્ટિ સ્થિર કરીને, ઉત્સાહથી નર્તન કરતાં આ શિશુઓનાં મુખ આનંદમાં મલકી રહ્યાં હતાં. શરીર પરસેવાથી લથબથ થવા છતાં; મુખ ટમેટાં જેવાં લાલઘૂમ થઈ જવા છતાં; પગનાં તળિયાં અત્યંત દાઝતાં હોવા છતાં આ બાળકો ગુરુહરિની દૃષ્ટિ ઝીલવા, નાચી-કૂદીને, પડી આખડીને એમના મુખ પર સહેજ હાસ્યને વિલસતું જોવા તલસી રહ્યા હતા. શિશુ અવસ્થામાં પણ પ્રગટ ગુરુહરિ પ્રત્યેની આવી અસાધારણ પ્રીતિ અન્યત્ર ક્યાં જોવા મળે?

પ્રખર તાપમાં પણ સૌનાં હૈયાંને હિમાળા જેવી ટાઢક આપીને સ્વામીશ્રી ૨:૦૨ વાગે નીચે પધાર્યા.

•

તા. ૨૧-૪-૨૦૧૪, સારંગપુર

સવારે સંતો-હરિભક્તોને દર્શનલાભથી કૃતાર્થ કર્યા બાદ આરામમાં પધાર્યા.

સાંજે ૬:૪૫ વાગે જાગ્યા ત્યારે ન્યૂયોર્કના ડૉ. મહેન્દ્રભાઈ બાજુમાં પલંગ પાસે ઊભા હતા. સ્વામીશ્રીએ તેમની સામું જોયું, એટલે હરિપ્રકાશદાસ સ્વામી બોલ્યા : 'બાપા! આ ડૉક્ટર છે, મહેન્દ્રભાઈ.'

સ્વામીશ્રી કહે : 'ઓળખું છું.'

હરિપ્રકાશદાસ સ્વામી રાજી થતાં કહે : 'બાપા! આપની યાદશક્તિ સારી છે.'

સ્વામીશ્રી કહે : 'પહેલેથી જ આવી છે.'

થોડી વાર રૂમમાં શાંતિ રહી. એટલે હરિપ્રકાશદાસ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા! આરામ કરવો છે?'

સ્વામીશ્રી કહે : 'ના ના.'

'તો પછી ઉત્સવની કોઈ વીડિયો જોવી છે?'

'ના ના. નથી જોવી.' સ્વામીશ્રીએ તેની પણ ના કહી, એટલે તેઓએ પૂછ્યું : 'તો પછી શું કરવું છે?'

'ભજન કરવું છે.' હળવેથી સ્વામીશ્રી બોલ્યા.

પોતાના મિષે સત્પુરુષ આપણને હરપળ હરિ-સ્મરણ કરી લેવાનું અનુસંધાન સાધી આપે છે.

•

તા. ૨૨-૪-૨૦૧૪, સારંગપુર

૧૧:૪૭ વાગે 'અક્ષર ઝરૂખે' પધાર્યા. આજે અમદાવાદના બી.એસ.એસ.ના બાળકો સ્વામીશ્રીને રાજી કરવા, તેઓની સમક્ષ 'અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંત ગાનમ્' પ્રસ્તુત કરવા ઉપસ્થિત થયા હતા.

શ્વેત વસ્ત્રો ઉપર 'સ્વામિનારાયણ' મહામંત્ર અંકિત ઉપવસ્ત્રને ખેસની જેમ પહેરેલા ૭૦ બાળકો વૈદિક કાળના ઋષિબાળ જેવાં શોભતાં હતાં. આ બાળકોના મુખેથી વેદો-ઉપનિષદો અને ભગવદ્ગીતામાં ગવાયેલા અક્ષરબ્રહ્મ ને પરબ્રહ્મના અપરિમિત મહિમાના વૈદિક

મંત્રો અને શ્લોકો ગુંજી ઊઠ્યા. સમૂહસ્વરમાં ગવાતા આ ગાને વાતાવરણને દિવ્યતાથી ભરી દીધું. તેમાં પણ એકસાથે સૌ સ્વામીશ્રી તરફ અંગુલિનિર્દેશ કરીને, મંત્રમાં ગવાયેલો આ અસાધારણ મહિમા આ પ્રત્યક્ષ સ્વરૂપમાં સમાહિત છે એવું વારંવાર દર્શાવતા હતા, તે દૃશ્ય ખરેખર હૃદયસ્પર્શી હતું.

નૈમિષારણ્ય ક્ષેત્ર સમા સારંગપુર ગામમાં 'સુમંદિરે અક્ષરધામ તુલ્યે'નો અહેસાસ કરાવીને બાળકોએ સૌનાં દિલ જીતી લીધાં. સ્વામીશ્રીએ પણ બાળકો ઉપર દૃષ્ટિ સ્થિર કરીને તેમની વૈદિક-સ્તુતિને સ્વીકારીને તેમને ધન્ય કર્યા.

ગાન પૂરું થયા પછી આનંદમુનિ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા ! કેવું લાગ્યું ?'

જવાબમાં સ્વામીશ્રીએ પોતાના બંને કરની પ્રથમ આંગળીઓ વડે તાળી પાડીને પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી.

સૌને લાભ આપીને સ્વામીશ્રી નીચે પધાર્યા. પેસેજમાં ફરીથી હરિકૃષ્ણ મહારાજનાં શાંતિથી દર્શન કર્યાં. દેશ-વિદેશથી હરિભક્તોએ મોકલેલા વિવિધ હાર, છડી, ચાદર વગેરે વડીલ સંતોએ સ્વામીશ્રીને અર્પણ કર્યાં. તેમાં એક હાર વિશિષ્ટ હતો.

અમદાવાદના સેટેલાઇટ વિસ્તારમાં રહેતા જય મહેશભાઈ દરજી નામના એક ૧૪ વર્ષના બાળકને જ્યારથી બી.એસ.એસ.ની સભામાં 'સ્વામીશ્રીનાં દર્શને સારંગપુર જવાનું છે' એમ જણાવવામાં આવ્યું, ત્યારથી મનમાં સંકલ્પ થયો કે મારે સ્વામીશ્રીને માળાનો હાર પહેરાવવો છે. તેણે ઘરમાં માતા-પિતાને તે વાત કરી. માતાએ તેને સમજાવ્યો કે આપણે એમ નથી કરવું. પરંતુ જય પોતાના વિચારમાં મક્કમ હતો. ઘરમાં જયને માટે નવો મોબાઈલ લાવવાની વાત ચાલતી હતી. તે અનુસંધાનમાં તેણે તેના પિતાશ્રીને કહ્યું : 'મારે મોબાઈલ નથી લેવો. તેના પૈસામાંથી હું માળાઓ ખરીદીશ ને તેનો હાર બનાવીને સ્વામીબાપાને પહેરાવીશ.' સત્સંગી માતા-પિતા પોતાના બાળકની ભક્તિને પિછાણી ગયાં. સહર્ષ સંમતિ આપી. સારંગપુર આવવાને આગલે દિવસે જ જય શાહીબાગ મંદિરે જઈને ૧૦૮ માળા લઈ આવ્યો. તે જ રાત્રે તેણે માળાનો હાર બનાવવાનું શરૂ કર્યું. માતા-પિતા પણ તેની મદદે આવ્યા. મોડી રાત સુધી મહેનત કરીને સુંદર હાર તૈયાર કરીને તે સારંગપુર લાવ્યો હતો. મહંત સ્વામી અને વિવેકસાગરદાસ સ્વામીએ તે હાર સ્વામીશ્રીને અર્પણ કરી આ બાળકની ભક્તિ સ્વામીશ્રી સુધી પહોંચાડી.

•

તા. ૨૩-૪-૨૦૧૪, સારંગપુર

આજે સવારે સ્વામીશ્રી વહેલા જાગી ગયા હતા. બી.પી.-પલ્સ મપાયાં પછી નિત્યનિયમથી પરવાર્યા. ૯:૦૦ વાગે સ્વામીશ્રી ખોળામાં હરિકૃષ્ણ મહારાજને ધારણ કરીને 'પ્રમુખદર્શન વાટિકા'માં આવ્યા. નવા હરિભક્તો અને મહેમાનોનો પરિચય આપવામાં આવ્યો. તેમાં અમદાવાદથી પંકજસિંહ સોલંકી ખાસ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેઓ 'મિકામી ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિ.'ના ચૅરમેન તથા મેનેજિંગ ડિરેક્ટર છે. 'ઇન્ડિયન રેવન્યૂ સર્વિસ' - દિલ્હીના તેઓ ડેપ્યુટી કમિશનર તરીકે ફરજ બજાવી ચૂક્યા છે. તેઓને સ્વામીશ્રી પ્રત્યે અત્યંત ભાવ થતાં દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીએ તેઓ માટેની કંઠી, માળા તથા પૂજા પ્રસાદીની કરીને તેઓને આપી. સંતોએ તેમને પુષ્પમાળાથી સત્કાર્યા. અત્યંત ભાવવિભોર થતાં સ્વામીશ્રીએ આપેલી કંઠી, માળા ને પૂજા તેમણે સ્વીકાર્યાં.

દર્શનવિધિ બાદ હરિભક્તોને મળતા સંતોએ પંકજસિંહ સોલંકીનો સંપર્ક કર્યો. 'સ્વામીશ્રી પ્રત્યે આપને કઈ રીતે ખેંચાણ થયું ?' એ પ્રશ્નનો ઉત્તર આપતાં તેમણે કહ્યું : 'પંકજસિંહ સોલંકી મારું નામ છે. અમદાવાદના બોપલ વિસ્તારમાં હું રહું છું. ગઈકાલે પહેલી જ વખત મેં પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કર્યાં. ઘણા ઘણા સંપ્રદાયોમાં ગયો છું. ઘણા ઘણા ધર્માચાર્યોને હું મળેલો છું. અનેક નેતાઓ અને સંતોને પણ મળ્યો છું. પરંતુ ગઈકાલે સ્વામીજીને પહેલી જ વખત મળવાથી જે અનુભૂતિ થઈ તેનાથી ગઈકાલે જ મેં મારું જીવન પ્રમુખસ્વામી મહારાજને અર્પણ કરી દીધું હતું.

બીજા ઘણા ઘણા સંપ્રદાયોમાં હું ગુરુની શોધમાં ફરેલો છું, કે મને કોઈ સારા સંત મળી જાય. પણ આજે મને ૪૭ વર્ષ થઈ ગયાં પણ એવા સંત મળ્યા નહોતા. પરંતુ ગઈકાલે જ હું અહીં આવ્યો ને ગઈકાલે જ મેં નિર્ણય કર્યો કે આવતી કાલે મારું જીવન હું પ્રમુખ-સ્વામીનાં ચરણોમાં અર્પણ કરીશ અને એ જે પ્રમાણે

આદેશ આપશે તે પ્રમાણે હું કાર્ય કરીશ. અને એ જે સેવાનો લાભ મને આપશે તે કરીશ. હવેથી હું એમનો પડ્યો બોલ ઝીલીશ અને એ કહેશે તે પ્રમાણે હું કરીશ.'

સૌ હરિભક્તોને પોતાની મૂર્તિનું અલૌકિક સુખ આપીને ૯:૨૦ વાગે સ્વામીશ્રી પોતાના નિવાસમાં પધાર્યા. હરિભક્તોની વસ્તુઓ પ્રસાદીની થઈ ગયા પછી સંતોએ 'હવે શું કરવું છે ?' તેમ પૂછતાં સ્વામીશ્રીએ હાથના ઈશારે રૂમમાં ઉપસ્થિત સૌને બહાર જવા ઈશારો કર્યો. સૌ હસી પડ્યા અને બહાર સિધાવ્યા. ધર્મચરણદાસ સ્વામીના હાથમાં કેટલાક પત્રો હતા. તેઓએ એક પત્ર અંગે સ્વામીશ્રીને પૂછી લીધું. પછી શાંત ઊભા રહ્યા, એટલે સ્વામીશ્રીએ તેમના હાથમાં પત્રો હતા તે તરફ આંખનો ઈશારો કરીને 'બીજું પણ પૂછી લો' એવું સૂચવ્યું. સંતો સ્વામીશ્રીની પત્રલેખન દરમ્યાન આ રીતે ઈશારો કરીને પૂછવાની એમની જૂની ટેવને આજે નજરે નિહાળીને ખૂબ રાજી થયા.

ધર્મચરણદાસ સ્વામીએ હાલ કેનેડા સ્થિત ઇન્દ્રવદન સી. ઠક્કરની સિદ્ધપુર નજીક દેથળી ગામની સીમમાં આવેલી જમીનમાં ક્યાં બોર કરવો એ અંગે વાત કરીને ખેતરનો નકશો બતાવ્યો. સ્વામીશ્રીએ અંગુલિનિર્દેશ કરીને સ્થાન સૂચવ્યું.

૯૩ વર્ષની ઉંમરે પણ પત્રો દ્વારા હરિભક્તોના હામી બનતા સ્વામીશ્રી પોતાના કર્તવ્યને બરાબર બજાવીને શાસ્ત્રીજી મહારાજના 'કૃતકૃત્ય' થઈ રહ્યા છે. પ્રતિજ્ઞા-પાલનનું આથી ઉત્કૃષ્ટ ઉદાહરણ કયું હોઈ શકે ?

બ્રહ્મસાન્નિધિ



મે ૨૦૧૭

તા. ૨-૫-૨૦૧૪, સારંગપુર

રાત્રે ૧૦:૫૦ વાગે 'અક્ષર ઝરૂખે' પધારી સંતો-હરિભક્તોને દર્શન આપ્યાં. નીચે પેસેજમાં આવ્યા ત્યારે સુરત મંદિરના મહંત ઘનશ્યામચરણદાસ સ્વામીને જોયા. સ્વામીશ્રી આશ્ચર્ય પામતાં તેઓને કહે : 'ક્યારે આવ્યા ?'

તેઓ કહે : 'હમણાં જ આવ્યા.'

જ્ઞાનેશ્વરદાસ સ્વામી કહે : 'મોરવડમાં પ્રતિષ્ઠા છે તે માટે આવ્યા છે.'

સ્વામીશ્રીએ મસ્તક હલાવીને 'બરાબર છે' એવું જણાવ્યું. પેસેજમાં આવ્યા ત્યારે સંતોએ હળવી ગમ્મતો કરી.

■

૧૧:૩૦ વાગે સ્વામીશ્રી પોતાના શયનકક્ષમાં પધાર્યા.

સ્વામીશ્રી પલંગમાં પોઢ્યા હતા. સ્વામીશ્રીના લેન્સ કાઢી લીધા પછી સેવકો વચ્ચે જમવાની વાત ચાલતી હતી. સ્વામીશ્રી તે સાંભળતા હતા, એટલે પૂછ્યું : 'શું કહ્યું ?'

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'એ તો અમારી જમવાની વાત ચાલે છે. અમે બધાએ તો જમી લીધું, પણ આપ જમ્યા નથી.'

સ્વામીશ્રી કહે : 'શું જમ્યા નથી ? અમે તો જમી લીધું !'

'બાપા ! આપ ક્યારે જમ્યા ?' સૌને આશ્ચર્ય થયું.

સ્વામીશ્રી કહે : 'ક્યારનું જમી લીધું.'

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'ઠાકોરજીની સાથે રહીને જમ્યા ?'

'હા, ઠાકોરજીની સાથે જમ્યા.'

હરિપ્રકાશદાસ કહે : 'એ તો બરોબર છે. એ રીતે તો આપ રોજ જમો છો, પણ પ્રત્યક્ષ જમ્યા નથી.'

સ્વામીશ્રી કહે : 'શું કહ્યું ? એક જ છે.'

અર્થાત્ ઠાકોરજી જમે છે તેમાં સ્વામીશ્રીને તૃપ્તિ અનુભવાય છે. ઠાકોરજી સાથેની પોતાની એકતા સહજ-ભાવમાં સ્વામીશ્રીએ જણાવી દીધી.

•

તા. ૩-૫-૨૦૧૪, સારંગપુર

સ્નાનાદિક નિત્યકર્મથી પરવાર્યા બાદ સવારે ૮:૪૦ વાગ્યે સ્વામીશ્રી નિત્યપૂજા કરવા માટે 'પ્રમુખ ઉદ્યાન'માં પધાર્યા. તિલક-ચાંદલો રૂમમાંથી જ કરીને આવ્યા હતા. શ્રીહરિનું સ્મરણ કરીને સ્વામીશ્રીએ માળાજાપ શરૂ કર્યો. માઇક પરથી વાગતાં સંતોનાં મુખેથી ગવાયેલાં કીર્તનો સાંભળતાં સ્વામીશ્રી ભક્તિમગ્ન બન્યા હતા.

માળાજાપ પૂરો થયો એટલે હરિપ્રકાશદાસ સ્વામી રોજની જેમ સ્વામીશ્રીના હાથમાંથી ગૌમુખી લેવા ગયા, પરંતુ સ્વામીશ્રીએ આપી નહીં. એટલે તેઓ પાછા દૂર જઈને ઊભા રહ્યા. થોડી વારે ફરી માળા લેવા ગયા, ત્યારે પણ એ જ રીતે માળા છોડતા નહોતા. હરિપ્રકાશ-દાસ સ્વામીએ સ્વામીશ્રી સામું જોયું. સ્વામીશ્રી તેમની સામું જોઈને હસવા લાગ્યા. પછી ગૌમુખી લેવા દીધી.

સ્વામીશ્રીને ભજનરસ એવો ભાવે છે કે છોડવાની ઇચ્છા થતી નથી.

•

બગીચામાં પૂજા કર્યા પછી કાચની બેઠકરૂમમાં પધાર્યા. ડૉક્ટરોએ બી.પી.-પલ્સ માપ્યાં. બી.પી. સારું આવ્યું એટલે હરિપ્રકાશદાસ સ્વામીએ પૂછ્યું : 'આટલું સારું બી.પી. આવ્યું તેનું કારણ શું ?'

સ્વામીશ્રી કંઈ બોલ્યા નહીં. હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'પૂજા કરી એટલે આટલું સારું આવ્યું ?'

સ્વામીશ્રી કહે : 'હા, ભગવાનની પૂજા કરીએ

એટલે સારું જ આવે ને !'

કથા, પૂજા... આદિ નવધા-ભક્તિને આધારે ગુણાતીત ગુરુઓની નાડીના ધબકારા ચાલે છે, તે કદાચ આપણને રુગ્ણ-સ્થિતિમાં હોઈએ ત્યારે ભક્તિમાં અચળ રહેવાની શીખ આપવા માટે જ હશે. કારણ, એમને તો રોમેરોમમાં અને પ્રતિક્ષણ ભજનનો દોર અતૂટ રહે છે.

•

રાત્રે ઝરૂખામાં દર્શન આપવા જવાનું હતું તે પહેલાં સેવકો સ્વામીશ્રીની ખુરશીમાં ભગવા રંગના તકિયા સ્વામીશ્રીની બંને બાજુએ ગોઠવી રહ્યા હતા. તકિયા ગોઠવાયા પછી હરિપ્રકાશદાસ સ્વામી સ્વામીશ્રીને કહે : 'આપ રાજાધિરાજ જેવા લાગો છો.'

સ્વામીશ્રી કહે : 'સાધુ છીએ.'

તેઓ કહે : 'આપ સાધુ તો છો જ પણ પ્રભાવ રાજાધિરાજ જેવો લાગે છે.'

સ્વામીશ્રી કહે : 'ના ના. આપણે તો સાધુ જ છીએ.'

રાજાધિરાજના ઠાઠમાં આવતી અહંકારની ગંધ કરતાં એમને સાધુતાની સુગંધ વધુ ગમે છે.

•

તા. ૪-૫-૨૦૧૪, સારંગપુર

આજે બપોરે જાગ્યા, ત્યારે સેવક સંતો સ્વામીશ્રીને પગે લાગ્યા. પછી પૂછ્યું : 'તબિયત કેમ છે ?'

સ્વામીશ્રી કહે : 'સારી છે.'

તેઓ કહે : 'આપ તો સંસ્થાના પ્રમુખ છો. આપનો સમય કીમતી છે. બોલો હવે શું કરવું છે ?'

સ્વામીશ્રી કહે : 'ભજન કરવું છે.'

'એ તો આપ અખંડ કરો જ છો. બીજું શું કરવું છે ?'

'ભજન જ કરવું છે.' સ્વામીશ્રીનો ઉત્તર અફર હતો.

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'બાપા ! આપ સંસ્થાના પ્રમુખ છો એટલે આપે અગત્યના નિર્ણયો લેવાના છે.'

સ્વામીશ્રી કહે : 'આપણે ક્યાં પ્રમુખ છીએ ? ભગવાન છે.'

છ છ દાયકાથી એકધારી ચાલી આવતી આ ભાવનાની સરવાણી આજે પણ સ્વામીશ્રીના હૈયામાંથી એટલી જ તાજગીભરી કલકલ વહી રહી છે.

•

પરવાર્યા પછી સ્વામીશ્રી જળપાન કરતા હતા. તે દરમ્યાન સંતો સ્વામીશ્રી સાથે વાતો કરતા હતા. હરિપ્રકાશદાસ સ્વામીએ કેટલાંક દૃષ્ટાંતો કહીને, જગતમાં લોકો કેવા વિચિત્ર સ્વભાવના હોય છે તેની વાત કરી. પછી કહે : 'આવું કરે તેને તો ભગવાન સીધા જ કરે ને !'

સ્વામીશ્રી કહે : 'ભગવાન બધાનું સારું કરે છે.'

સંતો કહે : 'આપને ક્યારેય કોઈનું ખરાબ કરવાનો વિચાર આવતો જ નથી.'

સ્વામીશ્રી કહે : 'ભગવાન બધાનું સારું કરે એ જ વિચાર કરવાનો.'

'બીજાનું ખરાબ થાય એવો વિચાર તમને ક્યારેય આવ્યો છે ખરો ?'

'ના, ના. શું કામ આવે ?' સ્વામીશ્રી સહજભાવે બોલ્યા.

ગંગાજળથી પણ અતિ નિર્મળ-પવિત્ર ને પાવનકારી ભાવનાની આ સરિતાએ તેથી જ તો અગણિત જીવોનાં પાપ-તાપ-દૈન્ય હરીને તેમને કંચનવર્ણા કર્યા છે.

▪

તા. ૫-૫-૨૦૧૪, સારંગપુર

સ્વામીશ્રી સારંગપુર પધાર્યા તેને આજે તારીખ પ્રમાણે બરાબર એક વર્ષ પૂરું થઈ રહ્યું હતું. આ એક વર્ષ દરમ્યાન સ્વામીશ્રીના દિવ્ય સાંનિધ્યમાં જે જે ઉત્સવો ધામધૂમથી ઊજવાયા હતા તે ઉત્સવોની ઝલક પ્રસ્તુત કરીને, તેની દિવ્ય સ્મૃતિ કરાવવાનું અત્યારે ખૂબ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

સાંજે ૫:૦૦ વાગે 'યજ્ઞપુરુષ મંડપમ્'માં યોજાયેલી સભામાં સંતોએ સ્વામીશ્રીના અત્રે રોકાણના એક વર્ષ દરમ્યાન, હરિભક્તો કે ભાવિકોના યોગમાં આવવાથી જાણવા મળેલા કે પોતે અનુભવેલા પ્રસંગો મંચ પરથી કહ્યા હતા. એક પછી એક રજૂ થતા આ પ્રસંગો સાંભળીને સૌ કોઈને થયું કે સ્વામીશ્રી પોતાની આ વિશ્રામલીલા દરમ્યાન પણ કેટકેટલાં અદ્‌ભુત કાર્યો કરે છે, કેટકેટલા લોકોને પોતાના દિવ્ય વ્યક્તિત્વથી આકર્ષે છે, એટલું જ નહીં, અસંખ્ય લોકોનાં જીવન-પરિવર્તન પણ કરે છે, અપૂર્વ શાંતિનો અનુભવ કરાવે છે ! સ્વામીશ્રીનો પ્રૌઢ પ્રતાપ વર્ણવતા એ પ્રસંગોમાંથી થોડા પ્રસંગોનું આચમન કરીએ :

ન્યૂજર્સીના પાર્સિપની શહેરમાં રહેતા કાર્યકર જલધિભાઈ બ્રહ્મભટ્ટ નિષ્ઠાવાન કાર્યકર છે. વર્ષોથી તેઓ જે જગ્યાએ નોકરી કરતા હતા, તે છૂટી ગઈ. ઘણા

પ્રયત્નોને અંતે તેમને બીજી નોકરી મળી, પરંતુ આ નવી જગ્યાએ જે પ્રકારની કાર્યશૈલી હતી, તે એમના માટે બહુ ત્રાસદાયક હતી. જરૂરી સહકાર મળે નહીં અને મોટા પરિણામની અપેક્ષા સાથે જે ઉપરથી આદેશો થતા, એનાથી એમને ખૂબ માનસિક તણાવ રહેવા લાગ્યો. ઘણા ઉપાયો કર્યા છતાં મન શાંત ન થયું, ત્યારે તેઓએ ભારત સ્વામીશ્રીનાં દર્શન માટે આવવાનો સંકલ્પ કર્યો. સારંગપુર આવીને તેઓ 'પ્રમુખદર્શન વાટિકા'માં સ્વામીશ્રીના આગમનની રાહ જોતા હતા. એ વખતે સ્વામીશ્રી ઝરૂખામાંથી દર્શન આપવાના હતા. સ્વામીશ્રી લિફ્ટ દ્વારા ઝરૂખામાં પધાર્યા. જલધિભાઈને દર્શન થયાં, એ સાથે જ એમના અંતરમાં એટલો બધો શાંતિનો અનુભવ થયો કે એમના બધા જ પ્રશ્નોનો ભાર મનમાંથી નીકળી ગયો. તેઓ કહે છે : 'કથામાં ઘણી વખત એવી વાતો સાંભળી હતી કે ભગવાન અને સંત શાંતિનું ધામ છે. એવી વાતો મેં પણ કરી હશે. પણ આ વખતે સ્વામીશ્રીએ જે શાંતિનો અનુભવ કરાવ્યો એ મારા માટે અભૂતપૂર્વ અને અકલ્પનીય હતો. જેમ સ્વિચ પડે અને તરત લાઈટ થાય, એમ તત્કાળ થયેલો શાંતિનો આ અનુભવ હતો. મેં ઘણી કથા સાંભળી, સમજણ કરવા પ્રયત્ન પણ કરી જોયેલો, એનાથી થોડી રાહત થતી, પણ સ્વામીશ્રીએ દર્શનમાત્રથી જ ઉદ્વેગ મટાડી દીધો એ અનુભવ જુદો હતો.'

•

સુરતમાં અપંગ ભાઈઓની એક ક્લબ ચાલે છે. આ ક્લબમાંથી કેટલાક અપંગ ભાઈઓ તીર્થયાત્રા કરવા નીકળેલા. તેમની આ તીર્થયાત્રા છેલ્લે સારંગપુર વિરામ પામે એવું તેમનું આયોજન હતું. અહીં આવ્યા પછી તેઓને જાણ થઈ કે પ્રમુખસ્વામી મહારાજ અહીં બિરાજે છે. આથી તેઓ દર્શને આવ્યા. રાતના લગભગ ૧૦ વાગ્યા પછીના સમયે સ્વામીશ્રી જ્યારે બહાર દર્શન આપવા પધાર્યા ત્યારે સંતોએ સ્વામીશ્રીને આ અપંગ ભાઈઓની વાત કરી. સ્વામીશ્રીએ તેમના પર દૃષ્ટિ કરી. સ્વામીશ્રીનાં દર્શન પૂર્ણ થયાં બાદ જ્યારે સંતોએ સહેજે જ આ અપંગ ભાઈઓનો સંપર્ક કર્યો ત્યારે તેઓએ કહ્યું : '૩૫૦૦ કિ.મી.ની આ તીર્થયાત્રા દરમ્યાન અમને જે સુખ-શાંતિનો અનુભવ થયો નથી એવો શાંતિનો અનુભવ આજે અમને આ સ્વામીબાપાનાં દર્શનથી થયો છે.' તેમાંથી એક અપંગ ભાઈ તો એવું બોલ્યા : 'મને તો જાણે પૂર્વ જન્મનાં સઘળાં પાપ બળીને ભસ્મ થઈ ગયાં હોય એવું અનુભવાય છે. ભલે અમે શારીરિક રીતે અપંગ છીએ છતાં પણ હવે અમને અપંગપણાનું દુ:ખ પણ અનુભવાતું નથી.' તે અપંગ ભાઈઓમાંના ચાર અપંગ ભાઈઓએ તો કંઠી પણ ધારણ કરી. તેમની સાથે આવેલા તેમના ડ્રાઈવર મુસલમાન હોવા છતાં તેઓએ સંતો પાસે કંઠી માંગી ને કહ્યું કે આ કંઠી હું હંમેશાં ગાડીમાં રાખીશ.

•

મુંબઈના ગોરેગાંવ વિસ્તારમાં નરેન્દ્રભાઈ મોદી નામના એક મુમુક્ષુ રહે છે. તેઓ આર્થિક રીતે ખૂબ સુખી છે. તેમના બન્ને પુત્રો ડૉક્ટર છે. એક એમ.એસ. સર્જન છે. તેમની પ્રાઈવેટ હૉસ્પિટલ મુંબઈમાં છે. તેઓ પ્લાસ્ટિક સીટ બનાવવાની ફેક્ટરી ચલાવે છે. તેઓ ખૂબ જ ધાર્મિક વૃત્તિના છે. તેમણે ૩૧ વખત ચાર ધામની યાત્રા કરી છે. તેઓ કોઈ કામ પ્રસંગે સત્સંગી કાર્યકર માધુભાઈ પટેલના યોગમાં આવ્યા. માધુભાઈએ તેમને સ્વામીશ્રીનાં દર્શન કરવા માટે આવવાની વાત કરી. આથી, તેઓ છ માસ પહેલાં શંકર ભગતની સાથે સારંગપુર સ્વામીશ્રીનાં દર્શન માટે આવ્યા. સારંગપુરમાં તેઓએ બાપાનાં દર્શન કર્યાં એ સાથે જ તેઓની આંખમાંથી અશ્રુની ધારા ચાલવા લાગી. જ્યારે દર્શન પૂરાં થયાં ત્યારે એક સંતે તેમને પૂછ્યું કે 'તમે કેમ રડતા હતા?' તો તેઓ કહે : 'મને પ્રમુખસ્વામીનાં દર્શનથી પરમ શાંતિનો અનુભવ થયો. આવી શાંતિ મને ૩૧ વખતની ચારધામની યાત્રા કરી છતાં થઈ નથી.' પછી તેઓ કોઈના પણ કહ્યા વગર બુકસ્ટોલમાંથી પૂજા લઈ આવ્યા. બીજા દિવસે તેઓ તિલક-ચાંદલા સહિત પૂજા કરીને ઉતારાની બહાર આવ્યા. અત્યારે પણ તેઓ નિયમિત પૂજા કરે છે અને નિયમિત પરાવિસ્તારની સભામાં જાય છે. મંદિરે દર્શન કરવા પણ જાય છે અને દર બે મહિને સ્વામીશ્રીનાં દર્શન કરવા આવવાનો નિયમ પણ તેમણે લીધો છે.

•

રાજસ્થાનના પાલી જિલ્લાના સુમેરપુર શહેરમાં કૉલેજમાં પ્રિન્સિપાલ તરીકે ફરજ બજાવતા હનુવંતસિંહ દહિયા એમના સત્સંગી મિત્ર સાથે સારંગપુર પધાર્યા હતા. તેઓને સ્વામીશ્રીનાં દર્શનથી જે અનુભૂતિ થઈ,

એ તેમણે પોતાના શબ્દોમાં લખીને આપી, જે આ પ્રમાણે છે :

'ભાવ મૂક હો જાતા હૈ, ગાતે ગુણગાન તુમ્હારા,
છન્દ મન્દ પડ જાતે હૈં, સૂખ જાતી હૈ સ્વરધારા,
ઉઠ ઉઠ કર ઝૂક જાતા, મેરી વાણી કા કમ્પન,
કિસ ભાષા મેં કરૂં આજ મૈં, હૈ સ્વામીજી આપકા વન્દન.

આજ કા દિન મેરે લિયે બડા સૌભાગ્યશાલી... મંગલ પ્રભાત...

પ્રમુખસ્વામીજી મહારાજશ્રી કે દર્શનલાભ સે લાભાન્વિત હોકર અપને આપકો ધન્ય કિયા, જિસકા શ્રેય હમારે દલ કે યુવા પ્રભારી રાજસ્થાન કે નરેન્દ્ર પરિહાર કો દેતા હૂઁ. જૈસે હી સ્વામીજી મહારાજ કી વ્હીલ ચેયર દેવવિમાન કી તરહ સભામંડપ સે ગુજરી ઔર સ્વામીજી મહારાજને આશીર્વાદ સ્વરૂપ પ્રસાદ વિતરણ કિયા, ઉસ સમય મુઝે તથા મેરે સહયોગી સાથી મોહનલાલ, નરેન્દ્ર પરિહાર તથા રાહુલ કો ઐસા લગા કિ સાક્ષાત્ પ્રભુશ્રી કા હી પદાર્પણ હુઆ. મેરે તો રોમ રોમ ખડે હો ગયે. ઔર જો આનંદ કી અનુભૂતિ મુઝે હુઈ, ઐસા કિતને હી સંત કે દર્શન કરને પર નહીં હુઈ. મૈં હનુવન્તસિંહ દહિયા ભાવાન્વિત હૃદય સે યહ ઉદ્‌ગાર વ્યક્ત કર રહા હૂઁ, કિ અગર મુઝે કભી કોઈ પ્રશ્ન કરે કિ ક્યા આપકો હરિદર્શન સાક્ષાત્ હુએ ? તો મેરી જુબાં સે યહી નિકલેગા કિ મૈંને વાસ્તવ મેં સાક્ષાત્ પ્રભુજી કે દર્શન કિયે. મુઝે અબ ઈધર-ઉધર ભટકને કી આવશ્યકતા નહીં. સ્વયં સારંગપુર બાલાજી(હનુમાનજી) મહારાજને યહ કૃપાદૃષ્ટિ કર જૈસૈ શ્રીરામચંદ્રજીસે મિલન કરવા દિયા. આજ કા દિવસ કભી નહીં ભૂલનેવાલા દિવસ હૈ.'

•

વરુણભાઈ ઠક્કર (નામ બદલ્યું છે) મુંબઈના ચેમ્બુર વિસ્તારમાં રહે છે. તેઓ કરિયાણાની દુકાન ચલાવે છે. તેમના પરિવારમાં તેમનાં પત્ની અને બે દીકરાઓ છે. થોડા મહિનાઓ પહેલાં ધંધામાં ખોટ જતાં ૧૩ થી ૧૪ લાખનું દેવું થઈ ગયું. દેવું ચૂકતે થઈ શકે એમ હતું નહીં અને લેણદારો તરફથી હેરાનગતિ વધતી ગઈ. છેવટે કંટાળીને આત્મહત્યાના વિચારથી ઘર છોડી નીકળી ગયા. સારંગપુર હનુમાનજીમાં આસ્થા હોવાથી છેલ્લી વાર દર્શને આવ્યા. ત્યાં તેમને જાણવા મળ્યું કે પ્રમુખસ્વામી મહારાજ પણ અહીં બિરાજે છે, તેથી 'મોટા સંત છે' એવું જાણી મંદિરમાં આવ્યા. સંધ્યા આરતી પછી સંતોને મળ્યા. પોતાની તકલીફ જણાવી. સંતો પાસે રડી પડ્યા. સંતોએ સાંત્વન આપ્યું. અરુણભાઈ ઘરેથી કોઈને જણાવ્યા વગર જ નીકળી ગયા હતા તેથી ઘરે ફોન કરીને જાણ કરાવી. બીજે દિવસે સવારે સ્વામીશ્રીનાં દૂરથી દર્શન કર્યાં અને શાંતિ થઈ ગઈ. દર્શન બાદ સંતોને મળ્યા પછી કહે : 'મને એવો અનુભવ થયો કે સ્વામીજી હવે મારી સાથે છે, માટે હવે મને કોઈ જ તકલીફ નહીં આવે.' કેટલાય મહિનાઓ પછી શાંતિથી ભોજન કર્યું ને શાંતિથી સૂતા. દારૂના વ્યસનનો ત્યાગ કર્યો. પૂજા લીધી અને મુંબઈ પહોંચ્યા. ધીમે ધીમે બધા પ્રશ્નો દૂર થતા ગયા અને ન વિચાર્યું હોય ત્યાંથી પૈસાની વ્યવસ્થા થવા માંડી. મૂંઝવણ દૂર થઈ ગઈ. આખું ઘર સત્સંગી થઈ ગયું અને ઘરસભા પણ શરૂ થઈ ગઈ !

•

તેજુકાયા બિલ્ડર્સ કન્સ્ટ્રક્શન કંપનીના માલિક પ્રણવભાઈ કંપનીના લિગલ પ્રશ્નોથી ઘેરાયેલા હતા. તેઓ ખૂબ જ મૂંઝવણમાં હતા અને ઘણા પ્રયત્નો કર્યા પછી પણ તે મૂંઝવણ ટળી નહીં. છેવટે તેઓ દાદર મંદિરે આવ્યા અને સંતોને પોતાની પરિસ્થિતિ જણાવી.

સંતોએ સ્વામીશ્રીનો મહિમા કહેતાં સમજાવ્યું કે પ્રમુખસ્વામી મહારાજ મોટા સંત છે.

પ્રણવભાઈએ વિનંતી કરી કે મારી સ્વામીશ્રી સાથે એક વાર મુલાકાત કરાવી આપો, જેથી પ્રશ્નો ટળે.

સંતોએ જણાવ્યું કે 'સ્વામીશ્રી તબિયતને કારણે કોઈને મળતા નથી. દૂરથી જ દર્શન થશે.' પ્રણવભાઈએ દર્શન માટેની તૈયારી બતાવી. અમદાવાદમાં તેઓએ લિગલ કામ માટે આવવાનું હતું. જે દિવસે અમદાવાદ સાંજે પાંચ વાગ્યે મીટિંગ નક્કી કરી તે જ દિવસે સવારે સ્વામીશ્રીનાં દર્શન માટે મુંબઈથી વહેલી સવારે નીકળ્યા અને સારંગપુર બપોરે ૧:૦૦ વાગ્યાની આજુબાજુ પહોંચ્યા. ત્યારે તેમને સમાચાર મળ્યા કે સ્વામીશ્રીએ દર્શન આપી દીધા હતા ! તેઓ નિરાશ થઈ ગયા. કોઈ સંતના માર્ગદર્શનથી 'સર્વસ્વ'માં સ્વામીશ્રીના રૂમની બહાર બેસી પંદર મિનિટ માળા ફેરવી અને અમદાવાદ ગયા. અમદાવાદ પહોંચતાં જ વર્ષોથી અટવાયેલા કામનું સમાધાન આવી ગયું. બીજે દિવસે મુંબઈ પહોંચ્યા અને ત્યાં પણ એવા જ અનુભવો શરૂ થયા. જે કામ વર્ષોથી

અટક્યાં હતાં તેનું સમાધાન મળવા માંડ્યું. દાદર મંદિરે આવી સંતોને મળ્યા અને વાત કરી કે સ્વામીશ્રીનાં દર્શન થાય તો જ સંકલ્પો પૂરા થાય એવું નથી. હું તો ફક્ત તેમના રૂમની બહાર માથું ટેકવીને આવ્યો ને મારા પ્રશ્નોનું સમાધાન થઈ ગયું અને શાંતિ થઈ ગઈ.

આ રીતે દર્શન વગર ફક્ત સ્વામીશ્રીની દિવ્ય ઉપસ્થિતિમાં પ્રાર્થના જ કરવાથી, વર્ષો જૂનાં કામ પૂરાં થયાં અને તેઓને શાંતિ થઈ ગઈ.

•

અમદાવાદમાં રહેતા સત્યેન્દ્રસિંહ મૂળ અમૃતસરના વતની, શીખ ધર્મના અનુયાયી છે, જેમની ઉંમર ૪૦ વર્ષની છે. જન્મ અમદાવાદમાં જ થયેલો છે. આ પૂર્વે સન ૧૯૯૨માં યોગી શતાબ્દી વખતે એક વખત સ્વામીશ્રીનાં દર્શન કરેલાં છે. તેમનાં લગ્ન પછી ધર્મ-પત્નીના આગ્રહને લીધે તેઓ દિલ્હી રહેવા ગયા, પરંતુ ત્યાં વ્યવસાયમાં અનુકૂળતા ન આવી. પરિવારમાં ઝઘડા ખૂબ વધી ગયા. દારૂના વ્યસનમાં ચડી ગયા. પત્ની-બાળકોને વારંવાર ક્રોધમાં આવીને મારપીટ પણ કરતા. પત્ની-બાળકોને ત્યાં છોડીને તેઓ અમદાવાદ આવી ગયા. અમદાવાદ આવ્યા પછી પણ રોજ બે બોટલ દારૂ વિના તેમને ચાલે નહીં. નોકરી ન મળવાને લીધે સતત માનસિક તણાવ રહેવા લાગ્યો, આથી તેઓ ઊંઘની ગોળીઓ લેવા લાગ્યા. રોજ રાતે ગોળીઓ લેવા છતાં ઊંઘ ન આવે, આથી આખી રાત સોસાયટીની ગલીઓમાં આંટા માર્યા કરે. તેમનાં માતા-પિતા આ પરિસ્થિતિ જોઈ ચિંતાતુર રહેવા લાગ્યાં. એમની સોસાયટીમાં રહેતા સત્સંગી જગદીશભાઈ ચૌહાણ પાસે તેમણે પોતાના પુત્રની પરિસ્થિતિની વાત કરી અને વિનંતી કરી કે આને તમારા ગુરુ પાસે લઈ જાવ. એમને એવી શંકા હતી કે કદાચ એને વળગાડ હોય. આથી, સારંગપુરમાં હનુમાનજી મંદિરે પણ વિધિ માટે લઈ જવા જણાવ્યું.

સત્યેન્દ્રસિંહ એક હરિભક્ત સાથે સારંગપુર આવ્યા ત્યારે સ્વામીશ્રી બીમાર હતા. દિવસમાં એક વાર ૫-૧૦ મિનિટ માટે 'સર્વસ્વ'માં સ્વામીશ્રી શયનકક્ષમાં જ બિરાજી કાચમાંથી બહાર બેઠેલા હરિભક્તોને દર્શન આપતા. ૧૯ ફેબ્રુઆરીનો એ દિવસ હતો. જ્યારે દર્શન માટે પડદો ખૂલ્યો ત્યારે સ્વામીશ્રી પલંગ પર બિરાજેલા હતા. દર્શન કરનાર સૌએ નોંધ લીધી કે સ્વામીશ્રીને ખૂબ ઊંઘ આવતી હતી. પરિચય-વિધિ વખતે પણ સ્વામીશ્રીએ લગભગ કોઈ જ પ્રતિભાવ આપ્યો નહોતો. આવી પરિસ્થિતિ હોવાથી થોડી વારમાં જ પડદો બંધ થઈ ગયો. આવા સંજોગોમાં સત્યેન્દ્રસિંહે દર્શન કર્યાં, એમાં તેમનું સમૂળું રૂપાંતર થઈ ગયું. જ્યારે સાથેના હરિભક્તે તેમને એક સંત સાથે ભેગા કર્યા ત્યારે એ યુવાન પોતાની વાત રજૂ કરતાં રડી પડ્યા. તેઓ કહે : 'મારાં ૪૦ વર્ષના જીવનમાં મને આટલી શાંતિનો અનુભવ ક્યારેય થયો નથી... મેં જ્યારથી સ્વામીજીનાં દર્શન કર્યાં છે, ત્યારથી તેમની જ મૂર્તિ દેખાયા કરે છે... મને એવું અનુભવાય છે કે જાણે સ્વામીજી મારી માતા સમાન છે.'

સ્વામીશ્રીનાં દર્શન સાથે જ તેઓએ પોતાનું વ્યસન છોડી દેવાનો સંકલ્પ કર્યો. એ દિવસે રાતે તેઓ સારંગપુર જ રોકાઈ ગયા. ઘણા સમય પછી તેઓને વગર ગોળીએ સારી ઊંઘ પણ આવી. બીજે દિવસે તેઓએ કંઠી ધારણ કરી અને સ્વામિનારાયણ સંપ્રદાયના નિયમો અનુસાર શુદ્ધ જીવન જીવવાનો સંકલ્પ કર્યો. હનુમાનજી મંદિરે વિધિ માટેનો સમય તો લઈ લીધો હતો, પરંતુ સ્વામીશ્રીનાં દર્શનથી જ એમને જે દિવ્ય અનુભવ થયો એનાથી એમને સંતોષ થઈ ગયો. તેઓ કહે : 'યહાં સાક્ષાત્ ભગવાન કે દર્શન હો ગયે, તો ફિર ઔર કિસી કી ક્યા આશા રખના...'

•

નાગપુર વિસ્તારના સાધક મંગેશભાઈ (હાલ દિવ્ય-શ્લોકદાસ સ્વામી) દીક્ષા પૂર્વે ઘરે સંબંધીઓને મળવા માટે ગયા હતા. તેમના બનેવી શૈલેન્દ્રભાઈ પોતાના કોઈ અન્ય ધર્મગુરુઓ સાથેના કડવા અનુભવોને લીધે સાધુ-સમાજ પ્રત્યે સૂગ ધરાવતા હતા. તેઓ માંસાહાર પણ કરતા. મંગેશભાઈ જ્યારે તેમના ઘરે મળવા ગયા ત્યારે તેમણે સાધુ થવાના નિર્ણય બાબતે ઘણી દલીલો કરી. જ્યારે દીક્ષાપ્રસંગે સારંગપુર આવવાનું થયું, ત્યારે તેમની જરા પણ આવવાની ઇચ્છા નહોતી, પણ તેમનાં પત્નીના ખૂબ આગ્રહને લીધે તેમને આવવું પડ્યું. સારંગપુર આવતી વખતે અને આવ્યા પછી પણ તેમનો વ્યવહાર અતડો ને અણગમાભર્યો હતો. સારંગપુરમાં સંતો જ્યારે તેમના પરિવાર સાથે સત્સંગની વાત કરતા હોય, ત્યારે તેઓ દૂર જતા રહે; પરંતુ દીક્ષા-મહોત્સવના દિવસે તેઓએ સ્વામીશ્રીનાં દર્શન કર્યાં એ સાથે જ તેમના

અંતરમાં શાંતિ છવાઈ ગઈ. એ જ વખતે તેમને એવી પ્રેરણા થઈ કે હવે પછી ક્યારેય માંસાહાર ન કરવો. આ સંકલ્પ કરવાથી તેમને અંતરમાં વધુ શાંતિ અનુભવાવા લાગી. વિચારો બદલાવા લાગ્યા. જે કોઈ રીતે મંદિર તરફ પગ વાળવા તૈયાર નહોતા, તેમને સંપ્રદાયનાં મંદિરોની તીર્થયાત્રા કરવાની પણ પ્રેરણા થઈ ને આ યાત્રા દરમ્યાન બોચાસણમાં પૂજ્ય ત્યાગવલ્લદાસ સ્વામીના હસ્તે કંઠી ધારણ કરી સત્સંગી પણ બન્યા. આ રીતે કોઈ પણ પ્રકારના પ્રત્યક્ષ વાર્તાલાપ વિના સ્વામીશ્રીએ એમની અંતરની પૂર્વગ્રહની ગ્રંથિ ઓગાળી ભક્ત બનાવી દીધા.

•

ગાંધીનગરમાં રહેતા ચંદ્રકાન્તભાઈનો તેમના પુત્ર તેજસ(હાલ ઉત્તમનિલયદાસ સ્વામી)ને સાધુ કરવા બાબતે સખત વિરોધ હતો. તેજસભાઈ એક વખત સાધકમાં આવી ગયા પછી પરાણે તેમને પાછા પણ લઈ ગયા હતા, પરંતુ તેજસભાઈની સાધુ થવાની તીવ્ર ઝંખના જોઈને તેઓએ કમને મંજૂરી આપી. આ પછી પણ તેમના મનમાં આ બાબતે અશાંતિ રહ્યા કરતી કે આ એકનો એક દીકરો સાધુ થઈ ગયો, તો આપણું શું થશે? પરંતુ જુલાઈ ૨૦૧૩માં તેઓ સારંગપુર આવ્યા હતા, એ વખતે સ્વામીશ્રી સામે તેમનો પરિચયવિધિ થયો. સ્વામીશ્રીની દૃષ્ટિ એમના પર પડી. આ દૃષ્ટિમાત્રથી તેમના હૃદયમાં દિવ્ય શાંતિનો અનુભવ થયો. અંતરનો ઉદ્વેગ શમી ગયો. એમને એવી ભાવના થઈ કે મારો પુત્ર બહુ યોગ્ય જગ્યાએ ગયો છે. એ વખતે એમને એટલો બધો આનંદ અનુભવાવા લાગ્યો કે જ્યારે પણ સંતોને મળવાનું થાય, ત્યારે ઉમંગમાં આવીને એ દર્શનનું વર્ણન કરવા લાગે. આ પ્રસંગ પછી સત્સંગમાં પણ તેમનો વેગ વધી ગયો. વારંવાર સ્વામીશ્રીનાં દર્શને સારંગપુર પણ આવવા લાગ્યા. એમને એવો અનુભવ થવા લાગ્યો કે સ્વામીશ્રીએ મારો પુત્ર લીધો, પણ તેની ખોટ પડવા દીધી નથી. કોઈક ને કોઈક રીતે તેમને પોતાના સંકલ્પોની પૂર્તિમાં સ્વામીશ્રીના આશીર્વાદનો પ્રતાપ અનુભવાવા લાગ્યો. હવે તેઓ કહે છે કે કોઈ યુવકને એના માતાં-પિતા સાધુ થવા માટે રજા ન આપતાં હોય, તો મને કહેજો. હું તેમને સમજાવીશ કે આપણો પુત્ર કેવી સાચી જગ્યાએ સાધુ થવા જાય છે!

•

તા. ૫-૫-૨૦૧૪, સારંગપુર

રાત્રે ઝરૂખાદર્શન બાદ ૧૧:૫૫ વાગે સ્વામીશ્રી પેસેજમાં આવ્યા. પરમકીર્તિદાસ સ્વામીએ સ્વામીશ્રી અત્રે પધાર્યા ત્યારથી આજ સુધી (તા. ૫-૫-૨૦૧૩ થી તા. ૪-૫-૨૦૧૪) જે જે અવિસ્મરણીય લાભ આપ્યો છે તેની સ્મૃતિઓનું સુંદર સંકલન કર્યું છે. અત્યારે સંતોએ સ્વામીશ્રી પાસે તેની ઝલક રજૂ કરીને સ્વામીશ્રીનાં અદ્ભુત કાર્યોને બિરદાવ્યાં. તેમાં સ્વામીશ્રીએ એક વર્ષ દરમ્યાન ૫ શિખરબદ્ધ મંદિરો તથા ૫૦ હરિમંદિરોની પ્રતિષ્ઠા કરી છે. તથા ૧૧ મંદિરોનાં ખાત કર્યાં. ૬૦ યુવાનોને દીક્ષા આપી છે... એ બધાં કાર્યોને ગણાવીને હરિપ્રકાશદાસ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા! આ બધાં કાર્યો કેવી રીતે થાય છે?'

સ્વામીશ્રી મૌન રહ્યા. સંતોએ ફરી ફરીને એ પ્રશ્ન સ્વામીશ્રીને પૂછી ઉત્તર મેળવવા પ્રયત્ન કર્યો, પરંતુ સ્વામીશ્રીએ એક શબ્દ પણ ન કહ્યો. બહુ કહ્યું ત્યારે ધીમેથી એટલું જ બોલ્યા : 'મહારાજે કર્યું.'

નારાયણચરણદાસ સ્વામીએ જરા યુક્તિપૂર્વક ઉત્તર મેળવવા પ્રયત્ન કર્યો. તેમણે સ્વામીશ્રીના આસન આગળ કાયમ પધરાવવામાં આવતી 'ઑલ ઇન વન' છબિ સ્વામીશ્રીના ખોળામાં મૂકીને કહ્યું : 'આમાંથી કોણ આ બધાં કાર્યો કરે છે, તે આંગળી મૂકીને બતાવો.'

સ્વામીશ્રીએ પોતાના ફોટાને બાદ કરીને અનુક્રમે યોગીજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, ભગતજી મહારાજ, ગુણાતીતાનંદ સ્વામી અને શ્રીજીમહારાજની મૂર્તિ પર ચઢતા ક્રમમાં પોતાની આંગળી મૂકીને જણાવી દીધું.

પોતાની બાદબાકી કરી દેવામાં પણ એમની અહં-શૂન્યતા, ઇષ્ટભક્તિ-ગુરુભક્તિનાં દર્શન થાય છે.

•

તા. ૬-૫-૨૦૧૪, સારંગપુર

સવારે સંતો-હરિભક્તોને દર્શન આપીને સ્વામીશ્રી પોતાના શયનકક્ષમાં પધાર્યા. સંતોએ થોડી ગમ્મતો કરી. અદ્ભુતાનંદદાસ સ્વામીએ ભદ્રેશદાસ સ્વામીને ઇન્જેક્શન આપ્યું.

અદ્ભુતાનંદદાસ સ્વામી કહે : 'આ મહિમાનું ઇન્જેક્શન છે.'

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'પણ બાપા! મહિમાનું ઇન્જેક્શન તો આપ આપો તો જ અમારા જીવમાં ઊતરે.'

સંતોએ સ્વામીશ્રીના હાથમાં ઈન્જેક્શન આપ્યું. સ્વામીશ્રી તેમને ઈન્જેક્શન મારતા હોય તેમ કરવા લાગ્યા. સંતો કહે : 'બસ, અમારા જીવમાં સંતો-હરિભક્તોનો મહિમા દૃઢ થાય.'

સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું : 'આવશે.' પછી અદ્ભુત સૂત્ર ઉચ્ચારતાં કહે : 'મહિમા હોય તો સત્સંગમાં સુખ આવે.'

•

તા. ૮-૫-૨૦૧૪, સારંગપુર

સવારે પૂજા પછી ધર્મચરણદાસ સ્વામીએ હરિભક્તોના કેટલાક પ્રશ્નો પૂછીને માર્ગદર્શન-આશીર્વાદ લીધા. એક પોસ્ટકાર્ડ સ્વામીશ્રીને વાંચવા આપ્યું. ચશ્માં પહેરીને સ્વામીશ્રીએ ધ્યાનથી આખું પોર્ટકાર્ડ (આગળ-પાછળ) વાંચ્યું. વાંચી લીધા પછી હાથ લંબાવી ધર્મચરણદાસ સ્વામી સામું જોઈને તેમને તે પાછું આપ્યું. પત્રવાંચનની સ્વામીશ્રીની અદા જોઈને, પૂર્વે કલાકો સુધી સ્વામીશ્રી પત્રવાંચન-લેખન કરતા તે સ્મૃતિ સૌને થઈ આવી.

•

તા. ૧૨-૫-૨૦૧૪, સારંગપુર

સવારે ૧૦:૨૨ વાગે 'અક્ષર ઝરૂખે' પધારીને સંતો-હરિભક્તોને દર્શન આપ્યાં. ૧૦:૪૮ વાગે સ્વામીશ્રી નીચે પધાર્યા.

પેસેજમાં આવ્યા ત્યારે બ્રહ્મવિહારીદાસ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું : 'ઉપર (ઝરૂખામાં) શું વાત કરતા હતા ?'

'ન કહેવાય કેમ ? ખાનગી હતી.' નારાયણચરણદાસ સ્વામીએ સ્વામીશ્રી સામું જોઈને કહ્યું.

'ખાનગી વાત હતી ?' બ્રહ્મવિહારીદાસ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું.

સ્વામીશ્રીએ નકારમાં મસ્તક હલાવ્યું.

તેઓએ કહ્યું : 'આપને કોઈ ખાનગી હોતી જ નથી, કેમ ?'

સ્વામીશ્રીએ સહેજ સ્મિત કરતાં એમની સામું જોઈને સમર્થન સૂચક મસ્તક હલાવ્યું.

'જેવા અંદર એવા બહાર' એવું સરળ, નિષ્કપટ અને પારદર્શક જીવન જીવનારા સ્વામીશ્રીની પ્રત્યેક પળ ખુલ્લી કિતાબની જેમ સૌ કોઈ વાંચી શકે છે. એટલે જ એમના જીવનમાં કે વાતમાં 'ખાનગી' શબ્દને કોઈ સ્થાન નથી.

•

સાંજે ૭:૪૫ વાગે સ્વામીશ્રી પલંગમાં બિરાજેલા હતા. હરિપ્રકાશદાસ સ્વામીએ કહ્યું : 'આજથી સંતશિબિર શરૂ થાય છે. તેનો વિષય છે – 'કૃતજ્ઞતા.'

સ્વામીશ્રી કહે : 'એમ ?'

તેઓ કહે : 'બાપા ! આપે અમારા માટે કેટલું બધું કર્યું છે. અમને રમાડ્યા-જમાડ્યા, અમારી સારસંભાળ લીધી... બધા સંતોને ખૂબ સાચવ્યા છે. હવે ફરજ અમારી છે કે અમે આપના માટે શું કરીએ, જેથી અમે આપનું ઋણ અદા કરી શકીએ.'

સ્વામીશ્રી કહે : 'સેવા કરવાની.'

'પણ કોની સેવા કરવાની ?'

સ્વામીશ્રી કહે : 'સંસ્થાની.'

•

રાત્રે ૧૦:૧૦ વાગે કાચની બેઠકરૂમમાં પધાર્યા. આજથી ચાર દિવસની સંતશિબિરનો પ્રારંભ થઈ રહ્યો હતો. મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી, કોઠારી સ્વામી, ઈશ્વરચરણદાસ સ્વામી, ઘનશ્યામચરણદાસ સ્વામી તથા વિવેકસાગરદાસ સ્વામી આદિ વરિષ્ઠ સંતો સ્વામીશ્રીની જમણી તરફ ખુરશીઓ પર પંક્તિબદ્ધ બિરાજ્યા હતા. સ્વામીશ્રી પધાર્યા એટલે આ સંતો ઊભા થઈને વારાફરતી સ્વામીશ્રીની પાસે આવીને મળ્યા. સૌને મળતાં સ્વામીશ્રી તેમના હાથ પકડી, મંદ મંદ હસતાં, આંખોમાં આંખો પરોવીને સ્નેહભાવ વ્યક્ત કરતા હતા.

સંતશિબિરનો આ વખતનો મધ્યવર્તી વિચાર 'કૃતજ્ઞતા' હતો. તેના લખાણવાળી કલાત્મક પીછવાઈ સ્વામીશ્રીની વ્હીલચૅરની પાછળ ગોઠવવામાં આવી. સ્વામીશ્રીના હાથમાં પણ શિબિરના પ્રતીકવાળી છડી આપવામાં આવી. વાતાવરણમાં *'અમે સૌ સ્વામીના બાળક...'* કીર્તન ગુંજવા લાગ્યું. ૫૮૫થી વધુ શિબિરાર્થી સંતો સમૂહસ્વરમાં કીર્તન ગાઈને સ્વામીશ્રીને આજીવન સમર્પિત રહેવાની પોતાની ભાવનાને દૃઢાવી રહ્યા હતા.

સંતસભામાં સ્વામીશ્રીએ અમૃતલાભ આપ્યા પછી કાર્યક્રમના અંતમાં સ્વામીશ્રીના મુખની વાણી સાંભળવાની સૌના અંતરની અભિલાષા હતી. આથી, સ્વામીશ્રીના મુખ આગળ માઈક્રોફોન રાખવામાં આવ્યું. સ્વામીશ્રી કહે : 'જય સ્વામિનારાયણ... સંતશિબિરમાં બધા સંતો

આવ્યા છે... સ્વામિનારાયણ ભગવાનની જય...'

નારાયણચરણદાસ સ્વામીએ સ્વામીશ્રીના ખોળામાં ઓશીકું હતું તે ઊંચકીને સ્વામીશ્રી તરફ ફેરવી સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા ! આમાં શું લખ્યું છે ?'

સ્વામીશ્રીએ તે વાંચી સંભળાવતાં કહ્યું : *'હાંજી ભલા સાધુ...'*

વિવેકસાગરદાસ સ્વામીએ પૂછ્યું : 'બધા સંતોને કંઈ સંદેશો - ઉપદેશ આપવો છે ?'

સ્વામીશ્રી કહે : 'સાધુ થવું, સાધુતા શીખવી અને સ્વભાવ મૂકવા. ગુરુમાં નિર્દોષબુદ્ધિ રાખવી... જય સ્વામિનારાયણ...'

માઇક હજુ ધરી રાખેલું હોવાથી થોડી વાર પછી ફરી બોલ્યા : 'સાધુ થવું, સાધુતા શીખવી...'

સંતોએ સ્વામિનારાયણ ભગવાન ને ગુરુપરંપરાની જય બોલાવી. સ્વામીશ્રી પ્રત્યેક જયનાદ વખતે 'જય' બોલ્યા.

નારાયણચરણદાસ સ્વામીએ સ્વામીશ્રીના મસ્તકેથી ગરમ ટોપી કાઢી નાખી. ઉપવસ્ત્ર મસ્તકે ઓઢ્યું હતું તેને સરખું કરી કાન ઉઘાડા રહે તે રીતે ઓઢાડ્યું. શ્રીહરિની સ્વાભાવિક ચેષ્ટામાં જે વર્ણન આવે છે *'કાન ઉઘાડા રે, રાખે મુજને ગમવા...'* તેની સૌને સ્મૃતિ થઈ આવી.

નારાયણમુનિ સ્વામીએ સૌ સંતો વતી સ્વામીશ્રીનો આભાર માની પ્રાર્થના કરી. પછી કહે : 'આપ બધા સંતો ઉપર રાજી છો ને ?'

સ્વામીશ્રી કહે : 'રાજી છીએ.'

નારાયણચરણદાસ સ્વામી કહે : 'સંતો બધા હવે આરામમાં જાય ?'

સ્વામીશ્રી કહે : 'બધા એની મેતે જશે.'

સંતો તે સાંભળીને હસી પડ્યા.

નારાયણચરણદાસ સ્વામી કહે : 'સંતોને જોઈને રાજી થયા ને ?'

સ્વામીશ્રી : 'હા, બહુ રાજી થયા.'

•

રાત્રે સ્વામીશ્રી પલંગમાં સૂતા હતા, પરંતુ નેત્રો ઉઘાડાં હતાં. સેવકો સ્વામીશ્રીને સૂઈ જવા વિનંતી કરવા લાગ્યા.

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'બાપા ! આપનાં ઊંઘ અને આહાર બંને ઓછા થઈ ગયાં છે. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે આહાર અને નિદ્રા વધાર્યાં વધે ને ઘટાડ્યાં ઘટે. તો અમને આશીર્વાદ આપજો કે અમારાં ઊંઘ ને આહાર ઘટે.'

સ્વામીશ્રી કહે : 'ખટકો રાખે તો થાય.'

સુખી જીવન માટે સંયમનો પાઠ સંયમિત શબ્દોમાં કહી દીધો !

•

તા. ૧૩-૫-૨૦૧૪, સારંગપુર

સંતશિબિર નિમિત્તે આજે ઘણા વખત પછી સંતોનો આટલો મોટો સમૂહ ભેગો થયો હતો. તેમાં પણ ઘણા વિશેષ જવાબદારીઓ સંભાળતા સંતો બહુ લાંબા સમય બાદ સ્વામીશ્રીનાં દર્શનનો લાભ પ્રાપ્ત કરી રહ્યા હતા. તેથી આજે 'પ્રમુખ ઉદ્યાન'માં સ્વામીશ્રીની પ્રાતઃપૂજા પૂરી થયા પછી, સારંગપુર સિવાયના તમામ સંતોને સ્વામીશ્રીનાં વ્યક્તિગત દર્શન અને ચરણસ્પર્શનો લાભ મળે તેવું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ સદ્‌ગુરુ સંતો આવ્યા. તે પછી વડીલ સંતો એક પછી એક ક્રમમાં સ્વામીશ્રી પાસે આવ્યા.

દરેક સંત નજીક આવ્યા બાદ સ્વામીશ્રીનો ચરણ-સ્પર્શ કરતા હતા. નીચા નમીને, હાથ જોડી સ્વામીશ્રીને પ્રણામ કરતા હતા. સ્વામીશ્રી તેમની આંખોમાં આંખ પરોવીને, મંદ હાસ્ય રેલાવીને તેમના પ્રણામ સ્વીકારતા હતા.

ભગવત્પ્રિયદાસ સ્વામી આવ્યા. તેમણે તાજેતરમાં જ હૃદયની બાયપાસ સર્જરી કરાવી છે. તેમણે પોતાનું ઉપવસ્ત્ર ઊંચું કરીને સ્વામીશ્રીને દૃષ્ટિ કરવા વિનંતી કરી. સ્વામીશ્રીએ હાથના ઈશારાથી તેમને નજીક આવવા કહ્યું. તેઓ નજીક આવ્યા, એટલે સ્વામીશ્રીએ તેમની છાતી ઉપર હાથ ફેરવીને સારું થઈ જાય તેવા આશીર્વાદ આપ્યા.

જે સંતો સ્વામીશ્રી પાસે આવતા હતા તેમનાં નામ, મંદિર, સેવા ને વિશેષતાની વાત નારાયણમુનિદાસ સ્વામી સ્વામીશ્રીને જણાવતા રહેતા હતા. સ્વામીશ્રી પણ સંતોને ખૂબ પ્રેમથી મળતા હતા. ક્યારેક કોઈક સંતને મળતાં સામેથી હાથ લંબાવીને, તેમનો હાથ ઝાલીને સુખ આપતા હતા. કોઈકને તો જોઈને જ હસી પડતા હતા, તો બ્રહ્મપ્રકાશદાસ સ્વામી, જ્ઞાનપુરુષદાસ સ્વામી જેવા સંતો કંઈક રમૂજ કરીને સ્વામીશ્રીને હસાવી જતા હતા.

અક્ષરવલ્લભદાસ સ્વામીએ સ્વામીશ્રીથી થોડે છેટે ઊભા રહીને 'હાક....છીં...!' કરીને અમસ્તી છીંક ખાધી. સ્વામીશ્રી તે જોઈને કહે : 'ઓ તારો ભલો થાય !'

અક્ષરપ્રેમદાસ સ્વામી સ્વામીશ્રીને મળે ત્યારે કાયમ જે અરજ કરે તે મુજબ બોલ્યા : 'સ્વામીજી ! હમારે પ્રણામ કબૂલ કરો.'

સ્વામીશ્રીએ તરત કહ્યું : 'કબૂલ.'

દિલ્હી રહેતા મુનિવત્સલદાસ સ્વામી સ્વામીશ્રીને નમન કરતાં કહે : 'સ્વામીજી ! કૈસે હૈં આપ ?'

સ્વામીશ્રી સ્મિત કરતાં કહે : 'અચ્છે હૈં.'

જ્ઞાનવીરદાસ સ્વામી પોતાના અંગ મુજબ સંસ્કૃત શ્લોક બોલ્યા : 'સાધવો હૃદયં મહ્યં...' સ્વામીશ્રી મુખ પર આશ્ચર્યના ભાવ લાવીને કહે : 'વાહ !'

વિવેકશીલદાસ સ્વામી દર વખતે સ્વામીશ્રી પાસે આવે ત્યારે સ્વરચિત કાવ્યપંક્તિ બોલે. તે મુજબ અત્યારે પણ બોલ્યા : *'તમારી પાંખમાં સ્વામી !, અમે તો મસ્ત થૈ બેઠા; અમારે આપને પામી, દુઃખો સૌ અસ્ત થૈ બેઠાં.'*

સ્વામીશ્રીએ બે હાથ સહેજ ઊંચા કરીને 'વાહ !' કહી તેમની ભાવનાને દાદ આપી.

તે પછી આનંદમુનિદાસ સ્વામી પગ વાળીને નીચા થઈ બાબલાની જેમ ચાલતા આવ્યા. સ્વામીશ્રી તેઓને જોઈને જ હસી પડ્યા.

કોઈકે કહ્યું : 'બાપા ! આજે નૃસિંહ જયંતી છે. ભક્ત પ્રહ્‌લાદની જેમ માગીએ છીએ કે અમારાં ઇન્દ્રિયો-અંતઃકરણ થકી રક્ષા કરજો.'

સ્વામીશ્રીએ રાજી થઈ મસ્તક હલાવતાં તેમની પ્રાર્થના સ્વીકારી.

હરિચિંતનદાસ સ્વામી કહે : 'સ્વામી ! જમો બરાબર.'

સ્વામીશ્રી એકદમ હસી પડ્યા. (જાણે જમવાની વાતને હસી કાઢી).

અખંડચિંતનદાસ સ્વામી હાથ જોડીને કહે : 'તાલાલા ગીરમાં મૂર્તિપ્રતિષ્ઠા છે. પધારજો.'

સ્વામીશ્રીએ હકારમાં મસ્તક હલાવ્યું.

આ રીતે ૯:૦૩ વાગ્યા સુધી સંતોને વ્યક્તિગત દર્શનનો લાભ આપીને ધન્ય કર્યા. બાકી રહેલા સંતોને આવતીકાલે લાભ આપવાની જાહેરાત કરવામાં આવી.

પોતાના નિવાસમાં પાછા ફર્યા બાદ ડૉક્ટરોએ સ્વામીશ્રીનાં બી.પી.-પલ્સ માપ્યાં. નારાયણમુનિદાસ સ્વામી રૂમમાં દાખલ થયા. તેઓ સ્વામીશ્રી સાથે વાત કરતાં કહે : 'બાપા ! આપે ભીડો બહુ વેઠ્યો. એક કલાકથી તડકામાં બેસી રહ્યા.'

સ્વામીશ્રી કહે : 'તમે બધાએ ભીડો વેઠ્યો.'

સેવકોએ સ્વામીશ્રીને જળપાન કરવા આગ્રહ કર્યો પણ સ્વામીશ્રી આનાકાની કરતા હતા.

નારાયણચરણદાસ સ્વામી યુક્તિપૂર્વક સમજાવતાં કહે : 'અત્યારે સંતશિબિર ચાલે છે. આપે સંતો જેમ કહે તેમ કરવાનું.'

તરત જ સ્વામીશ્રી સરળ થઈ ગયા ને પાણી પીવા લાગ્યા. 'શિબિરના દરેક આદેશનું પાલન સહર્ષ કરવું જોઈએ' એવો સ્વવર્તન દ્વારા સ્વામીશ્રીએ શિબિરાર્થીઓને સંદેશ આપી દીધો.

•

રાત્રે પરવાર્યા પછી સંતોને દર્શન આપવાના હતા. તે પૂર્વે સેવક સંતો સાથે વાતો ચાલતી હતી. તેમાં હરિપ્રકાશદાસ સ્વામીએ કહ્યું : 'બાપા ! સંતશિબિરમાં આપના મહિમાની સુંદર વાતો થાય છે. આપે કેવાં મહાન કાર્યો કર્યાં !! આપના જેવું અમારે પણ થવું છે.'

નારાયણચરણદાસ સ્વામી કહે : 'શક્ય જ નથી.'

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'ભલેને ન થવાય, પણ આપ અમારા આદર્શ તો ખરા ને ? માટે આપના જેવું તો થવાનું જ ને બાપા ?'

સ્વામીશ્રી કહે : 'બરાબર છે. ભગવાન અને સંત સામું જોવું.'

યોગી જેવા થવાનો સરળતમ ઉપાય સ્વામીશ્રીએ બતાવી દીધો.

•

તા. ૧૪-૫-૨૦૧૪, સારંગપુર

રાત્રે ૧૦:૪૮ વાગે સ્વામીશ્રીએ કાચની બેઠકરૂમમાંથી સંતોને દર્શન આપ્યાં. સંતો બધા 'પ્રમુખ ઉદ્યાન'માં બેઠા હતા. સંતો બી.એ.પી.એસ.ની ધજા ફરકાવી રહ્યા હતા. સ્વામીશ્રીના હાથમાં પણ ધજા આપવામાં આવી. સ્વામીશ્રી હળવે હાથે ધજા લહેરાવતાં બગીચામાં ચારે તરફ બેઠેલા સંતો ઉપર દૃષ્ટિ ફેરવતા હતા.

'શીદને રહીએ રે કંગાલ રે સંતો...' એ પ્રાપ્તિની ખુમારી ચઢાવતું પદ વાગવું શરૂ થયું. સ્વામીશ્રી કરનાં લટકાં કરતાં કીર્તનના શબ્દો પર જાણે કે સંતોનું ધ્યાન

દોરતા હતા. *'એવા ધામને પામવા કાજ, અવસર અમૂલ્ય આવ્યો...'* એ ચોસઠપદીનું પદ શરૂ થયું, ત્યારે પણ સ્વામીશ્રી કરનાં લટકાં કરતાં ઉદ્યાનમાં ચોતરફ બેઠેલા સંતો ઉપર પોતાની પાવનકારી દૃષ્ટિ ફેરવવા લાગ્યા. સંતોએ બનાવેલી મોગરાનાં પુષ્પોની છડી કરમાં ગ્રહણ કરીને તેમના ભાવને અંગીકાર કર્યો. ત્યારબાદ દડા ફેંકીને હાથની કસરત કરી.

'વાણીમાં વાંસળી વાગી યોગી તારી...' એ કીર્તન શરૂ થતાં સ્વામીશ્રીના અધર પર વાંસળી ધરવામાં આવી. સ્વામીશ્રીએ તે દસ વખત વગાડી. સ્વામીશ્રીના મુખ આગળ માઇક મૂકવામાં આવ્યું હતું તેથી બહાર ઉદ્યાનમાં પણ તેના સૂરો સ્પષ્ટ સંભળાતા હતા. ઉદ્યાનનાં વૃક્ષો પર વિશ્રામ લેતા મોર પણ સ્વામીશ્રીની વાંસળીનો અવાજ સાંભળીને ટહુકવા લાગ્યા. તે સાંભળી સંતો ઘણા ખુશ થયા.

શ્વસન-વ્યાયામના હેતુથી સ્વામીશ્રીને બ્યુગલ વગાડવા આપ્યું. સ્વામીશ્રીએ સાત વખત વગાડ્યું, તેમાં ત્રણ વખત તો ખૂબ લંબાણપૂર્વક વગાડ્યું.

સ્વામીશ્રી આગળ માઇક ધરીને સૌ સંતોને 'જય સ્વામિનારાયણ' કરવા કહ્યું. સ્વામીશ્રીએ તેને બદલે 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન બોલાવી.

સંતોને આપવાના કેસરમણિના થાળ પર હાથ મૂકીને પ્રસાદીના કર્યા. સંતોએ સ્વામીશ્રીને જમવા માટે વિનંતી કરી. સ્વામીશ્રીએ બે વખત સહેજ ચપટી જેટલું અંગીકાર કરી સૌના ભાવ પૂરા કર્યા. તે પછી જળપાન કર્યું.

યોગવિવેકદાસ સ્વામીએ પોતાના મોબાઈલમાં સ્વામીશ્રીના હાર્ટરેટનું મોનિટરિંગ ચાલતું હતું તેના આંકડા બતાવીને સ્વામીશ્રીને 'કેટલા આંકડા છે' તે પૂછવા માંડ્યું. સ્વામીશ્રી મોબાઇલના સ્ક્રીન સામું જોઈને બદલાતા રહેતા આંકડા બોલવા લાગ્યા. તે પછી તેમણે સ્વામીશ્રી પાસે અંગ્રેજીમાં 1, 2, 3, 4, 5 બોલાવડાવ્યું. સ્વામીશ્રી બોલતા હતા તે બહાર સંતોને સ્પીકર દ્વારા બહુ સ્પષ્ટ સંભળાતું હતું. પછી તેઓએ :

'I am Atma... I am Brahma... I am Akshar... I am Gunatitanand Swami... I am Bhagatji Maharaj... I am Shastriji Maharaj... I am Yogiji Maharaj...' એમ બોલાવડાવ્યું. છેલ્લે જ્યારે 'I am Pramukh Swami Maharaj' બોલવા કહ્યું તો સ્વામીશ્રી ન બોલ્યા. બે વખત પ્રયત્ન કર્યો છતાં સ્વામીશ્રી મૌન જ રહ્યા. સંતો તે જોઈને અત્યંત રાજી થઈને તાળી પાડી ઊઠ્યા.

સ્વામીશ્રીને ઝડપથી બોલાવડાવવામાં આવતું હતું તે બધું જ સ્વામીશ્રી અત્યંત સજગતાથી બોલી રહ્યા હતા, તેની તેમાં ખાતરી થતી હતી અને આમ જોઈએ તોપણ સ્વામીશ્રીએ પોતાનું અસ્તિત્વ ઈષ્ટદેવ અને ગુરુવર્યોમાં ઓગાળી દીધું છે, એટલે સ્વતંત્ર અસ્તિત્વની વાત ક્યાંથી ઉચ્ચારે કે સ્વીકારે ?

•

તા. ૧૫-૫-૨૦૧૪, સારંગપુર

રાત્રે ઝરૂખામાં દર્શન આપવા પધારતાં પહેલાં સ્વામીશ્રી રૂમમાં હતા ત્યારે સંતો હળવી ગમ્મત કરતા હતા.

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'બાપા ! પેટ ન વધે એવા આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી કહે : 'નહીં વધે.'

તેઓ કહે : 'બાપા ! ગમે તેટલું ખાઈએ તોપણ પેટ ન વધે એવા આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી કહે : 'એમ ન હોય !' એમ કહી હસવા લાગ્યા.

પુરુષાર્થી વ્યક્તિને જ આશીર્વાદ વરે છે, એવું માર્મિક રીતે સમજાવી દીધું.

•

તા. ૧૮-૫-૨૦૧૪, સારંગપુર

સ્વામીશ્રી સવારે સ્નાનાદિકથી પરવાર્યા બાદ ૯:૨૦ વાગે હરિકૃષ્ણ મહારાજને ખોળામાં ધારણ કરીને 'પ્રમુખદર્શન વાટિકા'માં પધાર્યા. રેમ્પ ઉપર એક રાઉન્ડ ફરીને સ્વામીશ્રીએ સૌને ઠાકોરજીની સાથે દર્શન આપ્યાં.

વર્ષો સુધી શીખ સંપ્રદાયના જથ્થેદાર તરીકે રહી ચૂકેલા ને સ્વામીશ્રી પ્રત્યે અત્યંત સ્નેહભાવ ધરાવતા શ્રી રછપાલસિંગ આજે સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીનાં દર્શને આવવાની તેઓને ઘણા વખતથી ઇચ્છા હતી. તેઓએ દિલ્હીમાં સંતોને પૂછ્યું હતું કે 'સ્વામીજી ક્યારે પધારશે ? મારે તેમનાં દર્શન કરવાં છે.' સંતોએ જણાવ્યું કે 'તેઓ અહીં નહીં આવે, આપણે ત્યાં જવું પડશે.' તરત તેઓ સંતો સાથે સારંગપુર આવવા તૈયાર થઈ ગયા. સંતોએ પુષ્પમાળાથી તેઓનું સન્માન

કર્યું. આત્મસ્વરૂપદાસ સ્વામીએ તેમનો સંક્ષિપ્ત પરિચય આપીને તેમની સેવાઓને યાદ કરી.

આજે સારંગપુર આવ્યા પછી તેમને અલ્પાહાર કરવા કહ્યું તો કહે : 'ગુરુજી કે દર્શન કરને કે બાદ હી પાની લુંગા, તબ તક કુછ નહીં.'

આજે ૮૮ વર્ષની વયે પણ આવી ભાવના ધરાવતા શ્રી રછપાલસિંગ સ્વામીશ્રી માટે એક વાર બોલેલા : 'સ્વામીજી કે ચહેરે પર ખુદાઈ નૂર હૈ.'

અત્યારે સ્વામીશ્રીએ સ્પર્શ કરીને પ્રસાદીભૂત કરેલું શરબત પીને તેમણે પોતાની ટેક પૂરી કરી.

•

તા. ૨૧-૫-૨૦૧૪, સારંગપુર

સ્વામીશ્રી સવારે સ્નાનાદિકથી પરવાર્યા બાદ ખુરશીમાં બિરાજ્યા. ખોળામાં ઓશીકું મૂકવામાં આવ્યું. ઓશીકાના કવર ઉપર વાક્ય લખ્યું હતું તે વંચાવવા ઓશીકું લઈને સ્વામીશ્રીને બતાવતાં હરિપ્રકાશદાસ સ્વામીએ કહ્યું : 'બાપા ! શું લખ્યું છે ?'

સ્વામીશ્રી કહે : 'સદા દાસ.'

નારાયણચરણદાસ સ્વામી કહે : 'જમણી બાજુથી વાંચો તોપણ 'સદા દાસ' ને ડાબી બાજુથી વાંચો તોપણ સદા દાસ.'

સ્વામીશ્રી કહે : 'આપણે બધી રીતે દાસ થવાનું છે.'

•

તા. ૧૯થી શરૂ થયેલી બીજા તબક્કાની સંતશિબિરનો આજે ત્રીજો દિવસ હતો. આ શિબિરમાં ઉપસ્થિત રહેલા સંતોને પણ સ્વામીશ્રીનાં વ્યક્તિગત દર્શનનો લાભ પ્રાપ્ત થવાનો હતો.

સવારે પૂજા પછી ૮:૩૮ વાગે સ્વામીશ્રી 'પ્રમુખ ઉદ્યાન'માં પધાર્યા. સંતો આતુરતાપૂર્વક સ્વામીશ્રીની પ્રતીક્ષા કરી રહ્યા હતા. વ્યક્તિગત દર્શન શરૂ થયાં.

દરેક કોઠારી સંત પોતપોતાના મંદિર, સત્સંગ અને સંકુલ વિકાસનાં કાર્યોનો સંક્ષિપ્ત અહેવાલ આપીને તે કાર્યો વહેલી તકે અને સારી રીતે પૂર્ણ થાય એવા સ્વામીશ્રી પાસે આશિષ માગતા હતા.

ગઢડાના કોઠારી અધ્યાત્મસ્વરૂપદાસ સ્વામી કહે : 'ગઢડા આવવું છે ને ! ધામધૂમથી પધારવાનું છે.'

સ્વામીશ્રીએ નેણ ઉલાળી, મસ્તક હલાવી, આવવાની તૈયારી દર્શાવી.

તેઓ કહે : 'થોડું જમવાનું રાખો.'

સ્વામીશ્રી કહે : 'એમ ?'

તેઓ કહે : 'હા, તબિયત સારી હશે તો અવાશે ને ?'

સ્વામીશ્રીએ મસ્તક હલાવીને તેમાં સંમતિ આપી.

ગુણનિધિદાસ સ્વામી આવ્યા. તેઓ કહે : 'મહેળાવમાં શાસ્ત્રીજી મહારાજ 'નારણદા...નારણદા...' કરે છે. ક્યારે આવો છો તેની રાહ જુએ છે.'

સ્વામીશ્રી તેમની આમંત્રણ આપવાની રીતથી રાજી થતાં હસી પડ્યા.

મુનિદર્શનદાસ સ્વામીએ આવતાંની સાથે સ્વામીશ્રી તરફ જોઈને પોતાના માથા પર હાથની અવળી મુઠ્ઠી ને અંગૂઠો અડે તે રીતે ગોઠવીને સંજ્ઞાથી કહી બતાવ્યું કે 'અમે ગામડાના હતા. નાહવા-ધોવાનું આપે શીખવ્યું છે.' સ્વામીશ્રી તેમના વિસ્તારના લોકોની રહન-સહન યાદ આવતાં એકદમ હસી પડ્યા.

દરેક સંત પોતાના મંદિરમાં પધારવા, ઠાકોરજીનાં દર્શને આવવા, વિકાસનાં કાર્યોને નિહાળવાં ને ભક્તોને સુખ આપવા પધારવાનું ભાવભીનું આમંત્રણ આપતા હતા. સ્વામીશ્રી ગુજરાત ને પરપ્રાંતમાં કેટકેટલું વિચર્યા છે, સત્સંગ પ્રવર્તન માટે કેટલો બધો દાખડો કર્યો છે તેના આ સંતો પ્રત્યક્ષ સાક્ષી હતા. કેટલાક કોઠારીઓને તો તે તે પ્રદેશની વિશેષતા, લોકમાનસ, સત્સંગપરિપાટી અને સત્સંગવિકાસની તકો વિશે સ્વામીશ્રીએ પોતે જ બારખડી ઘૂંટાવીને તૈયાર કર્યા છે. આથી જ, સ્વામીશ્રીની આંગળી ઝાલીને આગળ વધેલા આ સંતો આજે તે તે વિસ્તારમાં થયેલા બહોળા સત્સંગવિકાસને બતાવવા, સ્વામીશ્રીને તેની વાત કરવામાં આટલા બધા ઉત્સાહિત હતા. સ્વામીશ્રી પણ તેઓની વાત સાંભળીને અંતરથી રાજી થતા હતા.

•

૯:૪૫ વાગે કાચની બેઠકરૂમમાં ભારતના રાજ્ય-સભાના સભ્ય અને ખૂબ સારા લેખક શ્રી તરુણ વિજયજીને મળ્યા. તેઓ નીચા નમીને હાથ જોડીને સ્વામીશ્રીને પગે લાગ્યા. સ્વામીશ્રીએ તેમને આશિષ આપ્યા. ઈશ્વરચરણદાસ સ્વામીએ તેમને સ્વામીશ્રી વતી હાર પહેરાવીને સત્કાર્યા.

સંતોએ સ્વામીશ્રીને તેમનો પરિચય આપીને કહ્યું :

'તેઓ હવે મંત્રી થાય તેવા આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી કહે : 'તેમના દ્વારા સારાં કામ થાય તે આશીર્વાદ છે.'

શ્રી તરુણ વિજય કહે : 'આપકી સ્મૃતિ બની રહે ઔર મૈં દેશ કે અચ્છે કામ કરું. બસ, ઇતના હી.'

સ્વામીશ્રી કહે : 'મહારાજ કરશે.'

તેઓએ ગઈકાલની વાતને યાદ કરતાં કહ્યું : 'સ્વામીજી! જબ કલ નરેન્દ્રભાઈ બોલને લગે તો ઉનકી આંખોં મેં આંસુ થે. ઔર કહા કિ મૈં કેવલ ભારતમાતા કી સેવા કરના ચાહતા હૂં. ઔર ગરીબી હટાના ચાહતા હૂં. દેશ મેં ગરીબી હટ જાયે, નૌજવાન આગે બઢેં ઔર માતા-બહનોં કા સન્માન હો, કેવલ ઇતની ઇચ્છા હૈ. મુઝે ઐસા લગા કિ કોઈ ઈશ્વર કી શક્તિ ઉનકે ભીતર સે બોલ રહી હૈ, ઔર આપ કા આશીર્વાદ. મુઝે ઐસા લગા કી આપકી શક્તિ ઉસકે પીછે સે બોલ રહી હૈ.'

શ્રી તરુણ વિજય સ્વામીશ્રીના ખોળામાં મસ્તક ઝુકાવીને પગે લાગ્યા. સ્વામીશ્રીએ તેમના મસ્તકે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા. ત્યારબાદ તેમના હાથને પોતાના હાથમાં લઈ સ્નેહ વ્યક્ત કર્યો.

શ્રી તરુણ વિજયને સ્મૃતિભેટ રૂપે સ્વામીશ્રીએ તુલસીની માળા આપી. માળા આપતાં પહેલાં સ્વામીશ્રીએ થોડા મણકા ફેરવીને માળાજાપ કર્યો. ઈશ્વરચરણદાસ સ્વામીએ તેમને ઠાકોરજીનો પ્રસાદ આપ્યો.

•

તા. ૨૧-૫-૨૦૧૪, સારંગપુર

સ્વામીશ્રી સવારે સ્નાનાદિકથી પરવાર્યા બાદ કાચની બેઠકરૂમમાં આવ્યા. ૯:૨૦ વાગે ભારતના ભાવિ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે ફોન પર વાતચીત કરી. શ્રી મોદીએ સ્વામીશ્રીને પ્રણામ પાઠવી આશીર્વાદ માગ્યા. સ્વામીશ્રીએ કહ્યું : 'મોદી સાહેબ ! જય સ્વામિનારાયણ.' તેઓને દેશનાં વિકાસકાર્યો સારાં થાય તથા સ્વાસ્થ્ય સારું રહે તેવા સ્વામીશ્રીએ આશિષ અર્પ્યા.

•

૧૦:૦૦ વાગે સ્વામીશ્રી પોતાના નિવાસમાં આવ્યા. હરિપ્રકાશદાસ સ્વામીના હાથમાં રમકડાનું કૂતરું હતું. તે સ્વામીશ્રીને બતાવતાં તેઓ કહે : 'બાપા! આ કૂતરું એવું છે કે તેને મારો તોય હસે ને પંપાળો તોય હસે. બાપા! મારું એને ?' સ્વામીશ્રીએ તરત 'ના' કહી.

મેં કહ્યું : '...પણ આ તો રમકડાનું છે. એને કંઈ ન થાય.' પરંતુ સ્વામીશ્રીએ તેને મારવાની અનુમતિ ન જ આપી!

જે પ્રાણીના રમકડાને મારવાની વાતમાં પણ સંમત ન થતા હોય તે સજીવો પ્રત્યે કેટલી બધી કરુણા ને અનુકંપા ધરાવતા હશે!!

•

તા. ૨૧-૫-૨૦૧૪, સારંગપુર

સ્વામીશ્રી સવારે ૮:૫૫ વાગે 'પ્રમુખદર્શન વાટિકા'માં પધાર્યા. હરિકૃષ્ણ મહારાજને ખોળામાં ધારણ કરીને રેમ્પ ઉપર એક રાઉન્ડ ફરીને સંતો-હરિભક્તોને ઠાકોરજી સાથે દર્શન આપ્યાં. ત્યારબાદ હરિભક્તોનો પરિચય કરાવવામાં આવ્યો. એક યુવકે ઊભા થઈને કહ્યું : 'બાપા! આજથી હું નિયમ લઉં છું કે સોપારી કે પાન-મસાલા નહીં ખાઉં.' સ્વામીશ્રીએ તેના પર રાજીપાની દૃષ્ટિ કરી.

વડોદરાના સંનિષ્ઠ અગ્રણી હરિભક્ત અશોકભાઈ પટેલ (એઇમ્સ ઓક્સિજનવાળા) વ્હીલચૅરમાં બેસીને સ્વામીશ્રી પાસે આવ્યા. તેમને જોઈને જ સ્વામીશ્રી એકદમ રાજી થઈ ગયા. મુખ પર હાસ્ય વિલસી ઊઠ્યું. હાથના ઈશારે ખબર-અંતર પૂછ્યા. તેઓની સાથે આવેલા તેમના સુપુત્રો અલર્કભાઈ, સિદ્ધાર્થભાઈ તથા સંબંધીજનોને પણ દૃષ્ટિ કરીને આશિષ અર્પ્યા.

૯:૨૫ વાગે કાચના બેઠકરૂમમાં આવ્યા. બી.પી.-પલ્સ મપાયાં પછી પૂર્વાભિમુખે બિરાજીને નિત્યપૂજા કરી. સ્વામીશ્રીએ હજુ માળાજાપ શરૂ કર્યો ને વિવેકસાગરદાસ સ્વામી રૂમમાં દાખલ થયા. તરત જ સ્વામીશ્રીએ નજર ફેરવીને જોઈ લીધું કે 'ખુરશી છે કે નહીં ?' તેઓ સમજી ગયા એટલે તરત સ્વામીશ્રીનું ધ્યાન દોરાય તે રીતે ખુરશી તરફ આંગળી ચીંધીને આગળ વધ્યા અને બેસી ગયા. સ્વામીશ્રી કાયમ પૂજા, સભા કે મીટિંગ દરમ્યાન, મોટા સંતો-હરિભક્તોની યથાયોગ્ય બેઠક-વ્યવસ્થા સચવાય તેવી સંભાવના અવશ્ય કરે છે. આજે પણ એમ જ કર્યું.

•

હરિભક્તોની વસ્તુઓ પ્રસાદીની કરાવી, તેમાં જાત-જાતની છડીઓ પણ હતી. તેમાં બે હાથ-પંખા જેવી મયૂર છડી લઈ બે સંતો સ્વામીશ્રીને પંખો નાખવા લાગ્યા. તરત સ્વામીશ્રી હાથ લંબાવી સામે ઊભેલા

સંતોનો નિર્દેશ કરીને કહે : 'આ બધાને નાખો.'

સંતો કહે : 'બાપા! હરિભક્તોએ આપના માટે આ મોકલી છે.'

પછી સ્વામીશ્રીના હાથમાં એક પંખો આપવામાં આવ્યો. સ્વામીશ્રી હાથ હલાવીને સંતોને પંખો નાખવા લાગ્યા. એ સમયે સ્વામીશ્રીની આંખોમાં અને મુખ પર સંતોની સેવા કરવાની ભાવના છલકાતી દેખાઈ.

•

વિવેકસાગરદાસ સ્વામીએ કેટલાક જૂના પ્રસંગો કહીને સ્વામીશ્રીને બહુ હસાવ્યા. તે પરથી જૂના સંતો અને હરિભક્તોને સંતો યાદ કરવા લાગ્યા. એક પછી એકના નામ દઈને સ્વામીશ્રીને પૂછવા લાગ્યા ને સ્વામીશ્રી ઉત્તરો આપતા ગયા :

'ભૂલજીભાઈ ક્યાંના ?'

'આણંદના.'

'મોતીભાઈ ?'

'આણંદના.'

'મણિભાઈ જીવાભાઈ ?'

'આણંદના.'

એમ મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી, ઘનશ્યામબાપા... વગેરેનાં નામ કહ્યાં. સ્વામીશ્રી 'આણંદના' કહી ઉત્તર આપતા હતા. કોઈ બોલ્યું : 'પ્રભુદાસ લાલાજી ક્યાંના ?' સ્વામીશ્રી કંઈ ન બોલ્યા. સંતોએ પૂછ્યું : 'આણંદના ?' સ્વામીશ્રી કંઈ ન બોલ્યા. કોઈ બોલ્યું : 'એ આણંદના નહીં, ગાનાના.' તરત સ્વામીશ્રીએ સંમતિસૂચક મસ્તક હલાવ્યું.

•

ધર્મચરણદાસ સ્વામીએ કેટલાક બાકી રહેલા પત્રો અંગે સ્વામીશ્રીને પૂછી લીધા બાદ, કેટલાંક મંદિરોનાં આવેલાં માસિક-સરવૈયાં સ્વામીશ્રીને બતાવી તેની વિગત જણાવી. દરેક પત્ર અને સરવૈયાની વાત સ્વામીશ્રી રસપૂર્વક સાંભળતા હતા અને 'હા'-'ના'માં કે 'બરાબર' કહીને ઉત્તર આપતા હતા.

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'આપ કહો છો તેમ થાય છે, બધાનાં કામ થાય છે. બધા હરિભક્તો રાજી થાય છે. એવું શું છે આપનામાં ?'

સ્વામીશ્રી તેમની સામું જોઈ રહ્યા. પછી ધીરે રહીને કહે : 'ભગવાન બોલે છે એટલે કામ થાય છે.'

બ્રહ્મસાન્નિધિ



જૂન ૨૦૧૭

તા. ૧-૬-૨૦૧૪, સારંગપુર

સવારે પૂજા પછી નારાયણચરણદાસ સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું : 'એક હરિભક્તને કેન્સર થયું છે. તેમને આશીર્વાદ આપજો.'

સ્વામીશ્રી કહે : 'બધું સારું થઈ જશે.'

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'બાપા ! આપ બોલ્યા એટલામાં સારું થઈ જાય ?'

સ્વામીશ્રી કહે : 'શ્રદ્ધા હોય તો સારું થઈ જાય.'

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'એક કામ કરો ને ! કોઈને દુ:ખ ન આવે એવું કરી દો ને !'

સ્વામીશ્રી કહે : 'દુ:ખ તો આવે જ.'

'તો બધાને આપના જેવી સમજણ કરી દો, જેથી કોઈને દુ:ખ ન લાગે.'

સ્વામીશ્રી કહે : 'એ બરાબર છે. સમજણ આવે તો સુખ થાય.'

શાસ્ત્રો અને સંતો-ભક્તોએ કરેલી સમગ્ર સુખ-મીમાંસાનો સાર સ્વામીશ્રીએ સહજમાં કહી દીધો.

•

એક યુવકનો ફોન આવ્યો. તેને એક બાજુ અમેરિકા જવાની ઇચ્છા છે ને બીજી બાજુ સાધુ થવાની પણ ઇચ્છા છે. શું કરવું એ અંગે માર્ગદર્શન લેવા ફોન કર્યો હતો.

બે-ત્રણ વખત પૂછ્યું છતાં ઉત્તરમાં સ્વામીશ્રીએ કંઈ ન કહ્યું. એટલે હરિપ્રકાશદાસ સ્વામીએ પૂછ્યું : 'બાપા ! સાધુ થવામાં સુખ તો છે ને ?'

સ્વામીશ્રી મક્કમતાથી કહે : 'છે... છે... ને છે જ.'

તેઓએ પૂછ્યું : 'પણ સાધુમાં સુખ હોય તો કેટલાક ગૃહસ્થાશ્રમમાં કેમ પાછા જાય છે ?'

સ્વામીશ્રી એક જ શબ્દમાં જવાબ આપતાં કહે : 'દાસ.'

તેઓ કહે : 'અમારે સારામાં સારા સાધુ થવું છે, તો અમારે શું કરવું ?'

સ્વામીશ્રી કહે : 'કથાવાર્તા, ભજન-ભક્તિ કરવાનાં.'

•

હળવા વાર્તાલાપ દરમ્યાન હરિપ્રકાશદાસ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું : 'સ્વામી ! આપ ગુરુ છો, સદ્‌ગુરુ છો કે સ્વયંસેવક છો ?'

'દાસ છીએ.' સ્વામીશ્રીએ સ્વયં આત્મસાત્ કરેલી સમજણ તરત અભિવ્યક્ત થઈ.

▪

તા. ૨-૬-૨૦૧૪, સારંગપુર

આજે પ્રમુખવરણી દિન હોવાથી સવારથી વાતાવરણમાં ઉત્સવીય આનંદ ઊભરાતો હતો. ઠેર ઠેરથી હરિભક્તો આ પ્રસંગને ઊજવવા આવી પહોંચ્યા હતા. 'પ્રમુખદર્શન વાટિકા' ભક્તો-ભાવિકોથી ચિક્કાર ભરાયેલી હતી. સૌ ચાતક-નજરે સ્વામીશ્રીના નિવાસના દ્વાર તરફ જોઈ રહ્યા હતા.

સ્વામીશ્રી સ્નાનાદિક નિત્યકર્મથી પરવાર્યા બાદ રૂમમાંથી બહાર આવ્યા ત્યારે સૌ આનંદહિલોળે ચઢ્યા. સ્વામીશ્રીએ મસ્તકે શાસ્ત્રીજી મહારાજ જેવી પાઘ ધારણ કરી હતી. ભાલે ચંદનની અર્ચા સાથે તિલક-ચાંદલો કર્યો હતો. બંને હાથે મોટો શંખ ઝાલ્યો હતો. સ્વામીશ્રીનો વાટિકામાં પ્રવેશ થતાં જ એક સાથે સાત-આઠ સંતોએ બુલંદ શંખનાદ કરીને ગુરુહરિના આગમનને વધાવ્યું.

'બાજે મૃદંગ તૂર, શરણાઈના ગુંજે સૂર...' એ પ્રાસંગિક ગીતના આધારે યુવકોએ સુંદર વેશભૂષા સાથે નૃત્ય કરીને પોતાનો આનંદ વ્યક્ત કર્યો.

બહારની મંચ-પીઠિકા ઉપર આજના પ્રસંગને અનુરૂપ સુશોભન કરવામાં આવ્યું હતું.

એક તરફ અમદાવાદની આંબલીવાળી પોળના મકાનના ઓરડાનું દૃશ્ય કે જ્યાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની પૂર્ણ કદની પ્રતિમા પધરાવીને, આજથી ૬૪ વર્ષ પહેલાંનું દૃશ્ય હૂબહૂ ખડું કરવામાં આવ્યું હતું. સ્વામીશ્રીની વ્હીલચૅર ત્યાં ગોઠવવામાં આવી.

નારાયણમુનિદાસ સ્વામીએ સ્વામીશ્રીને કુમકુમ-અક્ષતનો ચાંદલો કરી સમગ્ર સત્સંગસમાજ વતી આજના શુભ પ્રસંગ નિમિત્તે વધાવ્યા. ત્યારબાદ વિવેકસાગરદાસ સ્વામી અને જ્ઞાનેશ્વરદાસ સ્વામીએ સુંદર કલાત્મક ચાદર ઓઢાડીને સ્વામીશ્રીનું અભિવાદન કર્યું.

આજથી ૬૪ વર્ષ પહેલાં જ્યારે શાસ્ત્રીજી મહારાજે નવયુવાન શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીને ચાદર ઓઢાડીને પોતાના સ્થાને સંસ્થાના પ્રમુખ નીમ્યા તે પ્રસંગે તેઓશ્રીએ જે આશીર્વાદ આપ્યા હતા, તે આશીર્વચનોનો પત્ર સ્વામીશ્રીના હાથમાં આપવામાં આવ્યો. સ્વામીશ્રીએ તેનું વાંચન કર્યું. દર્શકોના લાભાર્થે માઇક પરથી તે શબ્દો પ્રસારિત કરવામાં આવ્યા.

ત્યારબાદ સ્વામીશ્રીએ પણ તે સમયે લીધેલી પ્રતિજ્ઞાનો પત્ર પણ સ્વામીશ્રીનાં કરકમળોમાં આપવામાં આવ્યો. સ્વામીશ્રીના જ શબ્દોમાં ધ્વનિમુદ્રિત થયેલી તે 'પ્રમુખ-પ્રતિજ્ઞા' માઇક પરથી પ્રસારિત કરવામાં આવી. તે દરમ્યાન સ્વામીશ્રી પોતાના કરમાં ધારણ કરેલા આ પ્રતિજ્ઞાપત્રનું વાંચન કરતા હતા.

તે પછી સ્વામીશ્રીના હાથમાં બી.એ.પી.એસ.ની ધજા આપવામાં આવી. સ્વામીશ્રી તેને હવામાં લહેરાવવા લાગ્યા. તે સાથે સભામાં ઉપસ્થિત સેંકડો ભક્તજનોએ એક સાથે ધજા લહેરાવી. *'અમે સૌ સ્વામીના બાળક...'* એ ખુમારીના ગીતની ભાવનાને પોતાનું સમર્થન આપવા લાગ્યા.

મંચ ઉપર એક રાઉન્ડ ફરીને સૌને દર્શનલાભ આપીને સ્વામીશ્રી મંચ ઉપર બનાવવામાં આવેલી બીજી પાર્શ્વભૂ આગળ આવ્યા. સારંગપુર મંદિરના ભવ્ય દરવાજાના કટઆઉટ આગળ સ્વામીશ્રીની વ્હીલચૅર ગોઠવાઈ. *'ગુણાતીત કા ડંકા આલમ મેં...'* કીર્તન વખતે જ્ઞાનેશ્વરદાસ સ્વામી પિત્તળનો ઘંટ લઈને સ્વામીશ્રી પાસે આવ્યા. સ્વામીશ્રીએ તેની દોરી કરમાં ગ્રહણ કરીને ડંકા વગાડ્યા.

યુવકોએ ત્યારબાદ સંવાદ ભજવ્યો. અમદાવાદમાં સ્વામીશ્રીને પ્રમુખ તરીકે નીમ્યા તે સમાચાર સારંગપુરમાં પહોંચતાં સારંગપુર મંદિરમાં કેવું વાતાવરણ સર્જાયું, સંતો-હરિભક્તોમાં કેવી આનંદની ભરતી ચઢી, તેને સંવાદમાં યુવકોએ તાદૃશ્ય કરી બતાવ્યું. વિવિધ પ્રસંગોને વણી લઈને સ્વામીશ્રીની નમ્રતા, સાધુતા, વ્યવહાર-દક્ષતા, ગુરુ પ્રત્યેની અનન્ય ભક્તિ-નિષ્ઠા વગેરે ગુણોથી તેઓશ્રીએ નાની ઉંમરમાં સમગ્ર સત્સંગસમાજનાં દિલ જીતી લીધાં હતાં. આથી, શાસ્ત્રીજી મહારાજે લીધેલા આ નિર્ણયને સૌએ સર્વથા સર્વોચિત સમજીને અત્યંત હર્ષથી વધાવી લીધો.

આ પ્રસંગની ખુશાલી વ્યક્ત કરતાં સૌનાં મોં મીઠાં કરવા શીરો બનાવવામાં આવ્યો હતો. તે શીરાની ૨૦ કુંડીઓ મંચની ધાર ઉપર ગોઠવવામાં આવી. સ્વામીશ્રીએ તેના પર પુષ્પો પધરાવીને પ્રસાદીનો કર્યો. સ્વામીશ્રીનાં દર્શન બાદ તેનું વિતરણ કરવામાં આવ્યું.

•

તા. ૩-૬-૨૦૧૪, સારંગપુર

પૂજા પછી ધર્મચરણદાસ સ્વામીએ ભાવનગર મંદિરનું સરવૈયું સ્વામીશ્રીને બતાવ્યું ને વિગતો જણાવી. ત્યારબાદ હળવી કસરતો કરી.

સ્વામીશ્રીને ત્યારબાદ જળપાન કરાવવામાં આવ્યું. પાણી પીધા પછી રૂમાલથી મુખ લૂછ્યું. આ રૂમાલ બાબતે સ્વામીશ્રીને ગમ્મત કરાવવા બે સંતો મમતે ચઢ્યા.

એક સંત કહે : 'આ મારો રૂમાલ છે.' તો બીજા સંત કહે : 'ના, આ મારો જ રૂમાલ છે.'

સ્વામીશ્રી તે જોઈને કહે : 'મારું મારું શું કરો છો ?'

એક સંત કહે : 'બાપા ! આ રૂમાલ મારો છે.'

બીજા સંત કહે : 'તમારો નથી. આ તો બાપાનો રૂમાલ છે.'

સ્વામીશ્રી એકદમ વચ્ચે બોલી ઊઠ્યા : 'ભગવાનનો રૂમાલ છે.'

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'ના, સ્વામીબાપા ! આ તો તમારો રૂમાલ છે. રાખો તમારી પાસે.'

સ્વામીશ્રી કહે : 'ના, મારું કાંઈ જ નથી. મારે તો કાંઈ રાખવું નથી.' એમ કહીને રૂમાલ તેમના તરફ નાખ્યો.

શ્રીહરિને જેમ ભાર નામે એક રૂમાલ પણ રાખવો

ગમતો નહીં, એવી જ બૃહદ વૈરાગ્યની છટા સ્વામીશ્રીમાં પણ જોવા મળી.

•

બપોરે સ્વામીશ્રી સ્નાન કરીને પાછા રૂમમાં આવ્યા ત્યારે સામેથી બોલ્યા : 'સંતોને પાંચ-પચ્ચીસ લાડુ જમાડવા છે.'

તરત ભંડારી સ્વામીનો ફોન પર સંપર્ક કરવામાં આવ્યો. સ્વામીશ્રીની રુચિ જણાવી તાત્કાલિક વ્યવસ્થા થાય તેમ છે કે નહીં તે પૂછ્યું. તેઓ કહે : 'બધું થઈ જશે.' સંતોએ સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા! આપની મરજી શું છે? ચૂરમાના લાડુ જમાડવા છે કે બુંદીના?'

સ્વામીશ્રી કહે : 'બુંદીના હોય તો સારું.'

તાત્કાલિક બધા સંતોને સંદેશો આપવામાં આવ્યો. થોડી વારમાં બધા જ સંતો સ્વામીશ્રીનાં દર્શન કરવા માટે હાજર થઈ ગયા.

૨:૦૫ વાગે પડદા ખૂલ્યા. સ્વામીશ્રી પલંગની ધારે ચરણ નીચા રાખીને બેકરેસ્ટને ટેકે બિરાજ્યા હતા. બંને કોણીએ નાના તકિયા ગોઠવ્યા હતા. સ્વામીશ્રીની આગળ નાનું ટેબલ ગોઠવવામાં આવ્યું હતું.

આ બાજુ ભંડારી સ્વામીના માર્ગદર્શન મુજબ સંતોએ છૂટી બુંદીના લાડુ વાળીને પાત્રોમાં ભરીને તૈયાર કરી દીધા હતા. બુંદીના લાડુનો થાળ સ્વામીશ્રીના ટેબલ ઉપર મૂકવામાં આવ્યો. સ્વામીશ્રી અત્યારે સંતોને જમાડવાના ઉમળકા સાથે અત્યંત પ્રસન્ન હતા. જાતે જ થાળના લાડુનો સ્પર્શ કરીને પ્રસાદીના કરી આપ્યા.

સ્વામીશ્રી પણ કંઈક અંગીકાર કરે એવા હેતુથી એક કાષ્ઠના થાળમાં ગોઠવેલા કાષ્ઠના નાના નાના વાડકાઓમાં બદામપૂરી, કાજુકતરી, કાજુ, ચણા, ખાખરા વગેરે ભરીને સ્વામીશ્રીના ટેબલ ઉપર મૂકવામાં આવ્યાં.

માઈક પરથી યોગીબાપાની વાણીમાં તેઓએ કહેલી બોધકથા – બ્રાહ્મણ લાડવાના કેફમાં કૂવામાંથી બહાર નીકળી ગયો – તે સંભળાવવામાં આવી. તેમાં '...હવે ચૂરમામાં ઘી રેડાતું હશે... અને બ્રાહ્મણ કૂદીને કૂવામાંથી બહાર નીકળી ગયો...' એવું આવતાં સ્વામીશ્રી એકદમ હસી પડ્યા.

થાળમાંથી સ્વામીશ્રીને બુંદીના દાણા જમાડવા જતાં સ્વામીશ્રીએ ના પાડી ને કહે : 'સંતોને જમાડો.'

'સંતોને હમણાં વહેંચે છે, પહેલાં આપ જમો. આપ જમો – એવાં દર્શન કરવાની સંતોની ઇચ્છા છે.' નારાયણચરણદાસ સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું.

થાળમાં એક વાટકામાં કાજુ હતા. સ્વામીશ્રીએ તેમાંથી એક કાજુની ફાડ લીધી. જાતે જ અંગૂઠા-આંગળી વતે તેનો નાનો ટુકડો કરીને મુખમાં મૂક્યો. ફરી કહે : 'બધાને લાડુ આપો.'

સ્વામીશ્રી ભદ્રેશદાસ સ્વામીને કહે : 'લાડુની વાત કરો.'

સ્વામીશ્રીએ થાળમાં રહેલી બધી જ વાનગીઓ ઉપર હાથ મૂકીને તેને પ્રસાદીભૂત કરતાં ફરી કહ્યું : 'બધાને આપો.'

સ્વામીશ્રીની કોઈ વાનગી જમવાની રુચિ ન હોવાથી છેવટે તલનો મુખવાસ જમવા વિનંતી કરી. સ્વામીશ્રી સંમત થયા. સ્વામીશ્રી નાની ચમચીમાં થોડા તલ લઈ જમ્યા.

થોડી વાર પછી સૌના આગ્રહથી ફરી બીજી વખત પણ એ જ રીતે નાની ચમચી વડે તલનો મુખવાસ જમ્યા. ત્યારબાદ કાષ્ઠનો પ્યાલો ઉપાડીને જાતે જ બાજુમાં કાષ્ઠનો વાડકો હતો તેમાં પાણી રેડવા પ્રયત્ન કર્યો. સેવકે મદદ કરી. પછી વાડકો મોઢે માંડી થોડું પાણી પીધું. સ્વામીશ્રીએ જળપાન કરી લીધા પછી સંતોએ ગમ્મત કરીને સ્વામીશ્રીને હસાવ્યા.

બહાર સંતોને બુંદીના લાડુનું વિતરણ થઈ રહ્યું હતું તે નિહાળી સ્વામીશ્રી રાજી થયા. આમ, શ્રીહરિની જેમ જ તપસ્વી ને સાધનારત સંતોને જમાડીને સ્વામીશ્રીએ પરિતૃપ્તિનો ઓડકાર ખાધો.

•

તા. ૪-૬-૨૦૧૪, સારંગપુર

સવારે ૧૧:૦૦ વાગે સ્વામીશ્રીએ પોતાના કક્ષમાંથી સંતોને દર્શન આપ્યાં. સ્વામીશ્રીની વ્હીલચૅર પલંગની આગળ ગોઠવાઈ હતી. પડદો ખૂલ્યો ત્યારે સ્વામીશ્રીની સમક્ષ તારીખિયું રાખવામાં આવ્યું હતું. સ્વામીશ્રી તે વાંચતાં બોલ્યા : 'જેઠ સુદ ૬, બુધવાર, સારંગપુર.'

સ્વામીશ્રી અત્યારે અત્યંત આનંદમાં હતા. સામે સંતો કીર્તનના તાલે જે જે કરમુદ્રાઓ કે ચેષ્ટાઓ કરતા હતા તેમને સ્વામીશ્રી પ્રોત્સાહિત કરતા હતા.

વિવેકસાગરદાસ સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું : 'જ્યારે શાસ્ત્રીજી મહારાજે અટલાદરામાં મંદિર કરવાનો

સંકલ્પ કર્યો ત્યારે નિર્ગુણદાસ સ્વામી અને કેટલાક હરિભક્તો ના પાડતા હતા. તે વખતે શાસ્ત્રીજી મહારાજે તેમને શું કહ્યું હતું ?'

તરત સ્વામીશ્રીએ મલકાતાં મલકાતાં પોતાનો જમણો હાથ ડાબી ભૂજા પર થપથપાવતાં સંજ્ઞાથી કહ્યું કે 'સ્વામીએ એમ કહ્યું હતું કે કોઈનો સહકાર નહીં મળે તો હું મારા બાહુબળે મંદિર કરીશ.'

સ્વામીશ્રીને બાહુ થપથપાવતા જોઈને સંતો અત્યંત રાજી થઈ ગયા.

પછી તો કીર્તનના તાલે સંતો જેવી જેવી મુદ્રા કરતા હતા તેવી જ મુદ્રા પ્રતિભાવરૂપે સ્વામીશ્રી કરવા લાગ્યા ને સંતોના મનોરથ પૂરા કરવા માંડ્યા.

છેલ્લે સંતોએ જયનાદો ઉચ્ચાર્યા. સ્વામીશ્રીએ બંને હાથે થાપા મારતા હોય તેમ સૌ સંતોને આશીર્વાદ આપ્યા. તે પછી હાથ જોડીને સૌને 'જય સ્વામિનારાયણ' કહ્યા.

•

તા. ૫-૬-૨૦૧૪, સારંગપુર

વલસાડ-તીથલથી વિવેકસ્વરૂપદાસ સ્વામીએ પત્ર મોકલ્યો હતો. જેમાં કયા મંદિરમાં કેટલી કેરી મોકલી છે તેનું લિસ્ટ હતું. ધર્મચરણદાસ સ્વામીએ વિગત વાર સ્વામીશ્રીને જણાવ્યું. સ્વામીશ્રી દક્ષિણ ગુજરાતના પ્રેમી-ભક્તોની તમામ મંદિરો અને સંતો-ભક્તો પ્રત્યેની આવી આત્મબુદ્ધિ-પ્રીતિ જોઈને ઘણા જ રાજી થયા.

યોગવિવેકદાસ સ્વામી કહે : 'બાપા ! કેરી જમો.'

સ્વામીશ્રીએ મસ્તક હલાવીને ના કહી.

તેઓ કહે : 'ના ન પડાય. આટલી બધી કેરી આવી છે તે કોણ જમશે ?'

'ભગવાન.' તરત સ્વામીશ્રી બોલ્યા.

•

તા. ૬-૬-૨૦૧૪, સારંગપુર

સવારે સ્નાનાદિક નિત્યકર્મથી પરવારીને સ્વામીશ્રી વ્હીલચૅરમાં બિરાજ્યા. સ્વામીશ્રીના ખોળામાં ઓશીકું મૂકવાનું હતું. તેના કવર ઉપર 'સર્વસ્વ' લખ્યું હતું.

હરિપ્રકાશદાસ સ્વામીએ પૂછ્યું : 'આ શું લખ્યું છે ?'

સ્વામીશ્રી કહે : 'સર્વસ્વ.'

'આપનું સર્વસ્વ કોણ ?'

ક્ષણના પણ વિલંબ વિના સ્વામીશ્રી કહે : 'ભગવાન.'

'આપના અંતરમાં ભગવાન છે તો ભગવાનની વાત જ બહાર આવે છે. તેમ અમારા અંતરમાં ભગવાન પ્રધાન થાય તેવા આશીર્વાદ આપજો.'

સ્વામીશ્રી કહે : 'જ્ઞાન થાય તો (આશીર્વાદ) છે જ.'

સ્વામીશ્રીના સંક્ષિપ્ત ઉત્તરમાં અધ્યાત્મજ્ઞાનનો નિચોડ હતો.

•

રાત્રે ૯:૩૦ વાગે કાર્ડિયોલોજિસ્ટ ડૉ. તેજસભાઈ પટેલ મળવા આવ્યા. સ્વામીશ્રીને તપાસ્યા પછી સ્વામીશ્રીની તબિયત સારી જોઈને ઘણો સંતોષ વ્યક્ત કર્યો. સ્વામીશ્રી પાસે થોડો સમય વિતાવ્યા પછી તેમને જવાનો સમય થયો હતો તેથી સંતોએ સ્વામીશ્રીને કહ્યું : 'સાહેબ જાય હવે ?'

સ્વામીશ્રી કહે : 'ના.'

ડૉ. તેજસભાઈ કહે : 'બાપા ! રોકાઈ જાઉં ?'

સ્વામીશ્રી સ્મિત કરતાં કહે : 'તમારે ઘણાં કામ હોય ને !'

આમ, એક તરફ જવાની ના કહીને તેમના પ્રત્યેનો પ્રેમ અને આત્મીયતા જણાવી, તો બીજી તરફ તેઓની વ્યસ્તતાને જાણતા હોવાથી રોકવાનો વધુ આગ્રહ ન કર્યો. સ્વામીશ્રીનો પરમ વિવેક નિહાળી સૌ નિહાલ થયા.

•

૯:૫૦ વાગે 'પ્રમુખદર્શન વાટિકા'માં હરિભક્તોને દર્શન આપવા પધાર્યા.

બેઠકરૂમમાં આવ્યા ત્યારે હરિભક્તોની વસ્તુઓ પ્રસાદીની કર્યા પછી સંતો સાથે હળવી પળો વિતાવી.

સ્વામીશ્રીને અત્યંત આનંદમાં જોઈને બ્રહ્મવિહારી-દાસ સ્વામીએ પૂછ્યું : 'આપ આજે આટલા ફ્રેશ કેમ છો ?'

સ્વામીશ્રીએ નિર્દોષ શિશુની જેમ તેમની સામું જોયું.

સ્વામીશ્રીએ હળવેથી તેઓને કહ્યું : 'રોજ ફ્રેશ.'

•

તા. ૭-૬-૨૦૧૪, સારંગપુર

પૂજા પછી સ્વામીશ્રીએ ઉપસ્થિત સૌ સંતોને હાથ જોડીને 'જય સ્વામિનારાયણ' કહ્યા.

ઈશ્વરચરણદાસ સ્વામીને જોયા એટલે સ્વામીશ્રીએ પૂછ્યું : 'ક્યાંથી આવ્યા ?' તેઓએ સ્વામીશ્રીની નજીક જઈને કહ્યું : 'અમદાવાદથી.'

સ્વામીશ્રી તેમની સામું જોઈ રહ્યા. તેમાં 'શા માટે

આવ્યા છો?' એવો પ્રશ્ન ડોકાતો હતો. ઈશ્વરચરણદાસ સ્વામી તે સમજી ગયા, તેથી કહે : 'આપની તબિયત જોવા આવ્યા છીએ. સારી છે ને?'

સ્વામીશ્રીએ કહ્યું : 'સારી છે.'

•

ઉદ્યાનમાં પ્રાતઃપૂજા કર્યા પછી સ્વામીશ્રી કાચની બેઠક-રૂમમાં આવ્યા. બી.પી.-પલ્સ મપાયાં. પછી સ્વામીશ્રીએ હરિકૃષ્ણ મહારાજને ખોળામાં ધારણ કર્યા. ખોળામાં થોડા જમણે પડખે રાખી નાના શીશુને તેડ્યું હોય તે રીતે બંને હાથે સ્વામીશ્રીએ થાળી પકડી હતી. યોગાનુયોગ આજના શ્રીહરિ જયંતીના દિને તે વધુ ઉચિત લાગતું હતું.

સ્વામીશ્રી પેસેજમાં આવ્યા ત્યારે બ્રહ્મવિહારીદાસ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું : 'કોણ છે આ?'

સ્વામીશ્રી કહે : 'હરિકૃષ્ણ મહારાજ.' સ્વામીશ્રીના સ્વરમાં સ્નેહ નીતરતો હતો.

બ્રહ્મવિહારીદાસ સ્વામીએ પૂછ્યું : 'ભેગા કેમ રાખો છો?'

સ્વામીશ્રી કહે : 'ભગવાન છે એટલે.'

બ્રહ્મવિહારીદાસ સ્વામી કહે : 'છૂટા પડતા જ નથી, કેમ?'

'ના, નહીં.' સ્વામીશ્રી બોલ્યા.

હરિકૃષ્ણ મહારાજ પ્રત્યેના સ્વામીશ્રીના અનન્ય સ્નેહનાં સૌને દર્શન થયાં.

•

સવારે સંતો-હરિભક્તોને દર્શન-લાભ આપ્યા પછી ૯:૩૦ વાગે સ્વામીશ્રી પોતાના નિવાસમાં પધાર્યા. હરિભક્તોની વસ્તુઓ પ્રસાદીની કરી. એક ખૂબ સુંદર હાર સંતોએ સ્વામીશ્રીના કંઠમાં પહેરાવ્યો. થોડા સમય પછી સ્વામીશ્રી પોતાના હાથથી તેને પકડીને ઊંચો કરવા લાગ્યા. નારાયણચરણદાસ સ્વામીએ આ જોયું, એટલે પૂછ્યું : 'હાર નથી ગમતો?'

સ્વામીશ્રી નકારસૂચક ઉદ્‌ગારમાં કહે : 'અં....હં...'

તરત હાર કંઠમાંથી કાઢી નાખવામાં આવ્યો.

સંતો સાથે થોડી પળો વીત્યા પછી સ્વામીશ્રીને ડૉક્ટરો કસરત કરાવવાના હતા. તેથી નારાયણચરણદાસ સ્વામીએ વ્હીલચૅરને સહેજ ઠેલ મારીને કહ્યું : 'હાલો હાલો, હજુ આપણે ઘણાં કામ કરવાનાં છે.'

બ્રહ્મવિહારીદાસ સ્વામી કહે : 'મીટિંગ કરવી છે?'

સ્વામીશ્રીએ પૂછ્યું : 'શાની?'

બ્રહ્મવિહારીદાસ સ્વામી કહે : 'રાજ કરવાનું છે.'

સ્વામીશ્રી તેમની સામું આશ્ચર્યવત્ જોઈ રહ્યા, એટલે કોઈ બોલ્યું : 'ક્યાં?'

બ્રહ્મવિહારીદાસ સ્વામી કહે : 'દિલ્હીમાં.'

તરત સ્વામીશ્રી કહે : 'મારે નહીં.'

શ્રીહરિની પ્રકૃતિ – 'અમારે રાજ્યાદિકને વિશે લોભ નથી...' એ સ્વામીશ્રીમાં ઈદં જોવા મળી.

વિવેકસાગરદાસ સ્વામી પોતાની લાક્ષણિક અદાથી કહે : 'અનંતકોટિ બ્રહ્માંડનું રાજ્ય નથી જોઈતું તો દિલ્હીનું શું?'

'હં...' કહી સ્વામીશ્રી તેમની વાતમાં સંમત થયા.

વ્હીલચૅર બેઠકરૂમ તરફ સરી ગઈ.

•

તા. ૮-૬-૨૦૧૪, સારંગપુર

સવારે સ્નાનાદિક નિત્યકર્મથી પરવારીને સ્વામીશ્રી વ્હીલચૅરમાં બિરાજ્યા હતા. સંતોએ સ્વામીશ્રીને કહ્યું : 'આજે જેઠ સુદ દશમ છે. શ્રીજીમહારાજની અંતર્ધાન-તિથિ. તે પછી શ્રીજીમહારાજ સંત દ્વારા પ્રગટ રહ્યા છે. બરાબર ને?'

સ્વામીશ્રી કહે : 'હા.'

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'સંત દ્વારા ભગવાન પ્રગટ છે?'

સ્વામીશ્રી કહે : 'છે... છે... અને છે...'

તેઓએ રૂમમાં ઉપસ્થિત એક પછી એક બધા સંત તરફ અંગુલિનિર્દેશ કરીને સ્વામીશ્રીને પૂછ્યું : 'કયા સંતમાં પ્રગટ છે? આમાં?'

સ્વામીશ્રી દરેક વખતે ના કહેતા હતા.

પછી તેઓએ સ્વામીશ્રી તરફ અંગુલિનિર્દેશ કરીને કહ્યું : 'પ્રમુખસ્વામીમાં પ્રગટ છે. શાસ્ત્રીજી મહારાજે સિક્કો માર્યો છે.'

સ્વામીશ્રી તે સાંભળી હસવા લાગ્યા.

તેઓ કહે : 'કેમ, બરોબર છે ને?'

સ્વામીશ્રી કહે : 'હા, બરાબર જ છે.'

•

૯:૩૭ વાગે બેઠકરૂમમાં ઉત્તરાભિમુખે બિરાજીને પૂજા કરી. પૂજા પછી ઉપસ્થિત સૌ સંતોને હાથ જોડીને 'જય સ્વામિનારાયણ' કહ્યા.

સંકલ્પ કર્યો ત્યારે નિર્ગુણદાસ સ્વામી અને કેટલાક હરિભક્તો ના પાડતા હતા. તે વખતે શાસ્ત્રીજી મહારાજે તેમને શું કહ્યું હતું ?'

તરત સ્વામીશ્રીએ મલકાતાં મલકાતાં પોતાનો જમણો હાથ ડાબી ભૂજા પર થપથપાવતાં સંજ્ઞાથી કહ્યું કે 'સ્વામીએ એમ કહ્યું હતું કે કોઈનો સહકાર નહીં મળે તો હું મારા બાહુબળે મંદિર કરીશ.'

સ્વામીશ્રીને બાહુ થપથપાવતા જોઈને સંતો અત્યંત રાજી થઈ ગયા.

પછી તો કીર્તનના તાલે સંતો જેવી જેવી મુદ્રા કરતા હતા તેવી જ મુદ્રા પ્રતિભાવરૂપે સ્વામીશ્રી કરવા લાગ્યા ને સંતોના મનોરથ પૂરા કરવા માંડ્યા.

છેલ્લે સંતોએ જયનાદો ઉચ્ચાર્યા. સ્વામીશ્રીએ બંને હાથે થાપા મારતા હોય તેમ સૌ સંતોને આશીર્વાદ આપ્યા. તે પછી હાથ જોડીને સૌને 'જય સ્વામિનારાયણ' કહ્યા.

•

તા. ૫-૬-૨૦૧૪, સારંગપુર

વલસાડ-તીથલથી વિવેકસ્વરૂપદાસ સ્વામીએ પત્ર મોકલ્યો હતો. જેમાં કયા મંદિરમાં કેટલી કેરી મોકલી છે તેનું લિસ્ટ હતું. ધર્મચરણદાસ સ્વામીએ વિગત વાર સ્વામીશ્રીને જણાવ્યું. સ્વામીશ્રી દક્ષિણ ગુજરાતના પ્રેમી-ભક્તોની તમામ મંદિરો અને સંતો-ભક્તો પ્રત્યેની આવી આત્મબુદ્ધિ-પ્રીતિ જોઈને ઘણા જ રાજી થયા.

યોગવિવેકદાસ સ્વામી કહે : 'બાપા ! કેરી જમો.'

સ્વામીશ્રીએ મસ્તક હલાવીને ના કહી.

તેઓ કહે : 'ના ન પડાય. આટલી બધી કેરી આવી છે તે કોણ જમશે ?'

'ભગવાન.' તરત સ્વામીશ્રી બોલ્યા.

•

તા. ૬-૬-૨૦૧૪, સારંગપુર

સવારે સ્નાનાદિક નિત્યકર્મથી પરવારીને સ્વામીશ્રી વ્હીલચૅરમાં બિરાજ્યા. સ્વામીશ્રીના ખોળામાં ઓશીકું મૂકવાનું હતું. તેના કવર ઉપર 'સર્વસ્વ' લખ્યું હતું.

હરિપ્રકાશદાસ સ્વામીએ પૂછ્યું : 'આ શું લખ્યું છે ?'

સ્વામીશ્રી કહે : 'સર્વસ્વ.'

'આપનું સર્વસ્વ કોણ ?'

ક્ષણના પણ વિલંબ વિના સ્વામીશ્રી કહે : 'ભગવાન.'

'આપના અંતરમાં ભગવાન છે તો ભગવાનની વાત જ બહાર આવે છે. તેમ અમારા અંતરમાં ભગવાન પ્રધાન થાય તેવા આશીર્વાદ આપજો.'

સ્વામીશ્રી કહે : 'જ્ઞાન થાય તો (આશીર્વાદ) છે જ.'

સ્વામીશ્રીના સંક્ષિપ્ત ઉત્તરમાં અધ્યાત્મજ્ઞાનનો નિચોડ હતો.

•

રાત્રે ૯:૩૦ વાગે કાર્ડિયોલોજિસ્ટ ડૉ. તેજસભાઈ પટેલ મળવા આવ્યા. સ્વામીશ્રીને તપાસ્યા પછી સ્વામીશ્રીની તબિયત સારી જોઈને ઘણો સંતોષ વ્યક્ત કર્યો. સ્વામીશ્રી પાસે થોડો સમય વિતાવ્યા પછી તેમને જવાનો સમય થયો હતો તેથી સંતોએ સ્વામીશ્રીને કહ્યું : 'સાહેબ જાય હવે ?'

સ્વામીશ્રી કહે : 'ના.'

ડૉ. તેજસભાઈ કહે : 'બાપા ! રોકાઈ જાઉં ?'

સ્વામીશ્રી સ્મિત કરતાં કહે : 'તમારે ઘણાં કામ હોય ને !'

આમ, એક તરફ જવાની ના કહીને તેમના પ્રત્યેનો પ્રેમ અને આત્મીયતા જણાવી, તો બીજી તરફ તેઓની વ્યસ્તતાને જાણતા હોવાથી રોકવાનો વધુ આગ્રહ ન કર્યો. સ્વામીશ્રીનો પરમ વિવેક નિહાળી સૌ નિહાલ થયા.

•

૯:૫૦ વાગે 'પ્રમુખદર્શન વાટિકા'માં હરિભક્તોને દર્શન આપવા પધાર્યા.

બેઠકરૂમમાં આવ્યા ત્યારે હરિભક્તોની વસ્તુઓ પ્રસાદીની કર્યા પછી સંતો સાથે હળવી પળો વિતાવી.

સ્વામીશ્રીને અત્યંત આનંદમાં જોઈને બ્રહ્મવિહારી-દાસ સ્વામીએ પૂછ્યું : 'આપ આજે આટલા ફ્રેશ કેમ છો ?'

સ્વામીશ્રીએ નિર્દોષ શિશુની જેમ તેમની સામું જોયું.

સ્વામીશ્રીએ હળવેથી તેઓને કહ્યું : 'રોજ ફ્રેશ.'

•

તા. ૭-૬-૨૦૧૪, સારંગપુર

પૂજા પછી સ્વામીશ્રીએ ઉપસ્થિત સૌ સંતોને હાથ જોડીને 'જય સ્વામિનારાયણ' કહ્યા.

ઈશ્વરચરણદાસ સ્વામીને જોયા એટલે સ્વામીશ્રીએ પૂછ્યું : 'ક્યાંથી આવ્યા ?' તેઓએ સ્વામીશ્રીની નજીક જઈને કહ્યું : 'અમદાવાદથી.'

સ્વામીશ્રી તેમની સામું જોઈ રહ્યા. તેમાં 'શા માટે

આવ્યા છો?' એવો પ્રશ્ન ડોકાતો હતો. ઈશ્વરચરણદાસ સ્વામી તે સમજી ગયા, તેથી કહે : 'આપની તબિયત જોવા આવ્યા છીએ. સારી છે ને?'

સ્વામીશ્રીએ કહ્યું : 'સારી છે.'

•

ઉદ્યાનમાં પ્રાતઃપૂજા કર્યા પછી સ્વામીશ્રી કાચની બેઠક-રૂમમાં આવ્યા. બી.પી.-પલ્સ મપાયાં. પછી સ્વામીશ્રીએ હરિકૃષ્ણ મહારાજને ખોળામાં ધારણ કર્યા. ખોળામાં થોડા જમણે પડખે રાખી નાના શીશુને તેડ્યું હોય તે રીતે બંને હાથે સ્વામીશ્રીએ થાળી પકડી હતી. યોગાનુયોગ આજના શ્રીહરિ જયંતીના દિને તે વધુ ઉચિત લાગતું હતું.

સ્વામીશ્રી પેસેજમાં આવ્યા ત્યારે બ્રહ્મવિહારીદાસ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું : 'કોણ છે આ?'

સ્વામીશ્રી કહે : 'હરિકૃષ્ણ મહારાજ.' સ્વામીશ્રીના સ્વરમાં સ્નેહ નીતરતો હતો.

બ્રહ્મવિહારીદાસ સ્વામીએ પૂછ્યું : 'ભેગા કેમ રાખો છો?'

સ્વામીશ્રી કહે : 'ભગવાન છે એટલે.'

બ્રહ્મવિહારીદાસ સ્વામી કહે : 'છૂટા પડતા જ નથી, કેમ?'

'ના, નહીં.' સ્વામીશ્રી બોલ્યા.

હરિકૃષ્ણ મહારાજ પ્રત્યેના સ્વામીશ્રીના અનન્ય સ્નેહનાં સૌને દર્શન થયાં.

•

સવારે સંતો-હરિભક્તોને દર્શન-લાભ આપ્યા પછી ૯:૩૦ વાગે સ્વામીશ્રી પોતાના નિવાસમાં પધાર્યા. હરિભક્તોની વસ્તુઓ પ્રસાદીની કરી. એક ખૂબ સુંદર હાર સંતોએ સ્વામીશ્રીના કંઠમાં પહેરાવ્યો. થોડા સમય પછી સ્વામીશ્રી પોતાના હાથથી તેને પકડીને ઊંચો કરવા લાગ્યા. નારાયણચરણદાસ સ્વામીએ આ જોયું, એટલે પૂછ્યું : 'હાર નથી ગમતો?'

સ્વામીશ્રી નકારસૂચક ઉદ્‌ગારમાં કહે : 'અં....હં...'

તરત હાર કંઠમાંથી કાઢી નાખવામાં આવ્યો.

સંતો સાથે થોડી પળો વીત્યા પછી સ્વામીશ્રીને ડૉક્ટરો કસરત કરાવવાના હતા. તેથી નારાયણચરણદાસ સ્વામીએ વ્હીલચૅરને સહેજ ઠેલ મારીને કહ્યું : 'હાલો હાલો, હજુ આપણે ઘણાં કામ કરવાનાં છે.'

બ્રહ્મવિહારીદાસ સ્વામી કહે : 'મીટિંગ કરવી છે?'

સ્વામીશ્રીએ પૂછ્યું : 'શાની?'

બ્રહ્મવિહારીદાસ સ્વામી કહે : 'રાજ કરવાનું છે.'

સ્વામીશ્રી તેમની સામું આશ્ચર્યવત્ જોઈ રહ્યા, એટલે કોઈ બોલ્યું : 'ક્યાં?'

બ્રહ્મવિહારીદાસ સ્વામી કહે : 'દિલ્હીમાં.'

તરત સ્વામીશ્રી કહે : 'મારે નહીં.'

શ્રીહરિની પ્રકૃતિ – 'અમારે રાજ્યાદિકને વિશે લોભ નથી...' એ સ્વામીશ્રીમાં ઈદં જોવા મળી.

વિવેકસાગરદાસ સ્વામી પોતાની લાક્ષણિક અદાથી કહે : 'અનંતકોટિ બ્રહ્માંડનું રાજ્ય નથી જોઈતું તો દિલ્હીનું શું?'

'હં...' કહી સ્વામીશ્રી તેમની વાતમાં સંમત થયા.

વ્હીલચૅર બેઠકરૂમ તરફ સરી ગઈ.

•

તા. ૮-૬-૨૦૧૪, સારંગપુર

સવારે સ્નાનાદિક નિત્યકર્મથી પરવારીને સ્વામીશ્રી વ્હીલચૅરમાં બિરાજ્યા હતા. સંતોએ સ્વામીશ્રીને કહ્યું : 'આજે જેઠ સુદ દશમ છે. શ્રીજીમહારાજની અંતર્ધાન-તિથિ. તે પછી શ્રીજીમહારાજ સંત દ્વારા પ્રગટ રહ્યા છે. બરાબર ને?'

સ્વામીશ્રી કહે : 'હા.'

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'સંત દ્વારા ભગવાન પ્રગટ છે?'

સ્વામીશ્રી કહે : 'છે... છે... અને છે...'

તેઓએ રૂમમાં ઉપસ્થિત એક પછી એક બધા સંત તરફ અંગુલિનિર્દેશ કરીને સ્વામીશ્રીને પૂછ્યું : 'કયા સંતમાં પ્રગટ છે? આમાં?'

સ્વામીશ્રી દરેક વખતે ના કહેતા હતા.

પછી તેઓએ સ્વામીશ્રી તરફ અંગુલિનિર્દેશ કરીને કહ્યું : 'પ્રમુખસ્વામીમાં પ્રગટ છે. શાસ્ત્રીજી મહારાજે સિક્કો માર્યો છે.'

સ્વામીશ્રી તે સાંભળી હસવા લાગ્યા.

તેઓ કહે : 'કેમ, બરોબર છે ને?'

સ્વામીશ્રી કહે : 'હા, બરાબર જ છે.'

•

૯:૩૭ વાગે બેઠકરૂમમાં ઉત્તરાભિમુખે બિરાજીને પૂજા કરી. પૂજા પછી ઉપસ્થિત સૌ સંતોને હાથ જોડીને 'જય સ્વામિનારાયણ' કહ્યા.

મેં કહ્યું : 'આજે જેઠ સુદ દશમ.'

વિવેકસાગરદાસ સ્વામી કહે : 'બાપા! આજે શ્રીજીમહારાજની તિથિ છે.'

સ્વામીશ્રી કહે : 'બધાને જમાડ્યા નહીં?'

ધર્મચરણદાસ સ્વામી કહે : 'બધાને એક-એક લાડુ આપ્યો.'

સ્વામીશ્રી કહે : 'તો બરાબર.'

લાડુની વાત નીકળી તેના પરથી વિવેકસાગરદાસ સ્વામીએ સ્વામીશ્રીને એક પ્રસંગ કહ્યો :

'એક વાર શ્રીજીમહારાજ સંતોને લાડુ પીરસતા હતા. તે વખતે એક વાણિયો તેના છોકરાને લઈને ત્યાં ઊભો હતો તેણે આ જોયું. તેણે પોતાના છોકરાને ચૂંટી ખણી. છોકરો રોવા લાગ્યો. વાણિયો તેને છાનો રાખતાં કહે : 'રડીશ નહીં, જો શ્રીજીમહારાજ તને પણ લાડુ આપશે.'

મહારાજ વાણિયાની યુક્તિ સમજી ગયા. તેમણે વાણિયાને કહ્યું : 'મારા છોકરાને હું લાડુ જમાડું, તારા છોકરાને તું ઘેર જઈને જમાડજે.'

સ્વામીશ્રી પ્રસંગ સાંભળીને હસી પડ્યા.

સંતોએ સ્વામીશ્રીને પૂછ્યું : 'આજે આપે બધાને લાડુ જમાડ્યા, તો આપ જમશો લાડુ?'

સ્વામીશ્રીએ હા કહી, એટલે સેવક સંતો તેની તૈયારીમાં લાગ્યા. તે દરમ્યાન પરમકીર્તિદાસ સ્વામીએ સ્વામીશ્રીના સારંગપુર ખાતેના એક વર્ષના રોકાણ દરમ્યાન બનેલાં કેટલાંક પ્રસંગો અને ચરિત્રોનું ફોટો-આલબમ તૈયાર કર્યું હતું તે સ્વામીશ્રીને નિહાળવા આપ્યું. એવામાં લાડુનો થાળ આવી ગયો. સ્વામીશ્રીની સમક્ષ તે મૂકવામાં આવ્યો. સ્વામીશ્રીએ તેમાંથી એક લાડુ ઉપરથી ચપટી વડે જાતે જ એક કણી જેટલું લીધું અને મુખમાં મૂક્યું. સંતોએ વધુ આગ્રહ કર્યો, પરંતુ સ્વામીશ્રીએ ના કહી. પછી બધા જ સંતોને આપવાની ઇચ્છા દર્શાવી. એક પછી એક બધા સંતો સ્વામીશ્રી પાસે આવતા ગયા ને લાડુનો પ્રસાદ ગ્રહણ કરતા ગયા. છેલ્લે હરિપ્રકાશદાસ સ્વામી લાડુનું નાનું પાત્ર લઈને આવ્યા ને સ્વામીશ્રીને ધર્યું. સ્વામીશ્રીએ હાથ મૂકીને તે લાડુ પ્રસાદીના કર્યા.

નારાયણચરણદાસ સ્વામી કહે : 'સેવામાં જે છે તે સંતોને આપી દેજો.'

સ્વામીશ્રી પણ તેમની સામું જોઈને કહે : 'આપી દેજો.'

વિવેકસાગરદાસ સ્વામીએ જૂનો પ્રસંગ યાદ કરાવતાં કહ્યું : 'બીલીમોરામાં જયસુખભાઈ કોઠારીને ત્યાં યોગીજી મહારાજે આપને લાડુ આપેલા. યાદ છે?'

સ્વામીશ્રીએ હકારમાં મસ્તક હલાવ્યું.

તેઓએ પૂછ્યું : 'કેટલા લાડુ આપ્યા હતા?'

સ્વામીશ્રી કહે : 'પાંચ.'

'કેવા હતા?'

'બહુ સારા.' સ્વામીશ્રીએ કહ્યું.

પછી ઉપસ્થિત બધા સંતો ઉપર દૃષ્ટિ ફેરવીને જોયું કે બધાને લાડુ મળી ગયા કે નહીં. વિવેકસાગરદાસ સ્વામીના હાથ ખાલી જોયા એટલે પ્રશ્નસૂચક દૃષ્ટિથી એમની સામું જોયું. તે જોઈને નારાયણમુનિદાસ સ્વામી સ્વામીશ્રીને કહે : 'આપ્યો એમને.'

સ્વામીશ્રીએ સંતોષ વ્યક્ત કર્યો.

સેલવાસથી જ્ઞાનેશ્વરદાસ સ્વામીનો ફોન આવ્યો. તેમણે જણાવ્યું કે મારા પર અમદાવાદથી કુમારભાઈ પૂજારાનો ફોન આવ્યો હતો. તેઓ આવતીકાલે અમદાવાદ, સારંગપુર અને ગોંડલ રસોઈ આપવા માગે છે. આવતીકાલે એકાદશી છે, તો સંતો ફરાળ કરે? આપની આજ્ઞા છે?'

સ્વામીશ્રીએ ફોન પર બધી વાત સાંભળીને કહ્યું : 'સ્વામિનારાયણ ભગવાનની જય.'

તેમની સાથે નિખિલેશદાસ સ્વામી હતા. તેમણે પણ સ્વામીશ્રી સાથે ફોન પર વાત કરતાં કહ્યું : 'જય સ્વામિનારાયણ, બાપા!'

સ્વામીશ્રીએ કહ્યું : 'જય સ્વામિનારાયણ. ક્યાં છો?'

'સેલવાસ.' પછી તેઓએ સેલવાસ મંદિર-સંકુલના બાંધકામના પ્રોજેક્ટની વાત કરી. સાથે સાથે સુરતમાં એક નવી જમીન લેવાની વાત ચાલે છે તે પણ જણાવ્યું.

સ્વામીશ્રી કહે : 'ખરીદી લો.'

તેઓ ફરી કહે : 'જમીન તો લઈ લઈએ પણ દાન-ભંડોળનું થઈ જાય તેવા આશીર્વાદ આપજો.'

સ્વામીશ્રી કહે : 'ભગવાનની દયાથી થઈ જશે.'

સ્વામીશ્રીની પૂર્વવત્ કાર્યછટા નિહાળીને સૌ સંતો ખૂબ રાજી થયા.

•

તા. ૧૦-૬-૨૦૧૪, સારંગપુર

બેઠકરૂમમાં ઉત્તરાભિમુખે બિરાજીને પૂજા કરી. માળા-જાપ કરતી વખતે ગૌમુખી ખંખેરીને અંદરની માળા સરખી કરી.

થાળ ધરાવતી વખતે સેવક કંઈક વાત કરવા ગયા, તો સ્વામીશ્રીએ અણગમો બતાવીને થાળ ધરાવવામાં વિક્ષેપ ન કરવા જણાવ્યું. ઠાકોરજીની મર્યાદા જાળવી. પછી સેવક પ્રત્યેક મૂર્તિને થાળ ધરાવતા હતા ત્યારે સ્પીકર પરથી સંભળાતા *'અમારા હૈયે રમે ઘનશ્યામ...'* એ કીર્તનના તાલે હળવે હાથે તાળી પાડવા લાગ્યા. કીર્તનભક્તિમાં મગ્ન બનીને થાળનાં દર્શન કરતા હતા.

જળ પ્રસાદીનું કરતી વખતે પ્રસાદીનો મણકો જળમાં બોળી લીધા પછી તેને ખંખેરીને તેના પર રહેલું જળ દૂર કર્યું, તે પછી સેવકના હાથમાં આપ્યો.

શિક્ષાપત્રી-વાંચન વખતે પણ એક પાનું વંચાઈ ગયા પછી બીજું પાનું વાંચવા પોતાની લાક્ષણિક શૈલી મુજબ બંને અંગૂઠાથી પાનું ફેરવવા લાગ્યા. પાનું ફેરવતાં પહેલાં ડબલ આવી ગયું નથી ને, તેની ખાતરી કરવા અંગૂઠા-આંગળીથી સહેજ ચોળી જોયું. પછી બીજું પાનું વાંચ્યું.

પૂજા પૂરી થયા પછી ઉપસ્થિત સૌ સંતોની આંખમાં આંખ પરોવીને, હાથ જોડીને સ્વામીશ્રીએ 'જય સ્વામિ-નારાયણ' કહ્યા.

બ્રહ્મવિહારીદાસ સ્વામીએ સંસ્થાના એક અગત્યના કાર્યની ફાઇલ સ્વામીશ્રીના ખોળામાં પ્રસાદીની કરાવવા માટે મૂકી. તે ફાઇલ ખોલીને તેના પર પોતાનો હસ્ત મૂકીને સ્વામીશ્રીએ પ્રસાદીની કરી.

તેઓએ તેના ટાઇટલ પેજ પરનું અંગ્રેજી લખાણ શું છે તે સ્વામીશ્રીને પૂછ્યું.

સ્વામીશ્રીએ ચશ્માં પહેરીને, જમણા હાથની આંગળી લખાણ પર ફેરવતા જતાં અંગ્રેજીમાં લખેલું ટાઇટલ વાંચી બતાવ્યું. સૌ રાજી થયા. પછી ફાઇલ પર પુષ્પ પધરાવીને કાર્યની સફળતા માટે આશીર્વાદ આપ્યા.

તા. ૧૩-૬-૨૦૧૪ના રોજ પણ પૂજા દરમ્યાન સ્વામીશ્રી જ્યારે ખોળામાં પ્રસાદની ડિશ રાખીને ઠાકોરજીને થાળ ધરાવી રહ્યા હતા ત્યારે બગાસું આવ્યું. સ્વામીશ્રીએ મુખ ડાબી તરફ ફેરવીને બગાસું ખાધું. સ્વામીશ્રીનો વિવેક, ભક્તિની સૂક્ષ્મતા અનુપમ છે.

તા. ૧૫-૬-૨૦૧૪, સારંગપુર

સવારે સ્નાનાદિકથી પરવાર્યા પછી ઠાકોરજીનાં દર્શન કરીને પોતાના નિવાસમાં આવ્યા. રૂમમાં આવ્યા પછી ડૉક્ટરે સ્વામીશ્રીને ફોનમાં સ્વામીશ્રીનો પલ્સરેટ બતાવતાં પૂછ્યું : 'બાપા ! કેટલા છે ?'

'૯૩.'

'આપની ઉંમર કેટલી ?'

'૯૩.'

ડૉ. વ્રજલાલે સ્વામીશ્રીનું બી.પી. માપ્યું. સારું આવ્યું એટલે નારાયણચરણદાસ સ્વામીએ પૂછ્યું : 'આજે ઠાકોરજીનાં દર્શન કર્યા એટલે બી.પી. સારું આવ્યું ?'

સ્વામીશ્રી તરત કહે : 'હા.'

•

બેઠકરૂમમાં પધારીને સ્વામીશ્રીએ નિત્યપૂજા કરી. પૂજા પછી સ્વામીશ્રીએ પરદેશ જઈ રહેલા ભદ્રેશદાસ સ્વામી અને વેદાંતપ્રિયદાસ સ્વામીને માથે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા. વેદાંતપ્રિયદાસ સ્વામી અહીં 'સંત તાલીમ કેન્દ્ર'માં સાધકોને ભણાવવાની જવાબદારી સંભાળે છે. તે સંદર્ભમાં યોગવિવેકદાસ સ્વામી કહે : 'તમે પરદેશ જશો તો અહીં સાધકોનું કોણ ધ્યાન રાખશે ?'

તેઓએ કહ્યું : 'બાપા ! આપે ધ્યાન રાખવાનું છે.'

સ્વામીશ્રી કહે : 'ધ્યાન રાખ્યું છે ને ભગવાને !'

સ્વામીશ્રી તમામ ત્યાગીઓની સમે સમે ઉત્તમ સંભાળ રાખે છે, છતાં 'બધું ભગવાન કરે છે' તેવી કર્તા-પણાની સમજણ કેવી દૃઢ ધરાવે છે !!

•

આજે રવિસભામાં ભાવનગરના યુવકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કર્યો હતો. અત્યારે સ્વામીશ્રી સમક્ષ યુવકોએ તેમાં રજૂ કરેલા સંવાદની એક ઝલક પ્રસ્તુત કરીને ગુરુહરિની પ્રસન્નતા મેળવી. તે પછી સંતોએ એક નાની સ્કિટ રજૂ કરી.

સ્વામીશ્રીને હૃદય પાસે પેસમેકર મુકાવ્યાને આજે બે વર્ષ પૂરાં થતાં હોઈ સંતોએ તદનુલક્ષી સુંદર રજૂઆત કરીને છેલ્લે કહ્યું : 'અમે સૌ આપના હૃદયમાં પેસ-મેકરની જેમ અખંડ નિવાસ કરીને કેવી રીતે રહી શકીએ તેના ઉપાય કહો ?'

સ્વામીશ્રીનો ઉત્તર જાણવા તેઓની સમક્ષ મોટા અક્ષરોમાં તૈયાર કરેલા સૂચિત ઉત્તરોના કાગળ ધરવામાં

આવ્યા. સ્વામીશ્રીએ તેમાંથી એક કાગળ ઉપાડીને સૌની તરફ ધર્યો.

તેમાં લખાણ હતું : 'સંપ રાખીને સેવા કરવી.'

સૌએ તાળીઓના ગડગડાટથી સહર્ષ તે ઉપાય માથે ચઢાવ્યો. તે સાથે માઇક પરથી *'સેવાના વ્રતધારી અમે તો સેવાના વ્રતધારી...'* એ કીર્તન વહેતું થયું. સૌ તેનું ગાન કરતાં સ્વામીશ્રીએ ઉપાડેલા સેવાયજ્ઞમાં પોતાનાં તન-મન-ધનની આહુતિ આપવા કટિબદ્ધ થયા.

સ્વામીશ્રીને બીજો ઉપાય બતાવવા નિવેદન કરવામાં આવતાં ફરી બોર્ડ કરમાં ગ્રહણ કર્યું, તેમાં લખાણ હતું : 'ભક્તિ.' અર્થાત્ ભગવાનની ભક્તિ કરવી.

તરત જ તે આદેશનું પાલન કરતાં તમામ સંતો-પાર્ષદો-સાધકો પોતાના સ્થાન પરથી ઊભા થઈને એક પગે માળાજાપ કરવા લાગ્યા. સ્વામીશ્રીના હાથમાં પણ માળા આપવામાં આવી. માળા ફેરવતાં સ્વામીશ્રી મંચ ઉપર એક રાઉન્ડ ફર્યા ને વાટિકામાં ભક્તિમગ્ન બનેલા સૌ સંતો-હરિભક્તો ઉપર પોતાની પ્રસન્નતાભરી દૃષ્ટિ કરવા લાગ્યા.

ત્રીજો ઉપાય બતાવતાં સ્વામીશ્રીએ સત્પુરુષની અનુવૃત્તિમાં રહેવાનું જણાવ્યું.

આ જોઈને નારાયણમુનિ સ્વામીએ ઊભા થઈને માઇકમાં સંતોને આહ્‌વાન આપ્યું : 'ડાંગરા જવા કોણ તૈયાર છે ?' તરત તમામ સંતોએ આંગળી ઊંચી કરીને તૈયારી બતાવી. 'પોશીનાના આદિવાસી વિસ્તારમાં સત્સંગ કરાવવા જવા કોણ તૈયાર છે ?' ને તમામ સંતોએ તેમાં પણ પોતાની તૈયારી દર્શાવી. સ્વામીશ્રી તે જોઈને પ્રસન્ન થયા.

સ્કિટ રજૂ કરનાર સંતોએ સ્વામીશ્રીને પૂછ્યું : 'સ્વામીબાપા ! આપે બતાવેલા આ ત્રણ ઉપાયો પ્રમાણે અમે સૌ વર્તીએ તો અમે આપના હૃદયમાં અખંડ રહી શકીએ કે નહીં ? જો ઉત્તર 'હા'માં હોય તો આપ આપનો હાથ ઊંચો કરીને જણાવો.' તરત સ્વામીશ્રીએ પોતાનો હાથ ઊંચો કરીને તેને સમર્થન આપ્યું.

નારાયણમુનિદાસ સ્વામીએ સ્વામીશ્રીને પ્રાર્થના કરતાં કહ્યું : 'સ્વામી ! બધા સંતો-હરિભક્તો સંપ-સુહૃદ-ભાવ ને એકતા રાખીને આપની અનુવૃત્તિ પ્રમાણે સેવા-ભક્તિ કરવા તૈયાર છે. માટે હવે આપ આપના હૃદયના ધબકારા નિયમિત રાખશો. હાથ ઊંચો કરીને કહો.'

સ્વામીશ્રીએ મલકાતાં મલકાતાં પોતાનો જમણો હાથ ઊંચો કરીને સ્વાસ્થ્ય સારું રાખવાનો કોલ આપ્યો.

સૌએ અત્યંત રાજી થઈને તાળીઓના ગડગડાટથી વાતાવરણને ભરી દીધું.

•

તા. ૧૭-૬-૨૦૧૪, સારંગપુર

બેઠકરૂમમાં પધારીને સ્વામીશ્રીએ નિત્યપૂજા કરી. માળાજાપ દરમ્યાન રૂમમાં એક નજર ફેરવીને કોણ ક્યાં બેઠું છે તે વ્યવસ્થિત જોઈ લીધું.

પૂજાની પાટ થોડી વધુ નજીક આવી ગઈ હોય તેવું લાગતાં, 'થોડું દૂર લ્યો' એમ કહી હાથના ઈશારે પાટ થોડી દૂર ખસેડવા સૂચવ્યું. બે સંતોએ ઊભા થઈને તરત પાટ ઊંચકીને થોડી દૂર ખસેડી, એટલે સ્વામીશ્રીએ મસ્તક સહેજ હલાવીને સંતોષ વ્યક્ત કર્યો.

•

આજથી બરાબર ૨૦૭ વર્ષ પૂર્વે શ્રીહરિએ સંતોને પરમહંસ દીક્ષા આપી હતી, તે પ્રસંગની ઝલક સંવાદ દ્વારા સંતોએ રજૂ કરી. અંતમાં સ્વામીશ્રીને પ્રાર્થના કરતાં કહ્યું : 'જે શ્રીજીમહારાજે પોતાના પ્રાણપ્યારા સંતોને પરમહંસ દીક્ષા આપીને દ્વેષીજનોના ત્રાસથી મુક્તિ અપાવી હતી, તે શ્રીજીમહારાજ આજે આપના દ્વારા પ્રગટ છે. આપ એમનું જ મૂર્તિમાન સ્વરૂપ છો. તો આપનાં ચરણોમાં પ્રાર્થના કે આજે આપ અમને એવી વિલક્ષણ દીક્ષા આપો, જેથી અમારા અંતઃશત્રુઓ અમારો પરાભવ ન કરી શકે, તેમના થકી અમારી સદા રક્ષા થાય. સ્વામી ! એવી અમને સૌને અભયદીક્ષા આપો.'

તે સાથે સૌ સંતો મસ્તકે પાઘ પહેરીને સજ્જ થઈ ગયા.

પછી સ્વામીશ્રીને પૂછ્યું : 'સ્વામીબાપા ! આપના દ્વારા શ્રીજીમહારાજ પ્રગટ છે ?'

સ્વામીશ્રીએ હા પાડી. એ સાથે વિશાળ ભક્ત-સમુદાયમાં પ્રચંડ તાલીનાદ થયો.

ફરી સંતોએ વિનંતી કરતાં કહ્યું : 'બાપા ! આપનો અભયહસ્ત ઊંચો કરીને અમને અભયદીક્ષા આપો.'

તરત સ્વામીશ્રીએ પોતાનો હાથ ઊંચો કરીને સૌને અભયદીક્ષાનું દાન દીધું.

ફરી સૌ આનંદમાં ઝૂમી ઊઠ્યા.

૧૧:૨૦ વાગે સ્વામીશ્રી પોતાના નિવાસમાં ગયા.

હરિભક્તોની વસ્તુઓ પ્રસાદીની કરી. તે પછી હરિપ્રકાશદાસ સ્વામી, યોગવિવેકદાસ સ્વામી તથા અદ્‌ભુતાનંદ સ્વામીએ હળવી ગમ્મતો કરી. પરમહંસ હરિપ્રકાશદાસ સ્વામીએ છેવટે સ્વામીશ્રીનાં ચરણોમાં નમી કહ્યું : 'અંતરના શત્રુઓથી અમને બચાવજો.'

સ્વામીશ્રી તરત કહે : 'બચાવ્યા છે.'

મેં કહ્યું : 'ખરેખર બાપા ! અમને સાધુ કરીને આપે માયાના મારથી મુકાવ્યા છે.'

સ્વામીશ્રીએ એકદમ કરુણાસભર નયને મારી સામું જોઈને આશીર્વાદ આપવા હાથ ઊંચો કર્યો. મેં ખોળામાં માથું મૂક્યું એટલે આશીર્વાદ આપ્યા.

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'અમને બધાને કામ-ક્રોધાદિક દોષોથી બચાવીને રક્ષા કરજો.' સ્વામીશ્રીએ એમના મસ્તક પર પણ હાથ મૂકીને આશીર્વાદ આપ્યા. પછી ઉપસ્થિત તમામ સંતો ઉપર એવી જ કરુણાભાની દૃષ્ટિ કરી સૌને અભયવર આપ્યો.

હરિપ્રકાશદાસ સ્વામી સ્વામીશ્રીને કહે : 'અમારામાં સાધુતા આવે.'

નારાયણચરણદાસ સ્વામી તેમને કહે : 'એના માટે તમારે કોઠારી (ભક્તિપ્રિયદાસ) સ્વામીના આશીર્વાદ લેવા પડે. કેમ બાપા ?

સ્વામીશ્રી તરત મસ્તક હલાવતાં કહે : 'હા બરાબર છે.'

પછી હરિપ્રકાશદાસ સ્વામી કોઠારી સ્વામીને પગે લાગ્યા. સ્વામીશ્રી તેની સામું જોઈને કહે : 'સારા સાધુ થવાય એવા આશીર્વાદ લેજે.'

નવયુવાન સંતોને વર્તમાનકાળે પરમહંસ સ્થિતિના સંતો ઓળખાવીને સ્વામીશ્રીએ તેઓને માટે સાધુતાનો માર્ગ આલોકિત કર્યો.

•

તા. ૧૮-૬-૨૦૧૪, સારંગપુર

સવારે હરિભક્તોની વસ્તુઓ પ્રસાદીની થઈ ગયા બાદ સંતોએ થોડી હળવી ગમ્મતો કરીને સ્વામીશ્રીને હસાવ્યા. વાર્તાલાપ દરમ્યાન વિવેકસાગરદાસ સ્વામી સ્વામીશ્રીને કહે : 'બીજાનું ભૂંડું કરવા જાય તો પોતાનું જ ભૂંડું થાય.'

સ્વામીશ્રી તેમાં સમર્થન આપતાં કહે : 'થાય ને !'

ગમ્મતની વાતમાં પણ સ્વામીશ્રીએ સુંદર સિદ્ધાંત સમજાવી દીધો.

•

તા. ૧૯-૬-૨૦૧૪, સારંગપુર

રાત્રે ૧૦:૧૦ વાગે બેઠકરૂમમાંથી પેસેજમાં આવ્યા. યોગવિવેકદાસ સ્વામીએ બહાર જવાની તૈયાર બતાવતાં 'હરે...' કહ્યું, પરંતુ 'હરે...' શબ્દ ખૂબ મોટા અવાજે બોલીને લંબાવ્યો.

સ્વામીશ્રી તે સાંભળીને હસ્યા.

યોગવિવેકદાસ સ્વામી સ્વામીશ્રીને કહે : 'બાપા ! હું એવો જ છું. આશીર્વાદ આપો.' એમ કહીને તેઓએ પોતાનું મસ્તક સ્વામીશ્રીના ખોળામાં મૂક્યું.

સ્વામીશ્રી તેના માથા પર વારંવાર હાથ મૂકવા લાગ્યા.

વિવેકસાગરદાસ સ્વામીએ પૂછ્યું : 'શું ભર્યું એમાં ?'

સ્વામીશ્રી કહે : 'સ્વામિનારાયણ...સ્વામિનારાયણ...'

પોતાનાં ચરણોમાં જે અકિંચનભાવે સમર્પિત થાય છે, તેનાં તન-મન ને જીવનને ભગવાનથી ભરી દેવામાં સ્વામીશ્રી એક પળનો પણ વિલંબ કરતા નથી.

•

તા. ૨૦-૬-૨૦૧૪, સારંગપુર

સવારે સ્નાનાદિકથી પરવારીને સ્વામીશ્રી રૂમની બહાર પેસેજમાં આવ્યા.

વિવેકસાગરદાસ સ્વામીએ સ્વામીશ્રીને તબિયત વિષે પૂછ્યું. સંતો કહે : 'એમ નહીં, નિર્ગુણદાસ સ્વામીને ડૉક્ટરે પૂછ્યું હતું, એવી રીતે પૂછો.'

તેઓએ સ્વામીશ્રીને કહ્યું : ''એક વાર નિર્ગુણદાસ સ્વામી બીમાર પડેલા. તેમને જોવા ડૉક્ટર આવ્યો. તેણે નિર્ગુણદાસ સ્વામીને પૂછ્યું, 'સ્વામીજી ! આપની તબિયત કેમ છે ?' જે લહેકાથી વિવેકસાગરદાસ સ્વામી બોલ્યા એ જ લહેકામાં સ્વામીશ્રીએ ઉત્તર આપતાં કહ્યું, 'બહુ જ સારી છે.''

સ્વામીશ્રીના સ્પષ્ટ ઉચ્ચારણ ને લહેકાથી બોલવાની છટા જોઈને સૌ એકદમ હસી પડ્યા.

•

તા. ૨૧-૬-૨૦૧૪, સારંગપુર

સવારે સ્નાનાદિકથી પરવારીને સ્વામીશ્રીએ 'પ્રમુખ ઉદ્યાન'માં પૂર્વાભિમુખે બિરાજીને પ્રાત:પૂજા કરી.

પૂજા પછી સૌ સંતોને હાથ જોડીને 'જય સ્વામિ-

નારાયણ' કહ્યા. વિવેકસાગરદાસ સ્વામીએ પૂછ્યું : 'તબિયત સારી છે?'

સ્વામીશ્રી કહે : 'સંતોનાં દર્શન થયાં.' (એટલે સારી છે).

'આપનાં દર્શન થયાં એમાં બધું આવી ગયું.' તેઓએ કહ્યું.

સ્વામીશ્રીએ તેમનો હાથ ઝાલ્યો હતો તે સ્પર્શને મહિમાથી આંખે અડાડ્યો.

બેઠકરૂમમાંથી બહાર નીકળતી વખતે સેવક સંતો બધા સ્વામીશ્રીની વ્હીલચૅરની પાછળ પાછળ આવી રહ્યા હતા. સ્વામીશ્રીએ પેસેજમાં આવતાં આવતાં ડોક જરા લંબાવીને બેઠકરૂમમાં ડાબી તરફ ટિપોઈ ઉપર પધરાવેલા હરિકૃષ્ણ મહારાજ તરફ હાથ લંબાવીને કહ્યું: 'ઠાકોરજી...'

સ્વામીશ્રી દરરોજ હરિકૃષ્ણ મહારાજનાં દર્શન-ચરણસ્પર્શ કરી લે પછી ખોળામાં ધારણ કરીને બહાર આવતા હોય છે. આજે વાતમાં ને વાતમાં સેવક સંતો એ ભૂલી ગયા હતા, પરંતુ સ્વામીશ્રીએ બહાર નીકળતાં પહેલાં ખટકો રાખીને ઠાકોરજીને યાદ કર્યા. તરત સેવક સંતો ઠાકોરજી લાવ્યા. સ્વામીશ્રીના ખોળામાં પધરાવ્યા, પછી તેઓ કહે : 'આપના જેવી ભક્તિ અમારામાં પણ આવે એવી દૃષ્ટિ કરજો.'

સ્વામીશ્રી કહે : 'એટલા માટે તો આવ્યા છો!'

•

રાત્રે ૧૦:૨૫ વાગે રૂમની બહાર આવ્યા. સ્વામીશ્રીના મુખની પ્રસન્નતા જોઈને મેં કહ્યું : 'ખૂબ આનંદમાં છો?'

સ્વામીશ્રી કહે : 'ભગવાન શ્રીજીમહારાજ લાવ્યા (આનંદ).'

વિવેકસાગરદાસ સ્વામીએ પૂછ્યું : 'મહારાજ લાવ્યા આનંદ?'

સ્વામીશ્રી કહે : 'હા.' પછી કહે : 'અમને લાવ્યા ને બધાને લાવ્યા.'

પહેલાં મને એમ લાગ્યું કે સ્વામીશ્રી સ્વાસ્થ્યના સંદર્ભમાં કહેવા માગતા હશે કે મહારાજની દયાથી તબિયત સારી છે, એટલે આનંદ છે; પરંતુ પછીના વાર્તાલાપમાં આધ્યાત્મિકતાનું અનુસંધાન દેખાય છે. વચનામૃતનો સંદર્ભ જોડીએ તો વાત સાચી છે, કારણ કે બ્રહ્મ સ્વયં જ મૂર્તિમંત આનંદ છે, જેને ભગવાન સ્વામિનારાયણ આ પૃથ્વી પર લાવ્યા છે.

•

તા. ૨૨-૬-૨૦૧૪, સારંગપુર

પૂજા પછી હાથ જોડી સૌ સંતોને વ્યક્તિગત 'જય સ્વામિનારાયણ' કહ્યા.

હરિપ્રકાશદાસ સ્વામી એક જોડકણું બોલ્યા, જેમાં જગતના જીવો પોતપોતાનાં રસ-રુચિ અનુસાર વાતો કરતા હોય છે તેવો ભાવ હતો. તે બોલ્યા પછી તેમણે સ્વામીશ્રીને પૂછ્યું : 'એવી વાતો નકામી છે. માટે કોની વાતમાં લોભાવાનું?'

સ્વામીશ્રી કહે : 'ભગવાન અને સંતની વાતો કરવાની. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજની વાતમાં લોભાવાનું.'

તેઓ કહે : 'અભાવ-અવગુણની વાતો?'

સ્વામીશ્રી કહે : 'એવું નહીં કરવાનું.'

પછી સંતોએ ગુણાતીતાનંદ સ્વામીની વાતમાંથી – 'ભગવાન ને ભગવાનના સાધુના મહિમાની વાતું નિરંતર કરવી અને સાંભળવી' એ વાત ઉચ્ચારી. સ્વામીશ્રી પણ ટુકડે ટુકડે એ વાત બોલ્યા.

સંતો સ્વામીશ્રીને કહે : 'બાપા! ભગવાનના મહિમાની વાત કરો ને!'

સ્વામીશ્રી કશુંક બોલ્યા. તે સમજાયું નહીં, એટલે સંતો કહે : 'આપની વાત સમજાતી નથી.'

વિવેકસાગરદાસ સ્વામી કહે : ''એક વાર શ્રીજી-મહારાજ ખાંભડા પધાર્યા હતા. મહારાજ વાતો કરતા હતા તે દેવીદાસ નામના એક બાવાએ સાંભળી. પછી મહારાજ તો પોતાના ઉતારામાં ગયા અને મુક્તાનંદ સ્વામી વાતો કરવા માંડ્યા. તેમની વાત દેવીદાસને બહુ ગમી. કથા પછી મુક્તાનંદ સ્વામીને તે કહે, 'તમે જે વાત કરી તે મને બરાબર સમજાણી, પણ આગળના મહાત્મા જે બોલી ગયા તેમાં કાંઈ સમજ ન પડી.'

મુક્તાનંદ સ્વામી એને કહે : 'અમે વીસ-વીસ વરસથી મુંડાવીને બેઠા છીએ તોય અમને ખબર પડતી નથી, તો તને શાની ખબર પડે.''

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'બાપા! આપની વાત ક્યારે સમજાશે?'

સ્વામીશ્રી કહે : 'સમજાશે. શ્રદ્ધા રાખવાની.'

'કેટલી શ્રદ્ધા રાખવાની?'

સ્વામીશ્રી હસી પડ્યા.

વિવેકસાગરદાસ સ્વામી કહે : 'પહેલાં અમારો વારો આવશે. તમને દીક્ષા લીધાને કેટલાં વર્ષ થયાં ?'

તેઓ કહે : 'ચાર.'

મેં કહ્યું : 'એમને ૫૪ વર્ષ થયાં છે.' પછી એમના પછી દીક્ષા લેનારા સંતોનાં અનુક્રમે નામ બોલતો ગયો ને કહ્યું : 'તમારો તો તે પછી વારો આવે.'

સ્વામીશ્રી તે સાંભળીને હસવા લાગ્યા.

તેઓ કહે : 'તો અમારું કલ્યાણ ક્યારે થશે ? મારું કલ્યાણ થશે ?'

સ્વામીશ્રી કહે : 'આંટા શું કામ મારે છે ?' (અર્થાત્ શંકા ન રાખતાં જે મળ્યા છે તેમાં દૃઢ શ્રદ્ધા-પ્રતીતિ રાખવાની છે).

વાતોને વિરામ આપતાં વિવેકસાગરદાસ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું : 'હવે શું કરશો ?'

'ભજન કરશું.' સ્વામીશ્રી સહજભાવે બોલ્યા.

•

તા. ૨૪-૬-૨૦૧૪, સારંગપુર

હરિભક્તોની વસ્તુઓ પ્રસાદીની કર્યા પછી સ્વામીશ્રી બેઠકરૂમમાં આવ્યા. અહીં સંતોએ ચાતુર્માસમાં ગ્રહણ કરવાના નિયમોના કાગળ ઉપર સ્વામીશ્રીએ પોતાના હસ્તાક્ષર કરી આપ્યા. આગળ મુકાયેલા ટેબલ ઉપર ઓશીકું રાખી, તેના પર રાઈટિંગ પેડ જરા ત્રાંસું ગોઠવી, હાથમાં પેન લઈ, પત્રલેખન કરવા તત્પર થયેલી ચશ્માં ધારણ કરેલી સ્વામીશ્રીની મૂર્તિ જોઈને, તેમની દિનચર્યાના અંગરૂપ પત્રલેખનની એમની વિવિધ છબિઓ સ્મૃતિપટ પર તરવરવા લાગી.

સહી કરી લીધા પછી સંતો સાથે હળવી વાતો ચાલી. છબિકારો સ્વામીશ્રીની વિવિધ હાસ્યમુદ્રાઓને કેમેરામાં કેદ કરી રહ્યા હતા. એ જોઈને હરિપ્રકાશદાસ સ્વામી સ્વામીશ્રીને કહે : 'બાપા ! જરા છાતી બહાર કાઢો. આપના ફોટા પડે છે.'

સ્વામીશ્રી તેમની સામું જોઈને મંદ મંદ હસવા લાગ્યા.

વિવેકસાગરદાસ સ્વામીએ સ્વામીશ્રી પાસે આવીને પૂછ્યું : 'આપે છાતી કાઢી છે કોઈ દિવસ ?'

તરત સ્વામીશ્રી નકારમાં મસ્તક હલાવતાં કહે : 'ના. કોઈ દિવસ નહીં.'

સ્વામીશ્રીના બોલવામાં પણ એટલી બધી મૃદુતા હતી કે જોનાર-સાંભળનારને અંતરમાં અનુભવાય કે આ પુરુષ કદિ કોઈ કીડી જેવા જીવને પણ દુખવે એવા નથી. એમની વાણીમાં વર્તનની પવિત્રતા મહેસૂસ થતી હતી.

•

તા. ૨૬-૬-૨૦૧૪, સારંગપુર

સાંજે ૭:૨૫ થી ૮:૨૬ દરમ્યાન સ્વામીશ્રીએ 'પ્રમુખ-દર્શન વાટિકા'માં પધારીને ગઈકાલના બાકી રહી ગયેલા સંતો-પાર્ષદો તથા સાધકોને વ્યક્તિગત ચરણ- સ્પર્શનો લાભ આપ્યો. આજે પણ સ્વામીશ્રીએ દરેક સંત-પાર્ષદ-સાધકને દૃષ્ટિ અને હાસ્ય દ્વારા ખૂબ સુંદર પ્રતિભાવ આપીને દિવ્ય સ્મૃતિ પ્રદાન કરી હતી.

નારાયણમુનિદાસ સ્વામી માઈક પર સ્વામીશ્રીનો આભાર માનતાં કહે : 'આપે અમને ચરણસ્પર્શનો લાભ આપ્યો, મુલાકાત આપી, તે બદલ આપનો આભાર. અમારાં મોટાં ભાગ્ય કે આટલો મોટો લાભ મળ્યો. બાપા ! અમે ભાગ્યશાળી છીએ ને ?'

નારાયણચરણદાસ સ્વામીએ તેમાં સૂર પુરાવતાં સ્વામીશ્રીને પૂછ્યું : 'નારાયણમુનિદાસ સ્વામી કહે છે કે અમે બધા ભાગ્યશાળી છીએ તે વાત સાચી ને ?'

સ્વામીશ્રી કહે : 'સાચી છે.'

સ્વામીશ્રી જ્યારે બોલ્યા તારે તેમના મુખ આગળ માઈક મૂકવામાં આવ્યું હતું, તેથી સૌને તે સ્પષ્ટ સંભળાયું. સૌએ તાળીઓના ગડગડાટથી પોતાનો આનંદ વ્યક્ત કર્યો.

•

તા. ૨૮-૬-૨૦૧૪, સારંગપુર

રાત્રે 'વાટિકા'માં સંતો-હરિભક્તોને દર્શન આપીને પોતાના નિવાસમાં આવ્યા. હરિભક્તોની વસ્તુઓ પ્રસાદીની કરી. તે પછી સંતોએ હળવી ગમ્મતો કરી.

યોગવિવેકદાસ સ્વામી એક મોટા દડા પર બેઠા હતા તે લસરીને ગબડી પડ્યા. તેમને ઊભા થવાનો પ્રયત્ન કરતા જોઈને મેં હરિપ્રકાશદાસ સ્વામીને કહ્યું : 'એમનો હાથ ઝાલજો.'

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'ના. એમનો હાથ ઝાલવા જઈએ તો એ તો આપણને જ પાડે. કેમ બાપા ! હાથ કોનો પકડવાનો ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાનનો.'

તેઓ કહે : 'પણ એ ભગવાન આપનામાં રહ્યા છે.'

'કોણ ના પાડે છે!' સ્વામીશ્રી સહજભાવે બોલ્યા.

યોગવિવેકદાસ સ્વામી કહે : 'આ બધાં મંદિરો કેવી રીતે થયાં? નો'તા મા'ણા, નો'તાં નાણાં, નો'તા પાણા ને નો'તા દાણા... તો પછી મંદિર તૈયાર કોણે કર્યાં?'

સ્વામીશ્રી તત્ક્ષણ જરા કેફથી કહે : 'શાસ્ત્રીજી મહારાજે કર્યાં.'

કોઈ સહેજ વાતની વાટ સંકોરે ને સ્વામીશ્રીના મુખ પર ગુરુભક્તિનો જ્યોતિપુંજ ઝળહળી ઊઠે.

•

સંતો સ્વામીશ્રીને વીંટળાઈને ઊભા હતા, તેમાં કૃષ્ણવલ્લભદાસ સ્વામી સ્વામીશ્રીની ડાબી તરફ સાવ નજીક ઊભા હતા. સ્વામીશ્રીની તેમના ઉપર નજર ગઈ એટલે કોઈ બોલ્યું : 'જમવાનું પૂછવા આવ્યા છે.'

તેઓએ તરત તક ઝડપીને સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા! જમવું છે?'

સ્વામીશ્રીએ કંઈ ઉત્તર ન આપ્યો. ફરી વાર જમવાનું પૂછતાં મસ્તક હલાવીને હા કહી. સંતોએ સ્વામીશ્રીને માફક આવતી વિવિધ વાનગીઓ જણાવીને, શું બનાવવું તે અંગે પૂછ્યું. છેવટે કૃષ્ણવલ્લભદાસ સ્વામીએ પૂડાનું કહ્યું. સ્વામીશ્રી એમની સામું જોઈ રહ્યા. પછી મારી સામું જોઈને મલકાયા. છેવટે પૂડાનું નક્કી થયું.

સ્વામીશ્રીએ મસ્તક હલાવીને હા કહી. તરત જ કૃષ્ણવલ્લભદાસ સ્વામી રસોડામાં ગયા. સ્વામીશ્રી પોતાના કક્ષમાં પધાર્યા ને હજુ પાંચ-સાત મિનિટ જ થઈ હશે ને ગરમા ગરમ પૂડા લઈને આવી પહોંચ્યા. તેઓ સ્વામીશ્રી સમક્ષ જમાડવા માટે બેઠા. તેઓએ પૂડાનો વચ્ચેનો પોચો ભાગ તોડીને સ્વામીશ્રીના કરમાં આપ્યો. સ્વામીશ્રીએ ધીમે રહીને તે મુખમાં મૂકી દીધો. સારી પેઠે ચાવીને અંદર ઉતાર્યો. તે પછી બીજા ચાર ગ્રાસ આ રીતે જ ગ્રહણ કર્યા. ઘણા મહિનાઓ પછી આજે સ્વામીશ્રી રુચિપૂર્વક જમતા હોય તેવું લાગતું હતું.

છઠ્ઠા કોળિયા વખતે આનાકાની કરવા લાગ્યા. સામે બેઠેલા સેવક સંતોને આપવાનું કહેવા લાગ્યા.

કૃષ્ણવલ્લભદાસ સ્વામી કહે : 'બધાને આપની પ્રસાદી આપવી છે. પહેલાં આપ થોડું જમો.'

સ્વામીશ્રીએ બે કોળિયા અંગીકાર કર્યા.

કૃષ્ણવલ્લભદાસ સ્વામી કહે : 'બધું થઈને માંડ એક નાના પૂડા જેટલું જમ્યા હશે.' (દરેક ગ્રાસ ગરમ પૂડાના વચલા ભાગનો આપતા હતા.)

સ્વામીશ્રીની મરજી સમજીને ઉપસ્થિત બધાને પૂડાનો પ્રસાદ આપવામાં આવ્યો. તે પછી સ્વામીશ્રીને જળપાન કરાવ્યું. એકાદ ઘૂંટડો જળ પીધું ને પછી કહે : 'નથી પીવું.'

'પાણી નથી પીવું તો શું શરબત પીવું છે?' નારાયણચરણદાસ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું.

મસ્તક હલાવીને સ્વામીશ્રીએ હા કહી. થોડી જ ક્ષણોમાં ઑરેન્જ જ્યૂસ તૈયાર થઈને આવી ગયું. નાની પ્યાલીમાં સ્વામીશ્રીને પાવા ગયા તો બધા સંતો તરફ નજર ફેરવવા લાગ્યા. તે જોઈને નારાયણચરણદાસ સ્વામીએ પૂછ્યું : 'કોને વલ્લભ સ્વામીને આપવું છે?'

સ્વામીશ્રી કહે : 'એ તો લેશે.'

પછી પૂછ્યું : 'યોગીચરણ સ્વામીને આપવું છે?'

સ્વામીશ્રી કહે : 'આપો ને એને.'

હરિપ્રકાશદાસ સ્વામી તરફ આંગળી ચીંધીને પૂછ્યું: 'આમને આપવું છે?'

સ્વામીશ્રી તેમની સામું જોઈને કહે : 'એને ક્યાં જરૂર છે?'

પછી મારી તરફ હાથ લંબાવીને કહે : 'આમને જમાડવા છે?'

સ્વામીશ્રી મારી સામું જોઈને કહે : 'આપો એને.'

પછી બધા તરફ નજર ફેરવતાં કહે : 'આપો બધાને.'

બધાને જ્યૂસ આપવામાં આવ્યું. સ્વામીશ્રીની દેખતાં જ સૌએ પીધું. સ્વામીશ્રી તે જોઈને રાજી થતાં કહે : 'આ તો ઘણા વખત પછી ખાધું (પોતે) તે માટે બધાને પ્રસાદ આપ્યો.'

સંતો કહે : 'બાપા! આ રીતે રોજ થોડું થોડું – જે રુચે, જેટલું રુચે એટલું – જમવાનું રાખો તો સારું.'

સ્વામીશ્રી કંઈ ઉત્તર ન આપતાં સંતો સામું નિર્દોષ શિશુની જેમ જોવા લાગ્યા.

બ્રહ્મસન્નિધિ



જુલાઈ ૨૦૧૭

તા. ૧-૭-૨૦૧૪, સારંગપુર

પૂજા પછી વિવેકસાગરદાસ સ્વામીને પૂજાનો પ્રસાદ આપ્યો. તે પછી ઉપસ્થિત સૌ સેવકોને સ્વહસ્તે પ્રસાદ આપ્યો.

ધર્મચરણદાસ સ્વામીએ નવું આવેલું જુલાઈ માસનું 'સ્વામિનારાયણ પ્રકાશ' સ્વામીશ્રીના હાથમાં આપ્યું. સ્વામીશ્રીએ ચશ્માં ધારણ કર્યાં પછી આખું પ્રકાશ જોયું. દરેક પાનું ઉથલાવીને નજર કરી.

મેં કહ્યું : 'બાપા ! આપે બહુ રસપૂર્વક પ્રકાશ જોયું.'

સ્વામીશ્રી આશ્ચર્યથી મારી સામું જોવા લાગ્યા.

યોગવિવેકદાસ સ્વામી આડું-અવળું જોતાં પૂછવા લાગ્યા : 'શું જોયું ? શું જોયું ?'

હરિપ્રકાશદાસ સ્વામી તેમના તરફ હાથ કરીને સ્વામીશ્રીને કહે : 'આ બાલા મારે છે.'

સ્વામીશ્રી કહે : 'તમારા ભાઈબંધ છે.'

સ્વામીશ્રીની સમયસરની કોમેન્ટથી સૌ હસી પડ્યા.

તેઓ કહે : 'બાપા ! અમે તો બાલા મારીએ એવા છીએ, પણ એક ભગવાન અને સંત સામી (સ્વામીશ્રી તરફ આંગળી ચીંધીને) દૃષ્ટિ રાખવાની, કેમ ?'

સ્વામીશ્રી કહે : 'બરાબર.'

તેઓએ પૂછ્યું : 'ક્યારે થશે ?'

મેં કહ્યું : 'શ્રદ્ધા-ધીરજ રાખવી પડે, નહીં ?'

સ્વામીશ્રીએ તે વાતમાં સંમત થતાં મસ્તક હલાવ્યું.

વાતચીતમાં કોને કેટલાં વર્ષ થયાં તેની વાત નીકળી. નારાયણચરણદાસ સ્વામી કહે : 'વિવેકસાગર સ્વામીને ૭૫ વર્ષ થયાં.' સ્વામીશ્રીએ તેમના મસ્તકે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા. તે પછી યોગવિવેકદાસ સ્વામીને ૫૦ વર્ષ પૂરાં થયાંની વાત થઈ. સ્વામીશ્રીએ તેમને પણ આશીર્વાદ આપ્યા. મારી વાત કરતાં નારાયણચરણદાસ સ્વામી કહે : 'આમને ૫૩ વર્ષ થયાં.' મને પણ સ્વામીશ્રીએ માથે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા. પછી મારી સામું જોઈને કહે : 'જૂના સાધુ છે.'

કોઈએ પૂછ્યું : 'આ બેમાંથી (હરિપ્રકાશદાસ અને પરમાનંદદાસ) કોણ જૂના ?'

સ્વામીશ્રીએ બંનેની સામું વારાફરતી જોયું. પછી મારી સામું જોઈ આંગળી ચીંધીને કહે : 'આ.'

•

રાત્રે ૮:૦૦ વાગે જાગ્યા. પરવાર્યા પછી વ્હીલચૅરમાં બેઠા. હરિપ્રકાશદાસ સ્વામીએ પૂછ્યું : 'અમને કોઈ પૂછે તો અમારે પ્રમુખસ્વામીનો પરિચય કેવી રીતે આપવો ?'

સ્વામીશ્રી કહે : 'ભજન કરનારા છે.'

તેઓએ કહ્યું : 'બી.એ.પી.એસ. સંસ્થાના પ્રમુખ છે – એમ કહીએ તો ?'

સ્વામીશ્રી કહે : 'ના ના. ભગવાનનું ભજન કરનારા છીએ.'

ભગવાનનું આદર્શ ભજન કરનારા ઉત્તમ ભક્ત તો એકમાત્ર અક્ષરબ્રહ્મ છે. તેમનો એ પરિચય જ સાચો પરિચય છે ને !

•

તા. ૨-૭-૨૦૧૪, સારંગપુર

રાત્રે ૧૦:૨૫ વાગે રૂમની બહાર આવ્યા. સ્વામીશ્રીના ખોળામાં રહેલા ઓશીકાના કવર ઉપર 'યજ્ઞપુરુષ છે સાથે... નારાયણસ્વરૂપ છે સાથે...' એવું લખાણ હતું. તે વાંચીને વિવેકસાગરદાસ સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું : 'અમારી સાથે યજ્ઞપુરુષ અને નારાયણસ્વરૂપ બેય છે.'

સ્વામીશ્રી કહે : 'હા છે.'

તેઓ કહે : 'તમારી સાથે યજ્ઞપુરુષ છે.'

સ્વામીશ્રી કહે : 'સાથે છે.'

આમ, બંને વાતમાં સમર્થન આપ્યું.

•

૧૧:૧૧ વાગે સ્વામીશ્રી પોતાના નિવાસમાં પાછા ફર્યા. હરિભક્તોની વસ્તુઓ પ્રસાદીની કર્યા પછી સંતો સાથે વાતો ચાલતી હતી. કૃષ્ણવલ્લભદાસ સ્વામી કહે : 'વરસાદ ખેંચાયો છે. કપાસના છોડ નાના નાના તૈયાર થયા છે, પણ વરસાદ વગર સુકાઈ જશે. માટે વરસાદ પાડો.'

સ્વામીશ્રી કહે : 'પ્રાર્થના કરીએ છીએ. મહારાજ કરશે.'

અપૂર્વમુનિદાસ સ્વામીએ કહ્યું : 'લંડનના હરિભક્તોને કંઈ કહેવું છે ?'

સ્વામીશ્રી કહે : 'જય સ્વામિનારાયણ કહેજો.'

તેઓએ પૂછ્યું : 'આપ સાથે રહેશો ને ?'

સ્વામીશ્રી કહે : 'છે ને સાથે.'

તેઓએ રાજકોટમાં થયેલા કાર્યક્રમોની ઝલક દર્શાવતું ફોટો આલબમ સ્વામીશ્રીને આપ્યું. સ્વામીશ્રીએ આખું આલબમ રસપૂર્વક જોયું. છેલ્લા પાને શ્રીજીમહારાજ સાથે સ્વામીશ્રીનો ફોટો હતો. તે જોઈને નારાયણચરણદાસ સ્વામી કહે : 'લ્યો, આપને છેલ્લે રાખ્યા છે !'

સ્વામીશ્રી કહે : 'તે હારું ને !'

'શું સારું ? આપનો ફોટો મહારાજની સાથે પહેલા પાને હોવો જોઈએ ને ! પહેલા પાને કોણ હોય ?'

'શ્રીજીમહારાજ !' સ્વામીશ્રીના મુખેથી દાસત્વભક્તિ છલકી ઊઠી.

સૌને થયું – નિર્માનિતા ને પરાભક્તિમાં સ્વામીશ્રીની સાથે ચર્ચા કરવા જતાં, પહેલે પગથિયે જ પગ સ્થિર થઈ જાય છે !

•

તા. ૩-૭-૨૦૧૪, સારંગપુર

સાંજે જાગ્યા પછી વીડિયો દર્શન કરતા હતા. તેમાં લૉસ ઍન્જેલસનું મંદિર કેવી રીતે તૈયાર થયું તેની વીડિયો ચાલતી હતી. સ્વામીશ્રીનો આ મંદિર બનાવવાનો સંકલ્પ છેક ૧૯૯૬નો હતો, પરંતુ મંદિર ૨૦૧૨માં બન્યું. સ્વામીશ્રીના આટલાં વર્ષોની પુરુષાર્થગાથા વીડિયોમાં દૃશ્યમાન થઈ રહી હતી. વીડિયો પૂરી થઈ એટલે હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'આ મંદિર બાંધવામાં આપે આટલો બધો દાખડો કર્યો છે ને વીડિયોમાં છેલ્લે લૉસ ઍન્જેલસ મંદિરનો ફોટો મૂક્યો (આપનો ન મૂક્યો.) આ મંદિર આપે બનાવ્યું છે.'

સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'શાસ્ત્રીજી મહારાજના સંકલ્પે થયું છે. શાસ્ત્રીજી મહારાજે બનાવ્યું છે.'

'પણ એ વખતે ક્યાં શાસ્ત્રીજી મહારાજ હતા ? આ તો આપે બનાવ્યું છે.'

સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજના સંકલ્પે થયું છે.'

'સંકલ્પ શાસ્ત્રીજી મહારાજનો પણ પુરુષાર્થ તો આપનો જ.'

સ્વામીશ્રી કહે : 'આપણાથી કંઈ ન થાય.' સ્વામીશ્રી હંમેશ મુજબ ગુરુને જ આગળ કરતા રહ્યા.

સંતોએ પૂછ્યું : 'શાસ્ત્રીજી મહારાજનો જન્મ ક્યાં થયો હતો ?'

સ્વામીશ્રી કહે : 'મહેળાવ.'

'યોગીજી મહારાજનો જન્મ ક્યાં થયો હતો ?'

'ધારી.' સ્વામીશ્રીએ ઉત્તર આપ્યો.

'શ્રીજીમહારાજનો જન્મ ક્યાં થયો હતો ?'

'છપૈયા.' સ્વામીશ્રી બોલ્યા.

પછી પૂછ્યું : 'આપનો જન્મ ક્યાં થયો હતો ?'

સ્વામીશ્રી કહે : 'નથી ખબર.'

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'એવું ચાલે ? કોઈ અમને પૂછે તો અમારે શું કહેવું ?'

સ્વામીશ્રી કહે : 'જે હોય તે. તારે શું ?' એમ કહી જવાબ આપવો ટાળી દીધો.

•

તા. ૫-૭-૨૦૧૪, સારંગપુર

સાંજે ૭:૩૦ વાગે સ્વામીશ્રી પલંગ પર બેઠા હતા તે ઊભા થવું છે એમ કહેવા લાગ્યા. હરિપ્રકાશદાસ સ્વામીએ પૂછ્યું : 'બાપા ! કંઈ તકલીફ છે ?'

સ્વામીશ્રી કહે : 'શાની તકલીફ ? સુખ, સુખ ને સુખ છે.'

તેઓએ પૂછ્યું : 'શેનું સુખ છે ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાનનું સુખ છે.'

જેને ભગવાનનું સુખ નિરંતર આવે છે તેને તકલીફ શેની હોય ?

•

એક હરિભક્તે ભક્તિભાવથી પેંડા મોકલ્યા હતા.

જ્ઞાનેશ્વરદાસ સ્વામીએ તે પેંડાનું બોક્સ સ્વામીશ્રીને બતાવીને કહ્યું : 'બાપા! પેંડા જમવા છે?'

સ્વામીશ્રીએ મસ્તક હલાવીને કહે : 'મારે નથી ખાવા.'

પછી પૂછ્યું : 'ઠાકોરજીને ધરાવવા આપી દેવા છે?'

સ્વામીશ્રીએ તરત હા કહી.

પેંડા ઠાકોરજીને ધરાવવામાં આવ્યા. પછી પૂછ્યું : 'પ્રસાદ બધાને આપવો છે?'

સ્વામીશ્રીએ હા કહી, એટલે પેંડાનું બોક્સ સ્વામીશ્રીના ખોળામાં મૂકી દીધું. સ્વામીશ્રીએ એક પછી એક સંતો અને પછી ડૉક્ટરોને સ્વહસ્તે પેંડાની પ્રસાદી આપી.

•

તા. ૬-૭-૨૦૧૪, સારંગપુર

રાત્રે ૧૦:૧૦ વાગે સ્વામીશ્રી રૂમની બહાર પેસેજમાં આવ્યા. સ્વામીશ્રીના ખોળામાં રહેલા ઓશીકાના કવર ઉપરનું લખાણ વાંચતાં વિવેકસાગર સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું : 'આના પર લખેલું છે – 'સદા દાસ.' તમે સદા દાસ છો?'

સ્વામીશ્રીએ કહ્યું : 'હા.'

તેઓએ ફરીથી પૂછ્યું : 'હેં? તમે સદા દાસ છો?'

સ્વામીશ્રી તેમની સામું જોઈને કહે : 'હા, છીએ.'

સ્વામીશ્રીના સ્વરમાં વિનમ્રતા છલકાતી હતી.

•

તા. ૭-૭-૨૦૧૪, સારંગપુર

સમય થયો એટલે સ્વામીશ્રી બેઠકરૂમમાં હળવી કસરત કરવા માટે પધાર્યા. હરિપ્રકાશદાસ સ્વામી કીર્તન ગાવા લાગ્યા : *'છીએ અમે તો છોટા જી પણ વિચારો મોટા જી, મોટા થઈને પ્રભુ ભજાય એ સંકલ્પો ખોટા જી...'*

સ્વામીશ્રી તેમની સામું જોઈને તાલ આપતા હતા. તેઓએ પૂછ્યું : 'ભગવાન ભજવાની ઉંમર કઈ?'

સ્વામીશ્રી કહે : 'નાનપણથી ભજવાના.'

તેઓ કહે : 'હું પણ એકત્રીસ વર્ષનો બાળક છું.'

સ્વામીશ્રી કહે : 'ઓ હો...હો...હો... લો.'

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'બાપા! સત્સંગમાં તો નાના જ રહેવાનું ને?'

સ્વામીશ્રી કહે : 'નાના રહેવામાં જ સુખ છે.'

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'બાપા! બોલીએ તો છીએ પણ ટાણે ખ્યાલ રહેતો નથી. એમ થઈ જાય કે હું કંઈક છું.'

સ્વામીશ્રી કહે : 'એ ન થવું જોઈએ.'

સદાય નાના થઈને રહેવામાં જ લાભ અને સુખ છે – એ સ્વામીશ્રીનું જીવનસૂત્ર છે.

•

તા. ૧૦-૭-૨૦૧૪, સારંગપુર

રાત્રે ૭:૪૫ વાગે જાગ્યા. પરવાર્યા પછી સંતો સાથે વાતો કરતા હતા. ખોળામાં રહેલા ઓશીકાના કવર ઉપર 'સર્વસ્વ' લખ્યું હતું. તે જોઈને હરિપ્રકાશદાસ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો : 'બાપા! આપનું સર્વસ્વ કોણ છે?'

સ્વામીશ્રી કહે : 'ભગવાન સૌના સર્વસ્વ છે.'

તેઓ કહે : 'એ તો બરાબર છે, પણ જેટલામાં રાજાનું રાજ્ય એટલું રાણીનું રાજ્ય. તેમ જેટલું ભગવાનનું સામ્રાજ્ય એટલું ભગવાનના ઉત્તમ ભક્તનું સામ્રાજ્ય.'

સ્વામીશ્રી કહે : 'કોણે કહ્યું?'

તેઓ કહે : 'શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે. વાત સાચી કે ખોટી?'

સ્વામીશ્રી કહે : 'એ વાતની કોણ ના પાડે છે.'

તેઓ કહે : 'સો જન્મે શુદ્ધ થવાનો હોય પણ ભગવાન અને એના ઉત્તમ ભક્તની સરખી સેવા કરે તો આ ને આ જન્મે ઉત્તમ ભક્ત થઈ જાય. બાપા! આ વાત સાચી?'

સ્વામીશ્રી કહે : 'સાચી જ ને! ના કોણ પાડે છે.'

શ્રીહરિનાં વચનનોની સાખે ગુણાતીત સત્પુરુષનો મહિમા ગાઈને સંતોએ તેમાં સ્વામીશ્રીનું પણ સમર્થન મેળવીને ઉપાસનાના મુદ્દાને સુદૃઢ કર્યો.

•

તા. ૧૧-૭-૨૦૧૪, સારંગપુર

સવારે 'પ્રમુખદર્શન વાટિકા'માં રેમ્પ ઉપર પહેલો રાઉન્ડ ઠાકોરજી સાથે ફરીને દર્શન આપ્યાં. તે પછી હરિભક્તોનો પરિચય અપાયો. નિર્મળસિંહ રાણા ઊભા થયા. સ્વામીશ્રી હાથનો ઈશારો કરતા હતા. સંતોએ તેમને રેમ્પની ધાર આગળ – સ્વામીશ્રીની નજીક બોલાવ્યા. સ્વામીશ્રીએ ફરી જેમના હાથમાં હાર હતો તે સંતો તરફ હાથથી સંકેત કર્યો. ત્યારે સૌને સમજાયું કે સ્વામીશ્રી તેમને હાર પહેરાવવાનું કહેતા હતા. તરત સંતોએ તેમને હાર પહેરાવીને સન્માન્યા. સ્વામીશ્રી તે

જોઈને રાજી થયા.

•

તા. ૧૨-૭-૨૦૧૪, સારંગપુર

ઠાકોરજીનાં દર્શન કરીને પોતાના નિવાસમાં પાછા આવ્યા પછી સંતો સાથે વાતચીત ચાલતી હતી. તેમાં વિશ્વવિહારીદાસ સ્વામી, ધર્મવત્સલદાસ સ્વામી, નિખિલેશદાસ સ્વામી વગેરે સંતો ચરોતરનાં જુદાં જુદાં ગોળનાં ગામોની વાતો કરતા હતા. તેમાં બધા ગોળ પોતાની સર્વોપરિતા સાબિત કરતા હોય છે તેવી વાતો ચાલી. કોઈકે પૂછ્યું : 'આપના ગામ કયાં ?'

સ્વામીશ્રી તે સંતો સામું જોઈને હસવા લાગ્યા. તે જોઈને વિવેકસાગરદાસ સ્વામીએ સ્વામીશ્રીની સામું જોઈને તેમના વતી કહ્યું : 'અનંતકોટિ બ્રહ્માંડની ગણતરી નથી તો ગામની ક્યાં વાત કરવી ?'

તરત સ્વામીશ્રીએ મસ્તક હલાવીને તેમને સમર્થન આપતાં કહ્યું : 'બરાબર છે.'

'પછી ગામનું શું ?'

'હા, પછી ગામનું શું ?' સ્વામીશ્રીએ તેમનું વાક્ય દોહરાવીને તેમાં ફરી સમર્થન આપ્યું.

ગમ્મતમાં પણ અક્ષરની મોટાઈને તાત્ત્વિક સમર્થન મળ્યું તે જોઈને સૌ રાજી થયા કે એ અક્ષરબ્રહ્મ સ્વયં આજે ગુરુરૂપ હરિ બનીને પ્રત્યક્ષ દર્શન આપી રહ્યા છે.

•

આજે સાંજે ગુરુપૂનમનો સમૈયો ખૂબ સારો ઊજવાઈ ગયો. રાત્રે સ્વામીશ્રી આરામમાં જાય તે પહેલાં સંતોએ એક હળવી રમૂજ સાથે રજૂઆત કરીને મુદ્દો રજૂ કર્યો : શાંતિ જોઈતી હોય તો યોગીજી મહારાજે બતાવ્યો છે તે ઉપાય મુજબ ગુરુમાં દિવ્યભાવ-નિર્દોષભાવ રાખવો એ જ સાચું ગુરુપૂજન છે.

અંતે સંતોએ હાથ જોડીને પ્રાર્થના કરી : '*જે જે લીલા કરો તમે લાલ, તેને સમજું અલૌકિક ખ્યાલ...* આપ જે લીલા કરો તે દિવ્ય ક્યારે સમજાય ?'

સ્વામીશ્રી કહે : 'મહિમા સમજાય તો.'

ગુરુપૂર્ણિમાના શુભદિને સાચું ગુરુપૂજન કરવાની પાત્રતા કેળવવાનો પથ પણ ગુરુએ પ્રકાશિત કરી આપ્યો.

•

શિબિરાર્થી યુવકોને પ્રાપ્તિનો વિચાર દૃઢ કરાવવાનો હતો. તેને અનુલક્ષીને હરિપ્રકાશદાસ સ્વામીએ પૂછ્યું : 'બાપા ! પ્રાપ્તિના વિચારમાં શું કરવાનું ?'

સ્વામીશ્રી બોલે તે પહેલા અદ્‌ભુતાનંદદાસ સ્વામી બોલ્યા : 'મરીને જેમને પામવા હતા તે છતી દેહે મળી ગયા છે.'

સ્વામીશ્રી કહે : 'બરાબર. છતી દેહે મળી ગયા.'

'ગુણાતીતાનંદ સ્વામીએ વાઘા ખાચરને કહ્યું હતું કે હું પંડે અક્ષર છું. માટે આપ જો અક્ષર હો તો અમને પણ એ દૃઢ કરાવો.'

સ્વામીશ્રી સહસા બોલી ઊઠ્યા : 'હું પંડે અક્ષર છું.'

નારાયણચરણદાસ સ્વામી કહે : 'આ બોલે છે તે અક્ષર ?'

સ્વામીશ્રી કહે : 'હા, બોલે છે તે અક્ષર.'

સ્વામીશ્રીના મુખેથી તેમનો તાત્ત્વિક મહિમા સાંભળીને સૌ આનંદિત થયા.

•

૧૦:૧૫ વાગે સ્વામીશ્રી 'પ્રમુખદર્શન વાટિકા'માં પધાર્યા. હરિભક્તોનો પરિચય અપાયા પછી સ્વામીશ્રીએ સૌને દર્શનસુખ આપીને તૃપ્ત કર્યા.

શિબિરાર્થી કિશોરોએ એક સ્કિટ રજૂ કરી. તેમાં તેઓએ સ્વામીશ્રીને બ્રહ્મવિદ્યાની કૉલેજના પ્રિન્સિપાલ કહીને જણાવ્યું કે તેઓ સાક્ષાત્ અક્ષરબ્રહ્મની ડિગ્રી ધરાવે છે. સ્વામીશ્રીએ તરત જ છડી ફરકાવીને તેની વાતમાં સમર્થન આપ્યું. સૌએ તાળીઓના ગડગડાટથી તે પળને વધાવી લીધી.

યુવકોએ સ્વામીશ્રીને પૂછ્યું : 'અમને સૌને અંતરમાં કાયમ સુખ-શાંતિ રહે તેનો ઉપાય શો છે ?'

સ્વામીશ્રીએ બે હાથમાં કાગળ પકડીને ઉત્તર જણાવ્યો : 'પ્રાપ્તિનો વિચાર.'

યુવકો ઉત્તર વાંચીને ખુશ થઈ ગયા. તાળી પાડીને તથા સફેદ ને લાલ રિબન ફરકાવીને પોતાની ખુશાલી વ્યક્ત કરી.

સુરતના બાળકાર્યકરો જયેન્દ્ર વીંછી, જયકૃષ્ણ મેવાવાલા વગેરેએ 'વાંદરા વૈકુંઠમાં ન રહ્યા' એ દૃષ્ટાંત ઉપર સ્કિટ રજૂ કરી સ્વામીશ્રીને હસાવ્યા.

જયકૃષ્ણ કહે : 'બાપા ! અક્ષરધામમાં રહેવાય એવા અમારા સ્વભાવ થાય એવા આશીર્વાદ આપજો.' પછી વિનંતી કરતાં કહે : 'એક વાર અમને અક્ષરધામમાં લઈ જાવ. અમે ત્યાં ધમાલ નહીં કરીએ. લઈ જશો ને ?'

સ્વામીશ્રીએ તરત હકારમાં મસ્તક હલાવીને પોતાની કરુણા વ્યક્ત કરી. સૌ આનંદમાં તાળી પાડી ઊઠ્યા.

૧૦:૫૫ વાગે સ્વામીશ્રી પોતાના નિવાસમાં ગયા. હરિભક્તોની વસ્તુઓ પ્રસાદીની કરી. તે પછી હરિપ્રકાશદાસ સ્વામી ને યોગવિવેકદાસ સ્વામીએ બહાર યુવકોએ ભજવેલ સંવાદના સંદર્ભમાં થોડી ગમ્મતો કરીને સ્વામીશ્રીને હસાવ્યા. પછી સ્વામીશ્રીને કહે : 'આપ મળ્યા એટલે અમારા સ્વભાવ સુધરી જશે ને ?'

સ્વામીશ્રી કહે : 'સુધરી જશે.' પછી કહે : 'બંને એકબીજાને પગે લાગો.' તેઓ એકબીજાને પગે લાગ્યા એટલે સ્વામીશ્રી રાજી થયા.

તેઓએ ફરી સ્વામીશ્રીને પૂછ્યું : 'ભગવાન ને સંત મળ્યા એટલે સ્વભાવ ટળી જશે ને ?'

સ્વામીશ્રી દૃઢતાપૂર્વક કહે : 'ટળી જશે.'

પોતાના આશ્રિત ભક્તો ને સંતોના સ્વભાવ ટાળી શુદ્ધ કરીને તેમને અક્ષરધામમાં લઈ જવાનું અપાર સામર્થ્ય ધરાવતા ગુરુહરિને મનોમન વંદન કરીને સૌ અહોભાવની લાગણી સાથે રૂમની બહાર નીકળ્યા.

■

તા. ૧૪-૭-૨૦૧૪, સારંગપુર

રાત્રે ૮:૨૮ વાગે સ્વામીશ્રીએ અક્ષર ઝરૂખે પધારીને સૌને દર્શન આપ્યાં. સાંજથી જ વરસાદ વરસવો શરૂ થઈ ગયો હતો. અત્યારે પણ ઝરમર ઝરમર વરસાદ પડી રહ્યો હતો.

મહેમાનો અને હરિભક્તોના પરિચય અને સત્કાર પછી સુરતના બાળકાર્યકરોએ 'એક જણે ભૂત વશ કર્યું' એ બોધકથા પર આધારિત સ્કિટ રજૂ કરી. છેલ્લે મન ભૂત જેવું છે. આ ભૂતથી છુટકારો મેળવવા શું કરવું તે ઉપાય સ્વામીશ્રીને પૂછ્યો. સ્વામીશ્રીએ નાના બોર્ડમાં લખેલો ઉપાય તેમની સમક્ષ ધર્યો. તેમાં લખેલું હતું : 'ભૂતને વાંસડો.'

યુવકો કહે : 'અમને એકાવન ભૂતનું ટોળું વળગ્યું છે. તમે ભગવાનનું સ્વરૂપ છો એટલે કાઢશો ને ?'

સ્વામીશ્રીએ હાથ ઊંચો કરીને તેમને સમર્થન આપ્યું.

યુવકોએ મનરૂપી ભૂતને વશ કરવા શું કરવું તે પૂછતાં સ્વામીશ્રીએ ફરી બોર્ડ બતાવ્યું, જેમાં ઉપાય સૂચવેલો : 'ભગવાનનાં ચરિત્રરૂપ જાળાને વિષે મનને ગૂંચવી મેલવું.' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૮)

●

તા. ૧૫-૭-૨૦૧૪, સારંગપુર

પૂજા પછી ૯:૧૦ વાગે 'પ્રમુખદર્શન વાટિકા'માં આવ્યા. હરિભક્તોનો પરિચય અપાયા પછી યુ.એસ.એ.-યુ.કે.ના શિબિરાર્થી કિશોરોએ 'સેવા' વિષયક એક સ્કિટ રજૂ કરી. ત્યારબાદ સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યો : 'અમે થોડી સેવા કરીએ છીએ ને શ્રદ્ધા ખૂટી જાય છે, જ્યારે આપે શરીરની પરવા કર્યા વિના ખૂબ સેવાઓ કરી છે. બાપા ! કેવા વિચાર સાથે આપે આવી સેવા કરી હતી ?'

સ્વામીશ્રીએ પ્રત્યુત્તરમાં પેડનું લખાણ તેમના તરફ ધર્યું. તેમાં લખ્યું હતું : 'રાજીપાનો વિચાર'

યુવકો ઉત્તર વાંચીને સ્વામીશ્રીને કહે : 'આવો વિચાર રાખીને અમે પણ સેવા કરી શકીએ તેવા આશીર્વાદ આપજો.'

સ્વામીશ્રીએ તેઓ પર પ્રસન્નતાભરી દૃષ્ટિ કરી.

●

તા. ૧૬-૭-૨૦૧૪, સારંગપુર

ગોંડલમાં બંધાઈ રહેલા નૂતન 'યોગી સ્મૃતિમંદિર'ના શિલાન્યાસ માટેના કળશનું પૂજન કર્યા બાદ અક્ષર દેરીના રિનોવેશનની મીટિંગ બેઠકરૂમમાં કરી. ઈશ્વરચરણદાસ સ્વામી, જ્ઞાનેશ્વરદાસ સ્વામી, દિવ્યપુરુષદાસ સ્વામી અને હર્ષદભાઈ ચાવડા વગેરે સ્વામીશ્રી સાથે બેઠા હતા. સ્વામીશ્રીની વ્હીલચૅરની આગળ નાનું ટેબલ ગોઠવ્યું હતું. તેના પર નૂતન યોગી સ્મૃતિમંદિરના નકશા ગોઠવ્યા હતા. દિવ્યપુરુષદાસ સ્વામીએ સ્વામીશ્રીને પ્લાનની વિગત સમજાવી.

હર્ષદભાઈ કહે : 'કામ પૂરું થાય એટલે અક્ષર દેરી અને સ્મૃતિમંદિરની આરતી ઉતારવા આપે આવવાનું છે. વચન આપો.' એમ કહીને તેઓએ સ્વામીશ્રીને હાથ ધર્યો. સ્વામીશ્રીએ હસતાં હસતાં એમના હાથ પર પોતાના હાથે તાળી આપી આવવાનો કોલ આપ્યો. પછી તેમને આશીર્વાદ આપ્યા. દિવ્યપુરુષદાસ સ્વામીને મસ્તકે પણ આઠ વખત હાથ મૂકીને આશીર્વાદ આપ્યા.

હર્ષદભાઈ કહે : 'પ્લાન જોઈને આપને સંતોષ થયો છે ?'

'હા, સંતોષ છે.' સ્વામીશ્રી તેમની સામું જોઈને બોલ્યા.

સ્વામીશ્રીની નજર પ્લાન ઉપર સ્થિર થયેલી જોઈને હર્ષદભાઈએ પૂછ્યું : 'શું વિચાર કરી રહ્યા છો ?'

જવાબમાં સ્વામીશ્રીએ આછું સ્મિત કર્યું.

મેં કહ્યું : 'આપની દૃષ્ટિથી થાય છે બધું.'

સ્વામીશ્રી કહે : 'દૃષ્ટિ શ્રીજીમહારાજની છે. સ્વામીની દૃષ્ટિથી થાય છે.'

સંતો કહે : 'અક્ષર દેરી સર્વોપરી કરવી છે.'

સ્વામીશ્રી કહે : 'હા, સર્વોપરી.'

એમાંથી અમેરિકામાં થઈ રહેલા અક્ષરધામની વાતો ચર્ચાઈ.

અક્ષરવત્સલદાસ સ્વામી કહે : 'અમેરિકાનું અક્ષરધામ ૧૫ શિખરબદ્ધ મંદિરો જેટલું મોટું છે.'

સ્વામીશ્રીએ આશ્ચર્યપૂર્વક તેમની સામું જોયું.

મીટિંગ પૂરી થતાં હર્ષદભાઈની સેવાઓને સંતોએ યાદ કરી. તેઓએ એ માટે સ્વામીશ્રીની સમયે સમયે મળેલી પ્રેરણા, માર્ગદર્શન અને આશીર્વાદને કારણભૂત ગણાવ્યાં. ઈશ્વરચરણદાસ સ્વામીએ કહેલી વાત યાદ કરતાં હર્ષદભાઈ કહે : 'બાપા ! મને ઈશ્વર સ્વામીએ કહેલું કે માથે બરફની પાટ રાખીને કામ કરવું.'

સ્વામીશ્રી કહે : 'વાત સાચી છે એમની.'

ઊભા થતાં સૌએ જયનાદો ઉચ્ચાર્યા. છેલ્લે 'પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની જય' બોલાઈ. સ્વામીશ્રી તરત બધા સંતોનો નિર્દેશ કરતાં કહે : 'આ બધાની જય.'

મેં કહ્યું : 'હસ્તિપદે સર્વપદમ્.' (અર્થાત્ આપની જય બોલાવી એમાં બધાની જય આવી ગઈ)

સ્વામીશ્રી કહે : 'એ બરાબર.'

બધા સંતો તરફ દૃષ્ટિ ફેરવતાં કહે : 'મહારાજની ઈચ્છાથી બધા તૈયાર થયા છે.'

સંતોનો મહિમા ગાતાં સ્વામીશ્રી તેમને યશ આપવા લાગ્યા.

•

તા. ૧૭-૭-૨૦૧૪, સારંગપુર

સવારે નિત્યપૂજા કાચના બેઠકરૂમમાં કરી. હરિભક્તોના પ્રશ્નોનું માર્ગદર્શન આપ્યા પછી સ્વામીશ્રીની વ્હીલચેર બગીચા તરફ ફેરવવામાં આવી. સ્વામીશ્રી બગીચા પર દૃષ્ટિ કરતા હતા. તે સમયે યોગવિવેકદાસ સ્વામી કાચની બહાર બીજે જ ક્યાંક જોતા હતા. તે જોઈને મેં તેમને કહ્યું : 'ત્યાં શું જુઓ છો ? જે જોવાનું છે તે તો અહીં છે.' સ્વામીશ્રી તે સાંભળીને તેઓની સામું જોતાં હસી પડ્યા.

'ક્યાં છે, ક્યાં છે ?' એમ કહી તેઓ બધે જોવા લાગ્યા, એટલે મેં એમને સ્વામીશ્રીનો નિર્દેશ કરીને બતાવ્યા. તેઓએ સ્વામીશ્રીને હાથ જોડ્યા.

યોગવિવેકદાસ સ્વામી કહે : 'જોયા જેવા તે ભગવાન અને...?'

'સંત છે.' સ્વામીશ્રીએ વાક્ય પૂરું કર્યું.

'એ સંત કોણ છે ?'

'એ આ જોઈએ છીએ એ જ છે.' અદ્ભુતાનંદ સ્વામીએ કહ્યું.

સ્વામીશ્રીએ મસ્તક હલાવીને 'હા' કહી.

•

રાત્રે અક્ષર ઝરૂખેથી સંતો-હરિભક્તોને દર્શન આપવા પધાર્યા ત્યારે યુ.એસ.એ.-યુ.કે.ના શિબિરાર્થી કિશોરોએ 'બકરીની કોટે હીરો' એ બોધકથા સંવાદરૂપે ભજવી. તેમાં ભરવાડ ને શેઠ વચ્ચેનો રમૂજી વાર્તાલાપ સાંભળીને સ્વામીશ્રી ખૂબ હસ્યા.

૯:૩૫ વાગે સ્વામીશ્રી નીચે આવ્યા. હરિપ્રકાશદાસ સ્વામી વગેરેએ બહાર ભજવાયેલો સંવાદ ક્રિયેટિવ આઇડિયા સાથે રજૂ કરીને સ્વામીશ્રીને બહુ હસાવ્યા. સંવાદ પછી તેઓ કહે : 'બકરી બધું આપે પણ કલ્યાણ ન આપે. કલ્યાણ ક્યાં મળે ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાન અને સંત. એ બે આપે.'

તેઓ કહે : એ મોટાપુરુષ ક્યાં છે ?'

સ્વામીશ્રી સામે મોટા દડા પર બેસીને ધ્યાન કરતા યોગવિવેકદાસ સ્વામી તરફ આંગળી ચીંધીને કહે : 'આ મોટાપુરુષ છે.'

સૌ હસી પડ્યા.

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'એ તો ખોટા પુરુષ છે. મોટાપુરુષ તો આપ છો. શાસ્ત્રીજી મહારાજે સિક્કો માર્યો છે. માર્યો છે ને ?'

સ્વામીશ્રી હસવા લાગ્યા ને કહે : 'માર્યો છે.'

•

તા. ૧૮-૭-૨૦૧૪, સારંગપુર

સવારે સ્નાનાદિકથી પરવારીને સ્વામીશ્રી 'પ્રમુખદર્શન વાટિકા'માં પધાર્યા.

આજે યુ.એસ.એ.-યુ.કે.નાં કિશોર-કિશોરીઓની

શિબિરની પૂર્ણાહુતિ હતી. યુવકો મંચ આગળ શિસ્તબદ્ધ ગોઠવાઈને બેઠા હતા. દરેકના માથા પર ગ્રેજ્યુએશન કેપ હતી. આગળ અભ્યાસ કરવાની મેજ ગોઠવી હતી. રેમ્પ ઉપર વ્હાઈટ બોર્ડ ગોઠવ્યું હતું. તેમાં 'બ્રહ્મવિદ્યાની કૉલેજ' એવું શીર્ષક આપીને, તેની નીચે બ્રહ્મવિદ્યાના વૈદિક મંત્રોના સાત વાક્યો લખ્યાં હતાં. વ્હાઇટ બૉર્ડની આગળ બેઠક પર હરિકૃષ્ણ મહારાજને પધરાવ્યા હતા. હરિકૃષ્ણ મહારાજને પણ ગ્રેજ્યુએશન કેપ તથા ગાઉન પહેરાવ્યો હતો.

સ્વામીશ્રીની વ્હીલચૅર બૉર્ડની નજીક ઊભી રાખવામાં આવી. યુવકોએ સ્વામીશ્રીને પ્રણામ કરીને 'ગુરુર્બ્રહ્મા...' તથા 'ત્વમેવ માતા...' એ બે શ્લોક બોલીને સ્વામીશ્રીની સ્તુતિ કરી.

કાર્યક્રમનું સંચાલન સંભાળતા અક્ષરાતીતદાસ સ્વામીએ કહ્યું : 'બાપા! આ વખતની 'ઇન્ડિયા ટ્રિપ-૨૦૧૪'માં આવેલાં યુ.એસ.એ.-યુ.કે.નાં કિશોર-કિશોરીઓએ સારંગપુરમાં બ્રહ્મવિદ્યાની કૉલેજમાં ચાર દિવસની 'શાંતિ' વિષયક શિબિરનો લાભ લીધો. તેમાં અમને જે બ્રહ્મવિદ્યા ભણાવવામાં આવી છે તે અમે બરાબર ભણ્યા છીએ કે કેમ ? તેની ખાતરી કરવા અમે આપની સમક્ષ શું શું ભણ્યા તે જણાવીશું. તે સાચું હોય તો આપ 'હા' પાડીને અથવા હાથ ઊંચો કરીને જણાવજો.' એમ કહીને તેઓએ કહ્યું :

૧. અમે દેહ નથી આત્મા છીએ.
૨. અમારો આત્મા સત્પુરુષ છે.
૩. એ સત્પુરુષમાં શ્રીજીમહારાજ સાંગોપાંગ રહેલા છે.
૪. એ સત્પુરુષ આપ છો. તેથી તમે જ અમારા માતા છો. તમે જ અમારા પિતા છો...
૫. અમે બધામાં શ્રીજીમહારાજને જોઈએ તેવી પ્રાર્થના.

અક્ષરાતીતદાસ સ્વામી જે જે પાઠ બોલતા ગયા તેને સ્વામીશ્રી મસ્તક હલાવીને કે હાથનું લટકું કરીને 'બરાબર છે - સાચું છે' એમ સંજ્ઞાથી જણાવતા ગયા.

યુવકોએ ત્યારબાદ સમૂહસ્વરમાં સિદ્ધાંતગાનના મંત્રોનું ગાન કર્યું. ત્યારબાદ જયનાદો ઉચ્ચાર્યા. સ્વામીશ્રી પણ પોતાનો જમણો હાથ ઊંચો કરીને દરેક જયનાદ ઝીલતા હતા.

હવે સ્વામીશ્રી યુવકોનો બ્રહ્મવિદ્યાનો પાઠ લેવા તત્પર થયા. વ્હીલચૅર બોર્ડ તરફ ફેરવવામાં આવી. સ્વામીશ્રીએ હાથમાં મોટી પેન્સિલ લીધી. બોર્ડમાં લખેલાં સાત વાક્યોમાંથી જે વાક્ય પર સ્વામીશ્રી પેન્સિલથી પોઈંટ આઉટ કરતા હતા તે સિદ્ધાંત વાક્યનું ગાન યુવકો સમૂહમાં કરતા હતા.

પાઠ પૂરો થયા પછી એક યુવકે ઊભા થઈને તમામ શિબિરાર્થીઓ વતી સ્વામીશ્રીનો તથા સહયોગી સંતોનો આભાર માન્યો. પછી તેણે કહ્યું : 'અમે અહીં જે શીખ્યા તે અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન દેશ-વિદેશમાં પ્રવર્તાવી શકીએ તેવું બળ આપજો, પણ સાથે સાથે આપે પણ એક વચન આપવાનું છે કે આપ સદાય અમારી સાથે રહેશો. રહેશો ને સ્વામીબાપા ?'

સ્વામીશ્રીએ મસ્તક હલાવીને હા કહી. યુવકો રાજી થઈને તાળી પાડી ઊઠ્યા.

•

તા. ૨૫-૭-૨૦૧૪, સારંગપુર

આજે સારંગપુરના ૧૫૦ સંતો શ્રાવણ મહિનાના વિચરણ માટે જુદાં જુદાં મંદિરોમાં જશે. જતાં પહેલાં સ્વામીશ્રીનાં દર્શન તેઓને થાય એ માટે ૯:૦૦ વાગે સ્વામીશ્રીએ દર્શન આપ્યાં. સ્વામીશ્રી સ્નાનાદિકથી પરવારીને પલંગ પર બિરાજ્યા હતા. અક્ષરચરણદાસ સ્વામીએ વિચરણ માટે સંતો-પાર્ષદો કયાં કયાં મંદિરોમાં જશે તેની યાદી સ્વામીશ્રીના હાથમાં આપી. સ્વામીશ્રી તે યાદી વાંચવા લાગ્યા. અક્ષરચરણદાસ સ્વામીએ સ્વામીશ્રીને સંક્ષિપ્તમાં તેના વિષે માહિતી આપી.

પછી કીર્તનના તાલે કરલટકાં કરીને સ્વામીશ્રીએ સૌને સુખ આપ્યું. સંતોને આપવાના પ્રસાદ પર હાથ મૂકીને પ્રસાદીની કરી આપી. પછી વિવેકસાગરદાસ સ્વામીને કહે : 'તમે બોલો. (પ્રવચન કરો)'

અક્ષરચરણદાસ સ્વામી કહે : 'છ દિવસથી તેઓ સંતોને વિચરણ અંગે વાતો કરતા આવ્યા છે.'

સ્વામીશ્રીને તે સાંભળી સંતોષ થયો.

તેઓ કહે : 'આપ સંતોને બે શબ્દો આશીર્વાદના કહો.'

સ્વામીશ્રી સંતોને સંબોધીને કહેવા લાગ્યા : 'કથા-વાર્તા કરવાની, હરિભક્તોને રાજી કરવાના... આશીર્વાદ છે.'

•

સંતો-હરિભક્તોને દર્શન આપીને પાછા રૂમમાં આવ્યા

ત્યારે યોગવિવેકદાસ સ્વામીએ પૂછ્યું : 'કેમ છો ?'

સ્વામીશ્રીએ નેત્ર મીંચીને ધ્યાનસ્થ મુદ્રા બતાવી.

તેઓ પ્રશ્નસૂચક નજરે જોવા લાગ્યા એટલે મેં કહ્યું : 'અંતરે ખૂબ સુખી છીએ. એમ એનો અર્થ થાય, કેમ બાપા ?'

સ્વામીશ્રીએ કેફથી મસ્તક હલાવતાં સમર્થન આપ્યું.

•

તા. ૨૬-૭-૨૦૧૪, સારંગપુર

આજે સવારે સ્નાનાદિક નિત્યકર્મથી પરવારીને ૧૦:૪૫ વાગે સ્વામીશ્રી રૂમની બહાર આવ્યા, ત્યારે આંખો બંધ હતી. સંતોએ પ્રયત્ન કર્યો પણ સ્વામીશ્રી આંખો ખોલતા ન હતા. તેથી થોડી વાર ઉદ્યાનમાં લાવ્યા. અહીં પણ વિધવિધ રીતે સ્વામીશ્રીનું ધ્યાન દોરીને પ્રયત્નો કરવામાં આવ્યા, પરંતુ બધા પ્રયાસો નિષ્ફળ નીવડ્યા. પુનઃ ઉતારામાં આવ્યા. બેઠકરૂમમાં ખુરશીમાં જ થોડો વિશ્રામ કરાવ્યો.

૧૧:૦૭ વાગે આંખો ખોલીને પૂર્વાભિમુખે બિરાજીને સ્વામીશ્રીએ નિત્યપૂજા કરી.

નારાયણચરણદાસ સ્વામી કહે : 'થોડી વાર પહેલાં માનસી કરવા ગયા હતા ?'

સ્વામીશ્રીએ હા કહી.

તેઓ કહે : 'માનસીમાં શાસ્ત્રીજી મહારાજની સેવામાં હતા કે યોગીજી મહારાજની સેવામાં હતા ?'

'બેયની સેવામાં હતા.' ધીમા સ્વરે સ્વામીશ્રી બોલ્યા.

•

તા. ૨૭-૭-૨૦૧૪, સારંગપુર

સવારે ૯:૧૫ વાગે સ્વામીશ્રી 'પ્રમુખદર્શન વાટિકા'માં પધાર્યા. હરિભક્તોનો પરિચય અપાયો.

આજથી સારંગપુરમાં યુ.કે.નાં બાળ-બાલિકાઓની સત્સંગશિબિર શરૂ થઈ રહી હતી. તેની માહિતી આપતાં બાળસંચાલકે સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! ૪૫ બાળ-બાલિકાઓ છેક લંડનથી આપનાં દર્શન કરવા અને શિબિરનો લાભ લેવા માટે આવ્યાં છે. તેઓ બધાં એકાંતિક થવાં આવ્યાં છે.' પછી તેમણે બાળકોને તપની માળા, દંડવત્ પ્રણામ, પ્રદક્ષિણા કરાવીને એકાંતિક થવાનો પુરુષાર્થ કરાવ્યો. પણ કોઈને પોતે એકાંતિક થયાની પ્રતીતિ ન થઈ. એટલે મૂંઝાયા કે એકાંતિક કેમ થવાય ?'

એક બાળક ઊભો થઈને બોલ્યો –

'એકાંતિક તો એકાંતિક સત્પુરુષના સમાગમથી થવાય. એમ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે.'

'પણ એવા એકાંતિક ક્યાં છે ?'

બાળકે સ્વામીશ્રી તરફ હાથ લંબાવીને તેમને બતાવતાં કહ્યું : 'એવા એકાંતિક સત્પુરુષ તો સ્વામીબાપા છે.'

સંચાલકે સીધું સ્વામીશ્રીને પૂછ્યું : 'એવા એકાંતિક આપ છો ?'

તરત સ્વામીશ્રીએ મસ્તક હલાવીને હા કહી.

શિબિરાર્થીઓ ને સૌ સંતો-હરિભક્તો સ્વામીશ્રીએ શ્રીમુખે શાહેદી આપી તેથી રાજી થઈ તાળી પાડી ઊઠ્યા. એ સાથે જ માઇક પરથી *'બ્રહ્મવિદ્યાની કૉલેજમાં અમે ધર્મ એકાંતિક ભણવાના...'* એ ગીત ચાલુ થઈ ગયું. સૌ તેમાં પોતાનો સૂર પુરાવીને સ્વામીશ્રીનાં દર્શનમાં મગ્ન થયા.

સ્વામીશ્રીએ ત્યારબાદ હરિકૃષ્ણ મહારાજને હિંડોળે ઝુલાવ્યા.

વલ્લભવિદ્યાનગરથી ૧૭૫ છાત્રો આવ્યા હતા. જ્ઞાનવિજયદાસ સ્વામીએ તેઓની વાત કરતાં કહ્યું : 'આજે દર્શને આવેલા આ ૧૭૫ છાત્રોએ પંદર દિવસ ધારણાં-પારણાં વ્રત કર્યું હતું. આજે તેની પૂર્ણાહુતિ આપનાં દર્શન કર્યાં પછી પારણા કરીને કરવાના છે. આ છાત્રોમાંથી ૫૦ છાત્રો તો એવા છે જેઓએ આજે પ્રથમવાર જ આપનાં દર્શન કર્યાં છે.'

સ્વામીશ્રી તેઓનાં તપ-વ્રત અને ભક્તિભાવથી પ્રસન્ન થયા. છાત્રોએ લવિયા દરજીની દૃષ્ટાંતકથા સ્કિટરૂપે રજૂ કરીને સ્વામીશ્રીને હસાવ્યા. અંતમાં તેઓ કહે : 'બાપા ! પૂર્વે ઋષિ-મુનિઓએ હજારો વર્ષ સુધી તપ કર્યાં છતાં તેમના સ્વભાવ ન ટળ્યા, પરંતુ અમને આપનો યોગ થયો છે તો આપની કૃપાથી બધા સ્વભાવ ટળી જાય. ટળી જશે ને ?'

સ્વામીશ્રીએ હા કહી.

'આપ રાજી છો ને ?'

ફરી સ્વામીશ્રીએ હા કહી પોતાનો રાજીપો જણાવ્યો.

•

તા. ૩૧-૭-૨૦૧૪, સારંગપુર

સવારે ૯:૩૦ વાગે સેવકો સ્વામીશ્રીને ખુરશી પર બેસાડતા હતા. તે વખતે હરિપ્રકાશદાસ સ્વામીએ

સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા ! ખુરશી સહેજ ઊંચી કરું ?'

નારાયણચરણદાસ સ્વામી કહે : 'આ બધાની ખુરશી ઊંચી કરે એવા છે.'

હરિપ્રકાશદાસ સ્વામી સ્વામીશ્રીને કહે : 'બાપા ! કોઈની તાકાત છે કે આપની ખુરશી ઊંચી કરી શકે ? આપની સાથે કોણ છે !'

સ્વામીશ્રી કહે : 'ભગવાન છે. શાસ્ત્રીજી મહારાજ - જોગી મહારાજ છે.'

•

બહાર સંતો-હરિભક્તોને દર્શન આપવા જવાનું હતું. રોજ સ્વામીશ્રીના ખોળામાં ઠાકોરજી પધરાવવામાં આવે છે, પરંતુ અત્યારે ઠાકોરજીના થાળનો સમય થયો હતો. હરિપ્રકાશદાસ સ્વામીને તે સમયે રૂમમાં જોઈને સ્વામીશ્રીની આંખોમાં આશ્ચર્યના ભાવ ડોકાયા. તે સમજી જઈને તેઓએ સ્વામીશ્રીને કહ્યું : 'ઠાકોરજી થાળ જમે છે.'

સ્વામીશ્રીએ તેઓને પૂછ્યું : 'ત્યાં કોણ બેઠું છે ?'

તેઓ કહે : 'બે સંતો બેઠા છે.'

સ્વામીશ્રી કહે : 'તો બરાબર. થાળ સમયે કોઈકને બેસાડીને આવવાના.'

હરિકૃષ્ણ મહારાજની સમય સમયની ભક્તિ કરવામાં સહેજ પણ ચૂક ન આવી જાય તેનો ખટકો સ્વામીશ્રી હંમેશાં રાખે છે !

•

પૂજા પછી ડૉક્ટરોએ હળવી કસરત કરાવી. તે વખતે અદ્‌ભુતાનંદદાસ સ્વામી *'હાંજી ભલા સાધુ...'* એ કીર્તન બોલ્યા. હરિપ્રકાશદાસ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું : 'આ કીર્તનમાં જેવાં લક્ષણો વર્ણવ્યાં છે તેવા ગુણેયુક્ત એવા સાધુ કોણ છે ?'

સ્વામીશ્રી કહે : 'જોગી મહારાજ.'

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'અમે યોગીજી મહારાજને જોયા નથી.'

સ્વામીશ્રી પોતા તરફ હાથનો નિર્દેશ કરીને કહે : 'આ જોઈ લે.'

સ્વામીશ્રીના શ્રીમુખેથી સ્વ-સ્વરૂપની વાત સાંભળીને સંતો બહુ રાજી થયા.

બ્રહ્મસન્નિધિ



ઑગસ્ટ ૨૦૧૪

તા. ૩-૮-૨૦૧૪, ગાંધીનગર

આજે દર મહિને રૂટિન પ્રમાણે બ્લડ-ચૅકઅપ માટે લેવાતું લોહી લેવાનું હતું. ડૉક્ટર બ્લડ લઈ રહ્યા હતા તે સ્વામીશ્રી શાંતિથી જોઈ રહ્યા હતા. આ જોઈને ડૉક્ટર પણ આશ્ચર્ય પામ્યા. એટલે હરિપ્રકાશદાસ સ્વામીએ કહ્યું: 'ડૉક્ટર આપનું બ્લડ લેતા હતા તે વખતે સોય વાગી છતાં આપે જરાય ઊંહકારો ન કર્યો. તો અમારી પણ આપના જેવી સ્થિતિ કરી દેજો.'

સ્વામીશ્રી તે જોઈને મંદ મંદ હસતાં કહે : 'કોઈ આપણને આવું કરે ત્યારે એમ વિચારવું કે હું આત્મા છું... હું આત્મા છું... એટલે કાંઈ વાંધો ન આવે.'

આત્મનિષ્ઠાની ઉત્તમ સ્થિતિ સિદ્ધ થયા પછી દેહનાં દુઃખ કે માન-અપમાન લેશમાત્ર સ્પર્શી ન શકે – તેવું શિષ્યને હળવાશથી સમજાવી દેવું તેમાં બ્રહ્મનિષ્ઠ ગુરુની ગરિમાનાં પણ ભવ્ય દર્શન થાય છે.

•

તા. ૪-૮-૨૦૧૪, ગાંધીનગર

સ્વામીશ્રીને પલંગમાં બિરાજમાન કર્યા પછી ડૉક્ટર વ્રજલાલે બી.પી. માપ્યું. તેમણે પોતાનું સ્ટેથોસ્કોપ હરિપ્રકાશદાસ સ્વામીને ઝાલવા આપ્યું. તેઓ તે સ્વામીશ્રીને આપવા લાગ્યા. સ્વામીશ્રી તેમને વારતાં કહે: 'રહેવા દે ને ! એમને આપ. એ કરશે.'

ડૉ. વ્રજલાલ કહે : 'જેનું કામ જે હોય એ કરે.'

સ્વામીશ્રી કહે : 'હા, આ બરાબર.'

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'બાપા ! આપનું કામ કયું ?'

સ્વામીશ્રી તરત માળા ફેરવવા લાગ્યા.

તેઓ કહે : 'માળા ફેરવવાનું નહીં. આપનું કામ તો બીજું છે. અમારા બધાનું કલ્યાણ કરવાનું ને અક્ષરધામમાં લઈ જવાનું. એ તમારું મુખ્ય કામ છે. બરાબર ને ?'

સ્વામીશ્રીએ ફરી હાથના ઈશારે માળા ફેરવી બતાવી અને કહે : 'માળા ફેરવવી ને ભજન કરવું.'

'એ તો બરોબર છે. એ આપ ૨૪ કલાક કરો છો, પણ અમારા સ્વભાવ દૂર કરીને અક્ષરધામમાં લઈ જજો.'

'ભગવાન લઈ જશે.'

'અમે તો ભગવાનને જોયા નથી. આપને જોયા છે. તો આપ અમને શુદ્ધ કરીને ભગવાનના ધામમાં બેસાડી દેજો.'

સ્વામીશ્રી કહે : 'બેસાડી દઈશું.'

વાર્તાલાપ સાંભળીને સૌને થયું : 'જેનું કામ જે હોય તે કરે' – એ વાક્યે એના સ્થૂળ અર્થમાંથી સરી જઈને, સત્પુરુષના સ્વરૂપ અને સામર્થ્યને સમજાવવાની ગરિમા ગ્રહણ કરી લીધી !

•

તા. ૫-૮-૨૦૧૪
ગાંધીનગર - રોબિન્સવિલ (ન્યૂજર્સી, યુ.એસ.એ.)

સવારે સ્વામીશ્રી ૭:૦૦ વાગે જાગી ગયા હતા. હરિપ્રકાશદાસ સ્વામી સ્વામીશ્રીને કહે : 'બાપા ! ઊંઘ આવે છે ?'

સ્વામીશ્રી કહે : 'નથી આવતી.'

'કેમ નથી આવતી ?'

'શેની આવે ?'

'કેમ શેની આવે ? અમેરિકા જવાનું છે એટલે ?'

સ્વામીશ્રી કહે : 'હા, અક્ષરધામ જવાનું છે પછી શેની ઊંઘ આવે ?'

અમેરિકા જવાનું હોય ત્યારે બધાની ઊંઘ ઊડી જતી હોય છે. એક અદ્ભુત રોમાંચ અને આનંદ-ઉત્સાહ

રોમેરોમમાં પ્રવર્તી જતો હોય છે. સ્વામીશ્રીની પણ આજે એ જ સ્થિતિ હતી, પરંતુ એની પાછળની ભાવના અને ઉદ્દેશ્ય તદ્દન જુદાં અ-લૌકિક અને અ-માયિક હતાં. અમેરિકાની ભૂમિ પર ભારતીય સંસ્કૃતિ અને અધ્યાત્મનાં અજવાળાં પાથરવાં આકાર લઈ રહેલા અક્ષરધામની ભૂમિને પાવન કરવા... હજારો માઈલ દૂર વસતા પોતાના પ્રેમીભક્તોને દર્શન-પ્રસાદી-મળવું ને વાતો એ ચાર પ્રકારનાં પ્રગટનાં સુખની લહાણ કરવાં... આબાલવૃદ્ધ સૌ ભક્તો પર હેતની હેલી વરસાવવા... રોબિન્સવીલ નગરનો એક સ્વર્ણિમ ઇતિહાસ રચવા... નવા નવા અસંખ્ય મુમુક્ષુઓનાં મુક્તિનાં દ્વાર ખોલવાં... અને આવાં તો અનેકાનેક કાર્યો કરવાના સંકલ્પે સ્વામીશ્રીની ઊંઘ ઉડાડી દીધી હતી. એ ભાવનાનો વધુ ઉઘાડ હવે પછીના વાર્તાલાપમાં જોવા મળે છે.

હરિપ્રકાશદાસ સ્વામી : 'બાપા ! બધાને વાત કરી દીધી છે કે પ્રમુખસ્વામી અમેરિકા જવાના છે. બરાબર ને ?'

સ્વામીશ્રી કહે : 'હા, બરાબર.'

'પણ આપ તૈયાર છો ?'

'અમે તૈયાર છીએ.'

'ખરેખર તૈયાર છો ? અમેરિકા જવું જ છે ?'

'હા, જવાનું જ ને !'

'બાપા ! અમેરિકા જઈને શું કરવાનું છે ?'

'અમેરિકા રંગવાનું છે.'

'કોણ રંગશે ?'

'સ્વામિનારાયણ ભગવાન.'

'ભગવાન પ્રમુખસ્વામીમાં રહીને રંગશે એટલે આખું અમેરિકા રંગાઈ જશે. બરાબર ને ?'

સ્વામીશ્રી કહે : 'હા.'

'બસ ત્યારે, બધાને કહી દીધું છે કે જોરદાર તૈયારી કરવાની છે. પ્રમુખસ્વામી મહારાજ આવે છે.'

'બરાબર.'

'સૌ કેવી તૈયારી કરે ?'

સ્વામીશ્રી કહે : 'જોરદાર.'

'આપ જશો એટલે આખા અમેરિકામાં ડંકો વાગી જવાનો છે. ડંકો મારવો છે ને ?'

'હા, મારવાનો ને !'

હરિપ્રકાશદાસ સ્વામી કીર્તન ગાવા લાગ્યા : *'અક્ષર-પુરુષોત્તમના વાગે છે ડંકા, એમાં નથી શંકા...'* પછી સ્વામીશ્રીને પૂછવા લાગ્યા : 'આ ડંકા કોણ મારે છે ?'

સ્વામીશ્રી કહે : 'મહારાજ.'

'કયા મહારાજ ? પ્રમુખસ્વામી મહારાજ ?'

સ્વામીશ્રી કહે : 'ના. શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ.'

પોતાના ઇષ્ટદેવ ને ગુરુવર્યોનું બળ લઈને, એમને જ પ્રસન્ન કરવાની પરિશુદ્ધ ભાવના લઈને સ્વામીશ્રી અમેરિકામાં અક્ષરપુરુષોત્તમના ડંકા મારવા માટે ઉત્સુક હતા. નિત્યકર્મની તેમની ત્વરા પરથી એ જણાઈ આવતું હતું.

૧૧:૪૫ વાગે ઍરપોર્ટ આવી પહોંચ્યા. પ્રવેશદ્વાર આગળ જ ગુજરાત વિધાનસભાના સ્પીકર શ્રી વજુભાઈ વાળા સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેઓને દર્શન કરાવવા માટે ઍમ્બ્યુલન્સનું બારણું ખોલવામાં આવ્યું. સ્વામીશ્રીને મળતાં તેઓ ભાવવિભોર થઈ ગયા. તેઓ કહે : 'યોગી-બાપાને વળાવવા માટે હું જતો. અને આપ યોગીબાપાનું સ્વરૂપ છો. આપને વળાવવા આવ્યો, તેથી યોગીબાપા ખૂબ રાજી થશે.'

સ્વામીશ્રી તે સાંભળીને હસવા લાગ્યા. તેઓને દૃષ્ટિ દ્વારા આશીર્વાદ આપ્યા.

શ્રી વજુભાઈએ કહ્યું : 'આપ દેશમાં અને વિદેશમાં બધે ભારતીય સંસ્કૃતિની - હિન્દુધર્મની ધજા ફરકાવો છો તે બહુ જ મોટું કામ છે, અજોડ કામ છે. આપ ભારતનું મસ્તક છો, પ્રાણ છો. આપને કારણે અમે બધા પણ અમારું મસ્તક ઊંચું રાખી શકીએ છીએ.' વધુમાં તેઓએ સ્વામીશ્રીની વિદેશયાત્રા સુખકારી નીવડે ને સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય પણ ખૂબ સારું રહે તેવી શુભેચ્છા વ્યક્ત કરી.

•

સાડા આઠ કલાકની હવાઈ મુસાફરી કર્યા બાદ ભારતના રાત્રીના ૯:૩૦ વાગે પ્લેન બેલ્જિયમના પાટનગર બ્રસેલ્સ(Brussels)ના હવાઈ મથકે ઊતર્યું. અહીં સત્સંગી યુવક મિનેશભાઈ પાઇલટ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેઓએ કહ્યું : 'બાપા ! આપ કહેતા હો તો લંડન પ્લેન લઈ જઈએ. ત્યાંના હરિભક્તોનો ભાવ બહુ છે.'

સ્વામીશ્રી તેમની વાત સાંભળીને હસી પડ્યા.

સ્વામીશ્રી ત્યારબાદ સંતો સાથે હળવી પળો વિતાવી રહ્યા હતા. બ્રહ્મવિહારીદાસ સ્વામીએ પૂછ્યું : 'બાપા ! જીવનમાં શું કરવાનું છે ?'

સ્વામીશ્રી કહે : 'માળા. ભજન કરવાનું.'

'એ સિવાય બીજું કાંઈ ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાનની મરજીમાં રહેવાનું.'

'માળા ફેરવવાથી શું થાય ?'

સ્વામીશ્રી જરા ભારપૂર્વક બોલ્યા : 'બધું જ.'

બેલ્જિયમથી ફરી હવાઈ મુસાફરીનો આરંભ થયો.

•

આરતીનો સમય થતાં હરિકૃષ્ણ મહારાજની આરતી કરી. અષ્ટક દરમ્યાન એક સંત બેસી ગયા. સ્વામીશ્રીએ તે જોઈને તેમને ઊભા થઈ જવા કહ્યું. આરતી દરમ્યાન ભગવાનની મર્યાદા રાખવી જોઈએ તે શીખ સ્વામીશ્રીએ આપી.

સ્વામીશ્રી ત્યારબાદ આરામમાં ગયા. (ભારતના તે વખતે રાત્રીના ૨:૩૦ વાગ્યા હતા.)

જાગ્યા પછી સામેથી કહ્યું : 'ખીચડી-દહીં જમવા છે.'

સંતોએ સ્વામીશ્રીને ખીચડી ને દહીં જમાડ્યા.

અમેરિકાના ૧૦:૩૦ વાગે વિમાને અમેરિકાની ધરતીનો સ્પર્શ કર્યો. નુવાર્ક લિબર્ટી ઇન્ટરનેશનલ ઍરપોર્ટ પર સંતો અને હરિભક્તો સ્વામીશ્રીના સ્વાગત માટે આવી પહોંચ્યા હતા.

બી.એ.પી.એસ. સંસ્થાની અમેરિકા ખાતેની પ્રવૃત્તિઓના સંચાલનમાં સી.ઈ.ઓ. તરીકે સેવા આપતા કનુભાઈએ પૂછ્યું : 'બાપા ! કંઈ તકલીફ પડી નથી ને ?'

સ્વામીશ્રી કહે : 'ના. અમેરિકા આવી ગયા.'

ડૉ. હેમંતભાઈ કહે : 'રોબિન્સવિલમાં અત્યારે હજારો હરિભક્તો આપની રાહ જુએ છે.'

સ્વામીશ્રી કહે : 'અમે પણ રાહ જોઈએ છીએ.'

સહસા સ્વામીશ્રીના મુખેથી પોતાના પ્રેમીભક્તોને મળવાની અધીરાઈ પ્રગટ થઈ આવી.

•

મધરાતનો એક વાગ્યાનો સમય હતો. અમેરિકાનું ન્યૂજર્સી રાજ્ય ઘસઘસાટ નિદ્રામાં લીન હતું.

પરંતુ ઉત્તર ન્યૂજર્સીના રોબિન્સવિલ નગરમાં મધરાતે જાણે સૂર્યોદય જેવો માહોલ હતો. અહીં ઊમટેલા હજારો ભક્તોની આંખોમાં આજે નિદ્રાને બદલે જાગૃતિનો ઉજાસ હતો. નાનાં નાનાં ભૂલકાંઓથી માંડીને જીવનસંધ્યાને કિનારે ઊભેલા વૃદ્ધો સહિત સૌ કોઈનાં હૃદય આજે જુદી લયમાં ધડકતાં હતાં. મધરાતે એક વાગ્યા સુધી આ હજારો ભક્તોની આંખોમાં અનંત આશાઓ અને પ્રતીક્ષા અંજાઈ હતી. કોની થઈ રહી છે આ પ્રતીક્ષા ? અમેરિકાની ભોગભૂમિ પર હજારો લોકો આવી મધરાતે ઉત્સુકતા અને ભક્તિભાવ સાથે કોઈની પ્રતીક્ષા કરતા રહે એનું આશ્ચર્ય ન્યૂજર્સી રાજ્યની પોલીસને સમાતું ન હતું. કોણ છે એ મહાન ચુંબકીય વ્યક્તિત્વ, જેણે સૌનાં ચિત્ત આવી મધરાતે પણ જકડી રાખ્યાં છે ?

અને થોડી જ ક્ષણોમાં એનો જવાબ મળી ગયો. ભગવાન સ્વામિનારાયણ અને પ્રમુખસ્વામી મહારાજના જયજયકારથી આકાશ ગુંજી ઊઠ્યું. ૯૩ વર્ષીય પ્રમુખસ્વામી મહારાજે ભગવાન શ્રી સ્વામિનારાયણની ચલમૂર્તિ શ્રી હરિકૃષ્ણ મહારાજ સાથે ભારતથી રોબિન્સવિલ નગરમાં અક્ષરધામની ભૂમિ પર પ્રવેશ કર્યો અને જાણે સમગ્ર વાતાવરણમાં વિદ્યુતનો સંચાર થયો. વાતાવરણનું કણ કણ અને હજારો વ્યક્તિઓનું રોમ રોમ ઝંકૃત થઈ ઊઠ્યું. સમગ્ર વાતાવરણ ઇલેક્ટ્રિફાઇંગ બની ગયું. 'બાપા પધાર્યા !, સ્વામીબાપા !, સ્વામીબાપા !...' બોલતાં બોલતાં અનેકના કંઠ ભરાઈ આવ્યા, આંખોમાંથી હર્ષાશ્રુ વહેવા લાગ્યા. આ તે સ્વપ્ન છે ? કે સત્ય ? સ્વામીબાપા ખરેખર અમેરિકા પધાર્યા ! સૌનું હૈયું એના અહેસાસ સાથે ધબકાર ચૂકી જતું હતું.

હા ! કોઈને કલ્પના નહોતી કે ૯૩ વર્ષે સ્વાસ્થ્યની અતિ નાજુક સ્થિતિમાં પણ પ્રમુખસ્વામી મહારાજ ખરેખર અમેરિકા પધારશે. હા, બીજી તરફ એ પણ સત્ય હતું કે અમેરિકામાં હજારો હરિભક્તો નિત્ય પ્રાર્થના કરી રહ્યા હતા કે સ્વામીશ્રી રોબિન્સવિલમાં અક્ષરધામની ભૂમિ પર પધારે. માત્ર પ્રાર્થના નહીં, વર્ષોથી કઠિન તપ, વ્રત, જપ પણ કરી રહ્યા હતા. અને એ પ્રાર્થનાનો જ નક્કર પ્રતિસાદ હતો – પ્રમુખસ્વામી મહારાજનું અમેરિકામાં આગમન.

એ આગમનનું નિમિત્ત હતો – ન્યુજર્સી રાજ્યના રોબિન્સવિલ નગર ખાતે નિર્માણ પામી રહેલા સ્વામિનારાયણ અક્ષરધામના વિશાળ પરિસરમાં, અદ્ભુત શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો

ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ.

જો કે સન ૨૦૧૨માં અમદાવાદ ખાતે પરમ પૂજ્ય સ્વામીશ્રીએ આ મંદિરની મૂર્તિઓનો ચલમૂર્તિરૂપે વેદોક્ત પ્રાણપ્રતિષ્ઠા વિધિ કર્યો હતો, પરંતુ ભક્તો માટે સૌથી મહત્ત્વની વાત હતી – પરમ પૂજ્ય સ્વામીશ્રી સ્વયં એક વખત આ અક્ષરધામની ધરતી પર કૃપાદૃષ્ટિ વરસાવે, ચરણરજથી એ ધરતીને તીર્થત્વ આપે. બીજી બાજુ, પરમ પૂજ્ય સ્વામીશ્રીનો પણ પ્રબળ સંકલ્પ હતો - અક્ષરધામની જમીનનું નિરીક્ષણ કરવું છે.

અને આખરે પરમ પૂજ્ય સ્વામીશ્રીના દિવ્ય પ્રબળ સંકલ્પે રોબિન્સવિલ નગરનો ભાગ્યોદય થઈ ગયો, હજારો ભક્તોનો સમર્પણભાવ સાર્થક થઈ ગયો. પ્રમુખસ્વામી મહારાજ ૯૩ વર્ષની વયે આવા નાજુક સ્વાસ્થ્ય વચ્ચે હજારો કિ.મી. દૂર અમેરિકાના રોબિન્સવિલ નગર ખાતે શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવમાં પધાર્યા – એ સૌને મન એક અકલ્પ્ય ચમત્કાર જ હતો. સૌનાં મનમયૂર એવાં નાચી ઊઠ્યાં કે સમગ્ર નોર્થ અમેરિકાના ખૂણેખૂણેથી હરિભક્તો પોતાના પ્રાણપ્યારા ગુરુહરિને વધાવવા દોડી આવ્યા. રોબિન્સવિલ નગરની આજુબાજુ માઈલો સુધી એક પણ મોટેલ કે હૉટેલમાં જગ્યા ન રહી. સતત ૧૩ દિવસ સુધી ૧૬૨ એકરના વિશાળ અક્ષરધામ પરિસરમાં જ્યાં જુઓ ત્યાં ભક્તમેદની ઊભરાતી રહી.

અમેરિકામાં કોઈ ભારતીય ધર્મગુરુનાં દર્શને આટલો મોટો ભક્ત મહેરામણ ઊમટ્યો હોય એવી આ પ્રથમ ઘટના હતી. મહિનાઓથી સૂક્ષ્મ આયોજન કરીને મહોત્સવ માટે કરેલી તૈયારીઓનાં તમામ તોલમાપ ટૂંકાં પડ્યાં. સાત સાત હજાર મોટરકારોની પાર્કિંગથી લઈને વિશાળ સભાગૃહ અને હજારો ભક્તોને ભોજન કરાવતાં રસોડાંઓ ટૂંકાં પડ્યાં. અસહ્ય ગરમીમાં ખુલ્લા તાપમાં પણ કલાકો સુધી પરમ પૂજ્ય સ્વામીશ્રીની ઝલક મેળવવા તડપતાં શ્રદ્ધાવંત આબાલવૃદ્ધ સ્ત્રી-પુરુષોને જોઈને પોલીસ અધિકારીઓ પણ નતમસ્તક બની ગયા. જાણે ચમકનો પહાડ આવે અને લોઢું તણાઈ જાય તેમ અક્ષરધામના મંચ પર પરમ પૂજ્ય સ્વામીશ્રી પધારે એટલે સૌનાં ચિત્ત ભાન ભૂલીને સ્વામીશ્રીમય થઈ જાય! વિશ્વની શ્રેષ્ઠ અમેરિકન યુનિવર્સિટીઓમાં ટોચ કક્ષાનું આધુનિકતમ શિક્ષણ મેળવેલા યુવકો કે યુવતીઓ અને સુખ-સુવિધાઓની છોળો માણતા નબીરાઓ અહીં ધૂળમાં રગદોળાવા તૈયાર હતાં; માત્ર પરમ પૂજ્ય સ્વામીશ્રીનાં દર્શનની એક ઝલક પામવા!

•

મોડી રાત્રે ૧:૧૫ વાગે સ્વામીશ્રીની વ્હીલચૅર વાનમાંથી રોબિન્સવિલની ધરતી પર અક્ષરધામની ભૂમિ પર ઉતારવામાં આવી. ૧:૧૯ વાગે સ્વામીશ્રી ખોળામાં હરિકૃષ્ણ મહારાજને ધારણ કરીને 'અક્ષર વાટિકા'ના મંચ પર આવ્યા. બ્રહ્મવિહારીદાસ સ્વામીએ સ્વામીશ્રીના ગાંધીનગરથી રોબિન્સવિલ સુધીના પ્રવાસનો અહેવાલ આપ્યો. વિમાનમુસાફરી દરમ્યાન સ્વામીશ્રીના સ્વાસ્થ્યની સંભાળ લેવા સાથે રહેલા ડૉ. તેજસ પટેલ તથા સ્વામીશ્રીના સહયાત્રી સંતોનો આભાર માનવામાં આવ્યો. ડૉ. તેજસે સ્વામીશ્રીના આશિષ પ્રાપ્ત કર્યા. તે પછી હરિકૃષ્ણ મહારાજ અને સ્વામીશ્રીના આગમનને વધાવતાં સૌએ સમૂહ સ્વરમાં *'આજ મારે ઓરડે રે...'* એ પદનું ગાન કર્યું. તે દરમ્યાન સ્વામીશ્રીએ સ્ટેજ પર ફરીને ચોતરફ બિરાજેલા હરિભક્તોને દર્શનદાન આપ્યું. મધ્ય રાત્રીએ પણ હજારો હરિભક્તો સ્વામીશ્રીનું સ્વાગત કરવા ઉપસ્થિત રહ્યા હતા. તે પણ અમેરિકા જેવા દેશમાં એક ચમત્કારિક ઘટના કહેવાય. છેલ્લા ત્રણ-ચાર કલાકથી આ ભક્તો ચાતકનજરે સ્વામીશ્રીનાં દર્શનની પ્રતીક્ષા કરી રહ્યા હતા.

'આજે શ્રીહરિનવમી. શ્રીહરિના પ્રાગટ્યદિને સ્વામીશ્રીનું અત્રે આગમન થવું એ અમૃતયોગ થયો કહેવાય.' એવી જાહેરાત થતાં હજારો ભક્તોએ તાલીનાદ અને જયનાદોથી ગુરુરૂપ હરિને વધાવી લીધા.

કરમાં છડી હલાવતા ભક્તો પર પોતાની પાવનકારી દૃષ્ટિ ફેરવતાં સ્વામીશ્રી મંચ પર ફરી રહ્યા હતા. ૧:૩૧ સુધી સૌને લાભ આપીને સ્વામીશ્રી પોતાના નિવાસ તરફ ચાલ્યા. શયનકક્ષમાં આવ્યા ત્યારે ચારેકોર નજર ફેરવતાં પૂછ્યું : 'ક્યાં આવ્યા ?'

નારાયણચરણદાસ સ્વામી કહે : 'રૂમમાં આવ્યા છીએ. રાતના દોઢ વાગ્યા છે. હવે આરામ કરવાનો.' એમ કહીને પલંગ તરફ નિર્દેશ કર્યો. સ્વામીશ્રીએ પલંગ તરફ જોયું ને તરત પૂછ્યું : 'ઠાકોરજી પધરાવ્યા ?'

સૌ આશ્ચર્યચકિત થઈ ગયા. રુગ્ણ સ્થિતિમાં, ૯૩ વર્ષની ઉંમરે, ૨૪ કલાકની સતત મુસાફરી કરીને

થાક્યા-પાક્યા રાત્રે દોઢ વાગે પણ સ્વામીશ્રીને પથારી જોતાં આરામનો નહીં, 'અંતરના અભિરામ'નો વિચાર આવ્યો! આ જ તો દેહભાવથી પર એવી બ્રહ્મસ્વરૂપી પ્રીતિ! અનન્ય પરાભક્તિ!

ડૉ. મામતોરાએ બી.પી. માપ્યું. બહુ સારું હતું. મેં કહ્યું : 'ચોવીસ કલાકની યાત્રા કરીને થાક્યા-પાક્યા આવ્યા છો તો હવે ૪૮ કલાક - બે દિવસ સુધી પૂરતો આરામ કરવાનો.'

સ્વામીશ્રી મારી સામું જોઈને નકારમાં મસ્તક હલાવતાં ના પાડવા લાગ્યા!

ફરી એમની દેહાતીત સ્થિતિ અને ભક્તોને રાજી કરવાની પરમ શ્રદ્ધાને વંદન કરીને સૌ રૂમની બહાર નીકળ્યા.

•

તા. ૭-૮-૨૦૧૪
રોબિન્સવિલ (ન્યૂજર્સી, યુ.એસ.એ.)

પૂજા પૂરી થયા પછી ઉપસ્થિત સૌ સંતોને જય સ્વામિનારાયણ કહ્યા. ધર્મચરણદાસ સ્વામી પગે લાગ્યા ત્યારે કોઈએ કહ્યું : 'આપના શુકમુનિ.'

સ્વામીશ્રી સહેજ મસ્તક હલાવતાં કહે, 'હા, ખરેખરા.'

બ્રહ્મવિહારીદાસ સ્વામીએ પૂછ્યું : 'હવે શું છે તમારો પ્રોગ્રામ?'

સ્વામીશ્રી કહે : 'મને શી ખબર! તમે બધા ગોઠવો છો તેમ કરીએ છીએ.'

સ્વામીશ્રીના મુખેથી નિતાંત નમ્રતા નીતરી આવી.

•

હરિપ્રકાશદાસ સ્વામીએ સ્વામીશ્રીના હરિકૃષ્ણ મહારાજ લાવી સ્વામીશ્રીની આગળ ધર્યા. શ્રાવણમાસ હોવાથી લાલજીને રત્નજડિત હિંડોળે પધરાવવામાં આવ્યા હતા. સ્વામીશ્રી દર્શન કરી રહ્યા હતા, તે જોઈને તેઓએ સ્વામીશ્રીને પૂછ્યું : 'કેવો હિંડોળો છે?'

સ્વામીશ્રી કહે : 'ભગવાનનો છે એટલે પૂછવું નહીં – કેવો છે?'

મેં કહ્યું : 'સારો જ હોય કેમ?'

સ્વામીશ્રી કહે : 'બરાબર.'

ડૉ. તેજસ પટેલ દર્શને આવ્યા. તેમણે સ્વામીશ્રીના સ્વાસ્થ્ય સમાચાર પૂછ્યા પછી કહ્યું : 'કાલે શું જમ્યા?'

સ્વામીશ્રીએ ઉત્તરમાં માત્ર આછું સ્મિત કર્યું.

'શીરો જમો.'

'ના.'

'એક વાટકી.'

'ના.' કહી હસવા લાગ્યા. પછી કહે : 'પચે એટલો જમાય.'

અવસ્થા અને સ્વાસ્થ્યના નિમિત્તને આગળ ધરીને પણ સ્વામીશ્રીએ કરેલા ઉત્તરમાં તેઓની સદા સંયમિત જીવન જીવ્યાની સૌરભ અનુભવાય છે.

•

બહાર સભામાં જવાનું હતું. સ્વામીશ્રી રૂમની બહાર નીકળ્યા. પેસેજમાંથી પસાર થતા હતા ત્યારે ઠાકોરજી લઈને ચાલતા હરિપ્રકાશદાસ સ્વામી જરા પાછળ રહી ગયા હતા. સ્વામીશ્રી સહેજ અકળાઈને તેમને કહે : 'તું આગળ જા.'

પ્રતિપળ પુરઃસર રાખતા હરિકૃષ્ણ મહારાજ સહેજ પણ પાછળ રહી જાય ત્યારે સ્વામીશ્રી અકળામણ અનુભવે છે. અત્યારે એ દર્શન થયાં.

•

૧૧:૧૨ સુધી સભામાં અમૃતલાભ આપીને સ્વામીશ્રી પોતાના નિવાસમાં પધાર્યા. બહાર તડકો હોવાને કારણે સ્વામીશ્રીએ સન ગ્લાસ પહેર્યા હતા. રૂમમાં આવતાં પોતાની જૂની રીત પ્રમાણે બંને હાથે સન ગ્લાસ કાઢ્યા. સંતો તે જોઈને ખૂબ હરખાયા.

સ્વામીશ્રીને હવે પલંગમાં પધરાવવાના હતા. તે વખતે હરિપ્રકાશદાસ સ્વામી ગોળ ગોળ ફરતાં ફરતાં અંદર દાખલ થયા. સ્વામીશ્રી તેને જોઈને કહે : 'લો, આ ગોળ ગોળ ફરે છે.'

તેઓ કહે : 'બાપા! આપનું કાર્ય જ એવું છે કે ગોળ ગોળ ફરીએ. ચક્કર ખાઈને પડીએ એવું છે.' એમ કહીને તેઓ ચક્કર ખાઈને હેઠા પડ્યા. સ્વામીશ્રી તે જોઈને ખડખડાટ હસવા લાગ્યા.

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'કેટલા બધા હરિભક્તો! ને તેય પણ આપે કેવા તૈયાર કર્યા છે!'

સ્વામીશ્રી કહે : 'જોગી મહારાજના આશીર્વાદથી તૈયાર થયા છે.'

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'અહીં ક્યાં જોગી મહારાજ આવ્યા છે? આ તો આપનાથી થયું છે.'

સ્વામીશ્રી કહે : 'ના ના. એમનાથી થયું છે.'

હરિપ્રકાશદાસ સ્વામી દલિલ કરતાં કહે : 'પણ ૧૯૭૪માં આપ આવ્યા, ત્યારપછી બધું થયું.'

સ્વામીશ્રી પોતાની વાતને વળગી રહેતાં કહે : 'ના. એમનો સંકલ્પ હતો, એટલે બધું થયું છે.'

હરિપ્રકાશદાસ સ્વામી પણ પોતાની વાત દોહરાવતાં કહે : 'બાપા! અત્યારે તો આપ એવું કામ કરો છો કે ચક્કર ખાઈને પડી જવાય એવું છે.'

ફરી ગુરુને બદલે પોતાની મહત્તાની વાત સ્વામીશ્રી સાંખી ન શક્યા, એટલે જરા અકળાઈને તેને કહે : 'તું હવે બેસ ને!' એમ કહી એમને બોલતા બંધ કર્યા. થોડી કસરત કર્યા પછી સ્વામીશ્રી આરામમાં પધાર્યા.

•

તા. ૮-૮-૨૦૧૪

રોબિન્સવિલ (ન્યૂજર્સી, યુ.એસ.એ.)

સવારે જાગ્યા પછી બી.પી.-પલ્સ મપાયાં. સ્નાનાદિકથી પરવાર્યા બાદ વ્હીલચૅરમાં બિરાજ્યા. સ્વામીશ્રીના ભાલે તિલક-ચાંદલો કર્યા પછી હરિપ્રકાશદાસ સ્વામી સ્વામીશ્રીને કહે : 'જોરદાર ચાંદલો લાગે છે.' પછી કહે : 'આપને લઈને ચાંદલો શોભે છે.'

સ્વામીશ્રી કહે : 'તું શોભે છે.'

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'અમારી બધાની શોભા આપને લઈને છે.'

સ્વામીશ્રી કહે : 'ભગવાનને લઈને શોભા છે.'

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'આપને લઈને જ અમે બધા શોભીએ છીએ.'

સ્વામીશ્રી કહે : 'ના. ભગવાનને લઈને. શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજને લઈને આપણે શોભીએ છીએ.'

સ્વામીશ્રી હંમેશ મુજબ પોતાના ઈષ્ટદેવ-ગુરુદેવને આગળ કરતા રહ્યા પણ સંતો બરાબર સમજતા હતા કે *'સબ શોભા કો ધામ યે હી જાનો...'* અને સૌએ તાજેતરમાં તો અનુભવ્યું કે અત્યાર સુધી શાંત લાગતી આ ભૂમિ પર સ્વામીશ્રીનાં પાદાર્પણ થતાં જ સર્વત્ર જાણે વિદ્યુતસંચાર થઈ ગયો. આનંદ આનંદ આનંદ છવાઈ ગયો. વાતાવરણમાં ઉત્સવીય સપ્તરંગ પુરાયા... ખરેખર, *'સર્વે શોભા ત્યાં રહે જિયાં આપે બિરાજો મહારાજ...'*

•

તા. ૯-૮-૨૦૧૪

રોબિન્સવિલ (ન્યૂજર્સી, યુ.એસ.એ.)

પૂજા પૂરી થયા પછી સૌ સંતોને હાથ જોડીને જય સ્વામિનારાયણ કહ્યા. હરિભક્તોએ ભક્તિભાવથી બનાવીને મોકલેલી વિવિધ છડીઓ કરમાં ગ્રહણ કરીને તેઓનો ભાવ પૂરો કર્યો. તે પછી 'સર્વસ્વ'ના ઉદ્યાનમાં એક રાઉન્ડ ફર્યા. દીવાલો પર થોડે થોડે અંતરે ફોટાઓ લગાવ્યા હતા. એક ફોટો – સારંગપુરમાં નવયુવાન વયના સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજ પાસે હાથ જોડીને બેઠા છે તે બ્લેક ઍન્ડ વ્હાઈટ ફોટા પાસે વ્હીલચૅર ઊભી રહી. ફોટો બતાવીને સંતોએ સ્વામીશ્રીને પૂછ્યું : 'કોણ છે આ?' સ્વામીશ્રી પહેલા એક નજરે જોઈ રહ્યા, પછી કહે : 'ગુરુ-ચેલા બેય છે.'

મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠાવિધિનો પૂર્વાર્ધ-અભિષેક વિધિ સંપન્ન કરીને સ્વામીશ્રી પોતાના નિવાસમાં પધાર્યા.

બેઠકરૂમમાં થઈને સીધા બગીચામાં પધાર્યા. અહીં સંતોએ ઠાકોરજીને અભિષેક કરેલું પ્રસાદીનું જળ એક કળશમાં લાવી સ્વામીશ્રીને બતાવ્યું. તે જળ દરેક સંતોને મસ્તકે છાંટવામાં આવ્યું. સ્વામીશ્રી તે જોઈ રહ્યા. પછી સંતોને કહે : 'મારા પર પણ છાંટો.'

પ્રાસાદિક જળનો કેવો મહિમા!

•

થોડી વાર પછી ઉદ્યાનમાં આવ્યા. અત્યારે જાણીતા હાર્ટસર્જન ડૉક્ટર સુબ્રહ્મણ્યમ્ અને તેના સહયોગી નિષ્ણાત ડૉક્ટરોની ટીમ સ્વામીશ્રીને મળવા માટે આવી રહી હતી. તેની રાહ જોવાતી હતી. 'તેઓને આવતાં હજુ થોડી વાર લાગશે' તે સમાચાર મળતાં સ્વામીશ્રીને હાથની કસરત કરાવડાવી. તે પછી સંતો ને સેવામાં રહેલા ડૉક્ટરો સાથે વાતો ચાલી.

સ્વામીશ્રી ઉદ્યાનમાં જ્યાં બેઠા હતા, તેની બરાબર સામે દીવાલ પર લગાવેલો ફોટો બતાવીને નારાયણ-ચરણદાસ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું : 'આ કયું મંદિર છે?' સ્વામીશ્રી થોડી વાર તો મંદિર સામું જોઈ રહ્યા. તે પછી તેની નીચે લખેલું અંગ્રેજી લખાણ વાંચીને બોલ્યા : 'એટલાન્ટા.'

સૌ રાજી થયા.

પછી બાજુનો ફોટો બતાવીને પૂછ્યું : 'આ કયું મંદિર છે?' સ્વામીશ્રી એ જ પ્રમાણે નીચેનું અંગ્રેજી

લખાણ વાંચીને કહે : 'ચિકાગો.'

•

૧૦:૨૦ વાગે ડૉ. સુબ્રહ્મણ્યમ્ અને તેમની ટીમ આવી પહોંચી. જેમાં ડૉ. ભૂપી પટેલ, ડૉ. રણજિત સૂરી, ડૉ. રામ રેડ્ડી તથા ડૉ. દયાનંદ નાયક હતા. સ્વામીશ્રીને વ્યક્તિગત મળ્યા પછી તેઓ સ્વામીશ્રીની સામે ગોઠવેલી ખુરશીઓ પર ગોઠવાયા.

ડૉ. સુબ્રહ્મણ્યમ્ કહે : 'Swamiji looks very good.' તેઓએ વધુમાં જણાવ્યું કે સારંગપુરમાં છેલ્લે આપને જોયા હતા તેના કરતાં અત્યારે ઘણી સારી તબિયત લાગે છે.

ડૉ. દયાનંદ નાયક ૧૯૮૪થી સ્વામીશ્રી જ્યારે જ્યારે અમેરિકા પધાર્યા છે ત્યારે પોતાની સેવાઓ આપતા આવ્યા છે. તેઓ ભારત આવ્યા હતા ત્યારે આપણાં ઘણાં મંદિરોમાં દર્શન કરવા ગયા હતા. તે તેઓએ જણાવ્યું. પછી સ્વામીશ્રીને કહે : 'ગાંધીનગર ને દિલ્હીની જેમ આ અક્ષરધામ એ આપનો સંકલ્પ છે.' સંતોએ સ્વામીશ્રીને તે જણાવ્યું ત્યારે જવાબમાં સ્વામીશ્રીએ માત્ર સ્મિત કર્યું.

ડૉ. સુબ્રહ્મણ્યમ્ કહે : 'આપનો જે સંકલ્પ છે ને દૃષ્ટિ છે તેનાથી અમને સૌને ગૌરવ થાય છે.'

સ્વામીશ્રી કહે : 'ભગવાન કરાવે છે બધું.'

ડૉ. સુબ્રહ્મણ્યમ્ કહે : 'આપની આ યાત્રા મહાન એ માટે કહેવાય કે પહેલી વાર આપ આવ્યા ત્યારે આપને હૃદયનો પ્રશ્ન હતો અને આપનું ઑપરેશન કરવું પડેલું. અને અત્યારે તો આપનો સંકલ્પ પૂરો થાય છે તે માટે આગમન થયું છે. માટે આ યાત્રા વધારે મહાન કહેવાય.'

સ્વામીશ્રીને જ્યારે પૂછવામાં આવ્યું કે આપને કંઈ કહેવું છે? ત્યારે સ્વામીશ્રી હાથ જોડીને દરેક ડૉક્ટરનાં દર્શન કરવા લાગ્યા!

ડૉ. ભૂપી કહે : 'સ્વામીબાપા અમેરિકા આવ્યા તેથી હરિભક્તોને કેટલો બધો આનંદ થયો! કેટલા રાજી થયા! અને આપણું જે મંદિર છે તે અમેરિકા ખાતે સૌથી ભવ્ય મંદિર છે. આપણા ભારતીય ભાઈઓ માટે તથા આપણી ભવિષ્યની પેઢી માટે સંસ્કારપ્રદાનનું ને આપણી સંસ્કૃતિ વિશે અહીં વસતા ભારતીયોને જ્ઞાન થાય તે માટેનું એક અદ્ભુત સ્થાન થઈ ગયું. આપ આટલી તકલીફ લઈને આવ્યા એ પણ બહુ મોટી વાત છે.'

યોગીચરણદાસ સ્વામી કહે : 'ડૉક્ટર ભૂપી પહેલા કિસુમુ હતા. પસાકાકાને ત્યાં બાળમંડળ ચાલતું તેમાં જતા.' તરત ડૉ. ભૂપીએ *'યોગીજી સ્વામી તમે બહુનામી...'* પંક્તિ ગાઈ. સ્વામીશ્રી તે સાંભળીને ઘણા પ્રસન્ન થયા.

બ્રહ્મવિહારીદાસ સ્વામી ડૉ. સુબ્રહ્મણ્યમ્‌ને કહે : 'સ્વામીશ્રીનું હૃદય જો કોઈએ પકડ્યું હોય તો એ એક આપ છો. કેવળ એક આપ સ્વામીશ્રીના હૃદય સુધી પહોંચ્યા છો.'

આ સાંભળીને તેઓ તરત કહે : 'પણ પ્રમુખસ્વામી મહારાજે સૌનાં હૃદય પકડી લીધાં છે.'

સ્વામીશ્રી તે સાંભળીને કહે : 'ભગવાને કર્યું છે બધું.'

ડૉ. સુરી કહે : 'આપ વિમાનમાં બેસીને આટલે દૂરથી અહીં આવ્યા એ જ બતાવે છે કે આપના હૃદયમાં ભગવાન પ્રત્યેની ભક્તિ કેટલી છે! ખરેખર! તમારું હૃદય ઘણું મજબૂત બન્યું હશે.'

વાર્તાલાપ દરમ્યાન ડૉ. માઇકલ ગ્યુરી આવી પહોંચ્યા. તેઓ સ્વામીશ્રીને પગે લાગ્યા.

સંતોએ ઓળખાણ આપતાં કહ્યું : 'જ્યારે આપની બાયપાસ સર્જરી થઈ હતી ત્યારે નળીઓ કાઢવાની શસ્ત્રક્રિયા એમણે કરી હતી.' સ્વામીશ્રીએ તેમને મસ્તકે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા.

ડૉ. માઇકલે પૂછ્યું : 'સર્જરી કરાવ્યાને ૧૬ વર્ષ થઈ ગયાં. આપને હવે કેવું છે?'

સ્વામીશ્રી કહે : 'ભગવાનની દયાથી સારું છે.'

ડૉક્ટરો સાથે વાર્તાલાપ કર્યા પછી તેઓ સૌ ઊભા થઈને સ્વામીશ્રીને મળ્યા. ડૉ. સુબ્રહ્મણ્યમે્ સ્વામીશ્રીનો હાથ ઝાલ્યો. સંતોના કહેવાથી સ્વામીશ્રીએ તેમનો હાથ દબાવ્યો.

સંતોએ પૂછ્યું : 'કેવી શક્તિ છે?'

ડૉ. સુબ્રહ્મણ્યમ્ ખુશ થતાં કહે : 'બહુ જ મજબૂત છે!'

ડૉક્ટરો કહે : 'આપે અમને દર્શન અને આશીર્વાદ આપ્યાં તે બદલ અમે આપનો આભાર માનીએ છીએ. અમને એમ હતું કે આપની તબિયત કેવી હશે ! પણ આપ અમારી ધારણા કરતાં તો હજાર ગણા સારા લાગો છો.'

ડૉ. સુબ્રહ્મણ્યમ્ કહે : 'છેલ્લે સારંગપુરમાં મળ્યા

હતા તેના કરતાં અત્યારે સ્વામીજી ઘણા આનંદદાયક - charming લાગો છો.'

ડૉક્ટરોની ઇચ્છાથી તેઓનો સ્વામીશ્રી સાથે ગ્રૂપ-ફોટો પાડવામાં આવ્યો. બરાબર એ સમયે ડૉ. નિલેશ પટેલ પણ આવી પહોંચ્યા. તેઓએ પણ સ્વામીશ્રીના આશીર્વાદ લીધા.

•

આજના અવસરે ૨૦,૦૦૦થી વધુ ભક્તોનો માનવ-મહેરામણ 'અક્ષર વાટિકા'ના પ્રાંગણમાં ઊમટ્યો હતો. સૌનાં હૈયે મંદિરનાં દર્શન કરવાનો થનગનાટ હતો. સાથે સાથે પ્રાણપ્યારા ગુરુહરિને વધાવવા પણ એટલી જ ઉત્સુકતા હતી.

આ સભામાં પોતાની હૃદયોર્મિઓ વહાવતા પ્રસિદ્ધ લોકનેતા અને કૉંગ્રેસમેન ફ્રેન્ક પલોને (Frank Pallone) જણાવ્યું કે 'મેં ક્યારેય અને ક્યાંય પણ આવું સુંદર નકશીકામવાળું અને મંત્રમુગ્ધ કરતું ધર્મસ્થાન જોયું નથી. હિન્દુ ધર્મ જગતને સહનશીલતા, શાંતિ ને અહિંસાનો સુંદર સંદેશ આપે છે. આ ધર્મસ્થાન અને સંસ્થા આધ્યાત્મિકતાની સાથે સમાજસેવાનો પણ સંદેશ આપે છે. ન્યૂજર્સીમાં આવું ધર્મસ્થાન હોવું એ આશીર્વાદરૂપ છે. હું અહીં અવારનવાર આવતો રહીશ.'

•

તા. ૧૧-૮-૨૦૧૪
રોબિન્સવિલ (ન્યૂજર્સી, યુ.એસ.એ.)

૧૦:૪૦ વાગે 'સર્વસ્વ'ના ઉદ્યાનમાં આવ્યા ત્યારે કેલિફોર્નિયા રાજ્યના ફ્રેઝ્નો શહેરના નૂતન મંદિરના નકશા ઉપર પુષ્પો પધરાવીને તથા હાથ મૂકીને પ્રસાદીના કર્યા. તેની માટી પર પણ ફરી વાર પુષ્પો પધરાવીને પ્રસાદીભૂત કરી. હરિભક્તોની વસ્તુઓ પ્રસાદીની કર્યા પછી સંતો સાથે હળવી વાતો ચાલતી હતી. તેમાં બે સંતો કોણ ક્યાંના છે તે અંગે ચર્ચાઓ ચાલતી હતી. તેમાં તેઓ સ્વામીશ્રીને ભેળવવા જતાં કહે : 'બાપા! આપ ક્યાંના છો?'

તરત સ્વામીશ્રીએ કહ્યું : 'બધાના કહેવાય. અક્ષરધામની દૃષ્ટિએ એ કાંઈ જ નથી.'

સંતોએ પૂછ્યું : 'અક્ષરધામ ક્યાં છે?'

સ્વામીશ્રી નજર ફેરવતાં કહે : 'આ જે છે તે બધું અક્ષરધામ જ છે.'

આધ્યાત્મિકતાની ઉત્કૃષ્ટ સમજણ અહં-મમત્વની તમામ સીમાઓને ઓગાળી નાખે છે. સ્વામીશ્રીના શબ્દોમાં એ સમજણની પરિપક્વતાનો બોધ હતો.

કૃષ્ણવલ્લભદાસ સ્વામી આવ્યા. તેઓએ પૂછ્યું : 'શું જમવું છે? રોટલી, દાળ, ભાત, શાક...' સ્વામીશ્રી કંઈ ન બોલ્યા. એટલે તેઓએ કહ્યું : 'આપને શું ફાવે?'

'બધું ફાવે.' સ્વામીશ્રીના મુખેથી વર્ષોથી સાંભળવા મળતો સ્થાયી ઉત્તર એ જ સહજતાથી સરી પડ્યો.

સંતો સ્વામીશ્રીની નિઃસ્વાદિતાને વંદી રહ્યા.

સંતોએ ફરી પહેલાનો મુદ્દો (અક્ષરધામ) ઉઠાવીને સ્વામીશ્રી સાથેની ગોષ્ઠિ આગળ વધારી કે સ્વામીશ્રીની દૃષ્ટિમાં બધે જ અક્ષરધામ છે... બધે શ્રીજીમહારાજ છે. એ સંદર્ભમાં સંતોએ સ્વામીશ્રીને પ્રાર્થના કરતાં કહ્યું : 'બાપા! અમને એવાં ચશ્માં આપો – અમને બધે જ ભગવાન દેખાય.'

સ્વામીશ્રી કહે : 'આપી દીધાં.'

'ભગવાન ક્યાં છે?'

સ્વામીશ્રી સામે ઊભેલા સંતો તરફ દૃષ્ટિ ને આંગળી ફેરવતાં કહે : 'આ બધામાં રહેલા છે.'

'જ્યાં જુએ ત્યાં રામજી બીજું ન ભાસે રે...' એ બ્રાહ્મીસ્થિતિનાં ચશ્માં તો એમણે આપણને આપી દીધાં છે, હવે આપણે કેટલો સમય તે પહેરી રાખીએ છીએ તે આપણા પર નિર્ભર કરે છે.

•

રાત્રે સભામાં ૮:૫૦ સુધી સૌને અલૌકિક સુખની લહાણ કરીને સ્વામીશ્રી પોતાના નિવાસમાં પધાર્યા.

હળવી ગોષ્ઠિ દરમ્યાન હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'અહો...હો... પ્રમુખસ્વામીનો આટલો બધો મહિમા છે! મને તો ખબર જ નહીં. મને ક્યારે સમજાશે?'

સ્વામીશ્રી ઠાવકાઈથી કહે : 'હજુ વાર લાગશે.'

'કેટલી વાર લાગશે?'

'એ તો વાર લાગશે.'

'પણ કેટલી વાર લાગશે એ તો કહો. તો મને ખબર પડે.'

સમાગમ કરવો પડે.'

'એમ? પ્રમુખસ્વામીનો સમાગમ કરવો પડે?'

સ્વામીશ્રી કહે : 'હા. બસ હવે કરજે.'

•

તા. ૧૨-૮-૨૦૧૪
રૉબિન્સવિલ (ન્યૂજર્સી, યુ.એસ.એ.)

સવારે મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કર્યાં. પોતાના નિવાસ તરફ પાછા ફરતાં પેસેજમાં દૂર બેસીને દર્શન કરતા યુવકોને જોઈને થોડી ક્ષણો માટે ઊભા રહ્યા. સંતોએ જણાવ્યું કે આ યુવકો સંતોના રસોડામાં સંતોની સેવા કરે છે.

સ્વામીશ્રી કહે : 'ભગવાનની સેવામાં છે.' (અર્થાત્ સંતોની સેવા કરવાથી ભગવાનની સેવાનું ફળ મળે.)

કોઈએ પૂછ્યું : 'સંતો જમે તેમાં આપ જમો છો ને ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાન જમે એટલે બધા જમે.' (સંતોમાં રહી ભગવાન જમે છે અને ભગવાન જમે તેમાં બધા(અમે) આવી જાય – એવો સ્વામીશ્રીનો કહેવાનો મર્મ હતો).

સમીર કહે : 'આપની સેવા કરીએ એમાં ભગવાનની સેવા આવી ગઈ. એમ ?'

સ્વામીશ્રી કહે : 'એમ ?... શું નામ તમારું ?'

'સમીર ભટ્ટ.'

ક્ષણાર્ધમાં યુવકો સાથે આત્મીયતા કેળવીને સ્વામીશ્રીએ સૌ યુવકોને સંતોની સેવા કેવા મહિમા સાથે કરવી જોઈએ તે આદર્શ સમજાવ્યો.

•

તા. ૧૩-૮-૨૦૧૪
રૉબિન્સવિલ (ન્યૂજર્સી, યુ.એસ.એ.)

સાંજે મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરીને મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર-મયૂરદ્વાર આગળ આવ્યા. લગભગ ૬૦/૭૦ ફૂટના અંતરેથી સ્વામીશ્રીને મયૂરદ્વાર બતાવવામાં આવ્યું. અક્ષરધામની ટીમના સંતો સ્વામીશ્રીને તે અંગેની માહિતી આપતા હતા.

સ્વામીશ્રીએ મયૂરદ્વારનું સારી રીતે નિરીક્ષણ કરી લીધા પછી દ્વાર આગળ વ્હીલચૅર ગોઠવીને ફોટા પડાવવામાં આવ્યા. તે પછી આ મયૂરદ્વારની સામે બનનાર સ્વાગતકક્ષના ભવનનું પણ આવું જ મયૂરદ્વાર ભવિષ્યમાં તૈયાર થશે તે સ્વામીશ્રીને જણાવવામાં આવ્યું.

ત્યારબાદ સ્વામીશ્રીની વ્હીલચૅર રસ્તાની બરાબર મધ્યમાં સંભવિત 'અક્ષરધામ મહામંદિર'ની દિશામાં ગોઠવવામાં આવી. અહીંથી જ દૂર મોટી મોટી ક્રેનો બતાવતાં સંતોએ વાત કરી કે "ત્યાં 'અક્ષરધામ મહામંદિર'નું નિર્માણ કરવામાં આવશે. અક્ષરધામની પાછળ ઊંચાં ઊંચાં ઘટાદાર વૃક્ષો જ રહેશે. ત્યાં કોઈ બિલ્ડિંગ બનવાનું નથી, તેથી અક્ષરધામની શોભાને કોઈ વિક્ષેપ નહીં નડે," – એવું સ્વામીશ્રીને જણાવવામાં આવ્યું.

પછી પૂછ્યું : 'કેવું લાગે છે ?'

સ્વામીશ્રી કહે : 'બહુ સરસ.'

'કેવાં લાગે છે ઝાડ ?'

સ્વામીશ્રી કહે : 'સારાં લાગે છે ઝાડ.' પછી કહે : 'અદ્ભુત લાગે છે. મંદિર થશે, મૂર્તિઓ થશે, ત્યારે અદ્ભુત બનવાનું.'

અક્ષરધામ મહામંદિર દોઢસો ફૂટ ઊંચું બનવાનું છે. તે જાણીને સ્વામીશ્રીએ આશ્ચર્ય વ્યક્ત કર્યું. સંતોને કહે : 'તમે મન મૂકીને બધું કામ કર્યું છે.'

ઈશ્વરચરણદાસ સ્વામી કહે : 'આપે કહ્યું હતું ને કે અમેરિકાનું અક્ષરધામ સર્વોપરી કરવું છે.'

સ્વામીશ્રીની વ્હીલચૅર મયૂરદ્વારની નજીક ગઈ. ઈશ્વરચરણદાસ સ્વામીએ સ્વામીશ્રીને સમજૂતી આપી. તે પછી સ્વામીશ્રીને પૂછવામાં આવ્યું : 'સરસ છે ને અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિ ?'

સ્વામીશ્રી કહે : 'હા, બહુ સરસ છે.'

પછી દ્વારની સૂક્ષ્મ અને કલાત્મક કોતરણીઓ પર એક નજર કરતાં કહે : 'અદ્ભુત બનાવ્યું છે. બધાનો દાખડો બહુ છે.'

ઈશ્વરચરણદાસ સ્વામી કહે : 'આપની પ્રેરણા અને હર્ષદભાઈની મહેનત.'

સ્વામીશ્રી કહે : 'હર્ષદ બરોબર છે.'

સંતો કહેવા લાગ્યા : 'પણ આપે અહીં પધારીને કળશ ચઢાવી દીધો. આપે દાખડો ઓછો કર્યો ન કહેવાય.'

ઈશ્વરચરણદાસ સ્વામી : 'આપ અહીં પધાર્યા તે અન્યથાકર્તું શક્તિ વાપરી. શાસ્ત્રીજી મહારાજે ગઢડામાં અન્યથાકર્તું શક્તિ વાપરી. આપે દિલ્હીમાં અને અહીં વાપરી.'

સ્વામીશ્રી કહે : 'અહીં તમે વાપરી.'

સ્વામીશ્રી પોતાના સામર્થ્યને ઢાંકીને બીજાને યશ આપવા લાગ્યા. તેથી સંતો મોહ ન પામતાં હસવા લાગ્યા. બ્રહ્મવિહારીદાસ સ્વામી કહે : 'આખી દુનિયા જુએ છે કે આપની શક્તિ કામ કરે છે.'

સ્વામીશ્રી કહે : 'મારી શક્તિ શું? મહારાજની શક્તિથી કામ થાય છે.'

નારાયણચરણદાસ સ્વામી કહે : 'આપની શક્તિથી થાય છે. આ લોકોને નાણાંની ખેંચ વર્તે છે, તેની કૃપા કરજો કે નાણાં આવે તો કામ થાય.'

સ્વામીશ્રી કહે : 'એ તો ભગવાન લાવ્યા છે ને લાવશે.'

ઈશ્વરચરણદાસ સ્વામી કહે : 'શાસ્ત્રીજી મહારાજે બોચાસણમાં કહેલું ને કે લક્ષ્મીજી અહીં પધરાવશું તો આખા બ્રહ્માંડની લક્ષ્મી અહીં આવશે.'

સ્વામીશ્રી કહે : 'હા, તે બરાબર છે.'

કોઈએ કહ્યું : 'કીર્તનમાં કહ્યું છે ને કે *'લક્ષ્મીજી અર્ધાંગના મારી, તે મારા સંતની દાસી રે...'* તે મુજબ લક્ષ્મીજી આપની દાસી છે ને ?'

તરત સ્વામીશ્રી કહે : 'ભગવાનની દાસી. આપણી શું ?' પછી દ્વાર તરફ જોઈને કહે : 'નકશીકામ બહુ સારું કર્યું છે.'

૬:૨૭ વાગે સ્વામીશ્રી ઉતારે પાછા ફર્યા.

સ્વામીશ્રીને 'કેવું લાગ્યું ?' એમ પૂછતાં કહે : 'જોઈએ છીએ ને સંતોષ થઈ જાય છે.'

•

તા. ૧૫-૮-૨૦૧૪
રૉબિન્સવિલ (ન્યૂજર્સી, યુ.એસ.એ.)

બપોરે સ્વામીશ્રી આરામમાં પધાર્યા પણ ઊંઘ આવતી નહોતી તેથી માત્ર વિશ્રામની સ્થિતિમાં હતા. અંદર કોઈનો પ્રવેશ થયાનો અણસાર આવતાં પૂછ્યું : 'કોણ છે ?'

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'હું. ઓળખ્યો ને ?'

સ્વામીશ્રી કહે : 'હા, આણંદવાળો.'

'શું કામ છે આપને ?'

'ઊઠવું છે.'

'બધા સેવકો આવે પછી ઊભા થઈએ.'

'કોણ કોણ આવે છે ?'

'નારાયણચરણદાસ સ્વામી આવ્યા છે અને હું.'

સ્વામીશ્રી એકદમ જ હસતાં હસતાં કહે : 'હું... બોલ્યો પાછો.'

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'બાપા ! 'હું' જ ટળતો નથી.'

સ્વામીશ્રી કહે : 'હું' છે તે દુઃખનું કારણ છે.'

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'એ ટળે એવા આશીર્વાદ આપજો.'

સ્વામીશ્રી કહે : 'ભગવાનને પ્રાર્થના કરવાની.'

પછી પલંગ પરથી બેઠા કર્યા. સાયંકર્મથી પરવાર્યા.

•

તા. ૧૯-૮-૨૦૧૪, અમદાવાદ

આજે અમેરિકાથી લાંબી હવાઈ સફર કરીને સ્વામીશ્રી અમદાવાદ પહોંચ્યા હતા. થાક્યા-પાક્યા આવ્યા હોવા છતાં ૩૫ મિનિટ સુધી સૌ ભક્તોને દર્શનલાભ આપીને પોતાના નિવાસમાં આવ્યા.

૮:૫૦ વાગ્યા ત્યારે ઠાકોરજીને થાળ કર્યો. ત્યારબાદ સ્વામીશ્રીને રૂમમાં પલંગમાં વિરાજમાન કરવામાં આવ્યા. અક્ષરજીવનદાસ સ્વામીએ પૂછ્યું : 'બાપા ! ઊંઘ આવશે ને ?'

સ્વામીશ્રી કહે : 'આવશે જ ને !' પછી કહે : 'આપણને તો સંતો-ભક્તો હોય ત્યાં બધે સારું જ લાગે.'

•

તા. ૨૦-૮-૨૦૧૪, અમદાવાદ

આજે સ્વામીશ્રી ૩:૩૦ વાગ્યાના જાગતાં જ વિશ્રામ લઈ રહ્યા હતા. ૭:૧૫ વાગે થોડી ઊંઘ આવી, પણ તંદ્રા જેવું જ રહ્યું. ૧૧:૦૦ વાગ્યે જાગ્યા. સ્વામીશ્રીને યાત્રાનો થાક હજુ ઊતર્યો નહોતો. નિત્યવિધિથી પરવારીને વ્હીલચૅરમાં બેઠા. આજે સ્વામીશ્રી કાંઈ બોલતા ન હતા. હરિપ્રકાશદાસ સ્વામીએ કહ્યું : 'જય સ્વામિનારાયણ.' સ્વામીશ્રી કંઈ ન બોલ્યા. વિવેકસાગરદાસ સ્વામીએ પણ બોલાવવા માટેનો પ્રયત્ન કર્યો પણ કાંઈ બોલ્યા નહીં. તેથી યોગવિવેકદાસ સ્વામી કહે : 'મૌનવ્રત છે ?'

સ્વામીશ્રી કહે : 'હા.'

'કેમ બોલતા નથી ?'

સ્વામીશ્રી કહે : 'મૌનવ્રત છે.'

'તો આ બોલે છે એ કોણ બોલે છે ?'

સ્વામીશ્રી કહે : 'મહારાજ બોલે છે.'

•

સ્વામીશ્રી પૂજા કરીને પરવાર્યા પછી વિવેકસાગરદાસ સ્વામી આવ્યા. તેઓ સ્વામીશ્રી સાથે વાતો કરવા લાગ્યા. તેમાં અમેરિકાની બધી વાતો નીકળી. વિવેકસાગરદાસ સ્વામી કહે : '૧૯૭૪માં કેવી પરિસ્થિતિ હતી ! ટેક્સીમાં

ફરવું પડતું હતું અને અત્યારે કેવી જાહોજલાલી થઈ ગઈ! કેવું અદ્ભુત મંદિર થઈ ગયું!'

સ્વામીશ્રી કહે : 'બહુ સરસ મંદિર થઈ ગયું. આખું આરસનું મંદિર થયું.'

વિવેકસાગરદાસ સ્વામી કહે : '૧૯૭૪માં તો ન્યૂયોર્કમાં બેઝમેન્ટમાં મંદિર બનાવ્યું હતું ને અત્યારે આપે ચાલીસ વરસ પછી કેટલું ભવ્ય મંદિર બનાવી દીધું!'

સ્વામીશ્રી કહે : 'જે સાંભળે તેને જોવાનું મન થાય. ઠેઠ આખું આરસનું મંદિર!!'

વિવેકસાગરદાસ સ્વામી કહે : 'આપના પ્રતાપે થયું.'

સ્વામીશ્રી કહે : 'ના, ના... આપણું શું ચાલે... મહારાજ કર્તા છે.' આવી રીતે સવા કલાક જેવી વાતો ચાલી.

•

તા. ૨૧-૮-૨૦૧૪, અમદાવાદ

સવારે પૂજા પછી ૯:૩૦ વાગ્યે લિફ્ટમાં બિરાજી નીચે પ્રાંગણમાં પધાર્યા ત્યારે સર્વત્ર જાણે બ્રહ્મચૈતન્ય વિલસી રહ્યું હોય તેવી આહ્લાદકતા રજકણમાં છવાઈ ગઈ હતી! હરિભક્તો વિસ્ફારિત નયને સ્વામીશ્રીની મૂર્તિનું અમૃતપાન કરી રહ્યા હતા. સ્વામીશ્રી પણ ચિર-પરિચિત હરિભક્તોને અંતરના ઉમંગથી મળતા હતા. હાથ ઊંચો કરી આશિષ અર્પતા હતા, પૂછતા હતા.

સોમેશ્વર પીઠવાના પૌત્ર કિરણભાઈ પીઠવા સંસ્થાના ટ્રસ્ટી છે. તેમને જોઈ સ્વામીશ્રી કહે : 'વાળ આટલા સફેદ ક્યારે થઈ ગયા?'

યુ. કે. પટેલ બાજુમાં ટેકણ લાકડી મૂકી ખુરશી પર બેઠા હતા. સ્વામીશ્રીએ તેમને ઊભા થવા કહ્યું. તેઓ ઊભા થયા. સ્વામીશ્રી કહે : 'વાહ!'

મીઠાખળીવાળા માણેકભાઈ પટેલે બે વર્ષ પૂર્વે સ્વામીશ્રીની આજ્ઞાથી આંખોનું ઑપરેશન કરાવેલું. તેમને જોઈ સ્વામીશ્રી તરત જ બોલ્યા : 'આંખે હવે કેમ છે?'

તેઓ કહે : 'બાપા! હવે સારું છે.'

સ્વામીશ્રીએ આશીર્વાદની છડી ઊંચી કરી સંતોષ વ્યક્ત કર્યો.

આમ, એક પછી એક હરિભક્તને પૂર્વવત્ હૃદયના ઉમળકાથી ને અનેરા વાત્સલ્યથી જકડી લેતા સ્વામીશ્રી લિફ્ટ દ્વારા મંદિરની ઉપર દર્શને પધાર્યા. નીચે હરિભક્તો હકડેઠઠ બેઠા હતા.

બ્રહ્મવિહારીદાસ સ્વામી કહે : 'કેટલા બધા આવી ગયા?!'

તરત જ સ્વામીશ્રી કહે : 'લાભ લેવા આવ્યા છે એમ કહેવાય.'

સ્વામીશ્રીને મન પ્રગટનો ઉપાસક એક એક ભક્ત બ્રહ્મની મૂર્તિ છે.

•

ઠાકોરજીનાં દર્શન કરીને આવ્યા બાદ રૂમમાં પધાર્યા ને ગમ્મત ચાલુ થઈ. એટલામાં વિવેકસાગરદાસ સ્વામી આવ્યા અને તેમણે બધી જૂની જૂની વાતો કાઢી. તેમાં આણંદમાં સ્વામીશ્રી દુકાને દુકાને ઝોળી માંગતા તેની વાત નીકળી. તેમાં અંબાલાલ પટેલ(કલ્યાણ યોજના)ને યાદ કર્યા ને કહ્યું કે 'તે બધા સરદારગંજમાં તુવેરની દાળ ઉઘરાવવા માટે જાય અને બધાં મંદિરોમાં આણંદથી તુવેરની દાળનો ખરડો થાય. સ્વામીશ્રી જાતે જ તુવેર માંગતાં.'

હરિપ્રકાશદાસ સ્વામીએ કહ્યું : 'બાપાને દુકાને દુકાને ફરવું પડે? ના હોય.'

સ્વામીશ્રી કહે : 'ફરવું પડે, ફરવું પડે, શું ના હોય!'

તેઓ કહે : 'બાપા! આપને ફરવાનું? આપ તો પ્રમુખ છો?'

સ્વામીશ્રી કહે : 'તેનેય ફરવું પડે.'

યોગવિવેકદાસ સ્વામી સામે બેઠા હતા. તેમની સામે જોઈ હરિપ્રકાશદાસ સ્વામીએ કહ્યું : 'બાપા! અમે તો કોઈએ આવું કર્યું નથી. અમને તો બેઠું જ ખાવાનું મળે છે.'

ખાવાની વાત નીકળી તેના પરથી થોડી ગમ્મત ચાલી. આ સાંભળી સ્વામીશ્રી હસવા લાગ્યા. એટલે વિવેકસાગરદાસ સ્વામી કટાક્ષમાં કહે : 'ખાવું, ખાડો અને ખાટલો – આ ત્રણ જેને હોય તેને ભગવાન ખટપટ મફતમાં આપે છે.'

એટલે સ્વામીશ્રી કહે : 'એની કાંઈ જરૂર નહીં.' પછી કહે : 'આ ત્રણ જેને હોય તેને ખટપટ મફતમાં મળે...'

'બાપા! પણ અમને ખટપટ ના આવે એવું કરજો.'

સ્વામીશ્રી કહે : 'બરાબર જ છે. ખટપટ જોઈએ જ નહીં.'

હરિપ્રકાશદાસ સ્વામીએ કહ્યું : 'આશીર્વાદ આપો

તો અમે ખટપટ ના કરીએ.'

સ્વામીશ્રી કહે : 'બરાબર છે. માટે એક જ વસ્તુ કરવાની.'

'શું ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાનનું ભજન.'

'ભગવાનનું ભજન કેવી રીતે કરવાનું ?'

સ્વામીશ્રી કહે : 'માળા લઈને બેસી જવાનું. બેસો એટલે ભજન થાય.'

'આપના જેવું ભજન ને સુખ આવે એવા આશીર્વાદ આપજો.'

સ્વામીશ્રી કહે : 'આવશે... આવશે...'

ત્યારબાદ અટલાદરા મંદિરની બધી વાતો ચાલી. યોગવિવેકદાસ સ્વામી કહે : 'અટલાદરાનું મંદિર કોણે કર્યું ?'

સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજે.'

વિવેકસાગરદાસ સ્વામી કહે : ''પહેલાં તો અટલાદરામાં મંદિર બનાવવાની બધા ના પાડતા હતા કે 'અહીંયાં કોણ આવશે ? કોઈ પૈસા પણ નહીં આપે ?' ત્યારે શાસ્ત્રીજી મહારાજ શું કહેતા ?''

સ્વામીશ્રી તરત જ કહે : 'મારા બાહુબળે મંદિર થશે – એમ કહેતા.' એમ કહી જમણા બાવડા પર ડાબો હાથ મૂક્યો.

એટલે વિવેકસાગરદાસ સ્વામીએ પણ એ એક્શન કરી. તે એક્શનનું પુનરાવર્તન સ્વામીશ્રીએ કર્યું.

ત્યારબાદ કાનમ-વાકળ પ્રદેશની વાતો નીકળી. એટલે વિવેકસાગરદાસ સ્વામી કહે : 'ચાણસદ બંનેમાં આવે. વાકળમાંય કહેવાય અને કાનમમાંય કહેવાય.'

હરિપ્રકાશદાસ સ્વામીએ કહ્યું : 'આ ચાણસદ કોનું ગામ છે ?'

સ્વામીશ્રી કહે : 'જેનું હોય તેનું.'

'આપનું ગામ કયું છે ?'

સ્વામીશ્રી કહે : 'મારું તો અક્ષરધામ.'

•

તા. ૨૩-૮-૨૦૧૪, અમદાવાદ

સવારે ઠાકોરજીનાં દર્શને પધાર્યા. મધ્ય ખંડમાં થાળ ભરીને ચૂરમાના લાડુ મૂક્યા હતા. કોઠારી સત્સંગિજીવનદાસ સ્વામી હરિકૃષ્ણ મહારાજના ખંડ સમીપે બેઠા હતા. સ્વામીશ્રી ત્યાં દર્શને પધાર્યા, ત્યારે લાડુ અંગે પૂછ્યું : 'શાના લાડુ છે ?'

તેઓ કહે : 'પરમ દિવસે સોમવતી અમાસે બ્રાહ્મણોની ચોરાસી કરવી છે, તેથી આપની દૃષ્ટિપ્રસાદી કરવા લાડુનો થાળ મૂક્યો છે.'

સ્વામીશ્રી કહે : 'અમે ચોરાસી કરીને અમદાવાદથી નીકળીશું.'

જેમ શ્રીજીમહારાજ અમદાવાદની ચોરાશી કરીને નીકળ્યા હતા, તેની સ્મૃતિ સ્વામીશ્રીએ સહજ કરાવી દીધી.

•

રાત્રે ૯:૪૫ વાગે કાચમાંથી શયન-દર્શનનો લાભ સંતોને આપ્યો.

આ દરમ્યાન ગમ્મતમાં કપડાંનો દડો ઊછળ્યો અને તે યોગવિવેકદાસ સ્વામીને વાગ્યો. યોગવિવેકદાસ સ્વામી કહે : 'કોણ હતું એ ?'

તરત સ્વામીશ્રી કહે : 'જે હોય તે. આપણે સહન કરી લેવું.'

•

તા. ૨૪-૮-૨૦૧૪, અમદાવાદ

સ્વામીશ્રીએ સૌ હરિભક્તોને સમીપનું દર્શન-સુખ આપ્યું. પછી નિજનિવાસમાં પધાર્યા. તે વખતે નીચે લિફ્ટ પાસે ત્રણ યુવકોએ ગાંધીજીના ત્રણ વાનર-પ્રતીકોનું નિદર્શન કર્યું : 'ખરાબ જોઈશ નહીં', 'ખરાબ સાંભળીશ નહીં', 'ખરાબ બોલીશ નહીં.' – એ મર્મ પ્રસ્તુત કર્યો, પરંતુ ચોથો યુવક બે હાથ માથે રાખીને બેઠો હતો. સ્વામીશ્રીએ તેનું રહસ્ય પૂછ્યું. રાહુલદાસ સ્વામી કહે : 'બાપા ! એ ડૉક્ટર સ્વામીના ચોથા સિદ્ધાંતને અનુસર્યો છે – 'ખરાબ વિચારીશ નહીં.'

આ જોઈ સ્વામીશ્રીએ હાથ ઊંચો કરી તેને સમર્થન આપ્યું.

•

તા. ૨૬-૮-૨૦૧૪, સારંગપુર

૧:૫૦ વાગે સ્વામીશ્રી ઝરૂખે દર્શનદાન કરવા પધાર્યા. થોડી વારે સ્વામીશ્રીએ નારાયણચરણદાસ સ્વામીને પૂછ્યું કે 'કોઠારી ક્યાં છે ?' તેમણે જ્ઞાનેશ્વરદાસ સ્વામીને બોલાવ્યા.

જ્ઞાનેશ્વરદાસ સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું : 'હું ક્યાં કોઠારી છું ? કોઠારી તો આપ છો. કો.ના.' તેમણે સ્મૃતિ-

શેષ એવા જૂના પાવરહાઉસ પરના લખાણનો સંદર્ભ ટાંકતાં જણાવ્યું.

તે સાંભળીને સ્વામીશ્રી હસી પડ્યા. પછી પૂછ્યું કે 'આ બધા જમ્યા?' જ્ઞાનેશ્વરદાસ સ્વામીએ હા પાડી. સ્વામીશ્રીએ પૂછ્યું કે 'આ છોકરાઓ (વિદ્યામંદિરના બાળકો) જમ્યા?'

જ્ઞાનેશ્વરદાસ સ્વામી કહે કે 'આપણે એમને ત્રણ ટાઈમ રોજ જમાડીએ છીએ.'

સ્વામીશ્રીએ સંતોષ વ્યક્ત કરીને આગળનો પ્રશ્ન પૂછ્યો : 'કથા થઈ?' તેમણે કહ્યું કે હા થઈ ગઈ. સ્વામીશ્રી કહે : 'કથા કોણ કરે છે? ૪:૦૦ વાગે કથા કરવાની છે.'

નારાયણચરણદાસ સ્વામી કહે કે 'રોજ ૪:૦૦ વાગે માનસી થાય છે ને પછી કથા થાય છે.'

થોડી વારે ફરી ફરી, જુદી જુદી રીતે – એમ લગભગ પાંચથી છ વાર સ્વામીશ્રીએ કથા કરવાની વાત ઝરૂખામાં કરી. છેલ્લે હાથ હલાવીને ઝરૂખેથી સૌની વિદાય લીધા બાદ લિફ્ટમાં નીચે પહોંચ્યા ત્યારે પણ ફરી 'કથા ક્યારે થાય છે? ૪:૦૦ વાગે કથાની જાહેરાત કરવાની છે.' એ દોહરાવ્યું. જ્ઞાનેશ્વરદાસ સ્વામીએ – આખા દિવસમાં અહીં પાંચ વાર કથા થાય છે ને બધા તેનો લાભ લે છે – તે વિગતવાર જણાવ્યું.

લિફ્ટમાંથી અંદર ઉતારે પધાર્યા, ત્યારે બ્રહ્મવિહારીદાસ સ્વામીએ પૂછ્યું કે 'આપને સમય છે ને?'

સ્વામીશ્રી કહે : 'સમય છે જ ને!'

પછી બ્રહ્મવિહારીદાસ સ્વામી પોતાની રજૂઆત કરે તે પૂર્વે સ્વામીશ્રી તેમને કહે કે 'જાહેરાત કરવાની છે કે ૪:૦૦ વાગે કથા થાય.'

યોગવિવેકદાસ સ્વામી વચ્ચે ગમ્મત કરતાં કહે કે 'બાપા ! કથામાં ઊંઘ આવે છે.'

સ્વામીશ્રી હસી પડ્યા. થોડી ગમ્મતો ચાલી. પછી કહે : 'બધા કથામાં બેસે. સંતોએ કથા કરવાની.'

વિવેકસાગરદાસ સ્વામીએ આખા દિવસમાં પાંચ વાર થતી કથાના સમય વર્ણવી જણાવ્યું કે રોજ અમે બધી કથાઓમાં જઈએ છીએ.

વચ્ચે નારાયણચરણદાસ સ્વામીએ તાજાં ફૂલોની એક છડી સ્વામીશ્રીને આપતાં જણાવ્યું કે આ પ્રસાદીની કરવાની રહી ગઈ, સાંજે તો કરમાઈ જશે. સ્વામીશ્રીએ તે હાથમાં ગ્રહણ કરતાં પુનઃ દોહરાવ્યું કે '૪:૦૦ વાગે કથા થાય.'

બ્રહ્મવિહારીદાસ સ્વામીએ આઈપેડમાંથી એક ફોટો બતાવતાં પૂછ્યું કે 'આ શું છે?' પરંતુ એના પર લક્ષ આપ્યા વિના સ્વામીશ્રી કહે : 'બધાએ કથાની રુચિવાળા થવું.'

એક બાજુ યોગવિવેકદાસ સ્વામી ખુરશીમાં જાણે સૂઈ ગયા હોય તે રીતે બેઠા હતા. સંતોએ સ્વામીશ્રીને તે બતાવ્યું. જે જોઈને સ્વામીશ્રી હસી પડ્યા, પણ ફરી અનુસંધાન મેળવીને જણાવ્યું : '૪:૦૦ વાગે કથા કરવાની છે.'

આમ, ગમ્મતના મણકાઓ વચ્ચે પણ સ્વામીશ્રીનો કથાનો આગ્રહ સોય કેડે દોરાની જેમ સોંસરો નીકળ્યો. સ્વામીશ્રી જાણે પોતાના અંતરની રુચિ વારંવાર દોહરાવીને સૌને જીવન-ઘડતરનો પાયો મજબૂત કરી લેવાનો નિર્દેશ કરતા હતા. એટલે તો ગમ્મતો અને બદલાતી વાતોના પ્રવાહોમાં પણ પોતાના દિશાસૂચક યંત્રની સોયને એક દોરા જેટલી પણ ફંટાવા દેતા નહોતા.

•

રાત્રે ૧૧:૩૦ વાગે શયનકક્ષમાંથી સૌ સંતો, પાર્ષદો તથા સાધકોને સ્વામીશ્રીએ દર્શન આપ્યાં. છેલ્લે સૌને 'જય સ્વામિનારાયણ' કહ્યા. પછી સ્વતઃ જ સંતોને ઉદ્‌બોધીને બોલવા લાગ્યા : 'શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજે સત્સંગ શોભાવ્યો છે, મંદિરો બાંધ્યાં છે, એ ચલાવવાં છે. તો આપણે સાધુતા રાખીશું તો થશે. બધાએ સંપ રાખીને કામ કરવું. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ ને નિર્ગુણ સ્વામીએ ને બીજા સંતોએ સેવા કરી છે, એ રીતે આપણે સારી રીતે શોભાવવાનું છે.'

•

આજે રાત્રે અમદાવાદના અગ્રણી ઉદ્યોગપતિ, જૈન શ્રેષ્ઠી તેમ જ દેલવાડા, રાણકપુર, પાલિતાણા વગેરે સુપ્રસિદ્ધ જૈન મંદિરોનું સંચાલન સંભાળતા શ્રી સંવેગભાઈ લાલભાઈનો ફોન આવ્યો હતો. તેમના વડવાઓએ અમદાવાદમાં શાહીબાગ વિસ્તારમાં આવેલા પ્રખ્યાત જૈનમંદિર હઠીસિંહનાં દેરાં બંધાવ્યાં હતાં. તેમ જ તેમના વડવા એવા એ સમયના અમદાવાદના નગરશેઠ હિમાભાઈએ શ્રીજીમહારાજનું અમદાવાદમાં સ્વાગત કર્યું હતું. શ્રી સંવેગભાઈ ગઈકાલે ૨૫મી ઑગસ્ટે સવારે

સ્વામીશ્રીના દર્શનાર્થે તેમ જ આશીર્વાદ મેળવવા શાહીબાગ મંદિરે આવ્યા હતા. સ્વામીશ્રીએ તેમના પર કૃપાદૃષ્ટિ વરસાવી આશીર્વાદ આપ્યા હતા : 'તમે સેવા કરતા રહો, સુખી થાઓ ને કુટુંબમાં સંપ રહે.' આજે રાતે તેમણે ફોનમાં વાત કરી કે મારે એક પત્ર મોકલવો છે. ત્યારબાદ તેમણે પોતાનો પત્ર મોકલ્યો, જેમાં સર્વપ્રથમ આભાર માનીને જણાવ્યું : 'આજે મને આ પૃથ્વી પરના સૌથી પવિત્ર આત્માનાં દર્શન થયાં. મને સુખ ને આનંદ વચ્ચેનો ભેદ સમજાયો. ઇન્દ્રિયો દ્વારા પ્રાપ્ત થતું હોય અને અંતરમાં પહોંચતું હોય તે સુખ, જે દુન્યવી છે. જ્યારે સીધો આત્માને જ પહોંચતો હોય તે આનંદ, જે દુનિયાથી પર છે. આજે મને પ્રમુખસ્વામી મહારાજનાં એક દર્શનની ઝલકથી આત્યંતિક આનંદનો અનુભવ થયો.'

વિશેષ તેમણે બીજે દિવસે ફોન દ્વારા પણ જણાવ્યું: 'અત્યાર સુધી મેં ક્યારેય કોઈ સાધુઓના મારા ફોન પર ફોટા પાડ્યા નથી, એટલા મેં બાપાના ફોટા પાડ્યા ને આખો દિવસ જે મળે એ બધાને બતાડતો હતો. ઘણા સાધુઓ ઝાકઝમાળવાળા થઈ ગયા છે, પણ આટલા નિર્મળ ને પવિત્ર પુરુષ સ્વામીશ્રીને મેં પ્રથમવાર જ જોયા.'

•

તા. ૨૭-૮-૨૦૧૪, સારંગપુર

સવારે ૧૧.૩૫ વાગે અક્ષર ઝરૂખે સૌને દર્શન આપવા પધાર્યા. ત્યારબાદ સ્વામીશ્રીએ જ્ઞાનેશ્વરદાસ સ્વામીને બોલાવીને પૂછ્યું કે 'આ બધા જમ્યા?'

જ્ઞાનેશ્વરદાસ સ્વામી કહે કે 'હમણાં રાજભોગ આરતી થઈ, હવે આપનાં દર્શન કરીને બધા જમવા જશે.'

સ્વામીશ્રીએ ત્રણથી ચાર વાર 'બધા જમીને જાય' એ વાત દૃઢાવી. પછી કહે : 'જાહેરાત કરો કે બધા હરિભક્તો જમીને જાય.'

સ્વામીશ્રીની આજ્ઞા થતાં જ જાહેરાત કરવામાં આવી કે બધા હરિભક્તો જમીને જાય. સ્વામીશ્રીએ તે સાંભળતાં હાથ હલાવીને સંતોષ વ્યક્ત કર્યો.

થોડી વારે નારાયણચરણદાસ સ્વામીએ ધર્મકુંવરદાસ સ્વામીને બતાવતાં કહ્યું કે એ હવે પાછા ભાદરા જાય છે.

સ્વામીશ્રી કહે : 'એ જમીને જાય.'

ઝરૂખેથી નીચે ઊતર્યા બાદ પણ સ્વામીશ્રીએ જ્ઞાનેશ્વરદાસ સ્વામીને કહ્યું કે 'બહાર બેઠા છે એ બધા જમીને જ જાય.'

જ્ઞાનેશ્વરદાસ સ્વામી કહે : 'બાપા ! જાહેરાત કરી જ દીધી છે.'

સ્વામીશ્રી કહે : 'ફરીથી કરો. અને સાધુનેય બધાને જમવાનું છે.'

વિવેકસાગરદાસ સ્વામીએ પૂછ્યું : 'અમે શું જમીએ?'

સ્વામીશ્રી કહે : 'જે હોય તે... પણ સભામાં બધાને કહી દેવું કે જમીને જાય.'

વિવેકસાગરદાસ સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું કે 'આપ પણ અમારી સાથે ચોકામાં જમો. આપણે જેમ પહેલાં સંતો, હરિભક્તો સાથે જમતા હતા તેમ.'

યોગવિવેકદાસ સ્વામી ગમ્મત કરતાં કહે : 'મારું ભોજન તો લાવો.'

તરત જ સ્વામીશ્રી કહે : 'અહીં નહીં, ત્યાં (ચોકામાં).' એમ કહીને યોગવિવેકદાસ સ્વામીની ગમ્મત પર હાસ્ય રેલાવતા સ્વામીશ્રીને શયનકક્ષમાં લઈ જવાયા. ત્યાં પહોંચ્યા પછી સ્વામીશ્રી કહે : 'અહીં ક્યાં લાવ્યા ! ચાલોને જવું છે !'

નારાયણચરણદાસ સ્વામી કહે : 'ક્યાં જવું છે ?'

સ્વામીશ્રી કહે : 'સંતોને જમાડવા છે.'

તેથી ૧:૪૦ વાગે સંતોને વિશિષ્ટ સ્મૃતિ આપવા ઉતારેથી નીકળ્યા. સૌપ્રથમ 'સર્વસ્વ'ના રસોડે પધાર્યા. ત્યાં ઘનશ્યામચરણદાસ સ્વામી જમવાનું પૂર્ણ કરી રહ્યા હતા. તેથી તેમનું પત્તર ખાલી હતું. સ્વામીશ્રીને તેમને કંઈક આપવાની ઇચ્છા જણાતી હતી. તેથી હરિપ્રકાશ-દાસ સ્વામી લાડુ લઈ આવ્યા તે જ્ઞાનેશ્વરદાસ સ્વામીએ તેમના પત્તરમાં પીરસ્યો. સ્વામીશ્રીએ સંતોષ વ્યક્ત કર્યો. અહીંથી સ્વામીશ્રી 'પ્રમુખ આશ્રમ'માં થઈને સંતોના ચોકા પ્રતિ જતા હતા.

ત્યારબાદ સંતોના ચોકામાં પધાર્યા. સર્વપ્રથમ સંતોનાં પત્તર મૂકવાનાં ખાનાં દૃષ્ટિ કરી પ્રસાદીનાં કર્યાં. અંદર ચોકામાં પધારી જમતા સર્વ સંતો પર દૃષ્ટિ પાથરવા લાગ્યા. સૌપ્રથમ જે વડીલ સંતો જમતા હતા, તેમના તરફ સ્વામીશ્રી દૃષ્ટિ કરતા હતા. ત્યાં તો પ્રગટ ભગતે આવીને પત્તર ચમચીથી ખખડાવીને કહ્યું : 'ભિક્ષા દો મહારાજ.' સ્વામીશ્રી હસી પડ્યા. એટલામાં ઘનશ્યામપ્રસાદદાસ સ્વામી, યોગીચિંતનદાસ સ્વામી વગેરે ભંડારી સંતો જલેબી તેમ જ કાજુની મીઠાઈઓ ચોકી ભરીને સ્વામીશ્રી પાસે

લઈ આવ્યા, જે સ્વામીશ્રીએ સ્પર્શ કરીને પ્રસાદીભૂત કરી. ત્યારબાદ વ્હીલચૅરમાં સંતોની પંગત વચ્ચેથી જ પસાર થયા, જે સંતો માટે એક વિરલ સ્મૃતિ હતી. પસાર થતી વખતે સૌ સંતો પર પ્રેમાળ દૃષ્ટિ કરતા હતા ને સૌના 'જય સ્વામિનારાયણ' ઝીલતા જતા હતા. ત્યારબાદ પાર્ષદો અને સાધકોની પંગતમાંથી પણ એ જ રીતે પસાર થયા. છેલ્લે ડૉ. વ્રજલાલના મુખમાં યોગવિવેકદાસ સ્વામીએ ૩-૪ જલેબી ધરબી દીધી, એ જોતાં જ ખૂબ રાજી થતાં સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા. અંતે સૌ રસોઇયાઓને પણ દૃષ્ટિ-આશીર્વાદ આપીને ચોકાની બહાર નીકળ્યા.

આગળ પુનઃ 'પ્રમુખ આશ્રમ'માં થઈને યોગીજી મહારાજના પ્રાસાદિક કક્ષમાં દર્શને પધાર્યા, જ્યાં યોગીજી મહારાજની મૂર્તિનાં દર્શન અને પ્રદક્ષિણા કરીને શાસ્ત્રીજી મહારાજના પ્રાસાદિક ઓરડે આવ્યા. શાસ્ત્રીજી મહારાજની મૂર્તિનાં એકીટશે દર્શન કર્યાં.

અહીંથી સભામંડપમાં કથા ચાલુ હતી, તેની વચ્ચે દર્શન આપવા પધાર્યા. જ્યાં પૂર્વે સ્વામીશ્રી ઢોલિયે વિરાજીને દર્શન-આશીર્વાદ આપતા તે જ જગ્યાએ સભામંડપમાં હાલ સ્વામીશ્રીની મૂર્તિ રાખવામાં આવે છે, તેની બરાબર આગળ સ્વામીશ્રી વ્હીલચૅરમાં વિરાજમાન થયા. આગળ સૌ હરિભક્તો બેઠા હતા, જેમાં અગ્રિમ હરોળમાં બેઠેલો બાહરીનનો બાળક યોગેશ ઠાકર પોતાનો હાથ હવામાં રોજની જેમ ગોળ ગોળ વીંઝવા લાગ્યો, જે જોઈને સ્વામીશ્રીએ પણ એનું અનુકરણ કરીને સ્મૃતિ આપી. યોગેશે સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા ! મને અક્ષરધામમાં લઈ જશો ને ?'

સ્વામીશ્રી કહે : 'અક્ષરધામમાં જ છે ને !'

આ મહાપ્રાસાદિક સભામંડપમાં નાના બાળકને મિષે સૌને સંક્ષેપમાં આજની મધ્યાહ્ન-કથાનો સુંદર જ્ઞાનોપદેશ કરીને સ્વામીશ્રી પોતાના જ જૂના ઉતારે પધાર્યા. ત્યાં હૉલ ને જૂના શયનકક્ષમાં જઈને દૃષ્ટિ કરીને 'સર્વસ્વ'માં ઉતારે પાછા આવી આરામમાં પધાર્યા.

•

તા. ૨૮-૮-૨૦૧૪, સારંગપુર

પૂજા પૂર્ણ થયા બાદ યોગવિવેકદાસ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું : 'હવે શું કરવું છે ?'

તરત જ સ્વામીશ્રી કહે : 'ભજન.'

જે ભજનાનંદી હોય એનો આ સિવાય બીજો શો ઉત્તર હોઈ શકે ?

ત્યારબાદ સામશ્રાવણી નિમિત્તે બે હાથમાં યજ્ઞોપવીત ધારણ કરી. સંતોએ માંગલિક વિધિ કરાવી ઉપવીત પરિવર્તન કરાવ્યું. ત્યારપછી સ્વામીશ્રી પાસે મોતીચૂર લાડુની ચોકીઓ લાવ્યા, જે પર પુષ્પ-પાંખડીનો છંટકાવ કરીને સ્વામીશ્રીએ પ્રસાદીના કર્યા; જે બધા સંતો, પાર્ષદો અને સાધકોને વહેંચવામાં આવ્યા.

ત્યારબાદ સ્વામીશ્રીએ હરિકૃષ્ણ મહારાજનાં પુનઃ દર્શન કર્યાં. યોગવિવેકદાસ સ્વામીએ પૂછ્યું : 'બાપા ! જમવું છે ?'

સ્વામીશ્રીએ ના પાડી.

ફરી પૂછ્યું : 'પાણી પીવું છે ?'

સ્વામીશ્રીએ ફરી ના પાડી.

યોગવિવેકદાસ સ્વામીએ પૂછ્યું : 'તો શું કરવું છે ?'

સ્વામીશ્રી તરત કહે : 'શું કરશું ? ભજન.'

'વિષયાનંદી જક્ત હૈ, ભજનાનંદી કો'ક' પંક્તિ એક વાર પુનઃ સ્વામીશ્રીએ સાકાર કરી બતાવી.

•

રાત્રે સંતોને શયનદર્શન આપતા હતા, તે વખતે સ્વામીશ્રીએ ઘનશ્યામચરણદાસ સ્વામી સામે જોઈને સ્વતઃ ઇચ્છા વ્યક્ત કરી : 'ઘનશ્યામચરણ સ્વામી થોડું બોલે.' સ્વામીશ્રીની આજ્ઞા થતાં માઇક મંગાવવામાં આવ્યું ને સૌને સ્વામીશ્રીની ઇચ્છા જણાવવામાં આવી.

ઘનશ્યામચરણદાસ સ્વામીએ ગઢડા મધ્ય પ્રકરણના ૫૪મા વચનામૃતના આધારે, સર્વ સાધન કરતાં સત્સંગ અધિક છે, તે વિશે વાતો કરી. તેમણે સમાપન કર્યું અને તે સાથે સૌ માટે આજનાં રાત્રિદર્શનનું પણ સમાપન થયું.

નારાયણચરણદાસ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું : 'મજા આવી ?'

સ્વામીશ્રી કહે : 'ઘનશ્યામ મહારાજ વાત કરે તો મજા જ આવે ને !'

એક વાર પુનઃ સ્વામીશ્રીના ભજનાનંદનાં દર્શન સૌને થયાં.

•

તા. ૨૯-૮-૨૦૧૪, સારંગપુર

બપોરે સૌને દર્શનદાન દઈ સ્વામીશ્રી લિફ્ટ દ્વારા નીચે ઊતર્યા કે તરત જ વરસાદનાં અમીછાંટણાં શરૂ થયાં.

સંતોએ વરસાદ પડે એવી પ્રાર્થના સ્વામીશ્રીને કરી કે જેથી અછતવાળા વિસ્તારોમાં રાહત થાય. સ્વામીશ્રીએ પણ કાચના કક્ષમાંથી બહાર પડી રહેલા વરસાદને નિહાળ્યો.

થોડી વારે બહાર ઝરમર વરસાદ વરસતો જોઈ યોગવિવેકદાસ સ્વામી ગાવા લાગ્યા : *'ઝરમર ઝરમર મેહા વરસે...'* નારાયણચરણદાસ સ્વામીએ તે કડી ઉપાડી લીધી.

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'આકાશમાં વાદળ કોણે કર્યાં ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાને.'

'આવો મીઠો વરસાદ કોણ વરસાવે છે ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાન.'

'ભગવાન અને સાથે સંતેય ખરા ને !'

સ્વામીશ્રી કહે : 'ખરા ને !'

'સાચા સંત ભગવાનને પ્રાર્થના કરે તો ભગવાન સાંભળે ને !'

સ્વામીશ્રી કહે : 'સાંભળે ને !'

'તો ક્યાંક વધુ વરસાદ પડે ને ક્યાંક સાવ ન પડે એમાં શું સમજવું ?'

સ્વામીશ્રી કહે : 'એમાંય ભગવાનની ઇચ્છા જ સમજવી.'

ભગવાનનું કર્તાપણું એ સ્વામીશ્રીના જીવનકાવ્યની ધ્રુવપંક્તિ છે, જે એમના શ્વાસોચ્છ્વાસની કડીએ કડીએ પુનરાવર્તિત થતી રહે છે.

બ્રહ્મસન્નિધિ



સપ્ટેમ્બર ૨૦૧૪

તા. ૩-૯-૨૦૧૪, સારંગપુર

રાત્રે આરામે જઈ રહ્યા હતા ત્યારે સેવકોએ સ્વામીશ્રીને પૂછ્યું : 'પાણી પીવું છે?' સ્વામીશ્રી કહે : 'થોડું પીશું.' એમ કહીને થોડું પાણી પીધું. ત્યારબાદ સ્વામીશ્રી પોઢ્યા.

સેવક સંતો કોન્ટેક્ટ લેન્સ કાઢતા હતા, ત્યાં સ્વામીશ્રીએ જ્ઞાનેશ્વરદાસ સ્વામીને બોલાવ્યા ને પૂછ્યું : 'બધા પ્રસાદ જમ્યા?' એમણે હા પાડી. સ્વામીશ્રી કહે : 'સાથે ભજન થવું જોઈએ, કથા થવી જોઈએ.'

એટલે જ્ઞાનેશ્વરદાસ સ્વામીએ જણાવ્યું કે 'બધાએ કથાવાર્તા કરી, ચેષ્ટા બોલ્યા અને હવે સૂઈ જશે.'

સ્વામીશ્રી કહે : 'બધા ભજન કરે, કથાવાર્તા ને બધું બરાબર થાય એટલે આનંદ થાય.'

પછી હરિભક્તોની સરભરા બાબતે પૂછ્યું. જ્ઞાનેશ્વરદાસ સ્વામીએ હરિભક્તોના ઉતારા બાબતે પણ વિગતવાર વાત કરી.

૯૩ વર્ષની જૈફ વયે પણ સ્વામીશ્રી *'સાધુને રાત-દી' ઊંઘ ન આવે, સેવકની ચિંતા કરે રે જી...'* એ કાગબાપુની પંક્તિ સાકાર કરી રહ્યા છે.

•

તા. ૫-૯-૨૦૧૪, સારંગપુર

આજે સવારે 'નારાયણ મંડપમ્'માં જળઝીલણી ઉત્સવ-સભા યોજવામાં આવી હતી. તેમાં આત્મસ્વરૂપદાસ સ્વામીએ દિલ્હીથી પધારેલા મહાનુભાવોનો પરિચય આપ્યો, જેમાં સુવિખ્યાત ફોટોજર્નાલિસ્ટ શ્રી રઘુ રાય હતા. 'મેગ્નમ' નામે વિશ્વમાં પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય સંસ્થામાં કેવળ ૧૨ જ ફોટોગ્રાફર છે, જેમાંના એકમાત્ર ભારતીય છબિકાર શ્રી રઘુ રાય છે. પૂર્વે પણ તેઓ અહીં સારંગપુરમાં બે વાર પધારી ચૂક્યા છે. એક વાર સન ૧૯૯૦માં સ્વામીશ્રીની ૭૦મી જન્મ જયંતીએ અને બીજી વાર સન ૨૦૦૧માં પુષ્પદોલોત્સવે. તેમને સ્વામીશ્રી અને દિલ્હી અક્ષરધામ પર છબિગ્રંથ તૈયાર કરવાની ઇચ્છા છે.

વિવેકસાગરદાસ સ્વામીએ તેમનું પુષ્પહાર પહેરાવી સ્વાગત કર્યું. સ્વામીશ્રીએ પણ મંચ પરથી જમણો હાથ ઊંચો કરી તેમને આશિષ અર્પ્યા.

બીજા મહાનુભાવ ડૉ. રજત ગોયલ હતા, જેઓ એઇડ્સની રસીના સંશોધનના કાર્યની આગેવાની સંભાળી રહ્યા છે. બિલ ગેટ્સે એઇડ્સ નિવારણની દવાના સંશોધન માટે ભારત સરકારને એક અબજ ડોલર ફાળવ્યા છે. તે ધનરાશિનો આ સંશોધન પાછળ વિનિયોગ થાય તેની જવાબદારી ભારત સરકારે ડૉ. ગોયલને સોંપી છે. તેઓ પણ પોતાના કાર્યમાં સફળતા મળે તે હેતુસર સ્વામીશ્રીના આશીર્વાદ માટે પધાર્યા હતા. તેમને પણ સંતોએ પુષ્પહાર પહેરાવી સત્કાર્યા, તેમ જ સ્વામીશ્રીએ જમણો હાથ ઊંચો કરી આશીર્વાદ આપ્યા.

સભા પછી પોતાના નિવાસમાં કાચના કક્ષમાં બિરાજ્યા, જે દરમ્યાન આત્મસ્વરૂપદાસ સ્વામીએ અક્ષરધામ દિલ્હીના સુંદર અનુભવો વર્ણવ્યા :

સન ૨૦૦૭માં ભારત સરકારના તત્કાલીન 'એકાઉન્ટન્ટ જનરલ ઑફ ઇન્ડિયા' શ્રી કે. એન. રાવ અક્ષરધામની મુલાકાતે આવ્યા હતા. તેમને વાત કરી કે આ અક્ષરધામ યોગીજી મહારાજના સંકલ્પે થયું છે. એટલે તેઓ ચમક્યા. તેમણે કહ્યું કે 'હું યોગીજી મહારાજને મળ્યો છું. એમનો ધબ્બો ખાધો છે ને એમણે મને જમાડેલો છે.' એમને પૂછ્યું કે 'આપ યોગીજી મહારાજને ક્યારે મળ્યા?' ત્યારે એમણે કહ્યું કે 'હું સન ૧૯૭૦ના અરસામાં ગુજરાતનો 'એકાઉન્ટન્ટ જનરલ' હતો. રાજકોટમાં મારી ઑફિસ હતી. તમારા જ કોઈ સત્સંગી મને યોગીજી મહારાજનાં દર્શને ગોંડલ લઈ

ગયા હતા. ત્યાં યોગીજી મહારાજે મને આશીર્વાદ આપ્યા હતા ને જમાડ્યો હતો. યોગીજી મહારાજ એવા સંત હતા, જેમની પાસે કોઈ પણ ડિપ્રેશનવાળી વ્યક્તિ બે મિનિટ પણ રહે તો એકદમ ડિપ્રેશનમાંથી બહાર આવી જાય.'

સ્વામીશ્રી ગુરુમહિમાનું શ્રવણ કરીને ખૂબ જ પ્રસન્ન થયા. ત્યારબાદ અક્ષરધામની મુલાકાત કેવો ચમત્કાર સર્જે છે, એવા કેટલાક પ્રસંગોની વાત તેમણે રજૂ કરી. સ્વામીશ્રીએ રાજી થઈને કહ્યું : 'તમે બધા સારી સેવા કરો છો. મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ બહુ રાજી છે.'

નારાયણચરણદાસ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું : 'અક્ષરધામ કોણે કર્યું ?'

સ્વામીશ્રી કહે : 'બધું ભગવાન અને જોગી મહારાજની દયાથી થાય છે.'

•

તા. ૭-૯-૨૦૧૪, સારંગપુર

૧૨:૧૨ વાગે ભોજન કરવા બિરાજ્યા. કૃષ્ણવલ્લભદાસ સ્વામી ખીચડી ને દહીં લઈ આવ્યા. સ્વામીશ્રી તે જોઈને કહે : 'બે ચમચી જમવું, તેમાં દાખડો (બનાવનારને) કેટલો બધો કરવો પડે !'

પોતાને માટે કોઈ સહેજ પણ કષ્ટ વેઠે તેવું સ્વામીશ્રી કદી ઇચ્છતા નથી. જ્યારે પણ તેઓને એવું જણાય છે ત્યારે તેનો ખેદ વ્યક્ત કરીને એક પ્રકારની સંકોચની લાગણી અનુભવે છે. સ્વામીશ્રીના હૃદયની ઋજુતાને જાણતા સેવક સંતોથી એ વાત અજાણી રહેતી નથી.

કૃષ્ણવલ્લભદાસ સ્વામી કહે : 'આપ બે ચમચી જમો એમાં પણ અમારો દાખડો સાર્થક થયો કહેવાય. અરે ! કંઈ ન જમો ને દૃષ્ટિ-પ્રસાદીનું કરો તોય આનંદ થાય. પણ આપ થોડું થોડું જમવાનું ચાલુ રાખો તો વધુ આનંદ થાય.'

સ્વામીશ્રી ખીચડી-દહીંનો પ્રથમ ગ્રાસ જમ્યા. થોડી વારે ગરમ પૂડો આવ્યો. કૃષ્ણવલ્લભદાસ સ્વામીએ તેના વચ્ચેના પોચા ભાગમાંથી નાનો ટુકડો કાપી સ્વામીશ્રીના હાથમાં આપ્યો. સ્વામીશ્રીએ તે અંગીકાર કર્યો. સ્વામીશ્રી કોળિયો ચાવી રહ્યા હતા, તે જોઈને યોગવિવેકદાસ સ્વામીએ પૂછ્યું : 'કેવું લાગ્યું ? મીઠું ઓછું છે કે વધુ છે ? કેવું છે ?'

સ્વામીશ્રી કહે : 'બધું સારું છે.'

કૃષ્ણવલ્લભદાસ સ્વામી હસવા લાગ્યા ને તેઓને યોગવિવેકદાસ સ્વામીને કહે : 'બાપાએ અત્યાર સુધી કીધું નથી ને હવે શું કહેવું ? કેમ ?' એમ કહી સ્વામીશ્રી સામું જોયું.

સ્વામીશ્રીએ નેત્રની સાને કરીને એમની વાતમાં સાક્ષી ભરી.

કૃષ્ણવલ્લભદાસ સ્વામી કોળિયો આપવા ગયા. સ્વામીશ્રી ના પાડતાં કહે : 'બધાને આપો.'

નારાયણચરણદાસ સ્વામી હસતાં હસતાં સ્વામીશ્રીને કહે : 'એમને (યોગવિવેકદાસ સ્વામીને) આપશું તો એક કોળિયામાં આખો પૂડો જમી જશે.'

સ્વામીશ્રી કહે : 'ભગવાનની દયા કહેવાય.'

ધીમે ધીમે સ્વામીશ્રી નાના પાંચ કોળિયા ખીચડી-દહીં અને પાંચ કોળિયા પૂડાના જમ્યા. સંતો તે જોઈને ઘણા રાજી થયા. સ્વામીશ્રીએ ઉપસ્થિત સૌને પૂડાનો પ્રસાદ અપાવ્યો. થોડી વારે ફરી કહે : 'બધાને આપો.' એમ બીજી વાર પ્રસાદ અપાવ્યો.

•

તા. ૧૦-૯-૨૦૧૪, સારંગપુર

સવારે સ્નાનાદિક નિત્યકર્મથી પરવાર્યા પછી સ્વામીશ્રી કાચની બેઠકરૂમમાં પૂર્વાભિમુખે પૂજા કરવા બિરાજ્યા. પૂજા પછી હાથ જોડીને ઉપસ્થિત સૌને જય સ્વામિનારાયણ કહ્યા. માઈક પરથી *'હૈયાનાં હેત ન ભુલાય...'* એ કીર્તન વાગતું હતું. સ્વામીશ્રી હળવે હાથે તાલી પાડતાં યોગીસ્મરણમાં તલ્લીન થયા. સંતો પણ સ્વામીશ્રીની સાથે તાળી પાડતાં ધીમા સ્વરે કીર્તનમાં પોતાનો સૂર પુરાવતા હતા.

કીર્તન પૂરું થયું એટલે નારાયણચરણદાસ સ્વામીએ પૂછ્યું : 'સભામાં જવું છે ? બહાર બધા રાહ જુએ છે.'

'કોની ?' સહજ સ્વરે સ્વામીશ્રીએ પૂછ્યું.

મેં કહ્યું : 'આપની રાહ જુએ છે.'

સ્વામીશ્રી મારી સામું જોઈ મસ્તક હલાવીને ના કહેવા લાગ્યા.

મેં કહ્યું : 'આપના માટે જ બધા આવ્યા છે. આપનાં દર્શન કરવા.'

ફરી નકારમાં મસ્તક હલાવીને સ્વામીશ્રી પોતાની

સામે ઊભેલા સંતો તરફ જમણા હાથની પહેલી આંગળી ફેરવતાં સંજ્ઞાથી 'આ બધા માટે આવ્યા છે' એમ જણાવવા લાગ્યા.

મેં કહ્યું : 'અમે બધા તો આંટા મારીએ છીએ. કોઈ પૂછતું નથી. આપને માટે બધા આવે છે.'

સ્વામીશ્રી કંઈ ન બોલ્યા, પરંતુ મુખના ભાવ તેમાં અસંમતિ સૂચવતા હતા. પોતા વિશેનો અકિંચનભાવ અને સંબંધવાળાના મહિમાની અડગતા હૃદયસ્પર્શી લાગ્યાં.

•

રાત્રે ૮:૦૭ વાગે સ્વામીશ્રી પોતાના નિવાસમાં પધાર્યા. હરિભક્તોની વસ્તુઓ પ્રસાદીની કરી. બ્રહ્મતીર્થદાસ સ્વામી સ્વામીશ્રીની પાસે આવ્યા. તેઓએ જણાવ્યું કે શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિપર્વ નિમિત્તે આવતી કાલ સવારથી દૂધપાક બનાવવાનું શરૂ કરવામાં આવશે. સ્વામીશ્રીએ તેમાં પધરાવવાનાં પુષ્પો પ્રસાદીનાં કરી આપ્યાં. બ્રહ્મતીર્થદાસ સ્વામીએ ખૂબ વિશાળ પાયે થનાર દૂધપાકની રસોઈની વિગતો આપી.

સ્વામીશ્રીએ પૂછ્યું : 'ક્યાં બનાવશે ?'

તેઓ કહે : 'અહીં મંદિરમાં જ બનાવશે. પછી ઠંડો કરવા બરફની ફેક્ટરીમાં લઈ જશે. આપની દયાથી દર વરસે એટલો સરસ બને છે કે સૌ રાજી થાય છે.' તેઓએ ત્યારબાદ દૂધપાક કઈ રીતે બનાવવામાં આવે છે તેની રીત જણાવતાં કહ્યું : 'ઊકળતા દૂધમાં ચોખા ચડી જાય પછી ખાંડ નખાય.'

યોગવિવેકદાસ સ્વામીએ ઠાવકાઈથી પૂછ્યું : 'પછી મીઠું ક્યારે નાખવાનું ?'

સ્વામીશ્રી તે સાંભળીને હસી પડ્યા. પછી તો સંતોએ રસોઈ કરવામાં આવા છબરડા વાળ્યા હોય તેની ગમ્મતસભર સ્મૃતિઓ વાગોળી.

હાસ્યરસની છોળો વચ્ચે વિવેકસાગરદાસ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું : 'આપના સમયમાં કોઈને આવું કંઈ થયું હતું ?'

સ્વામીશ્રીને યાદ આવી જતાં કહે : 'હા, થયો હતો.'

જમવાનું પૂછવામાં આવતાં શરૂઆતમાં ના પાડી પછી સંતોએ વિનંતી કરી તેને માન આપીને હા કહી.

કાચની રૂમમાં ભોજનની પૂર્વતૈયારી ચાલતી હતી. તે દરમ્યાન યોગવિવેકદાસ સ્વામી સ્વામીશ્રી પાસે બોલાવડાવતા હતા : 'બાપા ! બોલો જય સ્વામિનારાયણ.'

'જય સ્વામિનારાયણ.'

'How are you ?' જવાબમાં સ્વામીશ્રીએ પણ તેમ પૂછ્યું.

તેઓ કહે : 'fine.'

સ્વામીશ્રી કહે : 'fine.'

તેઓએ કહ્યું : 'બેસ્ટમાં બેસ્ટ... ટોપમાં ટોપ... ભૂપના ભૂપ, નારાયણસ્વરૂપ...'

તરત સ્વામીશ્રી કહે : 'આવી શું કરવા વાત કરવી ?'

સ્વામીશ્રી આગળનું બધું તેઓએ કહ્યું તેમ બોલ્યા પણ જ્યારે પોતાની વાત આવી ત્યારે ન બોલ્યા. સરળતા નમ્રતામાંથી વહેતી સરિતા છે, અહંનો ખડક આવે ત્યાં એ દિશા બદલી નાખે છે.

•

૮:૨૬ વાગે કૃષ્ણવલ્લભદાસ સ્વામી ખીચડી-દહીં અને ગરમ પૂડો લઈને આવ્યા. સ્વામીશ્રી પ્રથમ ગ્રાસ ખીચડીનો જમ્યા. તે પછી પૂડાનો નાનો ટુકડો જમ્યા. થોડી વાર ચાવ્યો. તે પછી ખીચડી-દહીંનો ગ્રાસ પુનઃ ગ્રહણ કર્યો. સામે બેઠેલા સંતોનો નિર્દેશ કરીને સેવકોને કહે : 'બધાને પ્રસાદ આપો.' બધાને પૂડાનો પ્રસાદ અપાયો. સ્વામીશ્રી તે એકધારું જોતા હતા. પછી ફરી જાતે જ એક ચમચી મુખમાં મૂકીને ખીચડી-દહીં જમ્યા.

કૃષ્ણવલ્લભદાસ સ્વામી કહે : 'ખીચડીમાં મગ અને તુવેરની દાળ મિક્સ છે.'

સ્વામીશ્રી કહે : 'એમ ?!'

કૃષ્ણવલ્લભદાસ સ્વામીએ પૂછ્યું : 'કઢી જમવી છે ? સરસ છે.'

સ્વામીશ્રી કંઈ ન બોલ્યા તેથી તેઓએ ગરમ પૂડલાનો નાનો ટુકડો સ્વામીશ્રીના હાથમાં આપ્યો. સ્વામીશ્રી સ્વહસ્તે મુખમાં મૂકીને જમ્યા. થોડી વાર ચાવ્યા પછી ટિસ્યૂપેપરથી જાતે જ મુખ લૂછ્યું.

ખીચડી-કઢીની એક ચમચી જમ્યા. તે દરમ્યાન રૂમમાં વિવેકસાગરદાસ સ્વામી, ઘનશ્યામચરણદાસ સ્વામી અને ધર્મચરણદાસ સ્વામી આવ્યા. સ્વામીશ્રીએ તેમના તરફ દૃષ્ટિ કરી. તેમાં તેઓને પ્રસાદ આપવાની મરજી વ્યક્ત થતી હતી. સંતોએ સમજીને તરત તેઓને પ્રસાદ આપ્યો. સ્વામીશ્રીએ દરેક સંત પર એક નજર કરીને તેઓને પ્રસાદ મળી ગયો છે કે નહીં તે ચકાસી લીધું. દરેકના હાથમાં પ્રસાદ જમ્યા પછી ટિસ્યૂપેપર હતું

તે સ્વામીશ્રીને બતાવતા ગયા. સ્વામીશ્રીને સંતોષ થયો.

કૃષ્ણવલ્લભદાસ સ્વામી ખીચડી-કઢીની ચમચી ધરીને હાથમાં આપવા ગયા. સ્વામીશ્રી ના પાડવા લાગ્યા. તેઓ કહે : 'ખીચડી-કઢી સરસ છે. જમો.'

સ્વામીશ્રી સહેજ મોઢું કટાણું કરતાં કહે : 'જે હોય તે. મારે નથી જમવું.'

કૃષ્ણવલ્લભદાસ સ્વામી વીનવવા લાગ્યા : 'આટલું લઈ લો.'

સ્વામીશ્રી અણગમા સાથે કહે : 'ના રે ના.'

કૃષ્ણવલ્લભદાસ સ્વામી ચમચી ભરીને સ્વામીશ્રીને આપવા ગયા. સ્વામીશ્રી તે હાથમાં લેવા જતાં કહે : 'નહીં ફાવે.'

'ફાવશે.' એમ કહી તેઓએ સ્વામીશ્રીના હાથમાં ચમચી પકડવામાં મદદ કરી. સ્વામીશ્રી ચમચી વ્યવસ્થિત પકડીને જાતે ગ્રાસ મુખમાં મૂક્યો. સૌ રાજી થયા.

નારાયણચરણદાસ સ્વામીએ બદામપૂરીનો વાડકો ધર્યો. સ્વામીશ્રી લેવાની ના પાડવા લાગ્યા. પછી હાથનો નિર્દેશ કરીને કહે : 'બધાને આપો.' બધાને બદામપૂરીનો પ્રસાદ અપાયો. સ્વામીશ્રીએ ચળું કરી જળપાન કર્યું.

'મજા આવી ?'

'શાની મજા ?'

'ભોજનની. ભોજન કર્યું કે પ્રસાદ જમ્યા ?' નારાયણચરણદાસ સ્વામીએ પૂછ્યું.

સ્વામીશ્રી કહે : 'પ્રસાદ જમ્યા.'

યોગવિવેકદાસ સ્વામીએ પૂછ્યું : 'મુખવાસ લેવો છે ?'

સ્વામીશ્રીએ નકારમાં મસ્તક હલાવ્યું.

વિવેકસાગરદાસ સ્વામી કહે : 'યોગીજી મહારાજ જમ્યા પછી મુખવાસમાં કોળાનાં બિયાં લેતા.'

નારાયણચરણદાસ સ્વામી કહે : 'સ્વામીબાપા પણ લેતા. જમ્યા પછી સ્વામીશ્રીના હાથમાં કોળાનાં બિયાં હોય. બે બે દાણા જમતા જાય. રસ્તામાં કોઈ મળે તો એમને પણ થોડા દાણા પ્રસાદીના આપતા જાય. પછી સળી વડે દાંત ખોતરતા.'

તેઓ વાત કરતાં કરતાં સ્વામીશ્રીના ગાતરિયા ઉપર વીંટેલું નાનું ભગવા રંગનું કપડું ખંખેરતાં કહે : 'આમાંથી કંઈક (બદામપૂરીનો ભૂકો) ખર્યું છે. એમાંથી વૈષ્ણવ થશે ?'

સ્વામીશ્રી કહે : 'થશે થશે.'

નારાયણચરણદાસ સ્વામી કહે : 'ચાલો બાપા ! હવે સભા બરખાસ્ત કરીએ.'

સ્વામીશ્રી કહે : 'ના.'

સૌ હસી પડ્યા.

બે સાધકો વીડિયોગ્રાફી-ફોટોગ્રાફી કરતા હતા. તેમને માટે કહે : 'આ બેને પ્રસાદ આપ્યો ?' સંતોએ તથા સાધકોએ હા કહી, એટલે સંતોષ થયો.

સ્વામીશ્રીના જૂના વિચરણની વાતો નીકળી. ગમે તે સમયે, ગમે તે વાહનમાં સ્વામીશ્રીએ અવિરત પધરામણીઓ અને ગ્રામ્યવિચરણ કર્યું છે, તેના અસંખ્ય પ્રસંગો આ પ્રત્યક્ષદર્શી સંતોએ એક પછી એક કહીને, સ્વામીશ્રીએ હરિભક્તોને સુખ આપવા કેવો અસહ્ય ભીડો વેઠેલો છે તેની સ્મૃતિ કરી. સ્વામીશ્રી શાંતચિત્તે બધું સાંભળી રહ્યા હતા. ક્યારેક દૃષ્ટિ સ્થિર કરીને એક જ જગ્યાએ જોઈ રહેતા હતા. જાણે તે તે પ્રસંગો પોતાના સ્મૃતિપટલ પર તરવરવા લાગ્યા હોય તે નિહાળી ન રહ્યા હોય !

'આપે ગાડીને ધક્કો માર્યો હતો નહીં ? કેટલી ગાડીઓને ?'

સ્વામીશ્રી કહે : 'બહુ ગાડીઓને.'

સ્વામીશ્રીના પૂર્વવિચરણની વિભાવના કરવા બેસતાં આવું એકાદું એમનું વાક્ય આપણને બોલતાં બંધ કરી દે. આપણે થોડું જાણતા હોઈએ, જ્યારે એવી અસંખ્ય વણકહી વાતો હશે જે સ્વામીશ્રીએ કદાપિ કોઈને કહી નહીં હોય ! ખરેખર, એમના કોઈ પણ ગુણની ગરિમાને ગાવા માટે માનવમતિ બહુ વામણી પડી જાય.

•

તા. ૧૧-૯-૨૦૧૪, સારંગપુર

પૂજા પછી સીધા જ સંત-રસોડામાં થઈને પાછળ હરિભક્તોની ભોજનશાળામાં પધાર્યા. દર વર્ષે દૂધપાક અહીં બનાવવામાં આવે છે. સ્વામીશ્રી પધાર્યા ત્યારે સંતો સાથે સેવામાં જોડાયેલા સ્વયંસેવકો શિસ્તબદ્ધ બેસી ગયા હતા. સ્વામીશ્રીએ પ્રથમ તેમના ઉપર દૃષ્ટિ કરી. ત્યારબાદ આગળ વધ્યા. છ-છની બે હરોળમાં સ્ટીલના મોટાં મોટાં બાર તપેલાં ચૂલે ચઢ્યાં હતાં. દરેક તપેલા આગળ ઊંચા સ્ટેન્ડ પર ઊભા રહીને બે બે સંતો મોટા તવેથા વડે સતત દૂધપાક હલાવતા હતા. ચૂલાની ગરમી

અને સતત પરિશ્રમથી બધાનાં શરીર પરસેવાથી રેબઝેબ થઈ ગયાં હતાં.

સ્વામીશ્રી પ્રથમ ચૂલા પાસે આવ્યા, જેના પર ઠાકોરજી ને સંતો માટેનો દૂધપાક બનતો હતો. સ્વામીશ્રીના હાથમાં તવેથો આપવામાં આવ્યો. સ્વામીશ્રીએ કુશળ પાકશાસ્ત્રીની જેમ દૂધપાક હલાવ્યો. તે પછી મોટા ચમચા વડે ગુલાબનાં પ્રાસાદિક પુષ્પો તેમાં પધરાવ્યાં. પાણીમાં કેસર ઘોળેલો મોટો ચમચ સ્વામીશ્રીને ધરવામાં આવ્યો. સ્વામીશ્રીએ તે કેસરજળ દૂધપાકના તપેલામાં પધરાવ્યું.

અહીંથી બ્રહ્મતીર્થદાસ સ્વામી, ઘનશ્યામપ્રસાદદાસ સ્વામી તથા ભંડારી યોગીચિંતનદાસ સ્વામીએ સ્વામીશ્રી સાથે દરેક ચૂલા પાસેથી પસાર થઈને સમગ્ર વ્યવસ્થા સ્વામીશ્રીને સમજાવી. બહાર કૉલ્ડ સ્ટોરેજ વાન ઊભી હતી, જેમાં ઠરેલા દૂધપાકનાં કેન ભરીને આઇસ ફેક્ટરીમાં લઈ જવાનાં હતાં તે તૈયારી સ્વામીશ્રીને બતાવી.

સ્વામીશ્રી સંતોનો દાખડો અને ભક્તિભાવ જોઈને ખૂબ રાજી થયા.

ત્યારબાદ રસોડામાં ભાત રંધાતો હતો તે દૂરથી નિહાળ્યું. રસોઇયાઓ તથા તેમના મદદનીશોને દૃષ્ટિ દ્વારા આશિષ આપ્યા. અહીંથી સંતોના ચોકામાં થઈને ૮:૫૭ વાગે પાછા પોતાના નિવાસમાં પધાર્યા.

•

રાત્રે હરિભક્તોને દર્શન આપ્યાં પછી પોતાના નિવાસમાં સંતો સાથે હળવી વાતો ચાલતી હતી. તેમાં વિવેકસાગરદાસ સ્વામીએ પૂછ્યું : 'શાસ્ત્રીજી મહારાજનું શ્રાદ્ધ અહીં સારંગપુરમાં યોગીજી મહારાજના વખતથી ઊજવાતું આવ્યું છે?'

સ્વામીશ્રીએ હા કહી.

ઘનશ્યામચરણદાસ સ્વામી કહે : 'અહીં જળઝીલણી એકાદશી કર્યા પછી યોગીજી મહારાજ વિચરણમાં નીકળે. કંથારિયા વગેરે ગામોમાં ફરીને પાછા ચોથને દા'ડે અહીં આવી જાય.'

આ તરફનાં ગામોની વાત નીકળી એટલે વિવેક-સાગરદાસ સ્વામીએ પૂછ્યું : 'પાંદરીમાં કોણ હતા?'

ઘનશ્યામચરણદાસ સ્વામી કહે : 'દેવજીભાઈ અને રઘુભાઈ.'

સ્વામીશ્રી કહે : 'હા, બરાબર છે.'

વિવેકસાગરદાસ સ્વામી કહે : 'સ્વામી પણ કંથારિયા, અચારડા, ચચાણા, ભોયકા, લીંબડી વગેરે ગામોમાં બહુ ફર્યા છે.' પછી તેમણે કેટલાક પ્રસંગો પણ કહ્યા. સ્વામીશ્રી તેઓની વાત રસપૂર્વક સાંભળતા હતા. જાણે તે અતીતમાં સરી પડ્યા ન હોય!

'મોજીદડના ભાઈચંદભાઈ તમને હિસાબ શિખવાડતા.' તરત સ્વામીશ્રી લખવાની ચેષ્ટા કરીને કહે : 'મહેતાજી હતા.'

'તમને રસ નહોતો એટલે ભૂલ પડે તો ખિજાતા, કેમ?'

સ્વામીશ્રી કહે : 'હા, ખિજાતા.'

જ્ઞાનેશ્વરદાસ સ્વામી એક હરિભક્તની બે માળાઓ પ્રસાદીની કરાવવા લાવ્યા. તેમણે સ્વામીશ્રીના હાથમાં આપી, તો તરત સ્વામીશ્રી એક સાથે બબ્બે માળાઓ ઝડપથી ફેરવવા લાગ્યા. સંતોએ હાથમાંથી માળાઓ પાછી ન માંગી લીધી ત્યાં સુધી એ રીતે ફેરવ્યે રાખી. જાણે ભજનની કમાણી કેમ જલદી ને ઝાઝી થાય તેવી પ્રેરણા એ ચરિત્ર દ્વારા આપતા ન હોય!

•

રાત્રે ૧૦:૭ વાગે શયનકક્ષમાંથી સંતોને દર્શન આપ્યાં. જુદાં જુદાં મંદિરોમાંથી આવેલા સંતોને પોતાના સ્થાને ઊભા કરવામાં આવ્યા. સ્વામીશ્રીએ તેમના ઉપર દૃષ્ટિ કરી. તે પછી *'હાલો જુવાનડા હરિવર વરવા હેલો પડ્યો'..., 'સ્વામીની સેનામાં આવજો રે...'* વગેરે ત્યાગની ખુમારી ચઢાવે તેવાં કીર્તનો રેલાવા લાગ્યાં. સ્વામીશ્રી પણ કરલટકાં કરતાં સંતોને પ્રોત્સાહિત કરતા હતા. તેવામાં ડૉક્ટર સ્વામી આવ્યા. તેઓ સ્વામીશ્રીને પગે લાગ્યા. સ્વામીશ્રીએ સ્મિત રેલાવી, હાથ લંબાવીને પૂછ્યું : 'ક્યાંથી આવ્યા?'

તેઓ કહે : 'ભાવનગરથી.'

નારાયણચરણદાસ સ્વામી કહે : 'આવતી કાલના ઉત્સવ માટે આવ્યા છે.'

સ્વામીશ્રી કહે : 'સારું સારું બધાને લાભ મળશે.'

પછી સંતો ઉપર દૃષ્ટિ ફેરવતાં સુખ આપવા લાગ્યા.

નારાયણચરણદાસ સ્વામી કહે : 'બધાને જય સ્વામિનારાયણ કહી દેવા છે?'

સ્વામીશ્રી કહે : 'ડૉક્ટર સ્વામી પાંચ મિનિટ બોલે.'

સ્વામીશ્રીની મરજી સમજીને ડૉક્ટર સ્વામીને માઇક ધરવામાં આવ્યું. તેઓ શરૂ કરે તે પહેલાં સંતોએ

સ્વામીશ્રીને કહ્યું : 'આપ જ જાહેરાત કરો ને કે હવે ડૉક્ટર સ્વામી લાભ આપશે !'

સ્વામીશ્રીને માઇક ધરવામાં આવ્યું. સ્વામીશ્રી કહે : 'જય સ્વામિનારાયણ. ડૉક્ટર સ્વામી પધાર્યા. યોગીજી મહારાજના આશીર્વાદથી ગામડે ગામડે ફરે છે. લાભ બધાને મળશે. મોટાં ભાગ્ય હોય એને લાભ મળે.'

તે પછી ડૉક્ટર સ્વામી પાંચ મિનિટ બોલ્યા, જેમાં તેમણે પ્રેરક વાતો કરી.

ત્યારબાદ સંતોએ સ્વામીશ્રીને પૂછ્યું : 'ડૉક્ટર સ્વામી બોલ્યા એમાં આપે પુષ્ટિ આપવી છે ?'

સ્વામીશ્રી કહે : 'હા, લાવો વાત કરીએ.'

માઇક ગોઠવાયું એટલે સંતોને પ્રથમ મોટેથી 'જય સ્વામિનારાયણ' કહ્યા. પછી કહે :

'ડૉક્ટર સ્વામી અહીં પધાર્યા છે. તેમનું જ્ઞાન આપણને આપ્યું... જુદા જુદા મંત્રો છે, પણ આપણે એક મંત્ર છે. એ મંત્ર (સ્વામિનારાયણનો) રાખીને કાર્ય કરવું... સારી રીતે સાધુતા રાખીને શાસ્ત્રીજી મહારાજ - જોગી મહારાજને રાજી કરવા. આપણું ધ્યેય એ હોવું જોઈએ. એ રાજી થાય એ પ્રમાણે વર્તવું. એ પ્રમાણે વાત કરવી. (ખોંખારો ખાધો)

'આપણે તો શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજને આનંદ થાય એવા થવું. જુદા જુદા મત પડે એ નહીં સારું. આપણે તો એક મત જ રાખવાનો. એ કરવા આવ્યા છીએ. જુદા જુદા મતથી કાર્ય ન થાય. માટે એક મત રાખવો.

'કથાવાર્તા ચાલે છે તેનાથી જ સમાસ થાય. બધા કામ કરો છો પણ જીવમાં સિદ્ધાંત-મંત્ર રહેવો જોઈએ. અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન છે. શાસ્ત્રીજી મહારાજ - જોગી મહારાજે જ્ઞાન આપ્યું છે તે સાચું છે. આપણે કથા-વાર્તા-ભજન કરવાં.

'આપણે એ એક મંત્ર રાખીને, સંપ રાખીને કામ કરવાનું, તો સમાસ થશે. માટે મહારાજને રાજી કરવા. શાસ્ત્રીજી મહારાજ - જોગી મહારાજે એવું અદ્‌ભુત જ્ઞાન આપ્યું છે. શાસ્ત્રીજી મહારાજ - જોગી મહારાજને આપણે રાજી કરી શકીએ. બધાને આશીર્વાદ છે.

'ધ્યેય એક જ રાખવો. જુદા જુદા મત નથી. આપણો એક જ મત છે. એ ધ્યેય રાખીને કાર્ય કરીશું તો સુખી થવાશે. જોગી મહારાજ રાજી થશે. જય સ્વામિનારાયણ બધાને. આશીર્વાદ છે.'

વિવેકસાગરદાસ સ્વામીએ ત્યારબાદ સ્વામીશ્રીએ કહેલી વાતનો સારાંશ સંતોને જણાવ્યો. સૌએ સ્વામીશ્રીનો સંદેશો તાળીઓના ગડગડાટથી વધાવી લીધો. ત્યારબાદ સભાની પૂર્ણાહુતિ કરતાં 'શ્રીપતિમ્ શ્રીધરમ્...' શ્લોક સૌ સમૂહમાં બોલ્યા.

વિવેકસાગરદાસ સ્વામી કહે : 'પ્રવચન બહુ સારું કર્યું. કેટલા વખત પછી આટલું બોલ્યા ! આપણું અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન સાચું છે ને ?'

'હા.' સ્વામીશ્રી બોલ્યા.

વિવેકસાગરદાસ સ્વામી કહે : 'મત એક અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન, મંત્ર એક સ્વામિનારાયણ અને ધ્યેય એક – બધાએ બ્રહ્મરૂપ થવાનું છે.'

સ્વામીશ્રી કહે : 'બરાબર છે. બધાએ બ્રહ્મરૂપ થવાનું છે. અહીં આવ્યા છીએ ને સાધુ થયા છીએ, તો આપણું ધ્યેય અને મંત્ર... (સિદ્ધ કરવો.)'

'મંત્ર કયો ?'

'સ્વામિનારાયણ.'

'બ્રહ્મરૂપ કેમ થવાય ?'

'ગુરુ રાજી થાય તો.' સ્વામીશ્રીએ કહ્યું.

'ગુરુ રાજી કેમ થાય ? આમ ગલીપચી કરીએ તો રાજી થાય ?'

'ના, ના.' સ્વામીશ્રી હસવા લાગ્યા.

'તો કેવી રીતે રાજી કરવા ?'

'કહે તેમ કરવાનું.' સ્વામીશ્રીએ ઉત્તર આપ્યો.

વિવેકસાગરદાસ સ્વામી કહે : 'આપે અદ્‌ભુત વાત કરી.'

સ્વામીશ્રી કહે : 'હા. મુદ્દાની.' પછી કહે : 'ડૉક્ટર સ્વામીએ વાત કરી એ પ્રમાણે રહેવાનું.'

પછી સ્વામીશ્રીએ બધાને જય સ્વામિનારાયણ કહ્યા.

નારાયણચરણદાસ સ્વામી કહે : 'જોગી મહારાજ કહેતા એમ કહી દો – *હાલો હુઈ જઈએ.*'

સ્વામીશ્રી તે સાંભળીને હસી પડ્યા ને કહે : 'જોગી મહારાજ એમ કહેતા - *હાલો હુઈ જઈએ.*' પછી ફરી કહે : 'એક મંત્ર રાખીને કામ કરવું ને જ્ઞાન (અક્ષરપુરુષોત્તમનું) તો સમાસ થશે. શાસ્ત્રીજી મહારાજ - જોગી મહારાજ રાજી થશે. એને જ રાજી કરવા આવ્યા છીએ. એનું જ જ્ઞાન ને એની જ વાત. જોગી મહારાજનો આદેશ છે –

કથાવાર્તા. શાસ્ત્રીજી મહારાજ - જોગી મહારાજનો મત છે તે પ્રમાણે કરવું.'

પોતાના વહાલસોયા માનસપુત્રોને માતાની મમતાથી મત, મંત્ર ને ધ્યેયની દૃઢતા કરાવતાં બોધવચનો કહીને ૧૧:૦૫ વાગે સ્વામીશ્રી આરામ માટે સજ્જ થયા.

•

તા. ૧૩-૯-૨૦૧૪, સારંગપુર

૮:૫૩ વાગે સ્વામીશ્રી ભોજન કરવા બિરાજ્યા. ગરમ ગરમ પૂડાનો નાનો ટુકડો મુખમાં મૂકીને ભોજનનો આરંભ કર્યો. થાળમાં પૂડા સાથે ખાંડવી પણ હતી. સ્વામીશ્રી થોડું થોડું અંગીકાર કરતા હતા. થોડી વાર પછી સૌને પ્રસાદ અપાવ્યો.

સ્વામીશ્રી જમ્યા પછી જળપાન કરતા હતા, તે વખતે હરિપ્રકાશદાસ સ્વામી આવ્યા. તેઓને ખબર પડી કે સ્વામીશ્રીએ સૌને પ્રસાદ આપ્યો, એટલે કહે : 'હું તો બાકી છું.'

સ્વામીશ્રીએ કૃષ્ણવલ્લભદાસ સ્વામીને ઈશારાથી તેમને પ્રસાદ આપવા કહ્યું. તેઓએ પૂડાનો ટુકડો આપ્યો. હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'નાનું આપ્યું.'

સ્વામીશ્રી તરત કહે : 'ભાગ્યશાળી હોય તો મળે.'

ગમ્મતની વાતમાં પણ સ્વામીશ્રીએ જણાવી દીધું કે પ્રસાદ થોડો મળે તોપણ મહિમા સમજીને લેવો જોઈએ. પ્રગટ ભગવાન ને સંતની પ્રસાદી મળવી મહા-દુર્લભ છે.

એક હરિભક્તને આપવાનાં બે પુસ્તકો ઉપર સ્વામીશ્રીએ લાલ પેનથી લીટા કરી આપ્યા. તે જોઈને કૃષ્ણવલ્લભદાસ સ્વામી કહે : 'સહી સારી કરી આપી.'

સ્વામીશ્રી મરમાળું હસ્યા. સ્વામીશ્રીના પત્રલેખન પ્રવૃત્તિના સાક્ષી વિવેકસાગરદાસ સ્વામી જરા પણ નવાઈ પામ્યા વિના કહે : 'એમાં શું ! સાડા સાત લાખ પત્રો આપે લખી કાઢ્યા, આ હાથથી.'

સ્વામીશ્રીએ તેમની સામું જોઈને હળવેથી મસ્તક હલાવ્યું. તે સમયે મુખના ભાવમાં વિનમ્રતા જ ઊભરાતી જોવા મળી.

•

તા. ૧૪-૯-૨૦૧૪, સારંગપુર

થોડી વાર પહેલા યોગવિવેકદાસ સ્વામીએ રજૂ કરેલી યોગીજી મહારાજની બોધકથા – *'અંધારું કાઢ્યું...'* વિષયક ચર્ચા કરી.

સ્વામીશ્રી તેમને કહે : 'એ અહંકાર અંધારું છે.'

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'બાપા ! 'એ અંધારું ક્યારે નીકળશે ?'

સ્વામીશ્રી કહે : 'સંતનો સમાગમ કરે ત્યારે.'

'કેવા સંતનો સમાગમ કરવાનો ?'

સ્વામીશ્રી કહે : 'સારા સંતનો.'

પછી હરિપ્રકાશદાસ સ્વામી અને યોગવિવેકદાસ સ્વામીને કહે : 'એકબીજાને પગે લાગી લો એટલે અહં જાય.'

તરત તેઓ બંને એકબીજાને પગે લાગ્યા ને સ્વામીશ્રી સામું જોઈને પૂછવા લાગ્યા : 'હવે ગયું અહં ?'

યોગવિવેકદાસ સ્વામી કહે : 'આનું ગયું કે મારું ?'

સ્વામીશ્રી કહે : 'બેયનું.'

નારાયણચરણદાસ સ્વામીએ પૂછ્યું : 'બાપા ! હવે શું કરવું છે ?'

તત્ક્ષણ સ્વામીશ્રી કહે : 'ભજન.'

'ભોજન ?...' હરિપ્રકાશદાસ સ્વામી જાણીને બોલ્યા.

મેં કહ્યું : 'ભજન કરીએ તો ભોજન મળે.'

હરિપ્રકાશદાસ સ્વામીએ પૂછ્યું : 'એવું ખરું છે બાપા ?'

સ્વામીશ્રીએ હકારમાં મસ્તક હલાવ્યું. એટલે બંને જણા નીચે પલાંઠી વાળીને બેસી ગયા. આંખ બંધ કરીને માળા કરવા લાગ્યા. સ્વામીશ્રી તે જોઈને મંદ મંદ હસવા લાગ્યા. થોડી વાર પછી બંને માળા આંગળી પર ઘુમાવવા લાગ્યા. સ્વામીશ્રી કહે : 'આવું નહીં.' પછી ફરી પોતે માળા ફેરવીને, કેવી રીતે જાપ કરવો તે કરી બતાવ્યું.

હરિપ્રકાશદાસ સ્વામીએ પૂછ્યું : 'પણ આપણે માળા કોની કરવાની ?'

સ્વામીશ્રી કહે : 'સ્વામિનારાયણની.'

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'નિષ્ઠા કોની રાખવાની ?'

સ્વામીશ્રી કહે : 'શ્રીજીમહારાજની.'

આમ, સ્વામીશ્રીએ પતિવ્રતાની ભક્તિ એક ઇષ્ટદેવ શ્રીજીમહારાજ પ્રત્યેની રાખવી એવો નિર્દેશ કર્યો.

•

તા. ૧૫-૯-૨૦૧૪, સારંગપુર

સવારે પૂજા પછી સંતોને જય સ્વામિનારાયણ કર્યા.

યોગવિવેકદાસ સ્વામીએ પૂછ્યું : 'અત્યારે બાપા! નાસ્તો-બાસ્તો કરવો છે?'

સ્વામીશ્રી કહે : 'બાસ્તો નથી કરવો.'

વિવેકસાગરદાસ સ્વામી કહે : 'આ તો વચનથી માત્ર બોલે છે, પણ બાકી એમને કંઈ બનાવતાં આવડતું નથી.'

સ્વામીશ્રી કહે : 'વચનથી પણ મોટી સેવા થઈ ગઈ.'

યોગ્ય વ્યક્તિને, યોગ્ય સમયે, યોગ્ય વચન કહેવાં, તે શિષ્ટાચાર પણ એક મોટી સેવા છે, તે સ્વામીશ્રીએ નાની વાતમાંથી પણ સમજાવી દીધું.

•

૯:૦૦ વાગે થાળ આવ્યો. સંતોએ ભોજન પૂર્વે ગવાતા શ્લોકનું સમૂહસ્વરમાં ગાન કર્યું. સ્વામીશ્રી ખીચડી-કઢી, પૂડા, સૂપ વગેરે અત્યંત અલ્પ માત્રામાં ગ્રહણ કરી રહ્યા હતા. માઈક પરથી એક પછી એક થાળ વાગતા હતા. તેનું શ્રવણ કરતાં સંતો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને પ્રેમથી જમાડતા હતા.

સંતોને આપવાનો હાંડવો એક ડિશમાં સ્વામીશ્રી પાસે પ્રસાદીનો કરાવવા લાવવામાં આવ્યો. સ્વામીશ્રી તેમાંથી એક સાવ નાનો ટુકડો જમ્યા. સંતોને આપવાની કાજુકતરીમાંથી એક કાજુકતરી લઈને તાલબદ્ધ હલાવતાં સંતો ઉપર દૃષ્ટિ ફેરવવા લાગ્યા, જાણે સંતોને પ્રેમથી જમાડતા ન હોય! સ્વામીશ્રીએ ત્યારબાદ સંતોને આપવાનો દૂધપાક પણ પ્રસાદીનો કરી આપ્યો.

સ્વામીશ્રી જમવાની ના કહેતા હતા ત્યારે બહાર બેઠેલા સંતો એક સાથે સ્વામીશ્રીને એક કોળિયો જમવા વિનંતી કરવા લાગ્યા. સ્વામીશ્રી હાથના ઇશારે તેઓને 'તમે બધા જમો' એમ કહેવા લાગ્યા. સૌના પ્રેમાગ્રહથી એક ચમચી દૂધપાક જમ્યા.

પછી ચળું કરવા પાણીની પ્યાલી ટેબલ ઉપર પડી હતી તે જાતે હાથમાં ઝાલીને જળપાન કર્યું. એક ઘૂંટડો પીધા પછી પાછી ટેબલ પર મૂકી. થોડી વાર પછી ફરી ટેબલ ઉપર પડેલી પાણીની તે પ્યાલી ઉપાડવા ગયા, પરંતુ પ્યાલી ઢોળાઈ ગઈ. સ્વામીશ્રી હાથના ઇશારે 'મારાથી ઢોળાઈ ગયું' એમ કહેવા માગતા હોય તેવા મુખના ભાવ સાથે ખેદ વ્યક્ત કરવા લાગ્યા.

નારાયણચરણદાસ સ્વામી કહે : 'કંઈ વાંધો નહીં.' તેઓએ તરત સાફ કરી નાખ્યું. પછી પાણીની પ્યાલી સ્વામીશ્રીના હાથમાં આપી. સ્વામીશ્રીએ જળપાન કર્યું.

મુખ લૂછ્યા પછી ભગવું ટીસ્યુ-પેપર હાથમાં રાખીને સંતો તરફ ધરીને હલાવવા લાગ્યા. *'સ્વામીની સેનામાં આવજો રે...'* એ કીર્તન વાગતું હતું. સ્વામીશ્રી તેના શબ્દોને લક્ષ્યમાં રાખી, સંતો ઉપર દૃષ્ટિ કરતાં સાધુતાના માર્ગે ચાલવાની શૂરવીરતા પ્રદાન કરતા હતા.

છેલ્લે જાતે જ જય બોલાવીને આનંદ-ઉત્સવની પૂર્ણાહુતિ કરી.

•

તા. ૧૬-૯-૨૦૧૪, સારંગપુર

હરિભક્તોની વસ્તુઓ પ્રસાદીની થઈ ગયા પછી સ્વામીશ્રી ફ્રી થયા એટલે વિવેકસાગરદાસ સ્વામી કહે : 'હાલો જમી આવીએ.'

યોગવિવેકદાસ સ્વામી કહે : 'ના. પહેલાં સ્વામી-બાપા જમી લે, પછી બધા જમે.'

સ્વામીશ્રી તરત કહે : 'ના. પહેલાં બધા જમે પછી.' (અમે જમશું).

બધાને જમાડીને જમવાની ભાવના સ્વામીશ્રીની પરાપૂર્વથી ચાલી આવે છે. અત્યારે પણ તે સહજ વ્યક્ત થયેલી જોઈને સેવકો જૂના પ્રસંગોની સ્મૃતિ કરીને રાજી થયા.

૮:૪૫ વાગે સ્વામીશ્રી શયનકક્ષમાં ભોજન અર્થે તૈયાર થયા. સ્વામીશ્રીની આગળ ગોઠવેલા ટેબલ ઉપર સારંગપુર મંદિરની વાડીનાં લીલાંછમ કારેલાં એક ડિશમાં મૂકવામાં આવેલાં. સ્વામીશ્રીએ દૃષ્ટિપ્રસાદીનાં કર્યાં. પડદો ખૂલ્યો એ વખતે સ્વામીશ્રીએ એક કારેલું હાથમાં લઈને યોગવિવેકદાસ સ્વામીના મોઢામાં મૂક્યું. તેઓ મોઢું બગાડવા લાગ્યા. સ્વામીશ્રી તે જોઈને ખૂબ હસ્યા. સ્વામીશ્રીના ભોજન આરંભ પૂર્વે સંતોએ શ્લોકગાન કર્યું. ખાંડવીનો ટુકડો સ્વહસ્તે મુખમાં મૂકીને ભોજનનો આરંભ કર્યો. સંતો રાજી થયા.

એક ચમચી ખીચડી જમ્યા. તે પછી કાજુકતરીની નાની કણી લીધી. ગરમ પૂડો આવ્યો. તેમાંથી નાનો ટુકડો સ્વહસ્તે જમ્યા. બહાર સંતોના વિભાગમાં રામચરણદાસ સ્વામી બેઠા હતા તેમને માટે પ્રસાદ મોકલાવ્યો. પછી અંદર બેઠેલા વડીલ સંતોમાં વિવેકસાગરદાસ સ્વામીને આપવા કહ્યું. ડાબી તરફ મુખ ફેરવીને કહે : 'કોઠારીને આપો.' તેઓને પ્રસાદ અપાયો.

યોગવિવેકદાસ સ્વામી અડધું કારેલું ખાઈ ગયા. તેઓ ખાતાં ખાતાં મોઢું બગાડતા હતા, તે જોઈને સ્વામીશ્રી હસી પડતા હતા.

બહાર સંતોના સમૂહમાં આગળ બેઠેલા અમૃતમૂર્તિ સ્વામીને કારેલું આપવાનો સંતો આગ્રહ કરવા લાગ્યા. સ્વામીશ્રીને પૂછવામાં આવ્યું. સ્વામીશ્રીએ તરત હા કહી. નારાયણચરણદાસ સ્વામીએ કારેલાના બે ટુકડા કરીને સ્વામીશ્રીને બતાવતાં પૂછ્યું : 'કયો ટુકડો આપવો છે એને ?' સ્વામીશ્રીએ નાનો ટુકડો આપવા કહ્યું. તરત તેઓને તે પહોંચાડવામાં આવ્યો. કાચ આગળ આવીને તેઓ ખાવા લાગ્યા, પણ અત્યંત કડવું લાગ્યું હોય તેમ મોઢું બગાડવા લાગ્યા. સ્વામીશ્રી તે જોઈને હસવા લાગ્યા. પછી તો સંતોના પ્રેમાગ્રહને વશ થઈને ભંડારી યોગીચિંતનદાસ સ્વામી, ઘનશ્યામપ્રસાદદાસ સ્વામી, નિર્દોષસેવાદાસ સ્વામી ને ઉદ્ધવ ભગતને પણ પ્રસાદીના કારેલાના ટુકડા આપવામાં આવ્યા. તેઓના ચિત્ર-વિચિત્ર થતા મુખના ભાવ નિહાળીને સ્વામીશ્રી સહિત સૌ સંતો ખૂબ હસતા હતા. પછી પાંચેય સંતોને મિષ્ટાનનો પ્રસાદ અપાવીને મુખની કડવાશ દૂર કરી. આમ, 'કારેલાં ઉત્સવ' કરીને સૌને વિશિષ્ટ સ્મૃતિ આપી.

સ્વામીશ્રીએ ભોજન પૂરું કર્યું તે સાથે જોરદાર શંખનાદ થયો. *'એક જમતાં બોલિયો શંખ...'* એ પંક્તિ વાતાવરણમાં ગુંજવા લાગી. સ્વામીશ્રીને ભોજન કરતાં નિહાળતાં સંતો આ અપરિમિત સંતમહિમા હૃદયમાં ઘૂંટવા લાગ્યા.

સ્વામીશ્રીએ હાથમાં આપવામાં આવેલ ટિસ્યૂ-પેપરની ગડી ખોલીને, બંને હાથે પકડીને હળવે હાથે મુખ લૂછ્યું. વર્ષો પહેલાં જે રીતે મુખ લૂછતા હતા એ જ શૈલીથી અત્યારે મુખ લૂછતાં જોઈને, જેમણે એ દર્શન પૂર્વે કરેલાં તે સૌ અતિ હર્ષિત થયા.

•

તા. ૧૭-૯-૨૦૧૪, સારંગપુર

૮:૫૭ વાગે સ્વામીશ્રી ખોળામાં હરિકૃષ્ણ મહારાજને ધારણ કરીને 'પ્રમુખદર્શન વાટિકા'માં પધાર્યા. *'આવે આવે સ્વામી આવે આવે, સાથે શ્રીજીને લાવે લાવે...'* એ વાતાવરણમાં ગુંજી રહેલી ગીતપંક્તિ અત્યારે એકદમ સમયોચિત લાગતી હતી.

નવા હરિભક્તોનો પરિચય અપાયો. તે પછી ફરી કીર્તનો વાતાવરણમાં વહેવાં લાગ્યાં. સ્વામીશ્રીની દૃષ્ટિ એક નાના શિશુ પર સ્થિર થઈ. અઢી વર્ષનો હિતેશ ચીકુવાડીમાં પહેલી હરોળમાં પોતાના દાદાના ખોળામાં બેઠો હતો. સ્વામીશ્રીની વ્હીલચૅર સ્ટેજ પર એમની નજીક આવી એટલે તે દાદાના ખોળામાંથી ઊભો થયો. રોજ તે રેલિંગને વળગી રહીને કીર્તનના તાલે તાળી પાડે અથવા બંને હાથની પહેલી આંગળી સ્વામીશ્રી તરફ રાખી લયબદ્ધ હલાવતો હોય છે. સ્વામીશ્રી તેની સામું જોઈને તેને પ્રોત્સાહિત કરતા હોય છે. આજે પણ સૌને એમ જ લાગ્યું કે તે રેલિંગની પાળી પર ચડીને તે રીતે કરશે; પરંતુ આ નાનો શિશુ રેલિંગના સળિયા નીચેથી સરકીને અંદરના વિભાગમાં પ્રવેશી સ્ટેજની નજીક આવી ગયો. સ્ટેજની ધારે ચાર-પાંચ ઈંચ ઊંચી સ્ટીલની રેલિંગ કરી છે. હિતેશ બંને પગના પંજા ઉપર ઊંચો થયો ને પોતાના નાનકડા હાથોથી તેને પકડી લીધી. ડોક લંબાવીને સ્વામીશ્રી સામું ટગર ટગર જોવા લાગ્યો. સ્વામીશ્રી પણ તે ચીકુવાડીમાંથી અંદર આવ્યો ત્યારથી તેની સામું એકધારું જોઈ રહ્યા હતા. પછી તો તે આનંદથી ઊછળતો-કૂદતો મસ્તીએ ચઢ્યો. સ્વામીશ્રી સામું જોતો જાય ને તાળી પાડતો જાય.

નાના શિશુઓને પણ સ્વામીશ્રીની મનમોહક મૂર્તિનું કેવું આકર્ષણ છે ! આ શ્રદ્ધા-ભક્તિનું વાવેતર ભવિષ્યમાં વિરાટ વૃક્ષ બનીને મીઠાં ફળ આપશે – એવી આશા આવાં ભૂલકાંઓના સંસ્કારો જોઈને અવશ્ય પ્રગટી આવે.

•

બેઠકરૂમમાં યોગવિવેકદાસ સ્વામી પ્લાસ્ટિકના મોટા બૉલ ઉપર બેઠા હતા. તેને આગળ-પાછળ હલાવતાં તેઓ નીચે ગબડી પડતા હતા. સ્વામીશ્રી તે જોઈને હસતા હતા. તેઓ પછી બૉલને છોડી દઈને ફ્લોર પર બેસી ગયા ને કહે : 'નીચે સારું.'

વિવેકસાગરદાસ સ્વામી કહે : 'બરોબર છે. દાસના દાસ થવું.'

સ્વામીશ્રીએ તેઓ તરફ આંગળી ચીંધીને યોગવિવેકદાસ સ્વામીને કહ્યું : 'જુઓ, તેઓ શું કહે છે ?' (અર્થાત્ એ કરવાનું છે.)

'મહારાજને, સંતોને, ભક્તોને નમતો રહે, તેમને વિષે દાસભાવ રહે ત્યારે સાચું.'

એવામાં યોગવિવેકદાસ સ્વામીએ ગમ્મતમાં

હરિપ્રકાશદાસ સ્વામીને હળવી ટપલી મારી. તેથી તેઓ સ્વામીશ્રીને પૂછવા લાગ્યા : 'જુઓ બાપા! આને શું કહેવાય?'

તરત સ્વામીશ્રી કહે : 'દાસના દાસ.'

તેઓ આશ્ચર્ય પામતાં કહે : 'એ...મ...?'

મેં તેમને સમજાવ્યું : 'સ્વામીબાપા કહેવા માગે છે કે વગર વાંકે સહન કરે તે દાસના દાસ કહેવાય.'

'બરાબર છે.' એમ કહી તરત સ્વામીશ્રીએ મેં કરેલા અર્થને સમર્થન આપ્યું.

યોગવિવેકદાસ સ્વામી હવે ડાહ્યા-ડમરા થઈને આંખ બંધ કરીને ધ્યાન કરવા લાગ્યા.

'આ કેવું ધ્યાન છે?'

સ્વામીશ્રી તરત કહે : 'ખોટું ધ્યાન.'

સૌ હસી પડ્યા.

હરિપ્રકાશદાસ સ્વામીએ પૂછ્યું : '...તો સાચું ધ્યાન કોને કહેવાય?'

સ્વામીશ્રી તરત પોતાનાં નેત્રો બંધ કરીને ધ્યાન કરવા લાગ્યા.

હરિપ્રકાશ સ્વામી કહે : 'આપ ધ્યાનમાં શ્રીજી-મહારાજનાં દર્શન કરો છો, પણ અમે ધ્યાન કરીએ છીએ તો અમને અંધારું દેખાય છે.'

સ્વામીશ્રી કહે : 'એ ધ્યાન ખોટું.'

મહાધ્યાનાભ્યાસી એવા સ્વામીશ્રીએ ધ્યાનની વાતને અહીં જ વિરામ આપીને સાધકોના અભ્યાસ માટે છોડી દીધી!

•

રાત્રે હરિભક્તોને 'પ્રમુખદર્શન વાટિકા'માં દર્શન આપીને અંદર પધાર્યા. હરિભક્તોની વસ્તુઓ પ્રસાદીની કરી. કેટલાક હરિભક્તોના પ્રશ્નો સાંભળી તેમની સુખાકારીના આશિષ અર્પ્યા. તે પછી યોગવિવેકદાસ સ્વામીએ પૂછ્યું : 'હવે શું કરવાનું છે?'

સ્વામીશ્રી કહે : 'ભજન.'

તરત તેઓ ગળામાંથી માળા કાઢીને ફેરવવા લાગ્યા. માળા પૂરી થઈ એટલે કહે : 'ભજન થઈ ગયું, હવે શું કરવાનું?'

સંતો કહે : 'ભોજન.'

સ્વામીશ્રી મસ્તક હલાવીને તેઓ સામું જોઈને કહે : 'હં... ભોજન.'

'આપ શું જમશો?'

સ્વામીશ્રી બોલે તે પહેલાં વિવેકસાગરદાસ સ્વામી કહે : 'બધા જમે તે જમવાનું.'

સ્વામીશ્રી કહે : 'બરાબર છે.'

વિવેકસાગરદાસ સ્વામી કહે : 'આજે ભક્તિમાતાનું શ્રાદ્ધ છે, તેથી બધા ખીર જમ્યા. કાલે શ્રીજીમહારાજનું છે.'

જમવાનો આગ્રહ થશે એમ લાગતાં સ્વામીશ્રી શાંત થઈ ગયા.

કૃષ્ણવલ્લભદાસ સ્વામીએ પૂછ્યું : 'શું જમવું છે?'

સ્વામીશ્રીએ ના કહી.

સંતો કહે : 'ઠાકોરજી જમાડવાના ને?'

સ્વામીશ્રી કહે : 'હા, ઠાકોરજીને જમાડવાના.'

નારાયણચરણદાસ સ્વામી કહે : 'ઠાકોરજીએ તો જમી લીધું. હવે આપનામાં રહેલા ઠાકોરજી શું જમશે?'

સ્વામીશ્રી કહે : 'બધાની જે ભાવના હોય તે જમે.'

ઉત્તર સાંભળી સૌ રાજી થયા.

૯:૧૫ વાગે શયનકક્ષમાં પલંગની આગળ વ્હીલ-ચૅરમાં બિરાજીને ભોજન કરવા તૈયાર થયા. સંતોએ શ્લોકગાન કર્યું. ભોજન દરમ્યાન સ્વામીશ્રી કુલ ૧૩ નાના કોળિયા જમ્યા, જેમાં ખીચડી-દહીં, પૂડો, ખમણી તથા બદામપૂરીનો અત્યંત નાનો ટુકડો જમ્યા હતા.

ભોજન દરમ્યાન રૂમમાં ઉપસ્થિત તમામ સંતોને પ્રસાદ અપાવ્યો. થોડી વારે, બધાને પ્રસાદ મળી ગયો છે કે નહીં – તેની ખાતરી કરવા બધા સામું એક પછી એક નજર ફેરવી. ગરદન જમણી તરફ પાછળ ઘુમાવીને જોઈ લીધું કે એ તરફ બેઠેલા સંતોમાંથી કોઈ રહી નથી ગયું ને! સૌને પ્રસાદ મળી ગયો છે તે જાણ્યું એટલે સંતોષ થયો.

૯:૫૦ વાગે ભોજન પૂરું કર્યું. કીર્તનો વાગવાં લાગ્યાં. સ્વામીશ્રી સંતો સામું જોતાં કરલટકાં કરતાં સુખ આપવા લાગ્યા. કોઈની માળા પ્રસાદીની કરાવવા સ્વામીશ્રીને આપી તો ફેરવવા લાગ્યા. સ્વામીશ્રીને માળા ફેરવતા જોઈને સામે દર્શન કરતા તમામ સંતો-પાર્ષદો-સાધકો પોતપોતાની માળા કાઢી ફેરવવા લાગ્યા.

નારાયણચરણદાસ સ્વામી સ્વામીશ્રીને કહે : 'જુઓ, બધા માળા ફેરવવા લાગ્યા.'

સ્વામીશ્રી એક સંત સામું આંગળી ચીંધીને કહે :

'આના હાથમાં માળા નથી.'

સ્વામીશ્રીનું અવલોકન જોઈને બધા આશ્ચર્ય પામ્યા.

સૌ ભજનનું સુખ લેતા હોય તેમાં કોઈ વંચિત રહી જાય તે ભજનના આગ્રહી સ્વામીશ્રીને કઈ રીતે પસંદ પડે! જેમ ભોજનમાં કોઈ રહી નથી જતું ને – તે બાબતે ખટકો રાખે છે, તેમ ભજનમાં પણ કોઈ રહી ન જાય તેનું ધ્યાન રાખે છે. આનું નામ જ આદર્શ ગુરુ કહેવાય ને!

ભોજન કરતાં વધુ ભજનનો આનંદ માણીને સ્વામીશ્રીએ હાથ જોડીને સૌને જય સ્વામિનારાયણ કર્યા.

•

તા. ૧૮-૯-૨૦૧૪, સારંગપુર

રાત્રે 'પ્રમુખદર્શન વાટિકા'માં સંતો-હરિભક્તોને દર્શન આપીને ૭:૫૫ વાગે સ્વામીશ્રી અંદર પધાર્યા. હરિભક્તોની વસ્તુઓ પ્રસાદીની કરી. તે પછી સંતો સાથે વાતો ચાલી.

વિવેકસાગરદાસ સ્વામી કહે : *'દિજિયે ગુરુ દિવ્ય નૈન...* ગુરુ દિવ્ય આંખો આપે છે તેના વડે શિષ્યની દૃષ્ટિ બદલાય છે.'

સ્વામીશ્રીએ મસ્તક ડોલાવી તેમની વાતમાં સમર્થન આપ્યું. પછી તેમણે બોટાદના તુલસી દવે ગુણાતીતાનંદ સ્વામીને સાક્ષાત્ શ્રીજીમહારાજ સ્વરૂપે દેખતા હતા તે પ્રસંગ કહ્યો. હર્ષદભાઈ દવે કહેતા કે પછી તે તુલસી દવે બોચાસણના એક અન્ય મંદિરમાં સામાન્ય આરતી-ભક્તિ કરતા.

મેં કહ્યું : 'નિષ્ઠા વિના બધું અધૂરું.'

વિવેકસાગરદાસ સ્વામી કહે : 'જેમને સમાધિ થતી તેમને સત્સંગ નથી રહ્યો એવું પણ બન્યું છે. એટલે યોગીબાપા 'જ્ઞાનસમાધિ' મહત્ત્વની કહેતા. એ સાચી. એ ટકે.'

સંતોએ પૂછ્યું : 'એ કેવી રીતે થાય?'

સ્વામીશ્રી કહે : 'જ્ઞાન અંતરમાં ઊતરવું જોઈએ.'

સંતો કહે : 'શેનું જ્ઞાન?'

સ્વામીશ્રી કહે : 'અક્ષરપુરુષોત્તમનું. શાસ્ત્રીજી મહારાજ - જોગી મહારાજે આપેલું.'

યોગવિવેકદાસ સ્વામી કહે : 'બસ, એટલું જ સમજવાનું છે?'

સ્વામીશ્રીએ હકારમાં મસ્તક હલાવ્યું.

તેઓ કહે : 'ગુણાતીતાનંદ...?'

સ્વામીશ્રી કહે : 'મૂળ અક્ષર.'

'સહજાનંદ એક...?'

'પરમેશ્વર.'

'એમ સમજીને લેશે નામ, તે તો જાશે...'

'અક્ષરધામ.' સ્વામીશ્રીએ પાદપૂર્તિ કરી.

વાર્તાલાપ દરમ્યાન યોગવિવેકદાસ સ્વામી કહે : 'જ્ઞાન થઈ ગયું, પણ તોય ભૂખ લાગી છે.'

સ્વામીશ્રી આશ્ચર્ય પામતાં કહે : 'જ્ઞાન થાય પછી ભૂખ શેની લાગે!'

•

તા. ૧૯-૯-૨૦૧૪, સારંગપુર

રાત્રે ૬:૫૫ વાગે સ્વામીશ્રી 'પ્રમુખદર્શન વાટિકા'માં પધાર્યા. 'યોગીસ્મૃતિ પર્વ' નિમિત્તે અત્યારે વિવિધ કાર્યક્રમો થયા. તેમાં યુવકોએ *'વજેસંગનો હોકો'* એ યોગીજી મહારાજની બોધકથાને સંવાદ રૂપે ભજવી. સંવાદના અંતે યોગીજી મહારાજની જ ધ્વનિમુદ્રિત વાણીમાં આ બોધકથાનો સાર – ભગવાન અને સંતની પ્રાપ્તિનો કેફ સદાય રાખવો જોઈએ – તે સૌને સાંભળવા મળ્યો.

૭:૫૦ વાગે સ્વામીશ્રી અંદર પધાર્યા. પ્રાપ્તિના કેફની વાત નીકળતાં વિવેકસાગરદાસ સ્વામીએ કહ્યું : 'પ્રભુદાસ લાલાજીને શાસ્ત્રીજી મહારાજે શું કહ્યું હતું?'

સ્વામીશ્રી થોડી વાર તેઓની સામું જોઈ રહ્યા. પછી કહે : 'ડોબો કહેલું.'

વિવેકસાગર સ્વામી કહે : 'એનો કેફ એમને જીવનભર રહેલો.'

સ્વામીશ્રી કહે : 'બરાબર છે.'

હરિપ્રકાશદાસ સ્વામીએ પૂછ્યું : 'વજેસંગ બાપુનો હોકો પીધો એનો કેફ ચઢી ગયો, પણ આપે આટલો બધો લાભ આપ્યો એનો કેફ નથી ચઢતો, એનું શું કારણ?'

સ્વામીશ્રી કહે : 'એમ ત્યારે! (અમૃત) પીધું નથી પછી કેવી રીતે ચઢે?'

'આપે લાભ આપ્યો તેનો કેફ કેવી રીતે ચઢે?'

સ્વામીશ્રી કહે : 'મહિમા હોય તો ચઢે.'

વાર્તાલાપ આગળ ચાલ્યો. વચ્ચે સ્વામીશ્રી કહે : 'બધું ભોગવવાની આસક્તિ રહે પછી ઠેકાણાં ન રહે.'

નારાયણચરણદાસ સ્વામી કહે : 'બાપા! એક

ભગવાનની આસક્તિ રહે તેવું કરજો. પછી કાંઈ જોઈએ જ નહીં, કેમ ?'

સ્વામીશ્રી કહે : 'ના.'

તેઓએ પૂછ્યું : 'યોગીજી મહારાજને કેવું હતું ?'

સ્વામીશ્રી તરત બંને આંખો બંધ કરીને કહે : 'અલમસ્ત હતા.'

મેં કહ્યું : 'અખંડ ભગવાનનો કેફ, કેમ બાપા ?'

સ્વામીશ્રી કહે : 'હા, અખંડ ભગવાનનો કેફ! એમને જોઈને બીજાનેય કેફ ચઢી જાય.'

પછી તો ઈશ્વરચરણદાસ સ્વામી ને વિવેકસાગરદાસ સ્વામીએ યોગીજી મહારાજના હરિભક્તોના કેટલાક પ્રસંગો કહીને યોગીજી મહારાજ અને તેમના ભક્તોનાં ગુણગાન ગાયાં.

•

તા. ૨૦-૯-૨૦૧૪, સારંગપુર

રાત્રે 'પ્રમુખદર્શન વાટિકા'માં હરિભક્તોને દર્શન આપીને ૭:૪૭ વાગે અંદર પધાર્યા. હરિભક્તોની વસ્તુઓ પ્રસાદીની કરી. તે પછી કેટલાક હરિભક્તોના પ્રશ્નો વિશે સાંભળી એમને માટે આશીર્વાદ આપ્યા.

યોગવિવેકદાસ સ્વામીએ પૂછ્યું : 'શું જમવું છે ?'

સ્વામીશ્રી કહે : 'કંઈ નહીં.'

તેઓ કહે : 'કંઈક જમવું તો પડશે ને !'

સ્વામીશ્રી કહે : 'ભગવાનની ઇચ્છા હશે તે મળશે.'

'ક્યારે ? આજે કે કાલે ?'

'સોમવારે,' વાત ટાળવા ઉડાઉ જવાબ આપ્યો !

'તો બે દિવસ ભૂખ્યા રહેશો ?'

'તમારા જેવા મુક્ત મળશે તો ખાઈ લેશું.'

સ્વામીશ્રીએ તેઓની ગમ્મતમાં આપેલા જવાબોમાં પણ તેમની અલમસ્તાઈ સાથે અનાસક્તિ દૃષ્ટિગોચર થાય છે.

•

રાત્રે ૮:૦૦ વાગે કાચની બેઠકરૂમમાં પધારી કસરત કરી. તેમાં એક કસરત એવી હતી કે હાથ ઊંચા કરીને થોડું જોર કરવાનું હોય. સ્વામીશ્રીએ તે કસરત વ્યવસ્થિત કરી. તેથી ખુશ થતાં યોગવિવેકદાસ સ્વામી કહે : 'વાહ ! બહુ સરસ કસરત કરી. આપ જમતા તો છો નહીં, તો આ તાકાત ક્યાંથી આવી ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાનની તાકાત છે અને મોટાપુરુષના આશીર્વાદ.'

'કોણ મોટાપુરુષ ?' તેઓએ પૂછ્યું.

સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજ.'

યોગવિવેકદાસ સ્વામી કહે : 'બે ?!!'

સ્વામીશ્રી કહે : 'હા. શાસ્ત્રીજી મહારાજે દીક્ષા આપી; જોગી મહારાજે જ્ઞાન આપ્યું.'

વિવેકસાગરદાસ સ્વામીએ પૂછ્યું : 'કયું જ્ઞાન ?'

સ્વામીશ્રી કહે : 'અક્ષરપુરુષોત્તમનું.'

શારીરિક શક્તિ ને જ્ઞાનશક્તિના પ્રદાતા પરમાત્મા શ્રીહરિ ને પોતાના ગુરુવર્યો છે – તે સમજણ સ્વામીશ્રીના જીવનમાં પ્રતિપળ વ્યક્ત થતી જોવા મળે છે. સ્વયં ગુરુના સ્થાને બિરાજિત હોવા છતાં, આવો અકિંચનભાવ રહેવો એ મહાદુર્લભ છે. ગુણાતીત ગુરુવર્યોનું આ એક આગવું લક્ષણ છે.

•

તા. ૨૩-૯-૨૦૧૪, સારંગપુર

સવારે ખોળામાં હરિકૃષ્ણ મહારાજને ધારણ કરીને 'પ્રમુખદર્શન વાટિકા'માં પધાર્યા. ઠાકોરજીની સાથે સ્ટેજ પર પ્રથમ રાઉન્ડ ફરીને સૌને દર્શન આપ્યાં.

પોણા બે વર્ષનો એક નાનો શિશુ વંદન ભાવેશભાઈ માવાણી (ધોરાજી) તેના પિતાના હાથમાંથી ગુલાબની પાંખડીઓ પોતાની નાની હથેળીમાં લઈને સ્ટેજની ધાર પાસે દોડી આવતો હતો. સ્વામીશ્રી સામું જોઈને તે પાંખડીઓ સ્વામીશ્રી તરફ ફેંકતો હતો. એક-બે વાર એમ કર્યા પછી સ્વામીશ્રીનું ધ્યાન તેના તરફ ગયું. સ્વામીશ્રી હસતાં હસતાં તેની સામું જોઈને પ્રતિભાવ આપવા લાગ્યા. પછી તો તે શિશુનો ઉત્સાહ બેવડાયો. દોડી દોડીને તેના દાદા અને પિતા પાસેથી પાંખડીઓ લાવીને સ્વામીશ્રી ઉપર નાખવા લાગ્યો. સ્વામીશ્રી તેની સામું જોઈને હસીને પ્રતિભાવ આપતા હતા, તેથી ખુશ થઈને તે તાળી પાડવા લાગ્યો. તેની દોડા-દોડ જોઈને તરત માઇક પરથી ગીત વાગ્યું : *'અમે શિશુ મંડળમાં દોડી દોડી જવાના...'* તમામ હરિભક્તો અને સંતો ખુશ થતાં તાળી પાડીને તે ગીત ઝીલવા લાગ્યા. જાણે સમગ્ર સભા શિશુમંડળમાં ફેરવાઈ ગઈ હોય અને સ્વામીશ્રીનો ખોળો ખૂંદવા લાગી હોય તેવું વાતાવરણ સર્જાઈ ગયું ! સંતોએ તે શિશુ પર રાજી થઈને સ્વામીશ્રીની પ્રસાદીની કરાવેલી કંઠી તેને પહેરાવી. સ્વામીશ્રી તે જોઈને રાજી થયા.

(સ્વામીશ્રીનાં દર્શન પછી તેના દાદા કિશોરભાઈ સંતોને કહે : 'તેર વર્ષ પછી મારા દીકરાને ત્યાં આ પુત્ર-જન્મ થયો છે. આથી મનમાં હતું કે જો સ્વામીબાપાની તેના પર દૃષ્ટિ પડી જાય ને પ્રસાદીની કંઠી તેને પહેરાવવામાં આવે તો સારું. મારા ખિસ્સામાં કંઠી પ્રસાદીની કરાવવા રાખી જ હતી, પરંતુ સ્વામીશ્રીએ સામે ચાલીને મારો સંકલ્પ પૂરો કર્યો. એટલું જ નહીં, તેના પર ખૂબ ખૂબ દૃષ્ટિ કરીને લાભ આપ્યો.')

•

તા. ૨૭-૯-૨૦૧૪, સારંગપુર

૮:૪૭ વાગે સ્વામીશ્રી પોતાના શયનકક્ષમાં પલંગની આગળ ખુરશીમાં ભોજન માટે બિરાજ્યા હતા. સ્વામીશ્રી જમતા હતા તે દરમ્યાન વિવેકસાગરદાસ સ્વામી સ્વામીશ્રી સાથે વાતો કરતા હતા. તેઓએ થોડા સમય પહેલાં જ યુવકોએ 'અમે અમદાવાદી' નામની સ્કિટ રજૂ કરી હતી તેના સંદર્ભમાં સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા! તમે અમદાવાદના ?'

સ્વામીશ્રી કહે : 'સાધુ થયા પછી શું ?'

તેઓએ દલીલ કરી : 'તમને દીક્ષા અમદાવાદમાં આપી હતી એટલે અમદાવાદના ન કહેવાઓ ?'

સ્વામીશ્રીએ નકારમાં મસ્તક હલાવીને ના કહી. પછી કહે : 'અક્ષરધામના.'

અહં-મમત્વનાં બંધનનો મૂળથી ઉચ્છેદ કરી નાખનારી સત્પુરુષની ઉત્કૃષ્ટ સમજણ, પારલૌકિક પથગામી હોય છે, એવો એમના ટૂંકા ઉત્તરોમાં સૌને અનુભવ થયો.

•

વાતચીત દરમ્યાન વિવેકસાગરદાસ સ્વામીએ યોગીજી મહારાજના ગોંડલના મમત્વના કેટલાક પ્રસંગો કહીને સ્વામીશ્રીને હસાવ્યા. યોગવિવેકદાસ સ્વામી તે સાંભળીને કહે : 'યોગીજી મહારાજને ગોંડલનું મમત્વ બહુ હતું.'

સ્વામીશ્રી તેઓને કહે : 'મમત્વ ન કહેવાય, પ્રેમ.'

તેઓએ સુધારીને કહ્યું : 'યોગીજી મહારાજને ગોંડલ મંદિર પ્રત્યે પ્રેમ બહુ હતો.'

સ્વામીશ્રીએ તરત મસ્તક હલાવીને સંજ્ઞાથી 'હવે બરાબર' કહ્યું.

સંતોએ પૂછ્યું : 'આપે શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજે કોઈ મમત્વ બતાવ્યું હોય ને ના પાડી હોય તેવો પ્રસંગ બન્યો છે ?'

સ્વામીશ્રીએ નકારમાં મસ્તક હલાવ્યું.

વિવેકસાગરદાસ સ્વામી કહે : 'કહે એમ કરવાનું.'

સ્વામીશ્રી તરત કહે : 'હા, એમ જ.'

તેઓએ સ્વામીશ્રીને પૂછ્યું : 'મેં જૂની જૂની વાતો કરી તે બધી આપને યાદ આવી ?'

સ્વામીશ્રી કહે : 'આવીને યાદ !'

આમ, ગુરુસ્મૃતિમાં રમમાણ થતાં આનંદથી મુખરિત વદને સ્વામીશ્રી આરામમાં પધાર્યા.

•

તા. ૩૦-૯-૨૦૧૪, સારંગપુર

રાત્રે 'પ્રમુખદર્શન વાટિકા'માં હરિભક્તોને દર્શન આપ્યાં પછી સ્વામીશ્રી પોતાના નિવાસમાં પધાર્યા, ત્યારે સંતોએ *'ભીમનાથના રાંકા જેવો બપ'* સંવાદ વિશિષ્ટ રજૂઆત સાથે ભજવ્યો.

સંવાદ પછી હરિપ્રકાશદાસ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું : 'અમારું કલ્યાણ કોણ કરશે ?'

સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ - જોગી મહારાજ કરશે.'

'તેઓ બેઉ પ્રમુખસ્વામી મહારાજમાં પ્રગટ છે કેમ ?'

સ્વામીશ્રીએ મસ્તક હલાવીને હા કહી.

'ભગવાન અને સંત મળ્યા પછી કલ્યાણ થઈ ગયું ને ?'

સ્વામીશ્રી કહે : 'હા.'

'કંઈ બાકી રહ્યું ?'

'ના.'

પ્રગટના મહિમાની વાતોને એક પછી એક મહોર વાગતી ગઈ તેમ તેમ સૌનાં હૈયાં કેફથી છલકાવા લાગ્યાં.

•

૧૦:૦૦ વાગે શયનકક્ષમાં પલંગ આગળ બિરાજીને ભોજન અંગીકાર કર્યું. સંતોને થોડી વાર દર્શનસુખ આપ્યું.

વાતવાતમાં ધાવટના મુકુંદ સ્વામીની વાત નીકળી.

યોગવિવેકદાસ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું : 'ધાવટ શું છે ?'

સ્વામીશ્રી કહે : 'ગામ છે.'

'ક્યાં આવ્યું ?' તેઓએ પૂછ્યું.

સ્વામીશ્રી કહે : 'ભરૂચ પાસે.'

'સલાડ ક્યાં આવ્યું ?' તેઓએ પૂછ્યું.

સ્વામીશ્રી બોલે તે પહેલાં વિવેકસાગરદાસ સ્વામીએ કહ્યું : 'વડોદરા જિલ્લામાં.'

પછી તો તેઓ વડોદરા અને ભરૂચ જિલ્લાનાં ગામોના એક પછી એક નામ બોલવા લાગ્યા અને સ્વામીશ્રીને કહે : 'સલાડ, રૂંવાદ વગેરે ગામોમાં આપણે બહુ ફર્યા... બહુ ફર્યા.'

અતીતમાં સરી રહેલા તેઓ તરફ દૃષ્ટિ સ્થિર કરીને સ્વામીશ્રી મૂકવદને જોઈ રહ્યા હતા. જાણે વર્ષો પહેલાંના પોતાના એ સતત ને સખત વિચરણના સાક્ષીની વાતોને સ્વામીશ્રી પોતાના મનઃપટલ પર નિહાળી રહ્યા ન હોય !

બ્રહ્મસાન્નિધિ



ઓક્ટોબર ૨૦૧૪

તા. ૧-૧૦-૨૦૧૪, સારંગપુર

રાત્રે ૬:૪૭ વાગે ઠાકોરજીને ખોળામાં ધારણ કરીને 'પ્રમુખદર્શન વાટિકા'માં પધાર્યા. સ્ટેજ ઉપર થોડી વાર સૌને દર્શન આપ્યાં પછી હરિભક્તોનો પરિચય મેળવ્યો.

ધુલિયા (મહારાષ્ટ્ર) મંદિરના પૂજારી અમોલભાઈ પાટીલ (ઉ.વ.૨૫) ધુલિયાથી સારંગપુર ૭૫૦ કિ.મી.ની એકલ પદયાત્રા ૨૦ દિવસમાં પૂર્ણ કરીને આજે આવી પહોંચ્યા હતા. તેઓએ યોગીજી મહારાજના જીવન-ચરિત્રમાં યોગીજી મહારાજનું વાક્ય વાંચ્યું કે 'આપણે ગુરુનાં દર્શને જવું તો ચાલીને જવું. તેનાથી ડગલે ડગલે અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે.' તેથી તેઓએ સંકલ્પ કર્યો કે 'મારા ગુરુ પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન માટે ધુલિયાથી સારંગપુર જવું છે.' વળી, તેઓએ કોઈ પોતાને મોળા ન પાડે તે માટે એક ધુલિયા મંદિરના કોઠારી સ્વામી સિવાય કોઈને આ સંકલ્પ ન જણાવ્યો. તેઓએ નક્કી કર્યું હતું કે કોઈ સગવડ સાથે ન લઈ જવી તથા કોઈ આપે તોપણ ન લેવી. વળી, એમણે એ પણ નિયમ કરેલો કે રસ્તામાં હરિભક્તનું ઘર આવે તો દિવસમાં માત્ર એક જ ટાઈમ જમવું. અને જો હરિભક્તનું ઘર ન હોય તો ત્યાં ભિક્ષા માગીને જમવું. રસ્તામાં આવતા કોઈ મંદિરમાં ઉતારો કરવો, નહીંતર ઝાડ નીચે, કૂવા-નદી કે તળાવની પાળે સૂઈ જવું. તેઓએ વચ્ચે આવતા જંગલ જેવા પ્રદેશમાંથી પસાર થતાં સતત ત્રણ દિવસ ખાધા-પીધા વિના વિતાવ્યા છે. યાત્રા દરમ્યાન દરરોજ નાહી-ધોઈને પૂજા કરવી, ડુંગળી-લસણ વિનાનું ખાવું વગેરે નિયમ-ધર્મનું પણ ચુસ્તપણે પાલન કર્યું છે. તેઓને સંતોએ ફૂલહારથી સત્કાર્યા. સ્વામીશ્રીએ તેમના પર રાજીપાની દૃષ્ટિ કરી.

•

તા. ૨-૧૦-૨૦૧૪, સારંગપુર

સાંજે ૬:૧૫ વાગ્યે પલંગ પર બિરાજ્યા હતા. તે દરમ્યાન યોગવિવેકદાસ સ્વામી સ્વામીશ્રી પાસે આવ્યા. એક હરિભક્તના પ્રશ્નની વાત કરીને તેમને આશીર્વાદ આપવા કહ્યું. સ્વામીશ્રીના મુખ આગળ ફોન ધરવામાં આવ્યો. સ્વામીશ્રી તે હરિભક્તને કહે : 'સારું થાય એવા આશીર્વાદ છે.'

ફોન પૂરો થયો એટલે હરિપ્રકાશદાસ સ્વામી સ્વામીશ્રી પાસે આવીને કહે : 'બાપા ! મનેય આશીર્વાદ આપી દો ને ! મારું સારું થાય.'

સ્વામીશ્રીએ એમને માથે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા.

તેઓએ પૂછ્યું : 'પણ આ શેના આશીર્વાદ આપ્યા ?'

સ્વામીશ્રી કહે : 'ભજન કરવાના.'

સ્વામીશ્રીને મન ભગવાનનું અખંડ ભજન થાય એમાં જ જીવનું સારું થાય છે.

•

સ્વામીશ્રી કાચની રૂમમાં કસરત કરતા હતા, તે દરમ્યાન સંતોએ થોડી ગમ્મત કરીને સ્વામીશ્રીને હસાવ્યા.

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'બધાય આપને સારા જ લાગે છે.'

સ્વામીશ્રી કહે : 'ભગવાનના ભક્ત સારા જ હોય.'

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'પણ અમને તો એવું લાગતું નથી.'

સ્વામીશ્રી કહે : 'ભગવાન અને સંતનો જોગ થયો એટલે સારા જ છે.'

'દૃષ્ટિમાં ભરી દિવ્યતા નીરખવા, સુદિવ્ય ભક્તો બધા...' એ સ્તુતિને 'યોગીવંદના' કહો કે 'પ્રમુખવંદના',

કોઈ ફર્ક જણાતો નથી.

•

થોડી વાર પછી સંતોને દર્શન આપવાનાં હતાં. એ વખતે હરિપ્રકાશદાસ સ્વામી સ્વામીશ્રીની સામે બેઠા હતા. એવામાં કોઈએ પાછળથી એમના માથા પર હળવી ટપલી મારી. તેઓ આમ-તેમ જોવા લાગ્યા ને પૂછ્યું : 'બાપા ! મને કોણે માર્યું ?'

સ્વામીશ્રી કહે : 'કોઈકે માર્યું હશે.'

તેઓએ ફરી જરા મુખ પર ગુસ્સાનો ભાવ લાવીને આમ-તેમ જોતાં કહ્યું : 'મને મારવાવાળું કોણ છે ? મને નામ આપો.'

સ્વામીશ્રી કહે : 'તને મારવાવાળો તું જ છે.'

ફરી એમણે સ્વામીશ્રીને એ જ પ્રશ્ન પૂછીને 'કોણે માર્યું ?' એ જાણવા પ્રયત્ન કર્યો.

સ્વામીશ્રી કહે : 'તને કોઈએ માર્યું નથી. તારા સ્વભાવને માર્યું છે.'

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'બાપા ! મારા સ્વભાવ જાય એને માટે શું કરવાનું ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાનનું ભજન કરવાનું.'

'બીજું શું કરવાનું ?' તેઓએ પૂછ્યું.

સ્વામીશ્રી કહે : 'બીજું કાંઈ નહીં.'

સ્વયં ધન્વન્તરિ વૈદ્ય રોગનિવારણની રામબાણ ઔષધિ બતાવે પછી તેનો કોઈ વિકલ્પ હોઈ ન શકે.

•

૧૧:૦૫ વાગે સ્વામીશ્રીએ શયનકક્ષમાંથી સંતોને દર્શન આપ્યાં. સ્વામીશ્રી પલંગની આગળ વ્હીલચૅરમાં બિરાજ્યા હતા. પડદો ખૂલતાં જ સૌ સંતોને હાથ જોડીને પ્રણામ કર્યા. સંતોએ શ્લોકગાન કર્યું. આજે સ્વામીશ્રીએ થાળમાં આવેલો શીરો, પૂડલા અને ઢોકળાં સ્વલ્પ માત્રામાં અંગીકાર કરીને સૌને રાજી કર્યા.

એક વ્યક્તિ ગમ્મત કરતાં કૂદકા મારતા હતા. તે જોઈને યોગવિવેકદાસ સ્વામી સ્વામીશ્રીને હસાવવાના હેતુથી બોલ્યા : 'આ વાંદરું ક્યાંથી આવ્યું ?'

સ્વામીશ્રી તેમને કહે : 'એમ ન બોલાય. ભગવાનના ધામમાંથી આવ્યા છે.'

તેઓએ પૂછ્યું : 'અક્ષરધામમાંથી ?'

સ્વામીશ્રી કહે : 'હા.'

ગમ્મતની વાતમાં પણ ભગવાનના સંબંધવાળા સંતો-ભક્તોનો મહિમા સમજાવીને, તેમના માટે વાણિ-વિવેક રાખવાની શીખ સ્વામીશ્રીએ સમજાવી દીધી.

•

તા. ૩-૧૦-૨૦૧૪, સારંગપુર

સવારે સ્નાનાદિકથી પરવારીને સ્વામીશ્રી વ્હીલચૅરમાં બિરાજ્યા હતા. હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'આજે દશેરા છે.'

સ્વામીશ્રી કહે : 'એમ !'

'દશેરાને દિવસે શું કરવાનું ?'

'તમને ખબર.'

'રાવણ સળગાવવાનો. અત્યારે રાવણ ગયો ક્યાં ?'

'શોધી કાઢોને ! મળી જશે.'

હરિપ્રકાશદાસ સ્વામી શોધવા લાગ્યા. પછી જુસ્સાથી કહે : 'બાપા ! આજે તો રાવણ મળે તો એને સળગાવી જ દેવો છે.'

'શું કામ ?' સ્વામીશ્રીએ પૂછ્યું.

તેઓ કહે : 'એણે કામ એવાં કર્યાં છે એટલે એવું જ કરવું પડે ને !'

સ્વામીશ્રી કહે : 'આપણે એને સળગાવવાનો નહીં, સુધારવાનો.'

તેઓ કહે : 'અમારા બધામાં દોષોરૂપી રાવણ, કંસ હતા. આપ મળ્યા એટલે એ બધું દૂર થયું.'

સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ - જોગી મહારાજ મળ્યા એટલે દૂર થયું.'

'બાપા ! આ રાવણ, કંસ અને શિશુપાળ જેવા કામ-ક્રોધાદિક દોષો છે, તે કાયમ માટે કઈ રીતે જાય ?'

સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'ભગવાનનું ભજન કરે તો જાય.'

અધર્મસર્ગનો ઉચ્છેદ કરવા માટે ભક્તિ(ઉપાસના)ની અપાર શક્તિ જ એક અમોઘ ઉપાય છે – એવું ફરી સ્વામીશ્રીએ દોહરાવ્યું.

•

૯:૧૨ વાગે શયનકક્ષમાંથી સંતોને દર્શન આપ્યાં. સંતોએ સ્વામીશ્રીને દશેરાના આશીર્વાદ આપવા વિનંતી કરી, ત્યારે સ્વામીશ્રીએ માઇક પરથી આશીર્વાદ આપતાં કહ્યું : 'આજે દશેરા ઉત્સવ છે. ભગવાનની દયા છે. તેથી બધાયને સહેજે સહેજે લાભ મળ્યો છે. શાસ્ત્રીજી મહારાજ - જોગી મહારાજની દયા છે, જેથી કરીને આ

લાભ મળે છે. એટલે આ લાભ મળ્યો છે તે યાદ રાખજો. આવો ને આવો લાભ મળે... વારાફરતી બધા મળે છે (મંદિરોમાંથી દર્શન કરવા આવતા સંતોના સંદર્ભમાં) તેથી બહુ આનંદ થાય છે. આ દશેરાના આશીર્વાદ છે. જય સ્વામિનારાયણ... આપણાં મોટાં ભાગ્ય છે, આપણને શાસ્ત્રીજી મહારાજ - જોગી મહારાજનો લાભ મળ્યો છે... જય સ્વામિનારાયણ....'

સૌએ તાળીઓના ગડગડાટથી સ્વામીશ્રીના આશીર્વાદને વધાવ્યા.

•

૯:૦૪ વાગે મંદિરે પહોંચ્યા. સ્વામીશ્રી પ્રથમ ખંડમાં દર્શન કરતા હતા. હાથ લંબાવીને નારાયણચરણદાસ સ્વામીએ પૂછ્યું : 'આ કોણ છે ?'

તરત સ્વામીશ્રી કહે : 'હરિકૃષ્ણ મહારાજ.'

'અને બાજુમાં ?'

'બ્રહ્મચારી.' ક્ષણના પણ વિલંબ વિના સ્વામીશ્રી બોલ્યા. સ્વામીશ્રી દરેક મૂર્તિનાં દર્શન વ્યવસ્થિત કરે છે તથા દરેક મૂર્તિને બરાબર ઓળખે છે. સ્વામીશ્રીના નિકટવર્તીઓ માટે તો આ રોજનો અનુભવ છે.

•

૭:૫૫ વાગે સ્વામીશ્રીએ હરિભક્તોની વસ્તુઓ પ્રસાદીની કર્યા પછી દૈનિક વ્યાયામ કર્યો. તે દરમ્યાન સંતો કીર્તન-કડીઓનું ગાન કરતા હતા. તેમાં *'ભજ્યો નહીં ભગવાન મૂરખ જીવતાં મર્યો...'* એ કીર્તન ચાલતું હતું. એવામાં હરિપ્રકાશદાસ સ્વામી રૂમમાં દાખલ થયા. યોગવિવેકદાસ સ્વામી તે કડી ગાતાં ગાતાં હરિપ્રકાશદાસ સ્વામી સામું જોઈને 'મૂરખ' શબ્દ પર ભાર મૂકતા હતા.

હરિપ્રકાશદાસ સ્વામી કૃત્રિમ રીતે અકળાઈને કહે: 'મને મૂરખ કહ્યો ?' પછી સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા ! હું મૂરખ છું ?'

સ્વામીશ્રીએ મસ્તક હલાવીને ના કહી.

'તો પછી આ મને મૂરખ કેમ કહે છે ?'

'મનમાં આવ્યું તો કહ્યું.' સ્વામીશ્રીએ સમાધાન આપ્યું.

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'બાપા ! આમ કોઈ આપણને મૂરખ કહી જાય તો શું વિચારવાનું ?'

સ્વામીશ્રી કહે : 'આપણે વિચારવું – બહુ સારું. હું મૂરખ નથી તો પણ ભલે એ બોલે.'

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'સારું. હું મૂરખ નથી. ડાહ્યો છું.'

સ્વામીશ્રી કહે : 'હા, તું ડાહ્યો જ છું.'

નકારાત્મક વિચારના પ્રહારથી બચવાનો દાવ અને કદાચ પ્રહાર થઈ જ જાય તો હકારાત્મક વિચારની ઢાલ ધરીને કઈ રીતે આત્મરક્ષણ કરવું, તે યુદ્ધકળા બહુ હળવાશથી સ્વામીશ્રીએ શીખવી દીધી !

•

બીજું કીર્તન ગવાયું : *'હરિ વિના હિતકારી બીજું કોઈ તારું નથી...'*

હરિપ્રકાશદાસ સ્વામી : 'બાપા ! અમારા બધાનું હિત કરનારું કોણ છે ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાન અને સંત.'

'બીજું કોઈ કરે ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાન અને સંત જ કરે.'

'એ હિત શું કરે ?'

સ્વામીશ્રી કહે : 'ખોટે રસ્તે જતો હોય તો સારે રસ્તે મોકલે.'

'શાશ્વત સુખ કોણ આપે ?'

'સંત.'

'કયા સંત આપે ?'

'શાસ્ત્રીજી મહારાજ - જોગી મહારાજ જેવા સંત.' સ્વામીશ્રીએ ઉત્તર આપ્યો.

'અત્યારે એવા સંત કોણ છે ?'

એમનો ઇશારો પોતા તરફ આવતો જોઈને જરા ઉપેક્ષાભાવથી કહે : 'છે. તું જોઈ લે ને !'

'મારી સામે ઊભા છે એ ?'

'બસ એ જ !' સ્વામીશ્રીએ વાતનું સમાપન કરતાં કહ્યું.

•

તા. ૫-૧૦-૨૦૧૪, સારંગપુર

૮:૦૨ વાગે સ્વામીશ્રીએ દૈનિક વ્યાયામ કર્યો. તે દરમ્યાન, યોગીજી મહારાજનો અમૃત મહોત્સવ ઊજવવાનો હતો તે ક્યાં ઊજવવો ? – તે અંગે બધાના અલગ અલગ મત હતા, તે વાત નીકળી. એ સમયે પ્રમુખસ્વામી મહારાજે ગોંડલમાં સમૈયો ઊજવવાનું નક્કી કર્યું, તે વાતના અનુસંધાનમાં હરિપ્રકાશદાસ સ્વામીએ પૂછ્યું : 'બાપા ! બધાની રુચિ અલગ અલગ હતી ને

આપે ગોંડલ કેમ કહ્યું ?'

સ્વામીશ્રી કહે : 'જોગી મહારાજની રુચિ હતી એટલે.'

'પણ મોટા સ્વામી અને બધા આપના પર ગુસ્સે થયા, એનું શું ?'

સ્વામીશ્રી કહે : 'એ તો ચાલે, પણ જોગી મહારાજ રાજી થયા ને !'

વિવેકસાગરદાસ સ્વામીએ પૂછ્યું : 'કેવા રાજી થયા હતા ?'

સ્વામીશ્રી બે હાથ ઊંચા કરીને ધબ્બા મારતા હોય તેવી ચેષ્ટા કરવા લાગ્યા.

સંતો કહે : 'ધબ્બા માર્યા હતા ને !'

'હા.'

યોગવિવેકદાસ સ્વામી કહે : 'બધા ડિપાર્ટમેન્ટ પણ એ વખતે આપ જ સંભાળતા. આપ આટલું બધું કરતા કેવી રીતે ?'

સ્વામીશ્રી કહે : 'જોગી મહારાજ કરતા.'

'જોગી મહારાજ કરવા આવતા ?' સૌએ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

સ્વામીશ્રી કહે : 'આપણે તો એમને પ્રાર્થના કરી, એટલે બધું કામ એમણે કર્યું.'

'પણ બાપા ! આપને એમ ન થયું કે હું પ્રમુખ છું ને મારે આટલું બધું કરવાનું ?'

સ્વામીશ્રી કહે : 'આપણે ક્યાં કરીએ છીએ ? મહારાજ-સ્વામી, શાસ્ત્રીજી મહારાજ - જોગી મહારાજ જ બધું કરતા હતા, કરે છે.'

'એ લોકો કરે છે, એમ ?'

'હા, એમનાથી જ થાય છે. આપણે માથે રાખીએ તો આપણને ભાર લાગે. એ જ બધું કામ કરી આપે.'

•

૯:૨૦ વાગે રૂમમાં પલંગ આગળ વ્હીલચૅરમાં બિરાજ્યા હતા. પડદા હજુ બંધ હતા. સ્વામીશ્રી સેવક સંતો સાથે હળવી વાતચીતો કરતા હતા. સ્વામીશ્રીની જન્મ જયંતીઓની સ્મૃતિ કરતાં સંતોએ મણિભાઈ નાનાલાલ ભટ્ટને યાદ કર્યા. તે પરથી હરિપ્રકાશદાસ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું : 'મણિભાઈનું મૂળ ગામ કયું ?'

સ્વામીશ્રી કહે : 'સલાડ.'

'પછી ક્યાં રહેતા હતા ?'

'ઠીકરિયા.'

આજે એકાદશી હતી. સંતોને મંદિર-સ્વચ્છતાનો સેવાયજ્ઞ હોવાથી સ્વામીશ્રીએ નિર્જળ ઉપવાસ કરતા સૌને ફરાળની છૂટ આપી હતી. તે યાદ કરીને હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'અમે તો બપોરે ફરાળ જમ્યા, પણ આપે શું ખાધું ?'

સ્વામીશ્રી કહે : 'કંઈ નહીં.'

'કેમ કંઈ નહીં ?'

'મારે ઉપવાસ છે.' સ્વામીશ્રી હળવે રહીને બોલ્યા. (અને ખરેખર સ્વામીશ્રીએ અત્યાર સુધી કંઈ જ ગ્રહણ કર્યું નહોતું.)

સંતો કહે : 'આપ ઉપવાસ કરશો તો અમારું શું થશે ?' પછી કહે : 'આપ ઉપવાસ કરો છો ને અમે જમીએ છીએ, તો આપને એમ નથી થતું કે આ બધા શું કરે છે !'

સ્વામીશ્રીએ નકારમાં મસ્તક હલાવીને ના કહી. પછી કહે : 'જોગી મહારાજની ઇચ્છા હતી કે સંતો-હરિભક્તોને રાજી કરવા.'

'એટલે નિર્જળ ઉપવાસને બદલે ફરાળની છુટ્ટી આપી દો છો કેમ ?'

સ્વામીશ્રીએ હકારમાં મસ્તક હલાવ્યું.

યોગીજી મહારાજની પ્રકૃતિ હતી કે સંતોને ઉગ્ર તપ-વ્રત પણ કરાવતા અને ખૂબ રમાડતા-જમાડતા પણ ખરા. એ જ પ્રકૃતિનાં દર્શન સ્વામીશ્રીમાં પણ જોવા મળે છે.

•

કેટલીક વાર સ્વામીશ્રી સમક્ષ સંતો પરસ્પર ગમ્મત કરીને હાસ્યનો ગુલાલ વેરતા હોય છે. તેની પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય તો તેને આધારે સ્વામીશ્રી કંઈક બોધવચન કહે અથવા તો પોતાની રુચિ, અભિપ્રાય કે ભાવના વ્યક્ત કરે તે જાણવાનો વિશેષ હોય છે.

રાત્રે સ્વામીશ્રીને પલંગ પર સુવડાવ્યા પછી સેવકો લૅન્સ કાઢતા હતા. એ વખતે ગમ્મતમાં યોગવિવેકદાસ સ્વામી અને હરિપ્રકાશદાસ સ્વામી એકબીજાને સખણા રહેવાની સલાહ આપી રહ્યા હતા.

સ્વામીશ્રી કહે : 'હા, સખણા રહેવાનું.'

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'બાપા ! સખણા(સીધા) રહેવા શું કરવું ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાનનું ભજન કરો અને મોટાપુરુષ સામે દૃષ્ટિ રાખો.'

સીધા-સરળ રહેવા માટે શું કરવું તે સ્વામીશ્રીએ સરળ રીતે સમજાવી દીધું.

•

તા. ૭-૧૦-૨૦૧૪, સારંગપુર

સવારે સ્નાનાદિકથી પરવારીને વ્હીલચૅરમાં બિરાજ્યા હતા. સંતોએ તારીખિયું વંચાવ્યું. સંતોએ પૂછ્યું : 'બાપા ! આજ શરદપૂનમ, આજે કોનો જન્મદિવસ ?'

સ્વામીશ્રી કહે : 'અક્ષરબ્રહ્મનો.'

'અક્ષરબ્રહ્મ એટલે કોણ ?'

સ્વામીશ્રી કહે : 'ગુણાતીતાનંદ સ્વામી.'

'સાક્ષાત્ અક્ષરબ્રહ્મ અહીં પ્રગટ છે ને અમને આજે આ લાભ મળી ગયો ! કેવો મેળ બેસી ગયો !'

સ્વામીશ્રી કહે : 'ખરેખરો મેળ બેસી ગયો.'

હા, અક્ષરબ્રહ્મના દિવ્ય સંબંધે બ્રહ્મભાવને પામવાની આવી વાતોથી આજે મુમુક્ષુઓ માટે પૂર્ણિમાનું પ્રભાત ઊગ્યું.

•

આજે સાંજે ગુણાતીતાનંદ સ્વામીના જન્મોત્સવની સભાનો આરંભ 'પ્રમુખદર્શન વાટિકા'માં સાંજે ૪:૪૫ વાગે સંગીતજ્ઞ સંતોના ધૂન-કીર્તનથી થઈ ગયો હતો. ઠેર ઠેરથી હરિભક્તો અને સંતો ઉત્સવનો લાભ લેવા માટે આવી પહોંચ્યા હતા. 'પ્રમુખદર્શન વાટિકા' અત્યારે ભક્તમેદનીથી ચિક્કાર ભરાઈ ગઈ હતી.

સંતોએ પ્રાસંગિક પ્રવચનો કરીને ગુણાતીતાનંદ સ્વામીનાં ગુણગાન ગાયાં. બરાબર ૬:૧૨ વાગે સ્વામીશ્રી 'પ્રમુખદર્શન વાટિકા'માં પધાર્યા. સ્વામીશ્રીએ મસ્તકે અસલ ગુણાતીતાનંદ સ્વામી જેવી જ પાઘ ધારણ કરી હતી. ભાલે પૂર્ણિમાના ચંદ્ર સમો કુમકુમનો ચાંદલો શોભતો હતો. ગાતરિયું પણ ગુણાતીતાનંદ સ્વામીની જેમ ગાંઠ વાળીને પહેર્યું હતું. ગળામાં તુલસીની માળા પહેરી હતી. અક્ષર દેરીનાં પેન્ડલ ગૂંથેલી રેશમનાં ફૂલો અને મોતીની સેરોવાળી ચાદર તથા હાર પહેરેલી સ્વામીશ્રીની મૂર્તિ અત્યંત શોભાયમાન લાગતી હતી. ખોળામાં રાખેલા ઓશીકાના કવર ઉપર પણ અક્ષર દેરીને કંડારેલી હતી. સ્વામીશ્રીના રૂપમાં અક્ષરબ્રહ્મ સાક્ષાત્ 'વાટિકા'માં પ્રગટ થયું હોય તેવાં અદ્ભુત દર્શન કરતાં ભક્તો ભાવવિભોર બની ગયા હતા. બુલંદ શંખનાદો ને અંતરીક્ષમાંથી થતી પુષ્પવૃષ્ટિએ સ્વામીશ્રીના આગમનને વધાવ્યું. સ્વામીશ્રી સ્ટેજના મધ્યમાં ગોઠવવામાં આવેલા વર્તુળાકાર ઉપમંચ પર ગોઠવાયા પછી ઢોલ, નગારાં, ઝાલર અને શંખનાદથી સ્વામીશ્રીના સભામાં થયેલા આગમનને સૌએ ભવ્યતાથી વધાવ્યું.

સ્વામીશ્રીનું આસન શ્રીહરિની પૂર્ણકદની ઉત્સવ-મૂર્તિની પાસે જમણી તરફ ગોઠવવામાં આવ્યું હતું. સ્વામીશ્રીના હરિકૃષ્ણ મહારાજનું સુવર્ણરંગી આસન શ્રીહરિની મૂર્તિની આગળ જ ગોઠવવામાં આવ્યું હતું. સ્વામીશ્રીના આસનની આગળ હીરા-રત્ન જડિત સુંદર અમૃતકળશ પધરાવવામાં આવ્યો હતો.

હવે પછીના સભા કાર્યક્રમનું સંચાલન અમદાવાદથી આવેલા પાંચ શિશુઓએ સંભાળ્યું હતું. મૈત્રિક વાર્તા-લાપની શૈલીમાં તેઓએ સંચાલન ઘણું રસપ્રદ કર્યું હતું. પૂર્વભૂમિકામાં જ તેઓએ ગુણાતીતાનંદ સ્વામી એ જ પ્રમુખસ્વામી મહારાજ છે એવું પુરવાર કરીને, સ્વામીશ્રીના જન્મદિનની ખુશાલીમાં બાળકો નૃત્યાંજલિ અર્પણ કરશે તેવી જાહેરાત કરી. તે સાથે *'આજ પ્રગટ્યા પૂરણ બ્રહ્મ રે, સ્વામી સુખકારી...'* એ કીર્તન ઉપર સારંગપુર વિદ્યામંદિર ને યુવા તાલીમ કેન્દ્રના યુવકોએ ખૂબ સુંદર નૃત્ય કર્યું. સ્વામીશ્રી પણ દાંડિયા વગાડતાં બાળકો-યુવકોને સુખ આપતા હતા. છેલ્લે *'આવ્યા કલ્યાણ કાજ પ્રગટ ગુણાતીતાનંદ... પ્રમુખસ્વામી આજ પ્રગટ ગુણાતીતાનંદ...'* પંક્તિ આવી ત્યારે સૌએ તેમાં પોતાનો સૂર પુરાવીને એ શબ્દોના ભાવને વધુ ઘેરો બનાવ્યો.

ફરી સંચાલનનો દોર હાથમાં લેતાં શિશુઓ આગળ આવ્યા. પંચાળામાં શ્રીહરિએ સંતોને ચંદનની ગોટીઓ આપીને તિલક કરી લાવવા કહેલું – તે પ્રસંગ કહ્યા પછી એક શિશુ કહે : 'પછી આપના કપાળે તિલક-ચાંદલો કરીને મહારાજે કહ્યું હતું કે આ અમારા તિલક. આ પ્રસંગ આપને બરાબર યાદ છે ને બાપા ?' સ્વામીશ્રીએ મસ્તક હલાવીને હા કહી. સભા આખી તાળીઓના ગડગડાટથી ગર્જી ઊઠી.

પછી તો શ્રીહરિએ ગુણાતીતાનંદ સ્વામીની 'અનાદિ મૂળ અક્ષરબ્રહ્મ' તરીકેની ઓળખ શ્રીમુખે આપી હોય તેવા પ્રસંગો એક પછી એક તેઓ રજૂ કરતા

ગયા અને દરેક પ્રસંગને અંતે 'આપને માટે મહારાજે આમ કહેલું તે યાદ છે ને બાપા આપને?' એવું પૂછીને શિશુઓ સ્વામીશ્રીની સાહેદી લેતા ગયા. સ્વામીશ્રી પણ ઉત્તરરૂપે મંદ સ્મિત રેલાવતાં કે હકારમાં મસ્તક હલાવીને તેઓને સમર્થન આપતા જતા હતા.

આમ, ગુણાતીતાનંદ સ્વામીનો જન્મદિન એ સ્વામીશ્રીનો પણ જન્મદિન કહી શકાય – એવી સમજણ સાથે સૌએ *'સોનલે મઢી ને રૂપલે જડી, શરદપૂનમની રાતલડી...'*નો આનંદ-ઉત્સવ રાસ રમીને માણ્યો. સ્ટેજ આગળ યુવકો તથા સંતો રાસ રમતા હતા. મંચ પર ઘનશ્યામબાપા સ્વામીશ્રી પાસે દાંડિયા વગાડતાં આવ્યા ને સ્વામીશ્રી સાથે રાસ રમ્યા. મંદ મંદ હસતાં સ્વામીશ્રી તેમની સાથે દાંડિયે રમતાં ભક્તોને અપાર સુખ આપી રહ્યા હતા.

રાસ પૂરો થયો એટલે શિશુઓ આગળ આવ્યા. એક કહે : 'આજે અક્ષરબ્રહ્મનો જન્મદિન એટલે સ્વામીબાપાનો જન્મદિન. અને સ્વામીબાપાનો બર્થ ડે હોય તો કેક, પેસ્ટ્રી, ચોકલેટ ખાવાની હોય. બાપા! અમને ચોકલેટ આપો ને!'

બીજો શિશુ તેને ટપારતાં કહે : 'અરે! આજે શરદપૂનમનો દિવસ છે. આજે કેક, પેસ્ટ્રી કે ચોકલેટ ન હોય. આજે તો દૂધ-પૌંઆનો પ્રસાદ હોય.'

સ્વામીશ્રી તે સાંભળીને હસી પડ્યા.

પછી તો બધા બાળકો બાપાને વિનવવા લાગ્યા કે આપ અમને બધાને તો દૂધ-પૌંઆ જમાડશો, પણ તે પહેલાં આપે તે જમવા પડશે.'

નાનાં ભૂલકાંઓની વિનંતી માન્ય રાખતાં સ્વામીશ્રીએ દૂધ-પૌંઆ જમવા સંમતિ દર્શાવી. ઘનશ્યામબાપાએ ઠાકોરજીને ધરાવવામાં આવેલા દૂધ-પૌંઆમાંથી બે ચમચી સ્વામીશ્રીને પીવડાવી. સ્વામીશ્રીની વ્હીલચૅર જે વર્તુળાકાર પ્લેટફોર્મ પર ગોઠવાઈ હતી તે પ્લેટફોર્મ યંત્રસંચાલિત હતું. તે ધીમે ધીમે વર્તુળાકારે ફરવા લાગ્યું. આથી, ચારેય બાજુ બેઠેલા સંતો-હરિભક્તોને સ્વામીશ્રી દૂધ-પૌંઆ ગ્રહણ કરી રહ્યા હતા તેનાં દર્શનનો સુખપૂર્વક લાભ મળ્યો. આવાં અનુપમ દર્શન પામીને સંતો-હરિભક્તોએ પોતાનો હર્ષોલ્લાસ તાળીઓના ગડગડાટથી વ્યક્ત કર્યો.

પંચમ આરતી ગુણાતીતાનંદ સ્વામીના જન્મોત્સવની મુખ્ય આરતી હતી. સ્વામીશ્રીની સમક્ષ હરિકૃષ્ણ મહારાજને પધરાવવામાં આવ્યા. સ્વામીશ્રી અને વડીલ સંતોએ ઠાકોરજીની આરતી ઉતારવાનો લાભ લીધો. સાથે સભામાં ઉપસ્થિત તમામ ભક્તોએ પણ જન્મોત્સવની સમૂહ આરતી ઉતારવાનો લાભ લીધો. આરતી પછી પરંપરા મુજબ ઠાકોરજીને મિષ્ટાન્ન અને ફરસાણના વિવિધ થાળ ધરાવવામાં આવ્યા.

કાર્યક્રમના અંતમાં આભારદર્શન કરવામાં આવ્યું. સ્વામીશ્રીનો આભાર માનતાં સૌએ બુલંદ જયનાદો ઉચ્ચાર્યા. સૌ હરિભક્તોને પોતાના સ્થાન પર જ દૂધ-પૌંઆનો પ્રસાદ પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. સ્વામીશ્રીની વ્હીલચૅર હવે ઉપમંચ પરથી ઊતરીને હરિભક્તોને દર્શનલાભ આપતી સ્ટેજ ઉપર ખડી કરવામાં આવેલી પ્રાસંગિક પિછવાઈ આગળ આવીને ગોઠવાઈ. અંતરીક્ષમાંથી શ્રીહરિ પ્રગટ થઈને અક્ષર દેરી આકારના વિમાનમાં બેઠેલા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી પર પોતાની દિવ્ય દૃષ્ટિ કરી રહ્યા છે. પિછવાઈનો ભાવાર્થ સમજાવતાં નારાયણમુનિદાસ સ્વામીએ કહ્યું કે શ્રીજીમહારાજ અને ગુણાતીતાનંદ સ્વામી બંને પ્રમુખસ્વામી મહારાજ ઉપર રાજી થઈને કહે છે કે આપે સર્વોપરી કાર્ય કર્યું છે.

•

તા. ૮-૧૦-૨૦૧૪, સારંગપુર

નિત્યકર્મથી પરવાર્યા પછી સ્વામીશ્રી સંતો સાથે હળવી વાતો કરવા લાગ્યા. ૧૧:૦૦ વાગે રૂમમાં આવ્યા.

હરિપ્રકાશદાસ સ્વામી સાખી બોલ્યા : *'બોલ્યો ફરે તે બંદો નકામો, ટેકો ન દે તે કંધો નકામો; છોલે નહીં તે રંધો નકામો ને નફા વગરનો ધંધો નકામો.'*

સ્વામીશ્રી તે સાંભળીને કહે : 'વાહ...વાહ..'

તેઓએ પૂછ્યું : 'બાપા! આપનો ધંધો કયો છે?'

સ્વામીશ્રી કહે : 'ભગવાનનું ભજન કરવાનું અને કરાવવાનું.'

'પણ એ ધંધામાં ફાયદો શું?'

સ્વામીશ્રી કહે : 'ભગવાન રાજી થાય. ભગવાનના આશીર્વાદ મળે.'

'અને ભગવાન રાજી થાય તો શું થાય?'

સ્વામીશ્રી બોલ્યા : 'અંતરમાં શાંતિ થાય.'

•

તા. ૯-૧૦-૨૦૧૪, સારંગપુર

સવારે કાચની બેઠકરૂમમાં ઉત્તરાભિમુખે બિરાજીને નિત્યપૂજા કરી. પૂજા પછી હરિભક્તોની વસ્તુઓ પ્રસાદીની કરી. 'બાળ ઘનશ્યામ'નો હિન્દી અંક સ્વામીશ્રીએ કરમાં ગ્રહણ કરી પ્રસાદીનો કર્યો. વલસાડના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિરના ધોરણ ૧૦ના છાત્રોએ જાતે બનાવેલું કાર્ડ સ્વામીશ્રીને અર્પણ કરવામાં આવ્યું. સારા માર્ક્સ સાથે પાસ થઈ જવાય અને જીવનમાં આગળ વધાય તેવી પ્રાર્થના લખી, દરેક બાળકે પોતાની સહી કરી હતી. સ્વામીશ્રીએ કાર્ડ હાથમાં લઈને જોયું. બાળકોની ભક્તિ સ્વીકારી.

ધર્મચરણદાસ સ્વામીને કહે : 'આશીર્વાદ લખી દેજો.'

સ્વામીશ્રીના હાથમાં ભક્તોએ મોકલેલી વિવિધ છડીઓ આપવામાં આવી. સંતો સાથે હળવી વાતો ચાલતી હતી. પંકજભાઈ સાધક અને જેસલભાઈ (યુ.કે.) સ્વામીશ્રીના ફોટા પાડતા હતા. સ્વામીશ્રીએ આંખોના ઈશારાથી અને અંગુલિનિર્દેશ કરીને બંને સામું જોયું. પંકજભાઈ કહે : 'આ લંડનનો છે ને હું તાજપુરનો.'

પછી તેણે સ્વામીશ્રીને પૂછ્યું : 'આપ ક્યાંથી આવ્યા છો ?'

સ્વામીશ્રીએ મંદ મંદ હસતાં આકાશ તરફ અંગુલિ-નિર્દેશ કરતાં કહે : 'ભગવાનના ધામમાંથી.'

શ્રીમુખેથી ગુરુહરિની ઓળખ મેળવીને તેઓ બંને રાજી રાજી થઈ ગયા.

યોગવિવેકદાસ સ્વામીએ સ્વામીશ્રીને વાત કરી કે 'યુ.કે. મિલ્ટનકીન્સનો તુષાર શાહ કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી પીએચ.ડી. કરી રહ્યો છે. તેને આશીર્વાદ આપો.' એમ કહીને તેમણે સ્વામીશ્રીના મુખ આગળ ફોન ધર્યો.

સ્વામીશ્રીએ તુષારને આશીર્વાદ આપતાં કહ્યું : 'જય સ્વામિનારાયણ તુષાર ! ગુરુ ઉપર પીએચ.ડી. કરે છે, તો કેમ્બ્રિજમાં સારો અભ્યાસ કરી શકે તે આશીર્વાદ છે.'

પૂજા પછી અત્યાર સુધીના સ્વામીશ્રીના ફોન, પત્ર અને પ્રત્યક્ષ વાર્તાલાપ પરથી, તેમની સક્રિયતા પૂર્વે જેવી જોવા મળતી એવી જ જોઈને સૌને આનંદ થયો. સ્વામીશ્રી ત્યારબાદ દૈનિક વ્યાયામમાં વ્યસ્ત થયા.

રાત્રે પણ એવો જ અનુભવ થયો. ૭:૩૨ વાગે રૂમની બહાર આવ્યા. પેસેજમાં ઈશ્વરચરણદાસ સ્વામી ઊભા હતા. તેમને મળ્યા. તેઓએ ઉત્તર ભારતમાં કેટલાક મહત્ત્વનાં કેન્દ્રોમાં જમીન સંપાદન અને મંદિર રચનાના પ્રોજેક્ટસ અંગે સ્વામીશ્રીને સંક્ષિપ્ત માહિતી આપી. સ્વામીશ્રી તે પ્રદેશમાં ઊભરી રહેલા સત્સંગ વિષે સાંભળીને રાજી થયા. પછી અગત્યની સૂચના આપતાં કહે : 'જ્યાં જમીન લઈએ ત્યાં દસ્તાવેજ સંસ્થાના નામે થાય તે ખાસ ધ્યાન રાખવું.'

ઈશ્વરચરણદાસ સ્વામી કહે : 'બધું કાયદેસર સંસ્થાને નામે જ હોય એ જ પ્રમાણે કરીએ છીએ.'

સ્વામીશ્રી તે સાંભળીને રાજી થયા.

સંસ્થા-સંચાલનનું કાર્ય સ્વામીશ્રી આ ઉંમરે ને આવા સ્વાસ્થ્યમાં પણ કેટલું ચીવટથી કરી રહ્યા છે, તે જાણીને સૌને આનંદ થયો.

•

આરામના સમયે સેવક સંતો સાથે વાતો ચાલતી હતી. તેમાં યોગવિવેકદાસ સ્વામીએ ગાયું : *'સ્વામીજી તો મહાપ્રતાપી, એનું ધાર્યું થાય... દાસ છગન કહે શરણું ગ્રહ્યાથી, થઈ છે લીલા લહેર...'*

પછી સ્વામીશ્રીને પૂછ્યું : 'એ છગનભાઈ કોણ હતા ? યોગીચરણદાસ સ્વામીના પૂર્વાશ્રમના પિતાશ્રી ?'

સ્વામીશ્રીએ મસ્તક હલાવીને ના કહી.

'ક્યાંના હતા એ ?'

સ્વામીશ્રી કહે : 'અમદાવાદ રહેતા.'

યોગવિવેકદાસ સ્વામી કહે : 'કેવા હતા ? પટેલ, વાણિયા, બ્રાહ્મણ, દરબાર ?'

સ્વામીશ્રી કહે : 'દર્શનીય હતા.'

શાસ્ત્રીજી મહારાજના સંબંધમાં આવેલ નાના-મોટા તમામ ભક્તોનો સ્વામીશ્રી અંતરથી મહિમા સમજે છે. અધ્યાત્મ જીવનનો એક અમૂલ્ય પાઠ શીખવીને સ્વામીશ્રી આરામમાં પધાર્યા.

•

તા. ૧૦-૧૦-૨૦૧૪, સારંગપુર

૯:૧૦ વાગે રૂમમાં પલંગ આગળ ખુરશીમાં બેઠા હતા. હું અમેરિકાના એક હરિભક્તના પ્રશ્નની વાત સ્વામીશ્રીને કરીને તેમના માટેના આશીર્વાદ લઈ રહ્યો હતો. એવામાં હરિપ્રકાશદાસ સ્વામી પડ્યા અને ધડાકો થયો. સ્વામીશ્રી તે સાંભળીને હસી પડ્યા. તેઓ અજાણ્યા થઈને પૂછવા લાગ્યા : 'આ ધડાકા શાના થાય છે ?'

તરત સ્વામીશ્રી કહે : 'સ્વભાવના.'

સ્વામીશ્રીના સચોટ અને માર્મિક ઉત્તરથી સૌ હસી પડ્યા.

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'આ સ્વભાવ કેવી રીતે ટળે ?'

સ્વામીશ્રી કહે : 'પોતે પ્રયત્ન કરે તો ટળી જાય.'

હળવી વાતમાં પણ 'ભારેખમ' વાત કરી દેવી અને ભારેખમ વાતને પણ 'હળવી' કરી દેવામાં સ્વામીશ્રી માહેર છે. ભલ ભલા આરાધકો જે સ્વભાવને ટાળવામાં માત થઈ ગયા છે, તેના સચોટ ઉપાયો શિષ્યને હળવાશથી સમજાવી દેવા એ ગુરુનું અગ્રિમ કાર્ય છે. એથી જ *ગુરુગમ* વિના બીજા ઉપાયોને મુક્તાનંદ સ્વામીએ કાચા કહ્યા હશે.

•

તા. ૧૨-૧૦-૨૦૧૪, સારંગપુર

૯:૫૫ વાગે સ્વામીશ્રી સ્મૃતિમંદિર પહોંચ્યા. ગુરુ શાસ્ત્રીજી મહારાજનાં ભાવથી દર્શન કર્યાં. પ્રદક્ષિણામાં યોગીજી મહારાજનાં દર્શન કરવા પધાર્યા, ત્યારે દૂર ખૂણામાં યુવા તાલીમ કેન્દ્રના ચાર-પાંચ યુવકો હાથમાં સાવરણી, સાવરણા, ડોલ, પોતાં વગેરે સફાઈનાં સાધનો લઈને ઊભા હતા. સંતોએ વાત કરી કે ફલ્ગુ નદીનો પટ સ્વચ્છ કરવા માટે આ યુવાનો આજે શ્રમયજ્ઞ કરી રહ્યા છે. સ્વામીશ્રીએ તેઓ પર રાજીપાની દૃષ્ટિ કરી.

એક યુવક મોટેથી બોલ્યો : 'અલ્યા, આપણે નદી તો સાફ કરશું પણ આપણા અંતરનું શું ?'

બીજો યુવક ઉત્તર આપતાં કહે : 'અરે ! અંતર સાફ કરનારા તો આ (સ્વામીશ્રી તરફ હાથ ચીંધીને) બેઠા છે. બાપા ! સેવા કરવાથી અમારાં અંતર સાફ થઈ જશે ને ?'

સ્વામીશ્રીએ બંને હાથ ઊંચા કરી મસ્તક હલાવીને હા કહી. યુવકો આનંદમાં આવી ગયા.

હકીકતે પણ એ વસ્તુ જોવા મળે છે. છ મહિના માટે તાલીમ અર્થે આવેલા આ યુવાનોનાં શરીર અને વસ્ત્રો તો રોજ સેવા કરતાં ખરડાતાં હોય છે, પરંતુ એ સાથે અંતર સાફ થઈ ગયાનો અહેસાસ તેઓ ખુદ અનુભવે છે. એટલું જ નહીં, તેમના નિકટવર્તી એવા વાલીઓ પણ જ્યારે જાહેરસભામાં એનું બયાન કરે છે ત્યારે સૌને પ્રતીતિ થાય છે કે ગુણાતીતની દૃષ્ટિમાં અંતર શુદ્ધ કરવાનો કેવો ઇલમ છે !

•

તા. ૧૮-૧૦-૨૦૧૪, સારંગપુર

સ્વામીશ્રીનાં ભોજન-દર્શન દરમ્યાન મીઠાઈઓની વાતમાંથી અમૃતપાકની બનાવટ વિષેની વાતો નીકળી. તેમાં જાણવા મળ્યું કે ઈશ્વરભાઈ મસાલાવાળાનો રસોઇયો યોગીજી મહારાજના વખતમાં અમૃતપાક બનાવતો. એમાંથી પછી સંસ્થામાં અમૃતપાક પ્રચલિત થયો.

વિવેકસાગરદાસ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું : 'ઈશ્વરભાઈ ક્યાંના હતા ?' સ્વામીશ્રી કંઈ ન બોલ્યા. તેઓએ ફરી પૂછ્યું : 'એમનું ગામ કયું ?'

સ્વામીશ્રી કહે : 'આણંદ રહેતા.'

તેઓએ પૂછ્યું : 'મૂળ ગામ કયું ? પંડોળી ?'

સ્વામીશ્રીને યાદ આવી ગયું. આંખોમાં ચમક આવી. તરત એમના તરફ આંગળી ચીંધીને કહે : 'બરાબર. પંડોળી.'

•

તા. ૨૧-૧૦-૨૦૧૪, સારંગપુર

સવારે સ્નાનાદિકથી પરવારીને સ્વામીશ્રી ૯:૪૦ વાગે ઠાકોરજીનાં દર્શને જવા નીકળ્યા. સ્વામીશ્રીના ખોળામાં રાખેલા ઓશીકાના કવર ઉપર *'પાયોજી મૈંને રામ રતન ધન પાયો...'* એ પંક્તિ આજના 'ધન ત્રયોદશી'ના અનુસંધાનમાં લખાયેલી હતી. ગોલ્ફકાર્ટમાં બિરાજી ૯:૫૦ વાગે સ્મૃતિમંદિરે પહોંચ્યા. ગુરુદર્શન કરીને પ્રદક્ષિણામાં આવ્યા. વૈદિકકાળથી પશુને ધન માનવામાં આવે છે. તેથી આજના દિવસે ગૌપૂજાનું પણ માહાત્મ્ય છે. સારંગપુરની આપણી ગૌશાળાની ઉત્તમ ઓલાદની ચાર ગીર ગાયો પ્રદક્ષિણા આગળ લાવવામાં આવી હતી. સ્વામીશ્રીએ પ્રસાદીનો કરી આપેલો પૂજાપો લઈને કો. જ્ઞાનેશ્વરદાસ સ્વામીએ સ્વામીશ્રી વતી દરેક ગાયને માથે ચાંદલા કરીને પૂજન કર્યું. સ્વામીશ્રીને આ ગાયોની વિશેષતા જણાવવામાં આવી. સ્વામીશ્રીએ ઠાકોરજી અને સંતો-ભક્તોની સેવામાં આવતી આ ગાયો ઉપર આશીર્વાદની દૃષ્ટિ કરી. સાથે ગૌસેવકો ઉપર પણ દૃષ્ટિ કરી.

અહીંથી ફરી ગોલ્ફકાર્ટમાં બિરાજીને મંદિરે આવ્યા. ઠાકોરજીનાં દર્શન કર્યાં. આજે ઠાકોરજીને મખમલના બુટ્ટાદાર વાઘા, સુવર્ણ મુકુટ, સુવર્ણ આભૂષણો ધરાવવામાં આવ્યા હતા. સિંહાસનના સોપાનમાં સ્વસ્તિક, કળશ, તિલક-ચાંદલો વગેરે માંગલ્યનાં પ્રતીકો મૂકવામાં આવ્યાં

હતાં. તે સાથે દીપમાળા રચવામાં આવી હતી. બધા ખંડોમાં દર્શન કરી લીધાં પછી મધ્યખંડમાં પધારીને સ્વામીશ્રીએ લક્ષ્મીપૂજન કર્યું. મધ્યખંડના ઉદુમ્બર ઉપર ઠાકોરજીનાં મુકુટ, આભૂષણો વગેરે ગોઠવવામાં આવ્યાં હતાં. તેના ઉપર પુષ્પો પધરાવ્યાં. પંકજ સોનીએ બનાવેલા ઠાકોરજીના મુકુટનો સ્પર્શ કર્યો.

લક્ષ્મીપૂજન કર્યાં પછી સ્વામીશ્રીએ ઠાકોરજીની આરતી ઉતારી.

૧૦:૩૮ વાગ્યે 'નારાયણ મંડપમ્'ના સ્ટેજ પર આવ્યા. આજના આ શુભ પ્રસંગ નિમિત્તે સૌ હરિભક્તોનાં ઘર ધન-ધાન્યથી ભરપૂર રહે તેવા સંકલ્પ સાથે વિવેકસાગરદાસ સ્વામી તથા જ્ઞાનેશ્વરદાસ સ્વામીએ સ્વામીશ્રીને સુંદર ચાદર તથા હાર પહેરાવીને સત્કાર્યા.

હરિભક્તોનો પરિચય અપાયો. બિરેન દેસાઈ કહે : 'આપ કૃપા કરીને આશીર્વાદ આપજો, સૌ હરિભક્તોને ધન આપજો. તો અમે ઠાકોરજીને ધન આપી શકીશું.'

સૌ હરિભક્તો વતી એણે કરેલી આ પ્રાર્થના સાંભળીને, સ્વામીશ્રીએ રાજી થઈને કરનું લટકું કરીને તે આશિષ આપ્યા. હરિભક્તોએ અત્યંત રાજી થઈને તે આશિષ શિરે ચઢાવ્યા.

•

તા. ૨૩-૧૦-૨૦૧૪, સારંગપુર

સ્વામીશ્રી સાંજે જાગ્યા પછી તૈયાર થઈ રહ્યા હતા. તે દરમ્યાન ખાંસી આવી. નારાયણચરણદાસ સ્વામી જરા ખેદ સાથે કહે : 'કોણે મોકલી આ ખાંસી ?!'

તરત સ્વામીશ્રી કહે : 'ભગવાને.'

નાના-મોટા દરેક રોગ કે દુઃખના મોકલનારા ભગવાન છે તેમ માનવું – એ ભગવાનના સ્વરૂપના કર્તાપણાની સમજણની પરિપક્વતાનો પરિચય કરાવે છે. તેવા સંજોગોમાં પણ સુખી ને સ્વસ્થ રહેવા, સ્વદૃષ્ટાંત દ્વારા સત્પુરુષ આપણને પ્રેરિત કરે છે.

•

સાંજે બરાબર ૪:૧૫ વાગે ચોપડાપૂજન નિમિત્તેની મહાપૂજાનો આરંભ થઈ ચૂક્યો હતો. તે પછી વિવેકસાગરદાસ સ્વામીએ પ્રાસંગિક પ્રવચનનો લાભ આપ્યો હતો.

૫:૨૭ વાગે ફૂલોના ગુચ્છ, મોતીની માળા તથા એલ.ઈ.ડી. લાઇટથી શણગારેલી ગોલ્ફકાર્ટમાં બિરાજીને સ્વામીશ્રી સ્મૃતિમંદિરે પધાર્યા. ગુરુદર્શન કર્યાં. અહીં શ્રીહરિનાં ચરણારવિંદના ઓટા ઉપર સંસ્થાના તથા સારંગપુર મંદિરના ચોપડાઓ ગોઠવવામાં આવ્યા હતા. સ્વામીશ્રીએ તેના પર પુષ્પો પધરાવીને પૂજન કર્યું. ત્યારબાદ ઘૂમટ અને પગથિયાં સુધીના માર્ગમાં બંને બાજુએ ગોઠવેલા ચોપડાઓ ઉપર દૃષ્ટિ કરતાં સ્ટેજ પાસે આવ્યા. ઠાકોરજીના આસનની બાજુમાં સ્વામીશ્રીનું આસન ગોઠવાયું હતું. સ્વામીશ્રીએ વિશાળ ખુલ્લા પ્રાંગણમાં બેઠેલા ૩,૦૦૦થી વધુ હરિભક્તો ઉપર પોતાની પાવનકારી દૃષ્ટિ કરી. ત્યારબાદ સ્વામીશ્રીએ મંચ પર પધરાવવામાં આવેલા ચોપડાઓ ઉપર અક્ષત તથા પુષ્પ-પાંદડીઓ પધરાવીને ચોપડાઓનું પૂજન કર્યું.

•

તા. ૨૪-૧૦-૨૦૧૪, સારંગપુર

૭:૪૫ વાગ્યે કાચના દર્શનકક્ષના પડદા ઊંચકાયા. સ્વામીશ્રી દર્શનકક્ષમાં ઉત્તરાભિમુખે બિરાજીને માળાજાપ કરી રહ્યા હતા. સ્વામીશ્રીએ માથે ઊનની ટોપી પહેરી હતી. ભાલે ચંદનની અર્ચા કરીને તિલક-ચાંદલો કર્યો હતો. પાતળી ગરમ શાલ ગાતરિયાની જેમ ઓઢી હતી. ખોળામાં રાખેલા ઓશીકાના કવર ઉપર સ્વામીશ્રીની જીવનભાવના 'સર્વેઽત્ર સુખિનઃ સન્તુ' લાલ અક્ષરોમાં શોભી રહી હતી. સ્વામીશ્રીની આગળ ગોઠવાયેલી પૂજાની પાટમાં બધી મૂર્તિઓ ફરતે ગુલાબનાં પુષ્પોની સુંદર સજાવટ કરી હતી. હરિકૃષ્ણ મહારાજને સુવર્ણ-રસિત, સુંદર કલામય સિંહાસનમાં પધરાવવામાં આવ્યા હતા. પાટના આગળના ભાગમાં 'નૂતન વર્ષાભિનંદન' લખાણ સ્વામીશ્રી દ્વારા સૌને નવા વર્ષની સુખાકારીની શુભેચ્છા પાઠવતું શોભતું હતું. કાચની દીવાલોની નીચેની ધાર ઉપર દીપપંક્તિ ઝળહળી રહી હતી. દર્શનકક્ષના ઉપરના ભાગમાં કાચ ઉપર સ્વામીશ્રીના હસ્તાક્ષરમાં લખાયેલ 'નવા વર્ષના આશીર્વાદ..' એવું લખાણ મોટા લાલ અક્ષરોમાં થર્મોકોલથી એમ્બોસ કરીને લગાવ્યું હતું. શ્વેત મોતીની સેરોનાં તોરણો તથા માંગલ્યનાં પ્રતીકોની ડિઝાઇન રચીને આખો કક્ષ શણગારવામાં આવ્યો હતો.

પડદા ખૂલ્યા ત્યારે વાટિકામાં બિરાજેલા હરિભક્તોનાં દર્શન થતાં સ્વામીશ્રીના મુખ પર હાસ્ય વિલસી ઊઠ્યું. નૂતન વર્ષના મંગલ પ્રભાતે પોતાના પ્રાણપ્યારા ગુરુહરિની આ આનંદઘન મૂર્તિ નિહાળીને હરિભક્તો ખૂબ રાજી થતાં તાળી પાડી ઊઠ્યા.

સ્વામીશ્રીએ માળાજાપ કર્યા પછી થાળ ધરાવ્યો. તે પછી પ્રાસાદિક વસ્તુઓ વડે જળ પ્રસાદીનું કરી સૌ હરિભક્તો તને-મને-ધને સુખી થાય તેવી કામના કરી. શિક્ષાપત્રી વાંચન કર્યા પછી હાથ જોડીને તમામ સંતો-હરિભક્તોને સ્વામીશ્રીએ નવા વરસના જય સ્વામિનારાયણ પાઠવ્યા. તે પછી હરિકૃષ્ણ મહારાજનાં સમીપથી દર્શન-ચરણસ્પર્શ કર્યાં. હરિકૃષ્ણ મહારાજને સ્વામીશ્રીની બાજુમાં જ સુશોભિત આસને પધરાવવામાં આવ્યા.

ત્યારબાદ સ્વામીશ્રીના મુખ આગળ માઇક ધરવામાં આવ્યું. સ્વામીશ્રીએ 'જય સ્વામિનારાયણ... નવા વરસના આશીર્વાદ છે.' એમ કહી સૌ ઉપર આશીર્વર્ષા કરી.

બ્રહ્મસાન્નિધ્ય



નવેમ્બર ૨૦૧૪

તા. ૨૯-૧૧-૨૦૧૪, સારંગપુર

'**મા**સાનાં માર્ગશીર્ષોઽહમ્।' કહીને ભગવાને માગશર માસને પોતાની વિભૂતિ તરીકે મહિમાવંત કર્યો છે.

એટલું જ નહીં, આ જ માસમાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે પ્રગટ થઈને આ વસુંધરાને ધન્ય કરી છે. જાણે સોનામાં સુગંધ ભળી! 'પ્રમુખસ્વામીની જયંતી શાનદાર ઊજવવી' – એવો આદેશ આપીને યોગીજી મહારાજે ભક્તજનોને એક સોનલ અવસર પ્રદાન કર્યો છે. યોગીજી મહારાજનાં આ વચનોને લક્ષ્યમાં રાખીને વિશ્વભરનાં તમામ સત્સંગકેન્દ્રોમાં સ્વામીશ્રીની જન્મજયંતીની ઉજવણી સૌ અપૂર્વ ઉત્સાહ-ઉમંગથી કરીને, પ્રગટ ગુરુહરિના ગુણાનુવાદ ગાઈને ગુરુભક્તિ અદા કરે છે. આબાલવૃદ્ધ ભક્તો વિશેષ તપ-વ્રત કરીને પોતાના પ્રાણપ્યારા સ્વામીશ્રીના નિરામય શતાયુની કામના કરે છે. સારંગપુર ખાતે સ્વામીશ્રીના પાવનકારી સાંનિધ્યમાં જન્મજયંતી મહોત્સવનું ખૂબ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

મંદિર પરિસર તથા સંતનિવાસમાં ઠેર ઠેર મોટાં બૉર્ડ લગાવીને તેમાં રંગીન ફોટોગ્રાફ્સ સાથે સ્વામીશ્રીની 'જીવનભાવના', 'હૃદયની વાતો' તથા પ્રસંગોનું આલેખન કરીને તેઓશ્રીના દિવ્ય ગુણોને અંકિત કરવામાં આવ્યા હતા. છેલ્લા પંદરેક દિવસથી સંતો-પાર્ષદો-સાધકો પોતાનો અભ્યાસક્રમ સ્થગિત કરીને વિવિધ વિભાગોની સેવાઓમાં દિવસ-રાત જોયા વિના, તનતોડ સેવા કરી રહ્યા હતા. જે મહામૂલા અવસરની સૌના અંતરમાં રટના લાગી હતી, તે આજે આવી પહોંચતાં સૌનાં હૈયાં આનંદના સાગરમાં હિલોળતાં હતાં. બ્રાહ્મમુહૂર્તથી શરણાઈઓના મંગલધ્વનિ સાથે સ્વામીશ્રીના ગુણાનુવાદ ગાતાં કીર્તનો વાતાવરણમાં રેલાઈ રહ્યાં હતાં. દેશ-વિદેશના હરિભક્તો આજે પોતાના જીવનપ્રાણનાં પ્રત્યક્ષ દર્શન કરીને ધન્ય થવા મંદિર પરિસરમાં ઊભરાવા લાગ્યા હતા.

સવારે ૮:૩૦ વાગ્યાથી 'પ્રમુખદર્શન વાટિકા'માં સૌ ગોઠવાઈ ગયા હતા. સ્વામીશ્રીના આગમન પૂર્વે સૌએ વડીલ સંતોના મુખેથી સ્વામીશ્રીના ગુણાનુવાદ સાંભળ્યા. સ્વામીશ્રીના જન્મદિન નિમિત્તે વડીલ સંતોની ઉપસ્થિતિમાં મહાપૂજા પણ યોજાઈ હતી.

સ્વામીશ્રી સ્નાનાદિક નિત્યકર્મથી પરવારીને ૯:૪૫ વાગ્યે રૂમની બહાર આવ્યા. મસ્તકે ગરમ ટોપી પહેરી હતી. ભાલે તિલક-ચાંદલો શોભતો હતો. ગાતરિયા ઉપર ગરમ શાલ ઓઢી હતી. ખોળામાં રાખેલ ઓશીકાના કવર પર *'સંત પરમ હિતકારી'* પંક્તિ સ્વામીશ્રીના દિવ્ય વ્યક્તિત્વને ઉજાગર કરતી હતી.

સ્વામીશ્રી સ્ટેજ પરના કાચના દર્શનકક્ષમાં પધાર્યા. આજના આ સુમંગલ દિને દર્શનકક્ષે અનોખાં રૂપરંગ ધારણ કર્યાં હતા. દર્શનકક્ષના ઉપરના ભાગમાં મોટા અક્ષરોમાં કંડારેલું *'શતં જીવ શરદઃ'* સ્વામીશ્રીના નિરામય શતાયુની કામના વ્યક્ત કરતું હતું. વિવિધ પ્રકારનાં રંગબેરંગી પુષ્પોના ગુચ્છો, તોરણો ને રંગોળીઓ રચીને સમગ્ર કક્ષને સજાવ્યો હતો. સ્ટેજ પર સોપાનપંક્તિ રચીને દેશ-વિદેશથી સ્વામીશ્રી ઉપર આવેલાં બર્થડે-કાર્ડ ગોઠવ્યાં હતાં.

બરાબર ૯:૫૦ વાગ્યે દર્શનકક્ષના પડદા ઊંચકાયા. સ્વામીશ્રી ઉત્તરાભિમુખે બિરાજીને પ્રાતઃપૂજામાં નિમગ્ન થયા હતા. પિછવાઈમાં નેવી બ્લુ રંગના પડદા પર પુષ્પ-સેરો લટકાવીને સુંદર શોભા કરી હતી. પૂજાની પાટની આસપાસ પણ બર્થડે-કાર્ડ ગોઠવવામાં આવ્યાં હતાં.

પૂજા દરમ્યાન સ્વામીશ્રીને જન્મદિનની વધાઈ

આપતું અભિવંદન ગીત તથા સ્વામીશ્રીનાં કીર્તનો રેલાઈ રહ્યાં હતાં. માળાજાપ કર્યા પછી સ્વામીશ્રીએ ઠાકોરજીને થાળ ધરાવ્યો. તે પછી જળ પ્રસાદીનું કર્યું. શિક્ષાપત્રીનું વાંચન કર્યા પછી સૌ સંતો-હરિભક્તોને 'જય સ્વામિનારાયણ' કહ્યા. ત્યારબાદ સ્વામીશ્રી પોતાના નિવાસમાં પધાર્યા.

સાંજે ૫:૩૦ વાગ્યે સ્વામીશ્રી રૂમની બહાર આવ્યા. સંત-ભોજનશાળાવાળા રસ્તે થઈને 'યજ્ઞપુરુષ મંડપમ્'ની બહાર ખુલ્લા વિશાળ પ્રાંગણમાં યોજાયેલી જન્મજયંતીની સભામાં પધાર્યા.

જન્મજયંતી મહોત્સવના સમારોહનો આરંભ સાંજે ૩:૦૦ વાગ્યાથી થઈ ચૂક્યો હતો. સભાનો મધ્યવર્તી વિષય હતો – *'આજ પામ્યા અલૌકિક સાથ'*. સ્વામીશ્રીએ પ્રત્યેક ભક્તને પોતાના હૈયાની હૂંફ અને સદાનો સાથ આપ્યો છે. કેવા કેવા વિકટતમ સંજોગોમાં સ્વામીશ્રીએ સ્વજન-આપ્તજન બનીને સુખદુઃખમાં સાથ આપ્યો છે ! એક વાર નહીં, અનેક વાર ! ઘડી - બે ઘડી નહીં, છેલ્લા શ્વાસ સુધી એમનો હૂંફાળો હાથ અને સ્નેહભીનો સાથ સદા-સર્વદા સૌએ અનુભવ્યો છે. વિદ્વાન અને વરિષ્ઠ સંતોનાં મનનીય પ્રવચનોમાં એ વિવિધ પાસાંઓને આવરી લઈને સ્વામીશ્રીના દિવ્ય અલૌકિક પ્રસંગોનું સૌએ રસપાન કર્યું. પ્રસંગકથનને અનુરૂપ વીડિયોદર્શન વિશાળકાય એલ.ઈ.ડી. સ્ક્રીન પરથી કરાવવામાં આવતું હતું. ભવ્ય મંચની બંને બાજુઓએ આ સ્ક્રીનની સુવિધા કરવામાં આવી હતી. બોટાદ બાળમંડળનાં બાળકોએ *'આજ પામ્યા અલૌકિક સાથ...'* એ નૃત્યગીત પર સુંદર નૃત્યો કરીને સભાજનોને પ્રસન્ન કર્યા હતા.

ભારતના પ્રધાનમંત્રી માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ટ્વિટર પર સ્વામીશ્રી માટે લખેલ અભિપ્રાય સ્ક્રીન પર બતાવીને તેનું ગુજરાતી ભાષાંતર મંચ પરથી રજૂ કરવામાં આવ્યું હતું. ટ્વિટર પરનો તેમનો અભિપ્રાય આ મુજબ હતો :

'I consider myself blessed to have closely interacted with Pujya Pramukh Swami Maharaj for years. He has deeply inspired me. My Pranams to Pujya Pramukh Swami Maharaj on his 94th birthday. His is a life dedicated to peace, harmony & service society.' – 'હું મારી જાતને ધન્ય માનું છું કે પૂજ પ્રમુખસ્વામી મહારાજ સાથે ખૂબ નિકટથી વાર્તાલ કરવાનો મને વર્ષો સુધી લાભ મળ્યો છે. તેઓએ મ ખૂબ ઊંડાણથી પ્રેરિત કર્યો છે. પૂજ્ય પ્રમુખસ્વા મહારાજને તેઓના ૯૪મા જન્મદિને મારા પ્રણામ પાઠ છું. તેઓએ પોતાનું સમગ્ર જીવન શાંતિ, સંવાદિતા અ સમાજની સેવા માટે સમર્પિત કર્યું છે.'

સ્વામીશ્રીના સભા-આગમનને હજારો હરિભક્તોન વિશાળ ભક્તમેદનીએ તાળીઓના ગડગડાટથી વધાવ લીધું. મસ્તકે પાઘ, ભાલે કેસર-ચંદનની અર્ચા સાથેન તિલક-ચાંદલો, ગળામાં તુલસીની માળા તથા સુંદર લાલ ફૂલો અને મોતી મઢેલા હારથી સ્વામીશ્રીની મૂર્તિ અત્યંત શોભા ધારણ કરતી હતી. વ્હીલચૅરને પણ પુષ્પસેરોથી ખૂબ સુંદર શણગારવામાં આવી હતી. ખોળામાં રાખેલા ઓશીકાના કવર ઉપર *'હે મહારાજ-સ્વામી, સેવામા રાખો સદાય'* એવું લખાણ સ્વામીશ્રીની નિતાંત નમ્રતાને પ્રદ્યોત કરતું હતું.

'યજ્ઞપુરુષ મંડપમ્'ની બહારનું સ્ટેજ અત્યારે નવાં રૂપરંગ સજીને દેદીપ્યમાન બન્યું હતું. મંચના સૌથી ઉપરના ભાગમાં અર્ધવર્તુળાકાર કલાત્મક પિછવાઈના કેન્દ્રમાં અક્ષરપુરુષોત્તમ મહારાજની ઉત્સવમૂર્તિ પધરાવવામાં આવી હતી. તેની નીચેના સ્તર પર થર્મોકોલની ડિઝાઇન કરીને કલાત્મક કંડારેલા બે વિશાળ મયૂરોની વચ્ચે સુંદર સિંહાસનમાં શાસ્ત્રીજી મહારાજની પૂર્ણકદની ઉત્સવમૂર્તિ પધરાવી હતી. તેની નીચે તૃતીય સ્તરમાં કળા કરેલા મયૂર જેવી સુંદર અર્ધવર્તુળાકાર કમાનના કેન્દ્રમાં સ્વામીશ્રીની વ્હીલચૅર ગોઠવાઈ હતી. આ વિશાળ ઉપમંચની આજુબાજુ પણ સુંદર કલામંડિત સિંહાસનોમાં ગુરુ ભગતજી મહારાજ ને યોગીજી મહારાજની ઉત્સવમૂર્તિઓ પધરાવવામાં આવી હતી. મંચની ઉપરની ધાર પર 'પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ જન્મજયંતી મહોત્સવ-૯૪' એવું મોટા સુંદર અક્ષરોમાં લખાણ શોભતું હતું. 'યજ્ઞપુરુષ મંડપમ્'ના ભવનના ગવાક્ષોમાં સ્વામીશ્રીની લાક્ષણિક મુદ્રાના વિશાળ ચિત્રો મઢવામાં આવ્યાં હતાં.

મંચની સોપાનપંક્તિઓને રંગબેરંગી ડિઝાઇનોથી અલંકૃત કરી હતી. ખુલ્લા સભાસ્થળના મુખ્ય પથ પર

પુષ્પો તથા પુષ્પપાંદડીઓથી રંગોળીઓ રચીને સજાવ્યો હતો. ભવનની અગાસી પર પંક્તિબદ્ધ ઊભા રહેલા બાળકો બી.એ.પી.એસ.ની મોટી મોટી ધજાઓ લહેરાવી રહ્યા હતા. વાતાવરણમાં *'વાલમ વધામણાં હો, સ્વામીને હર્ષે વધાવીએ...'* તથા *'ઘણું જીવો હો જીવન આધાર, નારાયણસ્વરૂપ તમે...'* જેવી પંક્તિઓ ગુંજી રહી હતી. વિશાળ ભક્ત-મહેરામણનો ઘુઘવાટ એ પંક્તિને વધુ બુલંદ બનાવતો હતો.

મંચના મધ્યમાં સ્વામીશ્રીએ પોતાનું સ્થાન લીધા પછી, ત્યાગવલ્લભદાસ સ્વામીએ સમગ્ર બી.એ.પી.એસ. સત્સંગ સમુદાય વતી સ્વામીશ્રીનાં ચરણોમાં ગદ્ગદ કંઠે પ્રાર્થના કરી. તે પછી ઉપસ્થિત તમામ સંતો-હરિભક્તોએ સ્વામીશ્રીનાં ચરણોમાં મંત્રપુષ્પાંજલિ કરીને ગુરુહરિને વધાવ્યા. સ્વામીશ્રીના ૯૪મા જન્મદિન નિમિત્તે વરિષ્ઠ સંતો મહંત સ્વામી, ત્યાગવલ્લભદાસ સ્વામી, ઈશ્વરચરણદાસ સ્વામી તથા વિવેકસાગરદાસ સ્વામીએ વિવિધ પ્રકારનાં સુંદર કલાત્મક અને ભવ્ય હાર, ચાદર અર્પણ કરીને સમગ્ર સત્સંગસમાજ વતી વધાવ્યા. સત્કાર-વિધિ દરમ્યાન વાતાવરણમાં અભિવંદન ગીત ગુંજતું હતું. સૌ ભક્તો તાળી પાડતાં તે ગીતમાં પોતાનો સ્વર સંમિલિત કરીને ગુરુહરિના સત્કારને અંતરની ઊર્મિથી વધાવવા લાગ્યા.

આ શુભ અવસરે તમામ ભક્તોએ ઠાકોરજી સાથે ગુરુહરિની સમૂહ-આરતી ઉતારવાનો અનુપમ લહાવો લીધો હતો.

૫:૫૬ વાગ્યે સ્વામીશ્રી શણગારેલી ગોલ્ફકાર્ટમાં બિરાજ્યા. દૂર દૂરથી આવેલા ભક્તોને આજના શુભ પ્રસંગે સ્વામીશ્રીનાં સમીપથી દર્શન થાય તે હેતુથી ગોલ્ફકાર્ટ મંચની આગળના પથ પરથી ધીમી ગતિએ પસાર કરવામાં આવી. તે પછી સભાના મધ્ય ભાગમાં આવેલા પહોળા પથ પરથી પસાર થઈ. સ્વામીશ્રી બંને બાજુએ બિરાજેલા ભક્તો ઉપર દૃષ્ટિ કરતાં સૌ પર આશિષ વરસાવી રહ્યા હતા. ગોલ્ફકાર્ટ સ્મૃતિમંદિર તરફથી 'નારાયણ મંડપમ્' તરફના પાકા રસ્તે પણ ધીમી ગતિથી પસાર થઈ હતી, જેથી પાછળ બેઠેલા તમામ હરિભક્તોને પણ સ્વામીશ્રીનાં દર્શનનું ખૂબ સારું સુખ આવ્યું.

સ્વામીશ્રીના રૂમમાં પધાર્યા પછી ૮:૦૯ વાગ્યે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનો ફોન આવ્યો. તેઓએ સ્વામીશ્રીને 'જય સ્વામિનારાયણ' કહીને જણાવ્યું : 'આપના આશીર્વાદ છે. અત્યારે હું ગૌહાટી(આસામ)માં છું.

સ્વામીશ્રી કહે : 'આપની તબિયત સારી રહે તે માટે આશીર્વાદ છે.'

શ્રી મોદી કહે : 'બાપા ! હું આપના માટે પ્રાર્થના કરતો રહું છું.'

તેઓએ ફરી સ્વામીશ્રીના જન્મદિવસે તેઓના નિરામય દીર્ઘાયુની કામના કરતાં શુભેચ્છા પાઠવી.

•

તા. ૩૦-૧૧-૨૦૧૪, સારંગપુર

૯:૪૦ સુધી ભક્તોને દર્શન-સુખ આપીને સ્વામીશ્રી પોતાના નિવાસમાં પધાર્યા. મુંબઈના કોઠારી અભયસ્વરૂપદાસ સ્વામીએ મુંબઈના પરા વિસ્તારોમાં સત્સંગ-ભવનોનાં નિર્માણ દ્વારા થઈ રહેલા સત્સંગ-વિકાસની સ્વામીશ્રીને વાતો કરી. સ્વામીશ્રીની કૃપાદૃષ્ટિથી વિકટ વિઘ્નોનું વિદારણ પળવારમાં થઈ જાય છે અને કાર્યો સરળતાથી સંપન્ન થઈ રહ્યાં છે, એવી તેમની વાત સાંભળીને સૌ રાજી થયા. સ્વામીશ્રીએ તેમના પર અંતરથી રાજી થઈને આશિષ અર્પ્યા.

સંતો કહે : 'બાપા ! આટલાં બધાં કાર્યો કોણ કરે છે ?'

તરત સ્વામીશ્રી કહે : 'ભગવાન કરે છે.'

હળવો સ્પર્શ થતાં પણ વીણાના તાર રણકી ઊઠે, તેમ સહજ વાતમાં પણ સ્વામીશ્રીની અંતરની વીણા પરાભક્તિના સૂર રેલાવા લાગે છે.

બ્રહ્મસન્નિધિ



ડિસેમ્બર ૨૦૧૪

તા. ૧-૧૨-૨૦૧૪, સારંગપુર

રાત્રે ૯:૨૪ વાગે 'પ્રમુખદર્શન વાટિકા'ના સ્ટેજ પર આવેલા કાચના કક્ષમાં પધારી, સંતો-હરિભક્તોને દર્શન આપ્યાં. વિદ્યામંદિરના બાળકોએ નાનો કાર્યક્રમ રજૂ કર્યો, જેમાં એક પછી એક બાળકે સ્વામીશ્રીની સમક્ષ આવીને, પોતે મોટા થઈને અનુક્રમે પોલીસ, ભંડારી, પાઇલટ, ડૉક્ટર અને સેવક બનીને સ્વામીશ્રીની સેવા કરવાની પોતાની ભાવના ભાવવાહી શબ્દોમાં વ્યક્ત કરી. સ્વામીશ્રી પણ પ્રત્યેક બાળકની રજૂઆત ધ્યાનથી સાંભળતા હતા અને તેનો મનોરથ પૂર્ણ થાય તેવા આશીર્વાદ આપતા હતા.

છેલ્લે ઉદ્‌ઘોષકે સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યો : 'સ્વામીબાપા ! અમે કેવી રીતે સેવા કરીએ તો આપની સેવામાં રહી શકીએ ? કેવી રીતે સેવા કરીએ તો આપ રાજી થાવ ?'

સ્વામીશ્રીએ જવાબમાં એક બોર્ડ ધર્યું, જેમાં લખાણ હતું – 'સંપ-સુહૃદભાવ-એકતાથી સેવા કરવી.'

•

તા. ૪-૧૨-૨૦૧૪, સારંગપુર

સવારે 'પ્રમુખ ઉદ્યાન'માં આસોપાલવનાં વૃક્ષો નીચે ઉત્તરાભિમુખે બિરાજીને નિત્યપૂજા કરી. પૂજા પછી સૌને 'જય સ્વામિનારાયણ' કર્યા. વ્હીલચૅર ઝરણા પાસે લાવવામાં આવી. ખળખળ વહેતા ઝરણા ઉપર દૃષ્ટિ કરી. ચલનપથ પરથી ઉતારા તરફ આવતા હતા ત્યારે અદ્‌ભુતાનંદદાસ સ્વામી એક કૃત્રિમ કાળમીંઢ પથ્થર હાથમાં લઈને સ્વામીશ્રીની નજીક લાવ્યા. હકીકતે તે સ્પીકર હતું, જેનો બહારનો આકાર પથ્થર જેવો બનાવવામાં આવ્યો હતો. બગીચામાં ઠેર ઠેર ગોઠવેલા પથ્થરોની સાથે તેવાં સ્પીકરો ભળી જતાં હતાં. એવો એક પથ્થર સ્વામીશ્રીની નજીક લાવીને તેઓ સ્વામીશ્રીને કહે : 'બાપા ! જુઓ પથ્થર ભજન ગાય છે.'

સ્વામીશ્રીએ પથ્થરને આશીર્વાદ આપવા હાથ ઊંચો કર્યો ! સંતો નવાઈ પામ્યા. મેં પૂછ્યું : 'પથ્થર પણ ભજન કરે છે એટલે એને આશીર્વાદ આપ્યા, કેમ ?'

સ્વામીશ્રીએ નેણ ઉલાળી હા કહી.

•

રાત્રે ૮:૩૦ વાગ્યે 'પ્રમુખદર્શન વાટિકા'માં પધારી સંતો-હરિભક્તોને દર્શન આપ્યાં. ડાંગ જિલ્લાના રંભાસ ગામના 'જ્ઞાનસેવા માધ્યમિક - ઉચ્ચ માધ્યમિક શાળા'ના ૧૬ આદિવાસી છાત્રો અને બે શિક્ષકો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. આ યુવકોએ ખૂબ સુંદર આદિવાસી નૃત્ય તથા યોગાસનો કરીને સ્વામીશ્રીને પ્રસન્ન કર્યા. આ યુવકો યોગાસનમાં રાજ્યકક્ષાની સ્પર્ધામાં વિજેતા થયા છે. હવે રાષ્ટ્રીયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. સ્વામીશ્રીએ તેમને તેમાં પણ જ્વલંત સફળતા મળે તેવા આશિષ અર્પ્યા.

આ શાળામાં ભણતા આદિવાસી બાળક ભાવેશે જ્યારે વેકેશનમાં ઘરે જવાનું થયું ત્યારે છાત્રાલયમાં સ્નાન-પૂજા તથા માતા-પિતાને પંચાંગ પ્રણામ વગેરે સંસ્કારો શીખ્યો હતો તે પ્રમાણેનું વર્તન જાળવી રાખ્યું. કુટુંબીજનોને તેથી સંસ્થાનો ગુણ આવ્યો. સ્કૂલ શરૂ થઈ ત્યારે તેના પિતા સંતોને મળ્યા ને કહે : 'મારે ધર્મ લેવો છે.' સંતોએ તેમને કંઠી પહેરાવીને સત્સંગી કર્યા. દારૂનું વ્યસન હતું, તે તેઓએ સ્વેચ્છાએ મૂકી દીધું. સ્વામીશ્રીએ ભાવેશ ઉપર રાજીપાની દૃષ્ટિ કરી.

બીજા એક છાત્ર દાનેયલ (ડનિયલ) ઠાકરેના પિતા એક બિન હિન્દુ ધર્મના ધર્મપ્રચારકનું કાર્ય કરે છે. તેણે પણ જ્યારે પોતાના પુત્રને ઘરમાં બી.એ.પી.એસ.ની પૂજા કરતો જોયો એટલે તેને પૂજા મૂકી દેવા ઠપકો

આપ્યો. દાનેયલે નીડરતાપૂર્વક પિતાને કહ્યું કે 'હું પૂજા કરું છું તેમાં ખોટું શું કરું છું? ખોટું તો તમે દારૂ-માંસ ખાવ છો તે છે.' પિતાના મન પર તેના સચ્ચાઈભર્યા શબ્દોની ધારી અસર થઈ. તેણે દારૂ-માંસ મૂકી દીધાં. બાળકને પૂજા કરવામાં પણ હવે કોઈ રુકાવટ કરતા નથી. સ્વામીશ્રી સમક્ષ આવીને ઊભેલા આ બાળક ઉપર પણ સ્વામીશ્રીએ આશીર્વાદની અમીદૃષ્ટિ કરી.

બાળકોમાં શિક્ષણ સાથે ઉચ્ચ જીવનના સંસ્કાર આપતી સ્વામીશ્રીની શૈક્ષણિક પ્રવૃત્તિઓ, આદિવાસી વિસ્તારોમાં કેવી ફૂલીફાલી છે, તેનાં આ ઉદાહરણો સાંભળીને સૌએ આનંદની લાગણી અનુભવી.

•

૧૦:૩૫ વાગ્યા સુધી સૌને લાભ આપીને સ્વામીશ્રી પોતાના નિવાસમાં પધાર્યા.

શયનકક્ષમાં સ્વામીશ્રી હળવો વ્યાયામ કર્યા પછી જ્યૂસ અંગીકાર કરતા હતા. તે દરમ્યાન હરિપ્રકાશદાસ સ્વામી સ્વામીશ્રી પાસે સ્વામીની વાત બોલ્યા : 'આપણે તો ભગવાનના છીએ પણ માયાના નથી.'

સ્વામીશ્રીએ તેઓની સાથે આ વાત દોહરાવી. પછી તેઓએ વાતમાં થોડો ફેરફાર કરીને કહ્યું : 'આપણે તો પ્રમુખસ્વામીના છીએ પણ માયાના નથી.'

સ્વામીશ્રી કહે : 'ના ના. ભગવાનના છીએ.'

'પણ ભગવાનને અમે જોયા નથી. અમે તો પ્રમુખસ્વામીને જોયા છે. એટલે એમની અંદર ભગવાન આવી ગયા ને?'

સ્વામીશ્રી કહે : 'હા, આવી ગયા.'

'સાવ સાચું ને?'

સ્વામીશ્રી કહે : 'હા, સાચું.'

શ્રીમુખેથી સ્વ-સ્વરૂપની વાતનું સમર્થન સાંભળીને સંતો અત્યંત પ્રસન્ન થયા.

•

તા. ૧૫-૧૨-૨૦૧૪, સારંગપુર

બપોરે ૧:૫૦ વાગે સ્વામીશ્રી કાચની બેઠકરૂમમાં દૈનિક વ્યાયામ અર્થે પધાર્યા.

હરિપ્રકાશદાસ સ્વામી અને યોગવિવેકદાસ સ્વામીએ હીરામુખીનો પ્રસંગ સ્વામીશ્રી સમક્ષ રજૂ કર્યો.

હરિપ્રકાશદાસ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું : 'આપ શાસ્ત્રીજી મહારાજ છો. બરોબર ને?'

સ્વામીશ્રીએ હા કહી.

પછી પૂછ્યું : 'કેવો લાગ્યો સંવાદ?'

સ્વામીશ્રી કહે : 'ખરેખરો લાગ્યો.'

'અને આપ શાસ્ત્રીજી મહારાજ. બરાબર ને?'

સ્વામીશ્રી હસવા લાગ્યા.

હરિપ્રકાશદાસ સ્વામી કહે : 'આપના સિવાય કોઈ શાસ્ત્રીજી મહારાજ બની શકે?'

સ્વામીશ્રીએ તરત જ ના પાડી.

•

તા. ૧૬-૧૨-૨૦૧૪, સારંગપુર

આજથી ધનુર્માસનો આરંભ થતો હોઈ સ્વામીશ્રીની પૂજાની પાટની આજુબાજુ સોપાનપંક્તિ રચીને તેના પર પુસ્તકો ગોઠવ્યાં હતાં. સ્વામીશ્રીની પિછવાઈમાં વિશાળ કદનો ખુલ્લો ગ્રંથ બનાવીને ગોઠવ્યો હતો, જેમાં વેદો-ઉપનિષદોએ ગાયેલા બ્રહ્મ-પરબ્રહ્મના મહિમાના મંત્રો તથા શ્લોકો આલેખાયેલા હતા. સ્વામીશ્રીની પૂજાની સમક્ષ કેટલાક સંતો મેજ ઉપર વિદ્યાભ્યાસના ગ્રંથો સાથે બિરાજીને બ્રહ્મવિદ્યાનો પાઠ ગ્રહણ કરવા તત્પર થઈને બેઠા હતા. પૂજાની પાટના આગળના ભાગમાં બોર્ડ લગાવ્યું હતું – 'યજ્ઞપુરુષ વિશ્વવિદ્યાલયઃ' અને સ્વામીશ્રી તેના કુલપતિના સ્થાને બિરાજ્યા હતા. સ્વામીશ્રીએ ખોળામાં ધારણ કરેલા ઓશીકાના કવર ઉપર 'ભણવા જેવી તો એક બ્રહ્મવિદ્યા છે' એ ગુણાતીતાનંદ સ્વામીની વાત આજે સૌને બ્રહ્મવિદ્યા ભણવા માટે સજ્જ થવા પ્રેરી રહી હતી.

૧૨:૪૦ વાગ્યે ખોળામાં હરિકૃષ્ણ મહારાજને ધારણ કરીને સ્વામીશ્રી 'પ્રમુખદર્શન વાટિકા'માં પધાર્યા. મધુરવદનદાસ સ્વામીએ તેઓના સુમધુર કંઠે ઉપનિષદના મંત્રોનું ગાન કર્યું. વાટિકાનાં વૃક્ષોની ઘટામાં શ્વેત વસ્ત્રોમાં સજ્જ થઈને બેઠેલા ઋષિબાળ સમા બાળકોનું વિરાટ વૃંદ એ મંત્રોને શુદ્ધ ઉચ્ચારણ સાથે ઉચ્ચ સ્વરે ઝીલી રહ્યું હતું. વાતાવરણ વૈદિકયુગમાં પલટાઈ ગયું હોય એવો માહોલ સર્જાઈ ગયો હતો.


મંચ પર એક રાઉન્ડ ફર્યા પછી સ્વામીશ્રી કાચના દર્શનકક્ષ આગળ આવ્યા. અહીં 'યજ્ઞપુરુષ વિશ્વવિદ્યાલયઃ સારંગપુર' એવા લખાણવાળા બોર્ડની આગળ હરિકૃષ્ણ મહારાજની સાથે ગોઠવાયા.

ધનુર્માસ એટલે વિદ્યાભ્યાસનો માસ. આથી,

'યજ્ઞપુરુષ વિશ્વવિદ્યાલય'ના કુલપતિ એવા સ્વામીશ્રી એક મહિના સુધી દરરોજ બ્રહ્મવિદ્યાનો એક પાઠ સૌ સંતો-ભક્તોને ભણાવશે. આ વિદ્યાપર્વનો સ્વામીશ્રીએ દીપપ્રાગટ્ય કરીને મંગલ આરંભ કર્યો. ગુરુ પાસે વિદ્યા ભણવા જતા છાત્ર સમિધ લઈને ગુરુચરણે અર્પણ કરતા. એ પરંપરાનુસાર અત્યારે સૌ સંતો-હરિભક્તો વતી કેટલાક પ્રતિનિધિ સંતો-પાર્ષદો-સાધકો તથા યુવકોએ શ્રીફળ અને સાકરનો પડો સ્વામીશ્રીનાં ચરણે અર્પણ કરીને વિનમ્રભાવે શિષ્યત્વ સ્વીકાર્યું.

આજે બ્રહ્મવિદ્યાનો પ્રથમ પાઠ આપતાં સ્વામીશ્રીએ બૉર્ડમાં લખ્યું : 'સત્પુરુષ આપણો આત્મા છે.'

સ્વામીશ્રીના જ હસ્તાક્ષરોમાં સૌએ મોટા સ્ક્રીન પર તે લખાણ નિહાળ્યું. એટલું જ નહીં, સ્વામીશ્રીના સ્વરમાં તે સુવાક્યનું શ્રવણ પણ કર્યું. કૉમ્પ્યુટર કરામતથી સંતોએ મહેનત કરીને જૂના ધ્વનિમુદ્રિત આશીર્વાદ અને પત્રોનો સમન્વય કરીને સુંદર રજૂઆત તૈયાર કરી હતી. સૌએ તાળીઓના ગડગડાટથી આ બ્રહ્મવિદ્યાના પાઠને વધાવી લીધો.



•

તા. ૧૯-૧૨-૨૦૧૪, સારંગપુર

સવારે સ્વામીશ્રી સ્નાનાદિક નિત્યનિયમથી પરવાર્યા પછી વ્હીલચૅરમાં બિરાજ્યા હતા. બહાર આવવાની તૈયારી હતી. હરિપ્રકાશદાસ સ્વામી સ્વામીશ્રીને કહે : 'હજુ સાઈરન વાગ્યું નથી, એટલે બહાર જઈને જાહેરાત કરી આવું કે રાજાધિરાજ પ્રમુખસ્વામી પધારી રહ્યા છે.'

સ્વામીશ્રી કહે : 'ના... ના...'

'તો પછી સંતશિરોમણિ પ્રમુખસ્વામી મહારાજ પધારી રહ્યા છે, એવું તો કહું ને !'

સ્વામીશ્રીએ એમ કહેવાની પણ ના પાડી.

'તો પછી શાસ્ત્રીજી મહારાજના સેવક... યોગીજી મહારાજના સેવક પ્રમુખસ્વામી મહારાજ પધારી રહ્યા છે... એમ કહું ?'

સ્વામીશ્રી તરત કહે : 'હા, એ બરાબર છે.'

સ્વામીશ્રીની નિતાંત નમ્રતા મુખમંડલ પર વિલસતી જોવા મળી.

•

તા. ૨૧-૧૨-૨૦૧૪, સારંગપુર

૧૨:૨૫ વાગે સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શને જવા નીકળ્યા. ઠાકોરજી પાસે આવ્યા ત્યારે મધ્યખંડમાં – શાસ્ત્રીજી મહારાજ અક્ષર દેરીમાં મહાપૂજાના બાજઠ આગળ સ્વામીશ્રીને દીક્ષા આપી રહ્યા છે, યોગીજી મહારાજ બંને હાથે સ્વામીશ્રી ઉપર આશીર્વાદ વરસાવી રહ્યા છે – તેવું હૂબહૂ દૃશ્ય સર્જવામાં આવ્યું હતું.

આજે 'દીક્ષા અમૃત વર્ષ' નિમિત્તે સ્વામીશ્રીએ પ્રત્યેક ખંડમાં પધારીને ઠાકોરજીની વિશેષ આરતી ઉતારી હતી. અહીં સ્વામીશ્રીના મસ્તકે પાઘ પહેરાવવામાં આવી. કંઠમાં હાર તથા સુંદર કલાત્મક ચાદરથી ગુરુહરિને અલંકૃત કરવામાં આવ્યા.

૧૨:૫૨ વાગે સ્વામીશ્રી 'પ્રમુખદર્શન વાટિકા'માં આવેલી ચીકુવાડીમાં પધાર્યા. પ્રવેશદ્વાર આગળ જ હરિભક્તોને આજના માંગલિક પ્રસંગે આપવાની પૂરણપોળી તથા બુંદીના લાડુનાં પાત્રો ઉપર પુષ્પો પધરાવીને પ્રસાદીભૂત કર્યાં.

વૈદિક કાળના કોઈ ઋષિ-આશ્રમના પરિસરમાં પ્રવેશતા હોય તેવા એક અદ્ભુત વાતાવરણમાં સ્વામીશ્રીનો મંગલ પ્રવેશ થયો. સમગ્ર પ્રાંગણ-ભૂમિમાં ગારનું લીંપણ કરેલું હતું. ઘટાદાર વૃક્ષોની છાયામાં ફાઈબર ગ્લાસ અને થર્મોકોલથી બનાવેલી પૂર્ણકદની અક્ષર દેરી શોભી રહી હતી. તેની આગળ ગોઠવેલી પાટમાં મહાપૂજા ગોઠવવામાં આવી હતી. તેની આજુ-બાજુ ગારમાટીનાં લીંપણથી શોભતા ઓટાઓ ઉપર ભગવાં ગાદી-તકિયા પર બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ તથા બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની ફાઈબર ગ્લાસની પૂર્ણ કદની મૂર્તિઓ પધરાવવામાં આવી હતી. જાણે બંને ગુરુવર્યો અક્ષર દેરીમાં સાક્ષાત્ બિરાજમાન થયા હોય તેવું જીવંત વાતાવરણ લાગતું હતું. તેમાં પણ નારાયણમુનિ સ્વામીએ કરેલી જાહેરાતે તેને વધુ પ્રતીતિકર બનાવ્યું. સ્વામીશ્રી અક્ષર દેરીની નિશ્રામાં મહાપૂજાની પાટ

આગળ ગોઠવાયા પછી તેઓએ કહ્યું : 'ગઈકાલ રાતથી દીક્ષા માટેની પૂર્વતૈયારી થઈ ગઈ હતી. આજે સવારે યોગીજી મહારાજે મહાપૂજા સંપન્ન કરી દીધી છે. શાસ્ત્રીજી મહારાજ પણ અત્રે પધારી ચૂક્યા છે. હવે શાસ્ત્રીજી મહારાજને વિનંતી કરીએ કે શાંતિભગતને ભાગવતી દીક્ષા આપવાના વિધિનો આરંભ કરે.' તે સાથે દીક્ષા-મંત્રોનું ગાન શરૂ થયું. માંગલિક વિધિ આરંભાયો. શાંતિપાઠનાં ગાન પછી સૌએ વીડિયો સ્ક્રીન પર સ્વામીશ્રીના મુખેથી જ આજથી પંચોતેર વર્ષ પહેલાં તેઓને ભાગવતી દીક્ષા પ્રદાન કરવામાં આવી હતી તે પ્રસંગ સાંભળ્યો.

સંકલ્પવિધિ દરમ્યાન શાસ્ત્રીજી મહારાજે દીક્ષા અર્પણ કરવાનો અને શાંતિભગતે (સ્વામીશ્રીએ) દીક્ષા ગ્રહણ કરવાનો સંકલ્પ કરમાં જળ ગ્રહણ કરીને કર્યો. સંતો-ભક્તોએ પૂજન કરવાનો સંકલ્પ કર્યો. સૌ સંતો-હરિભક્તો વતી ત્યાગવલ્લભદાસ સ્વામીએ ઠાકોરજીનું પૂજન કર્યાં પછી સ્વામીશ્રીને ભાલે કુમકુમ-અક્ષતનો ચાંદલો કર્યો તથા કેસર-ચંદનની અર્ચા કરી. ત્યારબાદ સુંદર કલાત્મક હાર કંઠમાં પહેરાવ્યો. વિવેકસાગરદાસ સ્વામીએ પણ સ્વામીશ્રીને પુષ્પમાળાથી સન્માન્યા. સંતો-ભક્તોએ તાળીઓના ગડગડાટથી તે પળને વધાવી લીધી. સ્વામીશ્રીએ પંચોતેર વર્ષ પર્યંત આદર્શ સાધુનું જીવન જીવીને સાધુતા દીપાવી છે. તેમ સંસ્થાના તમામ સંતોના જીવનમાં પણ એવી સાધુતા આવે તેવી પ્રાર્થના માઇક પરથી રજૂ થતાં સ્વામીશ્રીએ હાથ ઊંચો કરીને બધા સંતો ઉપર આશીર્વાદની દૃષ્ટિ કરી.

સ્વામીશ્રીને દીક્ષા પ્રદાન કરવામાં આવી તે ઐતિહાસિક પ્રસંગની ઝાંખી સંતોએ નાના સંવાદ દ્વારા તાદૃશ્ય કરી. તે પછી નારાયણમુનિદાસ સ્વામીએ જાહેરાત કરતાં કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજે નવદીક્ષિત શાંતિભગતનું નામ નારાયણસ્વરૂપદાસ પાડ્યું છે. જય... સ્વામિનારાયણ... નારાયણસ્વરૂપદાસજી...! જય સ્વામિનારાયણ....' તેઓના લાક્ષણિક લહેકા સાથે થયેલી આ જાહેરાત સાંભળીને સ્વામીશ્રી એકદમ હસી પડ્યા.

આજના પ્રસંગે શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજ સ્વામીશ્રી માટે જે મહિમા વચનો બોલ્યા હતા તે વચનોનું સૌએ શ્રવણ કર્યું.

ત્યારબાદ ત્યાગવલ્લભદાસ સ્વામીએ સમગ્ર સત્સંગ સમુદાય વતી સ્વામીશ્રીને પ્રસંગોચિત પ્રાર્થના કરી. 'પ્રમુખસ્વામી મહારાજ દીક્ષા અમૃત મહોત્સવની જય'ના બુલંદ નારા ગગનમાં ગુંજી ઊઠ્યા. સૌને સુખદ સ્મૃતિઓ આપીને ૧:૩૦ વાગે સ્વામીશ્રી પોતાના નિવાસમાં આવ્યા.

•

તા. ૨૭-૧૨-૨૦૧૪, સારંગપુર

આજે માંદગીના બે દિવસ બાદ પણ સ્વામીશ્રી ખૂબ પ્રફુલ્લિત લાગતા હતા. સવારે પૂજા પછી સંતો સાથે સારી વાતો કરી. વાતચીતમાં પ્રતિભાવ સારો આપતા હતા. પૂજા પૂરી થઈ એટલે વિવેકસાગરદાસ સ્વામીએ નજીક જઈને સ્વામીશ્રીને પૂછ્યું : 'કેમ છે ?'

સ્વામીશ્રી સસ્મિત બોલ્યા : 'મહારાજની પૂજા થઈ ગઈ.' બે દિવસ જમ્યા નહોતા છતાં પણ પૂજા કર્યાનો આનંદ તેમના મુખ પર છવાયેલો જોવા મળતો હતો.

જોકે માંદગીના બે દિવસ દરમ્યાન પણ સ્વામીશ્રીએ પોતાના શયનકક્ષમાં નિત્યપૂજા તો કરી જ હતી. એમની ઇષ્ટભક્તિ-ગુરુભક્તિમાં દેહભાવ લેશ પણ રુકાવટ લાવી શકતો નથી એ એમના જીવનમાં સૌએ નજરે નિહાળ્યું છે.

•

૧૧:૩૦ વાગે પડદા ફરી ખૂલ્યા. અત્યારે દર્શન કરવા માટે સંતો ગોઠવાયા હતા. નવા આવેલા સંતોનો પરિચય અપાયો. રૂમમાં સેવકો સ્વામીશ્રી સાથે વાતો કરતા હતા. તેમાં નારાયણચરણદાસ સ્વામીએ પૂછ્યું : 'શાસ્ત્રીજી મહારાજ આપને શું કહીને બોલાવતા? નારાયણ'દા કે નારાયણસ્વરૂપદાસ ?'

સ્વામીશ્રી કહે : 'નારણ'દા.'

'પ્રમુખસ્વામી નામ કોણે પાડ્યું ?'

સ્વામીશ્રી કંઈ ન બોલ્યા.

થોડી વારે વિવેકસાગરદાસ સ્વામીએ કહ્યું : 'યોગીજી મહારાજે પાડ્યું. ૧૯૫૦થી તેઓ સ્વામીબાપાને કાયમ 'પ્રમુખસ્વામી' કહીને બોલાવતા.'

સ્વામીશ્રીએ તેઓ તરફ સંમતિસૂચક દૃષ્ટિ કરીને મસ્તક હલાવ્યું.

આમ, જૂની સ્મૃતિ કરી.

•

આજે બ્રહ્મવિદ્યાનો ૧૧મો પાઠ સંતોને આપતાં

સ્વામીશ્રીએ કહ્યું : 'ભગવાન છે તે આપણી રક્ષામાં બેઠા છે. તે આપણું રક્ષણ કરશે, કરશે ને કરશે.' સ્વામીશ્રીના હસ્તાક્ષરોમાં પણ સૌએ અભયવચનનું વાંચન કર્યું.

સંતોએ સ્વામીશ્રીને નોટપેડ પર એ વાક્ય બતાવીને વાંચી સંભળાવવા વિનંતી કરી. સ્વામીશ્રીએ આખું વાક્ય વાંચી સંભળાવ્યું. સૌ રાજી થયા. તેમાં 'રક્ષા કરશે, કરશે ને કરશે' બોલતી વખતે સ્વામીશ્રીએ તમામ સંતો તરફ અંગુલિનિર્દેશ કરીને દૃષ્ટિ ફેરવી હતી.

આત્મતૃપ્તદાસ સ્વામીએ સ્વામીશ્રીના એ ચરિત્રનો અર્થ કરતાં કહ્યું : 'સ્વામીબાપા ! આપે ત્રણ વખત કહ્યું, એટલે આપ અમારા સૌ સંતો-હરિભક્તોની કાળ, કર્મ અને માયા થકી રક્ષા સદા કરતા આવ્યા છો ને સદા કરતા રહેશો. અને આ રીતે જ અમને અક્ષરધામમાં બેસાડી દેશો. બરોબર ને ?'

સ્વામીશ્રી તેમની સામું જોઈને હકારાત્મક ભાવે કરનું લટકું કરતાં મરમાળું હસ્યા.

•

૯:૫૫ વાગે પડદા બંધ થયા. હરિભક્તોની વસ્તુઓ પ્રસાદીની કરી. તે પછી સંતોએ સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા ! કરવાનું શું છે ?'

તરત સ્વામીશ્રી કહે : 'ભગવાનનું ભજન.' પછી સહજ બોલ્યા : 'અભાવ-અવગુણ ન આવે.'

•

બહાર સંતો દર્શન માટે ગોઠવાઈ ગયા એટલે શયન-કક્ષના પડદા ખુલ્યા. નવા સાધકો દર્શન કરવા બેઠા હતા. અત્યારે સારંગપુરના ૩૦૦ સંતો ઉપરાંત, બહારગામથી આવેલા સંતો મળીને ૪૦૦ જેટલી સંખ્યા હતી. તે સૌ ઉપર સ્વામીશ્રીએ પોતાની પાવનકારી દૃષ્ટિ કરી. કીર્તનના તાલે છડી હલાવતાં સ્વામીશ્રીએ સૌને પોતાનું દિવ્ય સુખ પ્રદાન કર્યું. સંતોએ થોડી ગમ્મત કરીને સ્વામીશ્રીને હસાવ્યા.

બધા સંતો ઉપર દૃષ્ટિ ફેરવતાં સ્વામીશ્રી બોલવા લાગ્યા : 'બધા દેશ-પરદેશથી આવ્યા છે.'

નારાયણચરણદાસ સ્વામીએ પૂછ્યું : 'શું કરવા આવ્યા છે ?'

સ્વામીશ્રી કહે : 'દર્શન કરવાં.'

'કોનાં દર્શન કરવાં આવ્યા છે ?'

સ્વામીશ્રી જવાબમાં કંઈ ન બોલ્યા. થોડી વારે સંતો સામું જોઈને કહે : 'આશીર્વાદ છે.'

સ્વામીશ્રી આજે બોલવાના મૂડમાં હતા, તેથી સંતોએ 'બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા...' એ સ્વામીશ્રીનો પ્રિય શ્લોક ટુકડે ટુકડે સ્વામીશ્રી પાસે બોલાવડાવ્યો. સ્વામીશ્રી પણ બહુ સ્પષ્ટ ઉચ્ચારણ સાથે બોલતા હતા. તે પછી 'ગુણાતીતોક્ષરં બ્રહ્મ...' એ શ્લોકનું એક ચરણ સંતો બોલ્યા, તો સ્વામીશ્રી તે પછીનું ચરણ સ્વયં બોલવા લાગતા હતા. સંતો બહુ રાજી થયા.

•

તા. ૨૯-૧૨-૨૦૧૪, સારંગપુર

બપોરે ૧:૦૦ વાગે 'પ્રમુખદર્શન વાટિકા'માં પધારી સંતો-હરિભક્તોને દર્શન આપ્યાં. મહેમાનો તથા નવા આવેલા હરિભક્તોનો પરિચય મેળવ્યો. તે પછી બ્રહ્મ-વિદ્યાનો ૧૩મો પાઠ નોટપેડ પર ક્લિક કરીને આપ્યો. સ્ક્રીન પર સ્વામીશ્રીના હસ્તાક્ષરમાં તે પાઠ સૌએ વાંચ્યો, જે આ મુજબ હતો : 'ભગવાન સર્વ કર્તા છે, એટલું જો આપણે માનીએ તો વાંધો ન આવે.' આ જ વાક્ય સૌને સ્વામીશ્રીના સ્વરમાં સાંભળવા પણ મળ્યું.

•

શયનકક્ષમાં પધાર્યા પછી સેવકો સ્વામીશ્રીને પલંગમાં બિરાજમાન કરી રહ્યા હતા. તે દરમ્યાન સ્વામીશ્રી બોલ્યા : 'બધાને ભેગા કરવાના છે.'

હરિપ્રકાશદાસ સ્વામીએ કહ્યું : 'બસ બાપા ! અમને આપની ભેગા રાખજો.'

સ્વામીશ્રી કહે : 'બસ, એ જ કરવાનું છે.'

'પણ શું કરીએ તો આપની ભેગા રહેવાય ?'

સ્વામીશ્રી કહે : 'સેવા-ભજન-ભક્તિ કરવાનાં એટલે ભેગા.'

ભગવાન ને સંત ભેગા અખંડ રહેવાની ગુરુચાવી આપીને સ્વામીશ્રી આરામમાં પધાર્યા.

•

રાત્રે ૧૦:૫૫ વાગે સ્વામીશ્રીએ સંતોને શયનદર્શન આપ્યાં. સંતો સાથે હળવી વાતો ચાલતી હતી. તેમાં યોગવિવેકદાસ સ્વામીએ સ્વામીશ્રી પાસે ટુકડે ટુકડે સ્વામીની વાત બોલાવડાવી : 'બાજરો ખાવો ને પ્રભુ ભજવા. રોટલા તો ભગવાનને દેવા છે તે દેશે દેશે ને દેશે.' સ્પષ્ટ ઉચ્ચારણ સાથે સ્વામીશ્રી બોલતા હતા, તે સાંભળીને સૌ રાજી થયા.

યોગવિવેકદાસ સ્વામીએ પૂછ્યું : 'બાપા ! હવે સૂઈ જવું છે ?'

સ્વામીશ્રી સંતો સામું જોઈને કહે : 'પાંચ મિનિટ બેસીએ.' પછી સ્વેચ્છાએ બોલ્યા : 'મહારાજની દયાથી, શાસ્ત્રીજી મહારાજ ને જોગી મહારાજની દયાથી બધા અહીં આવ્યા છે...' પછી વાક્ય અધૂરું છોડી દીધું એટલે નારાયણચરણદાસ સ્વામીએ પૂછ્યું : '...તો સુખિયા થશે, એમ ?' સ્વામીશ્રીએ મસ્તક હલાવીને હા કહી.

યોગવિવેકદાસ સ્વામીએ ફરી પૂછ્યું : 'બાપા ! સૂઈ જવું છે ને ?'

સ્વામીશ્રી કહે : 'ના, સંતો બેઠા છે ને !'

સ્વામીશ્રીની મરજી સમજીને થોડી વાર સૌને દર્શન-સુખ લેવા દીધું.

૧૧:૨૨ વાગે પલંગ મસ્તકના ભાગેથી ઢળ્યો. સેવકોએ સ્વામીશ્રીની આંખોના લૅન્સ કાઢ્યા. શયનપદનું શ્રવણ કરતાં સંતોએ દર્શન કર્યાં. લૅન્સ નીકળ્યા પછી જમણો હાથ સહેજ ઊંચો કરીને સંતોને કહે : 'ચાલો, જય સ્વામિનારાયણ.'

•

તા. ૩૦-૧૨-૨૦૧૪, સારંગપુર

આજે સવારે બેઠકરૂમમાં પૂજા કરતા તે દરમ્યાન માળાજાપનો સમય પૂરો થવા આવ્યો હોઈ સેવક સ્વામીશ્રીના હાથમાંથી ગૌમુખી લેવા જતા હતા. સ્વામીશ્રીએ માળા ન આપી, તેથી સેવકે કહ્યું : 'અગિયાર માળા થઈ ગઈ.'

સ્વામીશ્રીએ મસ્તક હલાવીને ના કહી.

તેઓએ પૂછ્યું : 'બાકી છે ?'

સ્વામીશ્રીએ મસ્તક હલાવીને હા કહી.

મેં કહ્યું : 'અગિયારમી માળા હજુ ચાલુ છે.'

સ્વામીશ્રી મારી સામું જોઈને મલકાયા.

•

તા. ૩૧-૧૨-૨૦૧૪, સારંગપુર

આજે બપોરે ૧૨:૩૦ વાગે સ્વામીશ્રીએ 'પ્રમુખદર્શન વાટિકા'માં પધારી સંતો-હરિભક્તોને દર્શન આપ્યાં. હરિભક્તોનો પરિચય મેળવ્યો.

ધનુર્માસનો આજે પંદરમો દિવસ અને અંગ્રેજી કેલેન્ડર પ્રમાણે વર્ષનો અંતિમ દિવસ હોઈ આજનો પાઠ સ્વામીશ્રીએ અંગ્રેજીમાં આપ્યો. સ્ક્રીન પર સ્વામીશ્રીના હસ્તાક્ષરોમાં 'I will always be with you' લખાણ દૃશ્યમાન થયું. એટલું જ નહીં, સ્વામીશ્રીના સ્વરમાં એ વાક્ય સૌને સાંભળવાનો લાભ પણ મળ્યો.

'હું સદાય તમારી સાથે રહીશ.' એટલે... સુખની આનંદદાયી પળોમાં કે દુઃખના દુઃસહ્ય દિવસોમાં... હર્યા-ભર્યા સંસારમાં કે જીવનની એકલતાની નાજુક પળોમાં... સરિયામ સફળતાની સડકમાં કે અણઊકલતી જટિલ સમસ્યાઓના ઝંઝાવાતોમાં... સાંસારિક જીવન-વ્યવહારમાં કે અધ્યાત્મની આરાધનામાં સદાય સાથે રહેવાનો સ્વામીશ્રીનો કૉલ છે.

હા, આ કૉલ એ એમના દ્વારા પોતાના શિષ્યને આપેલો માત્ર સધિયારો કે હૂંફ નથી, પરંતુ એક અભય-વચન છે, રક્ષાકવચ છે. એટલું જ નહીં, બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ભક્તિ કરવાના અંતિમ લક્ષ્ય સુધીની સાધનાની સિદ્ધિએ પહોંચાડવા સાધકના અંતરમાં જગાવેલો અપાર આત્મવિશ્વાસ પણ છે.

વર્ષના અંતિમ દિવસે અપાયેલો બ્રહ્મવિદ્યાનો આ પાઠ સૌને માટે યાદગાર બની રહ્યો.



સારંગપુર ખાતે મકરસંક્રાંતિ પર્વે પતંગ [illegible]
[illegible] પરમ પૂજ્ય સ્વામીશ્રી (તા. ૧૪-૧-૨૦૧૪)



જામનગરમાં રચાયેલા ભવ્ય શિખરબદ્ધ મંદિરમાં સ્થાપિત થનાર મૂર્તિઓની
સારંગપુર ખાતે વેદોક્ત પ્રાણપ્રતિષ્ઠાવિધિ કરતા પરમ પૂજ્ય સ્વામીશ્રી (તા. ૧૭-૧-૨૦૧૪)






તીર્થધામ સારંગપુર ખાતે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની ઉપસ્થિતિમાં યોજાયેલા પુષ્પદોલોત્સવ પ્રસંગે ભક્તોનો મહેરામણ પરમ પૂજ્ય સ્વામીશ્રીના ભક્તિ-રંગે રંગાવા ઊમટ્યો હતો. એ અવસરની સ્મૃતિ છબીઓ (તા. ૧૭-૩-૨૦૧૪)



દેશ-વિદેશના [illegible] પરમપૂજ્ય સ્વામીશ્રીના [illegible] કરી દીક્ષા [illegible]
એ અવસરે નવદીક્ષિતો વચ્ચે બિરાજેલા પરમ પૂજ્ય સ્વામીશ્રી. (તા. ૧૦-૧-૨૦૧૪)



પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણના ૨૩૩મા પ્રાગટ્યોત્સવ પ્રસંગે ઠાકોરજીને પારણે ઝુલાવતા પરમ પૂજ્ય સ્વામીશ્રી (તા. [illegible] ૨૦[illegible]



બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, ગઢડામાં સ્થાપિત થનાર ભગવાન શ્રી સ્વામિનારાયણની અભિષેક મૂર્તિ તથા
ગુણાતીત ગુરુવર્યોની મૂર્તિઓની સારંગપુર ખાતે પ્રાણપ્રતિષ્ઠા કરતા પરમ પૂજ્ય સ્વામીશ્રી (તા. ૬-૭-૨૦૧૪)



'રથ પર બેસી પધારો...' સારંગપુર ખાતે યોજાયેલા રથયાત્રા ઉત્સવમાં
ઠાકોરજી સાથે પરમ પૂજ્ય સ્વામીશ્રી (તા. ૨૯-૬-૨૦૧૪)



તીર્થધામ સારંગપુર ખાતે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં નિત્ય નવલા ઉત્સવોનો માહોલ રચાય છે ત્યારે સૌનાં મન મયૂર નાચી ઊઠે છે. સારંગપુર ખાતે વૃક્ષોની કુંજ વચ્ચે પુષ્પલતાઓના મઘમઘતા હિંડોળે શ્રી હરિકૃષ્ણ મહારાજ સાથે સ્વામીશ્રીને ઝુલાવવાનો અલભ્ય લાભ સૌએ માણ્યો હતો. એ અવસરની સ્મૃતિ...



સારંગપુર ખાતે ગુરુપૂર્ણિમા ઉત્સવ પ્રસંગે ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની મૂર્તિઓ સાથે રથમાં ભક્તસમુદાયને દર્શનદાન આપતા પરમ પૂજ્ય સ્વામીશ્રી... (તા. ૧૨-૭-૨૦૧૪)



ગાંધીનગરમાં અક્ષરધામ ખાતે બિરાજમાન થનાર નીલકંઠવર્ણીની અભિષેક મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરતા પરમ પૂજ્ય સ્વામીશ્રી (તા. ૪-૮-૨૦૧૪)



અમેરિકાની ધરતી પર આશ્ચર્યસમા કલામંડિત શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના પ્રવેશદ્વારમાં [illegible]
મંદિરના સર્જક પરમ પૂજ્ય સ્વામીશ્રી પ્રસન્ન મુદ્રા સાથે...







રોબિન્સવિલ ખાતે નૂતન શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરમાં દર્ભશલાકા વડે વેદોક્ત પ્રાણપ્રતિષ્ઠા કરીને
ઠાકોરજીની પ્રથમ આરતી ઉતારતા સ્વામીશ્રી (તા. ૧૦-૮-૨૦૧૪)







રોબિન્સવિલ ખાતે ૧૫૦ ફૂટ ઊંચા રચાનારા અક્ષરધામ મહામંદિરના વિશાળ ભૂમિતલનું પૂજન કરીને પરમ પૂજ્ય સ્વામીશ્રીએ આ તીર્થના ભવ્ય ભાવિનું બીજ રોપી દીધું હતું, ઠાકોરજી સાથે અક્ષરધામના ભૂમિતલનું પૂજન કરતા પરમ પૂજ્ય સ્વામીશ્રી (તા. ૧૫-૮-૨૦૧૪)





અમેરિકામાં ભારતીય સંસ્કૃતિનો જયઘોષ કરીને પુનઃ ભારત પધારેલા પરમ પૂજ્ય સ્વામીશ્રીએ અમદાવાદ ખાતે તા. ૧૯થી ૨૫ ઓગસ્ટ, ૨૦૧૪ દરમ્યાન સત્સંગલાભ આપીને સૌને ધન્ય કરી દીધા હતા તેની કેટલીક સ્મૃતિઓ...



સારંગપુર ખાતે જળઝીલણી ઉત્સવ પ્રસંગે નૌકામાં બિરાજમાન ભવજળતારક પરમ પૂજ્ય સ્વામીશ્રી ઠાકોરજી સાથે... (તા.૫-૯-૨૦૧૪)



સારંગપુર ખાતે શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિ પર્વે શાસ્ત્રીજી મહારાજનાં ચરણોમાં બિરાજેલા
તેમના આદર્શ શિષ્ય પરમ પૂજ્ય સ્વામીશ્રી (તા. ૧૨-૯-૨૦૧૪)



સારંગપુર ખાતે દીપાવલિ પર્વે શારદા-ચોપડા પૂજન પ્રસંગે
હજારો હરિભક્તોની સુખાકારી માટે પ્રાર્થનામાં રત સ્વામીશ્રી... (તા. ૨૩-૧૦-૨૦૧૪)



સારંગપુરમાં અન્નકૂટોત્સવે સંતો-ભક્તોએ ૧,૨૫૦ કરતાં વધુ વાનગીઓ તૈયાર કરીને
ભક્તિભાવપૂર્વક મહા અન્નકૂટ રચ્યો હતો, જેની વચ્ચે બિરાજમાન પરમ પૂજ્ય સ્વામીશ્રી



'ઘણું જીવો હો જીવન આધાર નારાયણ સ્વરૂપ તમે...' ૯૪મા જન્મોત્સવે મંચ મધ્યે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુ શાસ્ત્રીજી મહારાજની નિશ્રામાં બિરાજમાન પરમ પૂજ્ય સ્વામીશ્રી (તા. ૨૯-૧૧-૨૦૧૪)



પ્રાણપ્યારા ગુરુહરિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને તેઓના ૯૪મા જન્મોત્સવે હજારો ભક્તોએ સારંગપુર ખાતે ઉપસ્થિત રહી કોટિ કોટિ વંદન સાથે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી એ અવસરની સ્મૃતિછબી... (તા. ૨૯-૧૧-૨૦૧૪)



પરમ પૂજ્ય સ્વામીશ્રીના ૭૫મા ભાગવતી દીક્ષાદિને સારંગપુરમાં એ દીક્ષાદિન જાણે તાદૃશ્ય થયો. દર્શનવાટિકામાં વૈદિક આશ્રમ જેવી કુટિરમાં ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ વચ્ચે બિરાજમાન પરમ પૂજ્ય સ્વામીશ્રી...(તા. ૨૨-૧૨-૨૦૧૪)



कायेन वाचा मनसेन्द्रियै र्वा बुद्ध्यात्मना वा प्रकृतेः स्वभावात्।
करोमि यद् यत् सकलं परस्मै नारायणायेति समर्पयामि॥

જેમણે પોતાના સમગ્ર અસ્તિત્વને મન-કર્મ-વચનથી
ભગવાન સ્વામિનારાયણનાં ચરણમાં સમર્પિત કર્યું છે,
એવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું જીવન
સહસ્રદલ પદ્મની જેમ પવિત્ર અને દિવ્ય ગુણોથી ફોરે છે.
તેઓનું સાંનિધ્ય માણવું એટલે
સાક્ષાત્ પરબ્રહ્મ અને બ્રહ્મની સન્નિધિનો દિવ્ય આસ્વાદ માણવો.
એવી બ્રહ્મસન્નિધિની એક દિવ્ય અનુભૂતિ અહીં અનુભવાય છે.

ISBN: 978-81-7526-767-1